Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वर्ष ३० मुं
ग्रंथांक
३४७ थी ३४८

विविध ग्रंथमाळा

सं० १९९७
भाद्रपदथी
आश्विन

વાર્ષિકમૂલ્ય ટપાલખર્ચ સાથે રૂપિયા ૫)
સંપાદકઃ—ભિક્ષુ અખંડાનંદ

श्रीरामचंद्र दत्त ने श्रीनागमहाशय

સારાં પુસ્તકો વાંચવાં અને અન્યને વાંચવા પ્રેરવા, એ સજ્જનોનું ભૂષણ છે.

प्रसिद्धिस्थान—सस्तु साहित्य वर्धक कार्यालय

મૂલ્ય રૂપિયો એક

मुंबई-२
કાલબાદેવી

४३ग
63

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

a Samaj Foundation Chenna
Domain. Gurukul Kangri Colle

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री

"વિવિધ ગ્રંથમાળા" વર્ષ ૩૦ મું, સંવત ૧૯૯૭, અંક ૩૪૭–૩૪૮

श्रीरामचंद्र दत्त ने श्रीनागमहाशय

४३ ग

डाक प्रमाणीकरण ११८४-११८५

અનુવાદકો:–
શ્રીયુત ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા
અને શ્રીયુત એમ. એમ. ભટ્ટ

१८६६६ २०.५.८

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक ने प्रकाशक–भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

CHECKED 1973
Initial

આવૃત્તિ ત્રીજી, પૃષ્ઠ ૩૩૬, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૭
મૂલ્ય રૂપિયો એક, માર્ગવ્યય જુદું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् * 83111/82

पुस्तक-संख्या 83111/82

पंजिका-संख्या १५८६६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिए पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

અમદાવાદ—"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
—ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकाशकनुं निवेदन

"વિવિધ ગ્રંથમાળા"ના સંવત ૧૯૯૭ ના છેલ્લા પુસ્તક તરીકે અને સળંગ અંક ૩૪૭ થી ૪૮ રૂપે આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે.

આમાં જે બે મહાપુરુષોનાં ચરિત્રો અપાયાં છે, તે બંને પરમહંસ શ્રીરામકૃષ્ણદેવના પરમ ગૃહસ્થ શિષ્યો હતા. શ્રીરામ-કૃષ્ણદેવ સંબંધી વાચકબંધુઓ સારી રીતે પરિચિત જ છે. તેમના ઉપદેશથી તે સમયના બંગાળના સુશિક્ષિત સેંકડો નાસ્તિકોનો હૃદય-પલટો થઈ ગયો હતો અને તેઓ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરતા થયા હતા. શ્રીરામકૃષ્ણદેવ પોતે અક્ષરજ્ઞાનથી રહિત હોવા છતાં તેમના ઉપદેશે ઉચ્ચ શિક્ષણ પામેલાઓનાં જીવનમાં કેવો પલટો લાવી દીધો હતો, તેનો તાદૃશ ચિતાર રજૂ કરતાં શ્રીરામચંદ્ર દત્ત અને શ્રીદુર્ગાચરણ નાગમહાશયનાં ચરિત્રો આમાં અપાયાં છે.

આમાંનું શ્રીનાગમહાશયનું ચરિત્ર તેના પ્રકાશક શ્રીયુત ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા તરફથી સને ૧૯૧૭ માં પ્રસિદ્ધ થયેલું અને મહાત્મા રામચંદ્રનું ચરિત્ર પણ બંગાળીમાંથી અનુવાદ કરાવીને સને ૧૯૨૧ માં તેમના તરફથી જ પ્રસિદ્ધ થયું હતું. તે પછી તે બંને પુસ્તકોની બીજી આવૃત્તિ અત્રેની "શ્રીરામકૃષ્ણ સેવાસમિતિ" તરફથી અનુક્રમે સને ૧૯૩૭ માં અને ૧૯૩૯ માં પ્રસિદ્ધ થઈ હતી; અને મૂલ્ય એકંદરે ૦॥।= રખાયું હતું.

આ બંને પુસ્તકોનો વધુ પ્રચાર થાય એ માટે શ્રીરામકૃષ્ણ સેવાસમિતિના સંચાલક શ્રીયુત વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોરે ભલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણુ કરેલી અને તે વાંચી જોતાં પસંદ પડવાથી આ ત્રીજી આવૃત્તિ અત્ર તરફથી એક પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે. અગાઉની આવૃત્તિઓ કરતાં તે મોટા અક્ષરમાં છપાઈ હોવાથી પૃષ્ઠમાં વધારો થયો છે અને એથી તેનું મૂલ્ય બે આના વધુ એટલે કે રૂપિયો ૧) રખાયું છે. જો કે વાચકવર્ગના પુણ્યયોગે હાલના વિગ્રહને લીધે મુખ્યત્વે કાગળોની થયેલી અસામાન્ય મોંઘવારીનો બોજો આના પર પડ્યો નથી; નહિ તો મૂલ્ય એથી પણ વિશેષ રાખવું પડ્યું હોત.

આ પછીનાં પૃષ્ઠોમાં આ સેવકનું આવશ્યક નિવેદન, સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું જાહેર નિવેદન, "વિવિધગ્રંથ-માળા"નો સંવત ૧૯૯૭ નો પૃષ્ઠમેળ અને તે પછી આ પુસ્તકોના અગાઉના લેખક-પ્રકાશકનાં નિવેદનો અપાયાં છે; તે તરફ વાચક-બંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

આમાં આપેલાં બંને ચરિત્રોમાંથી વાચકો કંઈ ને કંઈ બોધામૃત પ્રાપ્ત કરશે અને કર્તવ્યપ્રાપ્તવ્યમાં યોગ્ય પ્રેરણા મેળવી સર્વેશ્વરને પામવા વધુ પ્રયાસ કરશે, એવી ભાવનાપૂર્વક **હરિસ્મરણ**।

સંવત ૧૯૯૮,
માગશર સુદિ ૮

—ખરાબ ભિક્ષુ અખંડાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશ્યક નિવેદન

ગુજરાતની સાહિત્યપ્રેમી જનતાને વિદિત છે કે, "સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય" સંસ્થાને સદંતર બંધ કરી દેવાના ઉદ્દેશથી આ સેવકે બે-એક વર્ષ પહેલાં વસિયતનામું કર્યું હતું; પરંતુ તે પછી મુંબઈમાં શ્રીયુત મનુ સૂબેદાર તથા અમદાવાદના અન્ય ચાર સજ્જનોને આ વિષે પુછાવવામાં આવતાં તેમણે સંસ્થાની જવાબદારી નિષ્કામભાવે સ્વીકારવાની અનુમતિ આપી. આમ આ સંસ્થાનો કાર્યભાર નિષ્કામભાવે ઉપાડી લે એવા સજ્જનો ઈશ્વરકૃપાએ મળી આવવાથી, સંસ્થાને એક ટ્રસ્ટરૂપે ફેરવી નાખવાનું આ સેવકે ઉચિત માન્યું. તે પછી એક ટ્રસ્ટડીડ તૈયાર કરાવીને તારીખ ૮-૭-૧૯૪૧ ના રોજ અમદાવાદમાં રજિસ્ટર્ડ કરાવવામાં આવ્યું; અને સર્વ સાધનો સહિત, સંસ્થાનું પ્રેસ, પુસ્તકોનો સ્ટૉક, રોકડ ઇત્યાદિ ટ્રસ્ટમંડળને સોંપી દેવામાં આવ્યાં. સદરહુ ટ્રસ્ટીમંડળમાં આ સેવક ઉપરાંત બીજા નીચે પ્રમાણે ટ્રસ્ટીઓ છે.

(૧) શ્રી. મનુ સૂબેદાર
(૨) શ્રી. હરખચંદ મોતીચંદ શેઠ
(૩) શ્રી. વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર
(૪) શ્રી. ત્રિકમલાલ છગનલાલ ચોકસી
(૫) શ્રી. મોહનલાલ ઈશ્વરદાસ પંચાલ
(૬) શ્રી. ઉત્તમભાઈ ભૂધરભાઈ પંચાલ
(૭) શ્રી. ત્રિભોવનદાસ કાનજીભાઈ ઠક્કર
(૮) શ્રી. ચતુરભાઈ શિવાભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીયુત મનુ સૂબેદાર શરૂથી જ આ સંસ્થાના કાર્ય તરફ સહાનુભૂતિ ધરાવતા આવ્યા છે. કાર્યાલયની શરૂઆતમાં એટલે સંવત ૧૯૬૫-૬૬ માં એક "મિત્રમંડળ" રચેલું, ત્યારે પણ પોતાની સેવા આપવા તેમણે સ્વીકાર્યું હતું. અત્યારે તો તેમનાં રોકાણો અનેક પ્રકારે વધી ગયેલાં હોવા છતાં પણ તેમણે આ સંસ્થાને ઉત્સાહપૂર્વક પોતાની સેવા આપવાનું સ્વીકાર્યું છે.

આ સંસ્થાનું કાર્ય કેવળ ઈશ્વરપ્રેરિત માનીને આ સેવક આજ સુધી કરતો આવ્યો છે; અને હવે પછી પણ તે સર્વેશ્વરની પ્રેરણા હશે ત્યાં સુધી આ ટ્રસ્ટીમંડળના મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે કાર્ય બજાવતો રહેશે.

આ રીતે ફેરફાર થવા છતાં આ સંસ્થાની કાર્યરીતિ જે પ્રકારે ચાલતી આવી છે, તે જ પ્રકારની રહેશે, એ માટેની જાહેરાત કરતું ટ્રસ્ટીઓ તરફનું જાહેર નિવેદન આ પછી છપાયું છે.

દેવદિવાળી, સં. ૧૯૯૮ —ખરાબ ભિક્ષુ અખંડાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું

જાહેર નિવેદન

ગુજરાતની જાહેર જનતાને જાણીને આનંદ થશે કે, મુખ્યત્વે ધાર્મિક અને સામાજિક સાહિત્ય દ્વારા જે સંસ્થા ગુજરાતી પ્રજાની સેવા કરી રહી છે, તે **સસ્તુ સાહિત્ય મુદ્રણાલયનું** ટ્રસ્ટડીડ કરવામાં આવ્યું છે અને સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયની તમામ માલ-મિલકત ટ્રસ્ટીમંડળને સોંપી દેવામાં આવી છે.

ગુજરાતી જાણનાર પ્રજાને તો વિદિત જ છે કે, સદરહુ કાર્યાલય સ્વામી શ્રીઅખંડાનંદજીના સતત ઉત્સાહ અને પરિશ્રમથી છેલ્લાં લગભગ પાંત્રીસ વર્ષથી ગુજરાતી ભાષામાં ઉચ્ચ પ્રકારનું સાહિત્ય ઓછા મૂલ્યે પ્રચાર કરી રહ્યું છે. છેલ્લાં દશેક વર્ષથી તેમની શારીરિક પ્રકૃતિ અસ્વસ્થ રહેતી હોવાને લીધે, તેમણે કેટલાક સમય પહેલાં આ સંસ્થા સમેટી લેવા નિર્ણય કર્યો હતો. અને કદાચ પોતાની હયાતીમાં તે સમેટવાનું કાર્ય પૂરું ન કરી શકાય, તો તે પૂરું કરવા માટે એક વસિયતનામું કરીને ટ્રસ્ટીઓ નીમ્યા હતા. પરંતુ તે પછી તેમને જોઇતી અનુકૂળતા મળી આવવાથી તેમણે પોતાના જીવનકાળ દરમિયાન એક જાહેર ટ્રસ્ટ બનાવીને સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયનાં પ્રેસ ઇત્યાદિ સર્વ સાધનો અને તમામ લેવડ-દેવડો ટ્રસ્ટને સોંપી દીધાં છે. અને સદરહુ ટ્રસ્ટડીડ અમદાવાદમાં તારીખ ૮-૭-૪૧ ના રોજ રજિસ્ટર્ડ કરાવવામાં આવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીશ્રી અખંડાનંદજી પોતાની હયાતી સુધી અથવા તેમની ઇચ્છા હશે ત્યાં સુધી મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે કાર્ય બજાવ્યે જશે.

અહીં આ સંસ્થા સંબંધી બે શબ્દ જણાવીશું તો તે અસ્થાને નહિ ગણાય. આજથી લગભગ ૩૪ વર્ષ પૂર્વે ગુજરાતી ભાષાનું ધાર્મિક અને બીજું સાહિત્ય એટલું બધું મોંઘું મળતું હતું કે, સાધારણ માણસો તે સહેલાઇથી ખરીદી શકતા નહિ અને ગરીબ માણસો તો તેનાથી વંચિત જ રહેતા. આમ જનસમાજનો મોટો ભાગ આ આધ્યાત્મિક ખોરાકથી દૂર રહેતો. આ અસહ્ય સ્થિતિ સ્વામીશ્રી અખંડાનંદજીએ જાતે અનુભવી અને સને ૧૯૬૩ માં માત્ર પોતાની તન અને મનરૂપી મૂડી વડે જ આ કાર્યની શરૂઆત કરી.

તે સમયે સાહિત્ય કેટલું મોંઘું મળતું હતું તે નીચેનાં મૂલ્યોની તુલનાથી સહેજે જણાઈ આવશે.

પુસ્તકનું નામ	અન્ય સ્થળનું મૂલ્ય	આ સંસ્થાનું મૂલ્ય
જ્ઞાનેશ્વરી ગીતા	૫)	૧।।≈
ભાગવત ભાષાંતર	૪।।	૨)
રાજસ્થાનનો ઇતિહાસ ગ્રં ૧ લો	૫)	૨।।
આર્યભિષક્	૫)	૧।।
શાંતિપર્વ	૯)	૨।।
ભગવતી ભાગવત	૯)	૨।।।
દાસબોધ	૪)	૧।

આ તો લગભગ પાંત્રીસ વર્ષ પહેલાંની સરખામણી થઇ. તે સમય પછી કાગળો, પૂઠાં, બોર્ડ, શાહી, નોકરખર્ચ અને મકાનભાડાં ઇત્યાદિની લગભગ ત્રણચારગણી મોંઘવારી થઈ હોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં હજી પણ પ્રમાણસર ઓછા મૂલ્યે જ આ સંસ્થા પુસ્તકો પ્રસિદ્ધ કરી શકે છે અને તે નીચેના કોઠા ઉપરથી સમજાશે.

પુસ્તકનું નામ	અન્ય સ્થળનું મૂલ્ય	સંસ્થાનું મૂલ્ય
શ્રીમહાભારત	૪૫) થી ૬૦)	૩૬)
શ્રીમદ્ ભાગવત	૮) થી ૧૦)	૬)
વાલ્મીકિ રામાયણ	૭॥ થી ૧૦)	૬)
મનુસ્મૃતિ	૩॥ થી ૫)	૨।

આ ઉપરાંત સંસ્થાનાં લગભગ બધાં પ્રકાશનો છેલ્લાં પાંચ વર્ષ સુધી **અર્ધા મૂલ્યે અપાયેલાં**; તેની સાથે જો મૂલ્યની સરખામણી કરવામાં આવે, તો અન્ય સ્થળોનાં પ્રકાશનોથી લગભગ ¼ મૂલ્યે આ સંસ્થાનાં પુસ્તકો અપાયાં છે, એમ કહેવામાં જરા યે અતિશયોક્તિ નથી. આવું ઉપયોગી સાહિત્ય આમ ઓછા મૂલ્યે અપાવા છતાં સારા કાગળ, ઉત્તમ શાહી, સારું બાઇંડિંગ, સારી છપાઈ, ઇત્યાદિ તરફ વિશેષ લક્ષ અપાતું આવ્યું છે.

ઉપર જણાવ્યું છે તેમ પુસ્તકો અર્ધા મૂલ્યે લગભગ પાંચ વરસ અપાયાં, તેથી સંસ્થાની આર્થિક સ્થિતિ ઉપર ભારે અસર પહોંચી અને ચાલુ લડાઇની મોંઘવારીએ એમાં વિશેષ વધારો કર્યો છે. આથી આ ટ્રસ્ટ થયા પછી એ અર્ધા મૂલ્યની યોજના સદંતર બંધ કરી છે; અને રૂપિયા ૨૦) સુધીનાં પુસ્તકો ખરીદનારને ૧૨॥ ટકા, ૨૦) ઉપરાંતના પુસ્તકો ખરીદનારને ૧૮॥ ટકા અને ૫૦) ઉપરાંતનાં લેનારને ૩૦) ટકા કમિશન આપવાનું ધોરણ ચાલુ કર્યું છે.

આ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં જુદાં જુદાં લગભગ **ત્રણસો જાતનાં પુસ્તકોની શુમારે સત્તર લાખ ઉપરાંત**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતો પ્રચાર પામી છે, એ તેની ઉપયોગિતાનો સચોટ પુરાવો રજૂ કરે છે.

સ્વામીશ્રી અખંડાનંદજીએ આજ સુધી એકલા હાથે કામ કરતાં સંસ્થા માટે બતાવેલી શક્તિ, ઊલટ અને તન્મયતા અનુકરણીય છે, એમ કહ્યા સિવાય અમે રહી શકતા નથી. છેલ્લાં દસેક વર્ષ ઉપર તેમને થયેલા પક્ષાઘાતના હુમલાથી તેમજ બીજી શારીરિક પીડાઓને લીધે નબળી તબિયત હોવા છતાં, સ્વામીજીની કાર્યઉપાસના આજે પણ એકસરખી ચાલુ જ છે. જેઓ દેશની, રાષ્ટ્રની, સાહિત્યની કે સમાજની સેવા કરવાની અભિલાષા રાખતા હોય, તેમને માટે તેમની કાર્યસાધના માર્ગદર્શક થઇ પડે એવી છે, એ વિષે શંકાને સ્થાન નથી.

સ્વામીશ્રી અખંડાનંદજીએ જે શકિત અને તન્મયતા ખર્ચીને આ સંસ્થામાં પ્રાણ પૂર્યા છે, તેવી સંપૂર્ણ તન્મયતા અને શકિત ટ્રસ્ટીઓ ન બતાવી શકે તો તે બનવાજોગ છે. આમ છતાં ટ્રસ્ટીઓ ખાતરી આપે છે અને જાહેર કરે છે કે, આ શુભ કાર્ય ભવિષ્યમાં પણ બરાબર ચાલુ રહે તે સારુ તેઓ સર્વ પ્રકારે પ્રયત્નવાન રહેશે.

મહાન સંસ્થાઓના સ્થાપકો તો તેનો કાર્યભાર પોતાના એકલાના જ ખભા ઉપર સહજ ઉપાડી શકે છે; પણ બીજાઓને તો બહારના સજ્જનોનાં સહકાર અને સહાનુભૂતિની જરૂર રહે છે. એટલે આ સંસ્થાના હિતમાં રસ લેતા સજ્જનો આ ટ્રસ્ટના કાર્યને આગળ ધપાવવા માટે સુવ્યવસ્થિત સૂચનાઓ અને સેવા અર્પણ કરશે એવી ટ્રસ્ટીઓ આશા રાખે છે.

જો કોઇ સજ્જન પોતાને સંસ્થાના હિતમાં રસ છે, એવું જણાવીને પોતાની ખાસ માહિતી માટે અથવા કોઇ યોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણસર ટ્રસ્ટડીડની નકલ મંગાવશે, તો ટ્રસ્ટીઓ તે મોકલી આપવાની વ્યવસ્થા કરશે.

મહાવિગ્રહ છતાં અને બીજી અનેક મુશ્કેલીઓ છતાં આ સંસ્થાનું હરકોઇ કાર્ય લગભગ પહેલાંની જેમ જ ચાલી રહ્યું છે અને સર્વશક્તિમાન પ્રભુની ઇચ્છા હશે ત્યાં સુધી એ કાર્ય સ્વામીશ્રી અખંડાનંદજીએ આંકેલી રેખાઓ પ્રમાણે જ તે જ ભાવથી અને તે જ રીતથી ચાલુ રહેશે.

લિ૦ સેવકો

મનુ સૂબેદાર
હરખચંદ મોતીચંદ
વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર
ત્રિકમલાલ છગનલાલ ચોકસી
મોહનલાલ ઈશ્વરદાસ પંચાલ
ઉત્તમભાઇ ભૂધરભાઇ પંચાલ
ત્રિભોવનદાસ કાનજીભાઇ ઠક્કર
ચતુરભાઇ શિવાભાઇ પટેલ

સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

દેવદિવાળી; સંવત ૧૯૯૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"विविध ग्रंथमाळा"नो पृष्ठमेळ सं. १९९७

"વિવિધ ગ્રંથમાળા"ના સંવત ૧૯૯૭ના ત્રીસમા વર્ષમાં આ પુસ્તક સાથે કુલ ચાર પુસ્તકો અપાયાં છે; તેનો પૃષ્ઠમેળ નીચે પ્રમાણે થાય છે.

ગ્રંથાંક	પુસ્તકનું નામ	પૃષ્ઠ	મૂલ્ય	ટપાલ ખર્ચ
૩૩૭ થી ૩૪૦	મનુસ્મૃતિ... ...	૬૪૦	૨ા	૦ા–ાા
૩૪૧ થી ૩૪૪	આયુર્વેદ નિબંધમાળા ભાગ ૧ લો-૨ જો	૭૩૬	૩)	૦ાા–
૩૪૪ થી ૩૪૬	આયુર્વેદ નિબંધમાળા ભાગ ૨ જો-(ચાલુ)	૪૧૬		
૩૪૭ થી ૩૪૮	મહાત્મા રામચંદ્ર અને નાગમહાશય	૩૩૬	૧)	૦ા≡
		૨૧૨૮	૬ા	૧ા–ાા

ગયા વરસે ૮૪ પાનનું વધુ વાચન અપાયલું અને તે આ વર્ષમાં મજરે ગણી લેવામાં આવશે એમ જણાવ્યું હતું. એટલે એ હિસાબે ચાલુ વર્ષમાં ૨૦૧૬ પાનનું વાચન આપવાથી ચાલી શકે એમ હતું; આમ છતાં ઉપર પ્રમાણે ૨૧૨૮ પાનનું વાચન અપાયું છે. આમ આ વર્ષે ૧૧૨ પાનનું વાચન વધારે અપાયું છે. તો તે બદલ કોઇ વરસે ખાસ કારણસર થોડાં ઓછાં પાનનું વાચન અપાય, તો તે માટે ગ્રાહકબંધુઓને ધ્યાન રાખવું જોઇશે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुक्रमणिका

શ્રીરામચંદ્ર દત્ત

ક્રમાંક		વિષય	પૃષ્ઠાંક
અધ્યાય	૧ લો	સંક્ષિપ્ત જીવન-વૃત્તાન્ત	૧
,,	૨ જો	રામચંદ્રની ત્યાગવૃત્તિ	૬૯
,,	૩ જો	રામચંદ્રની શ્રદ્ધા અને ભક્તિ ...	૮૩
,,	૪ થો	રામચંદ્રનો દીનભાવ (દીનતા) ...	૧૦૪
,,	૫ મો	રામચંદ્રનો દયાભાવ	૧૧૭
,,	૬ ઠ્ઠો	રામચંદ્રમાં ઈશ્વરી શક્તિ... ...	૧૨૮
,,	૭ મો	રામચંદ્રની સંન્યાસભાવના ...	૧૪૫
,,	૮ મો	"રામદાદા"	૧૫૫

શ્રીનાગમહાશય

પ્રકરણ	૧ લું	જન્મ અને બાલ્યજીવન	૧૬૯
,,	૨ જું	કલકત્તે આગમન...	૧૭૭
,,	૩ જું	પુનઃલગ્ન અને ડૉક્ટરનો ધંધો ...	૧૮૬
,,	૪ થું	શ્રીરામકૃષ્ણ પરમહંસ દેવનાં દર્શન ...	૨૦૩
,,	૫ મું	દેશમાં સ્થિતિ	૨૨૫
,,	૬ ઠું	ગૃહસ્થાશ્રમ અને ગુરુસ્થાન... ...	૨૩૯
,,	૭ મું	નાગમહાશયનો અપૂર્વ ભક્તિભાવ ...	૨૬૬
,,	૮ મું	ભક્ત-સમાગમ	૨૭૧
,,	૯ મું	મહાસમાધિ	૨૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुवादकनुं निवेदन

(મહાત્મા રામચંદ્ર વિષે)

ઓગણીસમી શતાબ્દિના ઘોર ધર્મવિપ્લવકાલમાં કલકત્તા નજીક દક્ષિણેશ્વરમાં ઈશ્વરાવતાર–ભગવાન શ્રીરામકૃષ્ણ પરમહંસના જન્મોદયની વાર્તા, ભારતવર્ષના–એટલું જ નહિ પણ સમગ્ર પૃથ્વીના ધર્મપિપાસુજનોના જાણવામાં છે. પરમહંસદેવને શ્રીમુખેથી સરલ ભાષામાં અપાતો મધુર ધર્મ–ઉપદેશ શ્રવણ કરવાથી અનેક મનુષ્યો-નાં પાષાણમય કઠોર–કઠિન હૃદય પણ પીગળી ગયાં છે. અનેક નાસ્તિક મનુષ્યો આસ્તિક થઈ ઇશ્વરનાં ગુણગાન કરતા થયા છે. અનેક ગ્રેજ્યુએટો, યુક્તિ–તર્કની જાળમાં ફસાઇ ઈશ્વરને નિરાકાર નિરંજન માનતા, તેઓ તેને સાકાર અને સાક્ષાત્કાર કરી શકાય એવો માનતા થયા છે. એ જ શ્રીપરમહંસદેવની ઉપદેશાવલિ અને અભયવાણી તેમના પ્રિય શિષ્ય–સેવક મહાત્મા રામચંદ્ર દત્તે સૌથી પ્રથમ ભારતવાસીઓને વિદિત કરી. તેઓ સર્વ જનસમાજના ધન્ય-વાદને પાત્ર તેમજ શ્રદ્ધાસ્પદ થયા હતા. મહાત્મા રામચંદ્રનું જીવન વાંચનાર સજ્જનો જાણી શકશે કે, તેઓ એક વખત નિરાકારવાદી–અરે, નાસ્તિક હતા. તેઓ કોઇ પણ ધર્મોપદેશકના યુક્તિ–તર્કને માનતા ન હતા; પરંતુ તેમના સદ્‌ભાગ્યે–કહો કે પૂર્વપુણ્ય સંસ્કારને લીધે, ગમે તેમ પણ તેઓ પરમહંસદેવના સમાગમમાં આવ્યા અને તેમનો ધર્મ–બોધ શ્રવણ કર્યો, તે જ સમયથી તેમની ચિત્તવૃત્તિમાં ફેર-ફાર થયો. જેમ જેમ તેઓ પરમહંસદેવના સમાગમમાં વિશેષ આવતા ગયા–જેમ જેમ તેમણે તેમનો સમાગમ કરી–ધર્મબોધ વિશેષરૂપે શ્રવણ કર્યો, તેમ તેમ તેઓ પરમહંસદેવના બોધમાં લીન થઇ, અંતે કેવળ નિરાકારને બદલે નિરાકાર અને સાકાર બન્નેને માનવા લાગ્યા. એટલું જ નહિ પણ પરમહંસદેવે જે જે ઉપદેશ દીધો તે સર્વ સત્ય અને અનુભવમાં ઉતારી શકાય એવો માની, તેઓ તેમના પરમ ભક્ત બન્યા. આ સર્વ તેમના પ્રસ્તુત જીવનચરિત્ર ઉપરથી વાંચનાર

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી શકશે. સેવક રામચંદ્રે પોતાના ગુરુદેવ–પોતાના ઇષ્ટદેવ શ્રીરામકૃષ્ણ પ્રભુને પોતાના જીવનના ધ્રુવતારા સમજી, પોતાનું જીવન પરમહંસદેવનાં ચરણકમળમાં સમર્પણ કર્યું હતું અને ગુરુદેવની કૃપાભિક્ષા ચાહી હતી; તેથી જ સદ્ગુરુદેવે તેમના ઉપર કૃપા કરી હતી. એ કૃપાના બળથી જ સેવક રામચંદ્ર સંસારની વિષયજાળમાંથી મુક્ત થઈ, ભોગ તેટલા રોગ સમજી ગયા હતા; અને તેનો ત્યાગ કરી–વિષયો ઉપરથી આસક્તિ ઉઠાડી નાખી ગુરુદેવે બતાવેલા માર્ગે હરિભજનમાં મંડ્યા હતા. ગુરુદેવે વારંવાર તેમને જે જે ઉપદેશ દીધા હતા, તે તેમણે તુરત જ સ્વજીવનમાં અને સ્વવર્તનમાં ઉતારી લીધા હતા. તેને જ પરિણામે કીટ ભ્રમર થવા પામ્યો હતો–તેને જ પરિણામે જીવ શિવ થવા પામ્યો હતો, તેને જ પરિણામે તેઓ અસાર સંસારની ભ્રમજાળ તોડીફોડી જીવન્મુક્ત થવા પામ્યા હતા.

મહાત્મા રામચંદ્રની અતિ ઉત્તમ બોધપ્રદ જીવનકથા અનેક મનુષ્યો જાણવા પામે, તેમાંથી તેઓ કંઇ પણ શીખવા પામે અને તે દ્વારા વાચકોનું થોડેઘણે અંશે પણ કલ્યાણ સધાય, એ જ સદ્ધારણાથી આ પુણ્યકથા ગુજરાતી ભાષામાં પ્રકટ કરવાની ઇચ્છા થઇ છે. વાચક સજ્જનો તેનો લાભ લેશે એવી આશા છે. ગુજરાતમાં અનેક શ્રીરામકૃષ્ણ–ભક્તો છે, અનેક સજ્જનો પૂજ્યપાદ સ્વામી વિવેકાનંદજીના ધર્મોપદેશ ઉપર મોહ પામી તેમને ચાહતાં શીખ્યા છે. ગુજરાતમાં શ્રીરામકૃષ્ણદેવની જયંતીઓ પણ ઉજવાય છે. આવી પરિસ્થિતિમાં જો ગુજરાતના કોઇ સુંદર પ્રદેશમાં **શ્રીરામકૃષ્ણ મઠની** સ્થાપના થાય, ત્યાંથી શ્રીરામકૃષ્ણદેવના ઉપદેશાનુસાર ધર્મપ્રચારનું મહત્કાર્ય સધાય અને દુઃખી–દરિદ્રી જીવાત્માઓની સેવા કરવાનું બની શકે, તો તે દ્વારા મહદ્ પુણ્ય પ્રાપ્ત કરી શકાશે. ગુજરાતના ધર્મપ્રાણ બંધુઓ, સર્વ ધર્મને સમાન માનની દૃષ્ટિએ જોઈ એવાં મહત્કાર્યો કરવા પ્રવૃત્ત થશે એવી આશા છે. સ્વધર્મસેવન સિવાય કોઈની મુક્તિ નથી. અનેક પ્રકારની ધાંધલો કરવામાં આવે, અનેક પ્રકારના ભોગવિલાસો ભોગવવામાં આવે, અનેક પ્રકારનાં પાપ, પ્રપંચ કે લોભ–મોહ કરવામાં આવે, તો પણ તેનું અંતીમ પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણામ શું? તેમાં તેમને સુખશાંતિ કેટલી પ્રાપ્ત થશે? વાચકો જ એનો વિચાર કરશે. કારણ કે પ્રત્યેક સજ્જનને થોડોઘણો પણ તેનો અનુભવ થયો હશે જ; અને સહૃદય સજ્જનો તો અવશ્ય કહેશે કે, ધર્મસાધનમાં જ સાચી શાંતિ–સાચું સુખ છે. જો એ જ નિર્ણય ઉપર આવી શકાય તો સજ્જન વાચકબંધુઓ! ધર્મસાધન કરવા શા માટે વિલંબ કરતા હશે? વિલંબનું કારણ એ જ છે કે, મનુષ્યના મનને અનેક પ્રકારની ટેવો પડી ગઇ છે. તે ટેવો છૂટતી નથી. તેથી જ વારંવાર લોભ–મોહ તરફ જીવાત્મા આકર્ષાય છે અને તેથી જ ધર્મકથા, ધર્મામૃત, ઇશ્વરદર્શન, આત્મજ્ઞાન અને અંતે ઇશ્વર–સાધન–કે જેદ્વારા ઇશ્વરનું જ્ઞાન થાય અને ઇશ્વરનો સાક્ષાત્કાર થાય, એ સર્વને ભૂલી જવામાં આવે છે. સજ્જન વાચકો એ તત્ત્વ સમજી જઇ મહાત્મા રામચંદ્રની પેઠે આત્મજ્ઞાનપ્રાપ્તિ, ઇશ્વરસાધન અને ઇશ્વરદર્શનમાં તત્પર થશે, તો તેથી જ જીવનનું સાર્થક થશે એમાં જરા પણ શંકા નથી. સત્ય કહીએ તો એ જ કારણને માટે ગુરુદેવની આવશ્યકતા છે; ઘણા સજ્જનો ગુરુને માનતા જ નથી. કેટલાક સંસારનાં અનેક દુઃખથી કંટાળી અંતે સદ્ગુરુને શોધે છે. કેટલાકને પ્રાપ્ત થાય છે અને કેટલાકને પ્રાપ્ત થતા નથી. વળી કેટલાકને પ્રાપ્ત થાય છે છતાં તેઓ પ્રારબ્ધકર્માનુસાર તેમના ચરણનું શરણ ગ્રહણ કરતા નથી! જેમને પ્રાપ્ત થાય છે અને જેઓ ગુરુ-માહાત્મ્ય સમજે છે, તેઓ તુરત જ તેમનું શરણ લઇ મનુષ્યજન્મનું સાર્થક કરી લે છે. એનું નામ જ દૈવી જીવ! એવી જ તત્પરતા દર્શાવવાથી જીવાત્માનું કલ્યાણ સધાય છે.

મહાત્મા રામચંદ્રના વિધવિધ જીવનપ્રસંગો ઉપરથી દૈવી જીવોને અનેક પ્રકારનો બોધ મળે એમ છે. એક ભક્તરાજને છાજે એવા તેમનામાં સકળ ગુણ વિદ્યમાન હતા. તેમણે મન, વાણી, કર્મ, એ સર્વ ગુરુદેવના કાર્ય–કારણ માટે અર્પણ કર્યાં હતાં. ભક્તે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કર્યું હતું. તેઓ ગૃહસ્થાશ્રમી હોવા છતાં ત્યાગી–સંન્યાસી હતા. તેઓ આ જમાનાના જનકવિદેહી હતા. તેમનામાં ત્યાગવૃત્તિ, સત્યનિષ્ઠા, નિરભિમાન અને ભગવદ્ભક્તિ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ ભક્તજીવનને યોગ્ય હતાં. તેઓ સંસારી છતાં ત્યાગી-વિરાગી હતા. ગુરુદેવના ઉપદેશ પ્રમાણે તેમણે મોહ, માયા અને અહમ્‌નો ત્યાગ કર્યો હતો. ભકતરાજ નરસિંહ મહેતાએ સ્વજીવનમાં જે ભગવત્પ્રેમ દર્શાવ્યો છે, તે જુદે રૂપે મહાત્મા રામચંદ્રના જીવનમાં જણાઇ આવે છે. પરમહંસદેવના બે મુખ્ય શિષ્યોમાં એક શિષ્ય સ્વામી વિવેકાનંદજી છે. સ્વામીજીએ દેશ-પરદેશમાં વિચરીને ગુરુદેવની આજ્ઞાનુસાર-સનાતન આર્યધર્મનો પ્રચાર કર્યો છે અને ઠેઠ અમેરિકાપર્યંત પર્યટન કરી અમેરિકનોને આર્યધર્મના સિદ્ધાંતો સમજાવી, તેમને આર્યધર્મમાં વાળ્યા છે. સ્વામીજીનાં ભાષણો વગેરે અંગ્રેજીમાં છપાયાં છે તેથી તેમનું નામ સર્વના જાણવામાં આવી ગયું છે; પરંતુ બીજા શિષ્ય ભકતરાજ મહાત્મા રામચંદ્ર દત્ત માત્ર કલકત્તામાં ગુરુદેવના જીવન સમયે તેમની સમીપ નિવાસ કરીને અને તેમના સ્વસ્વરૂપ મિલન પછી તેમના સમાધિમંદિરમાં નિવાસ કરીને સાધુમયજીવન ગાળવા સાથે જનસમાજને ગુરુદેવની ઇચ્છાનુસાર ધર્માજ્ઞાનોપદેશ દઇ કર્તવ્યપરાયણ રહ્યા હતા; તેથી તેઓ ગુજરાતથી અજ્ઞાત રહ્યા છે. તેમનું પ્રસ્તુત જીવન બંગાળી ભાષામાં પરમહંસદેવના એક ભક્ત સ્વામીજી યોગવિનોદજીએ લખેલું હોવાથી તેમજ "તત્ત્વમંજરી" નામક બંગાળી માસિકમાં કેટલાક લેખોમાં વ્યકત થયેલું હોવાથી, તે સર્વનું સંમેલન આ પુસ્તકરૂપે તૈયાર થયું છે.

ધન્ય છે મહાત્મા રામચંદ્ર દત્તના મહદ્‌જીવનને! ધન્ય છે એમની ભક્તિને! ધન્ય છે એમના ગુરુદેવને! ભક્તજનો માટે એ જ જીવન અને એ જ ભકિત વાંછનીય છે અને એ જ ભક્તિ અનુકરણીય છે! આપણે એ પુણ્ય-પવિત્ર, ભવભયબંધનમોચન પુણ્ય જીવનકથા વાંચવા પ્રવૃત્ત થઇએ. **જય શ્રીરામકૃષ્ણ!**

ફાલ્ગુન શુકલ દ્વિતીયા,
રામકૃષ્ણજયંતી;
સંવત ૧૯૭૭

શ્રીરામકૃષ્ણ ચરણરજ
ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા
ના જયગુરુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ પ્રકાશકની પ્રસ્તાવના

(શ્રીનાગમહાશય વિષે)

વિશેષ આનંદની વાત તો એ છે કે, આદર્શ ગૃહસ્થ સાધુ દુર્ગાચરણ નાગમહાશય કે જેઓ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના આદર્શ શિષ્ય હતા અને જેમનું જીવન મૂળ બંગાળીમાં, કંઇ પણ અતિશયોક્તિ વગર, શ્રીશરચ્ચંદ્ર ચક્રવર્તી નામક તેમના એક સજ્જન મિત્ર દ્વારા લખાઇ પ્રકટ થયું છે અને જે શ્રીરામકૃષ્ણદેવનાં તથા સ્વામીજી વિવેકાનંદનાં પુસ્તકો વેચાય છે, તે "ઉદ્બોધન" નામક માસિકપત્રની ઑફિસ દ્વારા વેચાય છે; એટલે પુસ્તકની યોગ્યતા સંબંધી વિશેષ કહેવાનું રહેતું નથી. લેખક અને નાગમહાશય બન્ને મિત્રો ઘણો સમય એકત્ર નિવાસ કરતા હતા, તેથી નાગમહાશયના જીવનપ્રસંગો લેખકે નજરોનજર જોયેલા છે, તે તેવી જ સ્થિતિમાં વર્ણવ્યા છે; એટલે તેમાં પણ અતિશયોક્તિનો સંભવ જણાતો નથી. એ પુસ્તક સંબંધી તેના લેખક શ્રીયુત ચક્રવર્તી પોતાની પ્રસ્તાવનામાં લખે છે કેઃ—

"જેનું દેવચરિત્ર મારા ધર્મ-જીવનનો પ્રથમ માર્ગદર્શક, જેની અદ્ભુત દીનતાએ સર્વ સહમાન પૃથ્વીદેવીને પણ પરાજિત કરી હતી, જેઓ ગૃહસ્થાશ્રમી હોવા છતાં પણ સર્વત્યાગી સંન્યાસીની પેઠે શ્રદ્ધા અને ભક્તિપાત્ર ગણાતા હતા અને જેમનાં ત્યાગ, તિતિક્ષા, તપસ્યા અને તીવ્ર તેજસ્વિતા યથાર્થરૂપે આ લોકમાં અસામાન્ય હતાં, તે જ શ્રીરામકૃષ્ણ (પરમહંસદેવ) ના પરમપ્રિય શિષ્ય, (કહો કે શ્રીરામકૃષ્ણપરમહંસ-સ્વરૂપ જ, શ્રીયુત દુર્ગાચરણ નાગમહાશયના જીવનના કેટલાક બનાવો ગ્રંથાકારમાં પ્રકટ કરવાની ઝંખના ઘણા દિવસથી બલવતી થઈ રહી હતી, તેમ છતાં પણ અનેક કારણોને લીધે તે પરિપૂર્ણ થઇ ન હતી. પરંતુ કેટલાક દિવસ પછી માનનીય નાટ્યકાર શ્રીયુત ગિરીશચંદ્ર ઘોષ મહાશયે એ સંબંધી મને વારં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર ઉત્સાહ પ્રેરવાથી અને તેમણે તથા શ્રદ્ધાસ્પદ સ્વામી શારદાનંદે પ્રસ્તુત ગ્રંથ આદિથી અંતપર્યંત તપાસવાનું કબૂલ કરવાથી, હું આ પુસ્તક લખવા તદ્દન અનધિકારી હોવા છતાં પણ એ મહાત્માનું જીવન-ચરિત્ર આ પ્રમાણે કંઇક અંશે લખી પ્રકટ કરવાનું મેં સાહસ કર્યું છે. આ ગ્રંથ વાંચ્યા પછી કોઇ પણ વાચકને કંઇક અંશે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે અને નાગમહાશયના પુણ્યપ્રદ જીવન-ચરિત્રનો પૂર્ણ પ્રભાવ યોગ્ય રીતે અંકિત કરવામાં કોઈ પણ યોગ્ય વ્યક્તિને આ ગ્રંથ ભવિષ્યમાં કંચિદ્ અંશે પણ માર્ગપ્રદર્શક થઈ તેને ઉત્સાહિત કરશે, તો લેખકનો શ્રમ સાર્થક થશે.”

મૂળ લેખકની ઉપરોક્ત પ્રસ્તાવનામાં પુસ્તક પ્રકટ કરવાનો ઉદ્દેશ સમાઇ જાય છે. હવે અમારે માટે એટલું જ કહેવાનું રહે છે કે, જ્યાં સુધી આવા આદર્શ ગૃહસ્થાશ્રમી ન થવાય ત્યાં સુધી ઈશ્વર-દર્શનનો મુખ્ય ઉદ્દેશ જીવાત્માથી ઘણે દૂર છે એમ કહેવું પડશે. શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનું જીવનસૂત્ર કામિની અને કાંચનનો ત્યાગ એ જ હતું; અને તે તેમના શિષ્યોમાંના કેટલાક તીવ્રપણે અદ્યાપિ-પર્યંત પાળે છે. એટલું જ નહિ પણ તેઓ પ્રત્યેક જીવમાત્રને નારાયણનું સ્વરૂપ માની તેમની અનન્ય ભાવે સેવા કરવામાં જ પોતાના જીવનનું સાફલ્ય માને છે. આદર્શ ગૃહસ્થ દુર્ગાચરણ નાગના જીવન-પ્રસંગો ઉપરથી વાંચકો ત્યાગ, દીનતા, તપસ્યા અને ઈશ્વરશ્રદ્ધાનું યથાર્થ સ્વરૂપ સમજી શકશે. સત્ય છે કે, પ્રત્યેક મનુષ્ય એવા ગૃહસ્થ બનતા નથી, પરંતુ જે મનુષ્યોની જેવી અનુકૂળતા હોય તેના પ્રમાણ-માં તેઓ કંઈક પણ ગ્રહણ કરશે તો તેટલું જ પુણ્ય સમજવું. અમારું તો એવું માનવું છે કે, **“નર કરણી કરે તો નર કા નારાયણ હોય.”** નાગમહાશયના જીવનપ્રસંગોમાંથી કેટલાક તો અસંભવિત પણ જણાશે, પરંતુ આ લેખકની દૃઢ માન્યતા છે કે, આ જગતમાં અશક્ય કંઇ જ નથી. ભાવનામય જગતમાં મનુષ્યની જેવી ભાવના તેવી સિદ્ધિ અવશ્ય થાય છે. લાંબા વખતના જાત-અનુભવને અંતે જ આ વાક્યો કહેવાં પડે છે. આપણા શાસ્ત્રકારો-એ–ઋષિમુનિઓએ લખેલા ગ્રંથો આજે નવા જમાનાના પદવીધર–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધરેલા વિદ્વાનોને કદાચ અશક્ય જણાય, તો તેમાં તેમના પ્રારબ્ધનો દોષ છે. આ લેખક એમ જ માને છે કે, "મનુષ્ય જેવી ઇચ્છા કરે છે તેવો તે બને છે. અશક્ય કશું જ નથી."

વાચકબંધુઓ જો આદર્શ મહાત્મા નાગમહાશયના જીવન-પ્રસંગો વાંચ્યા પછી તેમાંથી કંઈ પણ ગ્રહણ કરશે અને માયા, મમતા, અહંકાર અને ભેદબુદ્ધિ ભરેલા પોતાના જીવનને અતિ ઉચ્ચ સ્થિતિએ સ્થાપવા–જન્મમરણનો ફેરો ટાળવા માયા–મમતા ઇત્યાદિનો કંઇક અંશે પણ ત્યાગ કરશે અને જીવમાત્રમાં ઇશ્વરનું આરોપણ કરી તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરશે, તો જીવનનું સાર્થક્ય થશે.

આદર્શ ગૃહસ્થ શ્રીદુર્ગાચરણે ભાષણો કરવા કરતાં પોતાના જીવન–વ્રત ઉપરથી જ સમાગમમાં આવનાર મનુષ્યોને અમૂલ્ય બોધ આપ્યો છે. આશા છે કે એ બોધામૃતમાંથી વાચકો ઇચ્છાનુસાર પાન કરી તૃપ્ત થશે. નાગમહાશયના ગુરુ–બંધુ જગતવિખ્યાત સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, **"જગતમાં હું બહુ ફર્યો, પણ નાગમહાશય જેવો સાધુપુરુષ મેં કોઈ ઠેકાણે જોયો નથી."**

અમારી એટલી જ ભલામણ છે કે, આવા દેવચરિત્રમાંથી યોગ્ય ગ્રહણ કરી કૃતાર્થ થવું. પ્રસ્તુત પુસ્તક રા. રા. એમ. એમ. ભટ્ટ જેઓ પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે, તેમણે નિઃસ્વાર્થભાવે બંગાલી ભાષામાંથી ભાષાંતર કરી અમને મોકલ્યું તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

અમદાવાદ
કૃષ્ણજન્માષ્ટમી ૧૯૭૩

ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય-અમદાવાદના ગ્રંથોનું

નવું સૂચીપત્ર

અગત્યની સૂચના—

અગાઉ કરેલા વસિયતનામામાં જણાવ્યા પ્રમાણે આ સંસ્થાને માંડી વાળવાના ઉદ્દેશથી છેલ્લાં ચારેક વર્ષથી લગભગ બધાં પુસ્તકો અર્ધા મૂલ્યે અપાતાં હતાં; પરંતુ ઈશ્વરેચ્છાથી એ વસિયતનામું રદ કરીને નવેસરથી ટ્રસ્ટ કરવામાં આવ્યું છે; એથી હવે સંસ્થાને આગળ ચલાવી શકાય તે માટે અર્ધા મૂલ્યનું ધોરણ બંધ કરીને નીચેની નવી યોજના ચાલુ કરી છે.

વળતરના નવા નિયમો

૧. તમામ પુસ્તકો ઉપર (અર્થવાળી શ્રીમદ્ ભગવદ્ગીતાઓ સિવાય) સર્વ કોઈને ૧૨॥ ટકા, **રૂપિયા ૨૦) કે તે ઉપરાંતનાં પુસ્તકો લેનારને ૧૮॥ ટકા અને રૂપિયા પચાસ કે તે ઉપરાંતનાં લેનારને ૩૦) ટકા વળતર મળશે.**

૨. સાર્થ ભગવદ્ગીતાઓની સો પ્રતો લેનારને **રૂપિયે દોઢ આનો વળતર મળશે;** અથવા રૂપિયા વીસ કે તે ઉપરાંતનાં અન્ય પુસ્તકો સાથે ગમે તેટલી શ્રીમદ્ ભગવદ્ગીતાઓ લેનારને **રૂપિયે એક આનો** અને રૂપિયા પચાસ કે તે ઉપરાંતનાં પુસ્તકો સાથે લેનારને **રૂપિયે દોઢ આનો** વળતર મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાન આપવા જેવી બાબતો

ક-બહારગામથી મંગાવનારે **અમદાવાદના કાર્યાલયમાં** લખવું. કેમકે મુંબાઇમાં બહારગામ પુસ્તકો મોકલવાની વ્યવસ્થા થતી નથી.

ખ-જવાબ મંગાવનારે જવાબીકાર્ડ અથવા સવા આનાની ટિકિટ બીડવી જરૂરી છે.

ગ-પૂરું મૂલ્ય પ્રથમથી મોકલી રૂપિયા ૮-૧૦ કે તેથી વધુનાં પુસ્તકો રેલવેપારસલથી મંગાવવાથી, પેકિંગ ઇત્યાદિ ખર્ચ (બંગાળી દશ શેર વજનના ૦।= અને તેથી વધુ વજનના પારસલ દીઠ આઠ આના) ચઢવા છતાં ખર્ચ બહુ જ ઓછો આવશે.

ઘ-જો વધુ પુસ્તકો રેલવેપારસલથી મંગાવવાં હોય, તો **રેલવે-સ્ટેશનનું નામ** અવશ્ય લખવું; અને પત્રની સાથે ચોથા ભાગની રકમ અગાઉથી મોકલવી.

ચ-ટપાલરસ્તે વી. પી. થી મંગાવનારને ટપાલખર્ચ ઉપરાંત, રજિસ્ટર તથા વી. પી. મનીઑર્ડર-ખર્ચના રૂપિયા દશ સુધીના પાંચ આના જુદા લાગે છે. એક રૂપિયાથી ઓછી રકમનાં પુસ્તક મંગાવનારે ટપાલની ટિકિટ બીડી મોકલવી.

છ-સંસ્થાનાં પુસ્તકોનું મૂલ્ય ઓછું રહેતું હોવાથી ટપાલ-ખર્ચ કિંમતના પ્રમાણમાં વધી જાય છે; એથી જ્યાં રેલવે-પારસલથી મંગાવવાની સગવડ થઈ શકે એમ હોય ત્યાંના બેચાર સજ્જનોએ ભેગા મળીને પુસ્તકો એકસાથે રેલવે-પારસલમાં મંગાવવાથી ખર્ચમાં ઘણો ફાયદો થશે.

જ-આ સૂચીપત્રમાં જણાવ્યા સિવાયનાં બીજાં પુસ્તકો મળશે નહિ અને મંગાવેલાં પુસ્તકોમાંથી જે આવે નહિ, તે ખલાસ સમજવાં.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭–આ હસ્તપત્રો સુધારીને છપાય ત્યારે આગલાં ૨૬ અને તાજાં જ અમલમાં સમજવાં.

૮–સંસ્થાનું કોઈ પણ પુસ્તક અગાઉથી સંમતિ મેળવીને જ છાપી શકાશે.

श्रीगीता अने पंचरत्नगीता

श्रीभगवद्‌गीताओ–श्लोक ने भाषांतर

સો પ્રતો એક સાથે લેનારને રૂપિયે દોઢ આનો વળતર મળશે.

શ્રીમદ્ભગવદ્ગીતા–{ શ્લોક ને સામેના પાનામાં સરલાર્થ–૧૪મી આ૦ }	૦।૦।।
,, ,, ,, ,, –પૂંઠું પટ્ટી ...	૦।
શ્રીમદ્ભગવદ્ગીતા–ગુ૦ સરલાર્થ સાથે (આ૦૧૫મી) ...	૧।
,, ,, ,, ,, પૂઠું પટ્ટી (,,) ...	૦)=
શ્રીમદ્ભગવદ્ગીતા–માત્ર ગુ૦ સરલાર્થ	૦)=।।
,, ,, ,, ,, –પૂઠું પટ્ટી ,, ...	૦)=
શ્રીમદ્ભગવદ્ગીતા–ગુ૦ સરલાર્થ સાથે, મોટાઅક્ષર ...	૦।=
શ્રીપંચરત્નગીતા–ગુ૦ સરલાર્થ સાથે, મોટા અક્ષર ...	૦।।।=

नीचेनी मूळ भगवद्‌गीताओ ने पंचरत्नगीताओ अर्धा मूल्ये मळशे

मूळ–गीताओ तथा पंचरत्न गीताओ

		छापेलुं	अर्धुं
मूळ मूळ पंचरत्न भगवद्‌गीता–स्थूलाक्षर	३७६	१)=	०॥-
,, ,, ,, –मध्यमाक्षर–सादी	३२४	०॥	०।
,, ,, ,, –नाना अक्षर–सादी	२००	०।-	०)=॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हाल मळता उत्तम ग्रंथो

રૂપિયા ૨૦) સુધીનાં પુસ્તકો લેનારને દર
રૂપિયે બે આના વળતર મળશે

ઉત્તમ ધાર્મિક ગ્રંથો

રૂપિયે ૦)=

ગ્રંથનું નામ	પૃષ્ઠ	મૂલ્ય	બાદ
શ્રીશાંતિપર્વ-(આવૃત્તિ ૬ ઠ્ઠી)	૮૫૬	... ૬) ...	,,
શ્રીમાનસરામાયણ-૩૦ચિત્રો સાથે ...	૧૪૦૦	...૪॥ ...	,,
,, ,, -બે ગ્રંથમાં ,,	,,	... ૫। ...	,,
શ્રીતુલસીકૃત રામાયણ-(આવૃત્તિ ૮ મી)	૧૪૩૨	... ૫॥ ...	,,
,, ,, -બે ગ્રંથમાં ,,	,,	... ૬) ...	,,
શ્રીવાલ્મીકિ રામાયણ-(આવૃત્તિ ૩ જી)	૧૫૨૮	... ૫॥ ...	,,
,, ,, -બે ગ્રંથમાં (,,) ...	,,	... ૬) ...	,,
શ્રીમદ્ભાગવત-(૧૦મી આવૃત્તિ)	૧૩૪૪	... ૫॥ ...	,,
,, ,, -બે ગ્રંથમાં (આ. ૧૦ મી)	,,	... ૬) ...	,,
શ્રીભગવતી ભાગવત-(આવૃત્તિ ૨ જી)	૯૨૮	... ૫) ...	,,
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા—(આ. ૭મી)	૮૮૮	... ૩) ...	,,
શ્રીમનુસ્મૃતિ—મૂળ તથા ભાષાંતર સહિત	૬૪૦	... ૨। ...	,,
શ્રીતુકારામ ગાથા-ગ્રંથ ૧લો	૮૯૬	... ૨। ...	,,
,, ,, -ગ્રંથ ૨જો	૯૪૪	... ૨॥ ...	,,
શ્રીદાસબોધ-(આવૃત્તિ ૩જી)	૬૪૮	... ૨) ...	,,
પ્રીતમદાસની વાણી-(આવૃત્તિ ૨ જી) ...	૫૬૦	... ૧॥ ...	,,
શ્રીરામકૃષ્ણકથામૃત-બે ભાગમાં (આ. ૨જી)	૬૬૪	... ૨॥ ...	,,
સ્વામી રામતીર્થ-ગ્રંથ ૧ લો (આ. ૫ગી)	૫૬૪	... ૧) ...	,,
,, ,, -ગ્રંથ ૩ જો	૫૨૮	... ૨) ...	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદ–ગ્રંથ પહેલો ભા.૧-૨-૩ ... ૫૭૫ ... ૨। ... ,,
,, ,, –ગ્રંથ ૨ જો ભા.૪–૫ ... ૬૦૦ ... ૨। ... ,,
,, ,, –ભાગ ૮ મો (આવૃત્તિ ૨જી) ૩૮૪ ... ૧॥ ... ,,
,, ,, –ભાગ ૯ મો (આવૃત્તિ ૨જી) ૭૮૪ ... ૩) ... ,,
,, ,, –ભાગ ૧૦–૧૧મો ૫૬૦ ... ... ૨) ... ,,
,, ,, –ભાગ ૧૨–૧૩ મો, (પત્રો) ૫૧૬ ... ૧॥ ... ,,
આખ્યાનમાળા–ગ્રંથ ૧ લો (અનંતપ્રસાદનાં) ૭૦૮ ... ૨। ... ,,
,, –ગ્રંથ ૨ જો (,,) ૭૨૦ ... ૨) ... ,,
વૈદિક વિનય–ખંડ ૧–૨–૩ ... ... ૮૪૦ ... ૨॥ ... ,,
શ્રીમહાભારત મંજરી ... ... ૭૪૪ ... ૨) ... ,,
સ્વર્ગનું વિમાન–(આવૃત્તિ ૫ મી) ... ૩૭૨ ... ૧।= ... ,,
સ્વર્ગની કૂંચી–(આવૃત્તિ ૫ મી) ... ૩૭૨ ... ૧।= ... ,,
સ્વર્ગનો પ્રકાશ–(આવૃત્તિ ૨ જી)... ... ૩૩૬ ... ૧।= ... ,,
સ્વર્ગની જિંદગી–(આવૃત્તિ ૩ જી) ... ૩૦૦ ... ૧= ... ,,
સાચું સ્વર્ગ–(આવૃત્તિ ૩ જી) ... ... ૪૯૨ ... ૧।= ... ,,
સ્વર્ગનો ખજાનો–(આવૃત્તિ ૪ થી) ... ૩૧૨ ... ૧।= ... ,,
સંસારમાં સ્વર્ગ–(આવૃત્તિ ૨ જી) ... ૩૪૮ ... ૧।= ... ,,
સ્વર્ગનો આનંદ–(આવૃત્તિ ૨ જી) ... ૩૬૦ ... ૧।= ... ,,
સ્વર્ગની સીડી–(આવૃત્તિ ૨ જી) ... ૩૬૦ ... ૧।= ... ,,
સ્વર્ગની સડક–(આવૃત્તિ ૨ જી) ... ૪૬૮ ... ૧॥ ... ,,
ગામડિયા નરદેવો–(આવૃત્તિ ૧ લી) ... ૪૦૮ ... ૧।= ... ,,
ઉપદેશસારસંગ્રહ–(આવૃત્તિ બીજી) ... ૩૮૪ ... ૧) ... ,,
સુબોધરત્નાકર–(આવૃત્તિ ત્રીજી)... ... ૩૦૦ ... ૦॥। ... ,,
હૃદયતરંગ અને બ્રાહ્મણની ગૌ (આ. ૧ લી) ૩૨૪ ... ૧) ... ,,
પ્રભુમય જીવન–(આવૃત્તિ ૭ મી) ... ૧૯૨ ... ૦। ... ,,
આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર ૨૦૮ ... ૦।~ ... ,,
વિભુની વાટે અને રામાયણની રત્નપ્રભા ૧૬૪ ... ૦। ... ,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીવિષ્ણુસહસ્રનામાવલિ-દર્શન(આ. ૨જી)૨૨૦ ... ૦।≈... ,,

શ્રીવિષ્ણુસહસ્ર નામ-અર્થસહિત આ. ૩જી ૧૨૮ ... ૦)≈... ,,

સંત-મહાત્માઓનાં જીવનચરિત્રો

મહાત્મા સરયુદાસજી, ભૂધરભક્ત અને મહાત્મા જાનકીદાસજીનાં ચરિત્ર } ૨૫૬ ... ૦।≈... ,,

શ્રીબુદ્ધચરિત્ર તથા અન્ય સંતપુરુષો-... ૪૯૬ ... ૧। ... ,,

શ્રીરામકૃષ્ણ પરમહંસનું ચરિત્ર(આવૃત્તિ ૨જી)૬૦૮ ... ૧।। ... ,,

સંત તુકારામ-જીવનચરિત્ર ... ... ૬૪૮ ...૨) ... ,,

શ્રીચૈતન્ય મહાપ્રભુ-ખંડ ૧થી૫ ત્રણ ગ્રંથમાં ૧૫૯૬...૫) ... ,,

શ્રીજ્ઞાનેશ્વર મહારાજ અને મહાત્મા શ્રીએકનાથ } ... ... ૫૦૪ ...૧।। ... ,,

સ્વામી ભાસ્કરાનંદ તથા વિજયકૃષ્ણ ગોસ્વામી } ... ... ૪૩૨...૧।। ... ,,

શ્રીભક્તચરિત્ર-(આવૃત્તિ ૨જી) ... ... ૫૨૮...૧।। ... ,,

આદર્શ ચરિત્રસંગ્રહ-ઉત્તમ ૫૨ જીવનચરિત્રો ૬૩૬...૧।।। ... ,,

,, ,, -ભાગ બીજો (ઉત્તમ ૭૦ ,,) ૬૨૪...૧।।। ... ,,

મુસ્લિમ સંતોનાં જીવનચરિત્રો

મુસ્લિમ મહાત્માઓ-(આ. ૨ જી નવું ભાષાંતર)૭૫૬...૨। ... ,,

અસરકારક જીવનચરિત્રો

ભારતની દેવીઓ-ગ્રંથ ૧ લો ... ... ૨।। ... ,,

,, ,, -ગ્રંથ ૨ જો ... ... ૨।। ... ,,

,, ,, -ગ્રંથ ૩ જો ... ... ૨।। ... ,,

ભારતની દેવીઓ-ત્રણે ગ્રંથ સાથે લેનાર માટે ...૬) ... ,,

ભારતના વીરપુરુષો-(આવૃત્તિ ત્રીજી) ... ૩૩૬...૨) ... ,,

શ્રીશિવાજી છત્રપતિ-(આવૃત્તિ ત્રીજી) ... ૬૧૨...૨। ... ,,

વીર દુર્ગાદાસ-(આવૃત્તિ ત્રીજી) ... ... ૩૦૪...૦।। ... ,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

આગળ ધસો-(આવૃત્તિ ૩ જી) ... ૪૬૮ ...૧॥। ... ,,

ભારતધર્મ ને અંધારા રંગમહેલનો રાજા ૫૦૪ ...૧॥ ... ,,

સુખી જીવનનાં સાધન-સ્વેટમાર્ડન કૃત... ૩૧૨ ...૦॥=... ,,

સુખ સામર્થ્ય ને સમૃદ્ધિ-(આવૃત્તિ ૨જી) ૩૯૬ ...૧) ... ,,

ભાગ્યના સ્રષ્ટાઓ-(આવૃત્તિ ૨જી) ... ૫૬૪ ...૧॥ ... ,,

બંકિમ નિબંધમાળા-બંકિમબાબુકૃત ... ૫૯૨ ...૧॥ ... ,,

કતલખાનું-અપ્ટનસિંકલેરના ધી જંગલ પરથી ૬૯૬...૨॥ ... ,,

આદર્શ દૃષ્ટાંતમાળા-ભાગ ૧લો (આ.બીજી) ૪૩૨ ...૧॥ ... ,,

,, ,, -ભાગ ૨જો (,,) ૪૯૬ ...૧॥= ... ,,

શુભસંગ્રહ-ભાગ ૧ લો (આવૃત્તિ ૫મી) ૧૯૨ ...૦। ... ,,

,, ભાગ ૨ જો (આવૃત્તિ ૨ જી) ૫૪૪ ...૧॥। ... ,,

,, ભાગ ૯ મો ... ... ૭૩૬ ...૨) ... ,,

સોનેરી સૂચના-(આવૃત્તિ ૭મી) ... ૨૦૮ ...૦। ... ,,

વૈદક અને ઐતિહાસિક ગ્રંથો

આર્યભિષક્-(નવમી આવૃત્તિ) ... ... ૮૨૪ ...૩) ... ,,

વૈદક સંબંધી વિચારો-ભાગ૧લો-(આ. ૨જી)૬૮૪ ...૧॥ ... ,,

,, ,, ,, -ભાગ૨જો ... ... ૪૩૨ ...૧॥= ... ,,

ઉપરના ત્રણે ગ્રંથ સાથે ખરીદનારને રૂા. ૪॥ માં મળશે.

આયુર્વેદ નિબંધમાળા-ભાગ ૧-૨ જો ૭૩૬ ...૨। ... ,,

,, ,, -ભાગ ૨ જો(ચાલુ) ૪૧૬ ...૧। ... ,,

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત ૧૪૮ ...૦। ... ,,

રાજસ્થાનનો ઇતિહાસ-ગ્રંથ ૨જો ... ૭૬૪ ...૨॥ ... ,,

બોધપ્રદ ટૂંકી વાર્તાઓ

ટૂંકી વાર્તાઓ-ગ્રંથ પહેલો-(આવૃત્તિ ૩ જી)૫૮૮...૨) ... ,,

,, ,, -ગ્રંથ બીજો -(આવૃત્તિ ૨ જી)૫૭૬...૧॥ ... ,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

,, ,, -ગ્રંથ ત્રીજો-(ભાગ ૮ મો)	...૪૯૨...૧।।	...	,,
,, ,, -ગ્રંથ પાંચમો-(ભાગ ૧૦ મો)	...૪૦૮...૧।	...	,,
,, ,, -ગ્રંથ છઠ્ઠો-(ભાગ ૧૧ મો)	...૭૨૦...૨)	...	,,
સુબોધ પુષ્પવાટિકા-શેખસાદીકૃત (આ. ૨ જી)	૧૩૬...૦।≈	...	,,
દયાળુમાતા અને સદ્‌ગુણી પુત્રી (આ. ૫મી)	...૧૬૦...૦।	...	,,

બાળોપયોગી પુસ્તકો

ભારતીય નીતિકથાઓ-મહાભારતની વાતો	૧૯૨ ...૦।≈	...	,,
સુબોધક નીતિકથા-(આવૃત્તિ ૫મી)	...૨૩૨...૦।≈	...	,,
સદ્‌ગુણી બાળકો-(આવૃત્તિ ૭મી)	...૧૩૬...૦।	...	,,
બાળસદ્‌બોધ-(આવૃત્તિ ૬ઠ્ઠી) ...	...૧૨૦...૦।	...	,,
બાળકોની વાતો-(આવૃત્તિ ૭મી) ...	...૮૮ ...૦)≡	...	,,
,, ,, -ભાગ ૨ જો (પાઠ ૬૧)	..૨૬૪...૦।=	...	,,

ચિત્રો ઇત્યાદિ

શ્રીરામકૃષ્ણ કેશવચંદ્ર સેનના ઘેર ...	૧૩।।×૨૦ ૦)=	...	,,
શ્રીચૈતન્ય મહાપ્રભુનું સંકીર્તન (ત્રિરંગી)	૧૫×૨૦ ૦)=	...	,,
જ્ઞાનબાજી અથવા સોપાનપટ	૧૮×૨૪ ૦)≈	...	,,

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદ-ત્રણ દરવાજા બહાર, નદી જવાને રસ્તે, ભદ્ર પાસે.
મુંબઈ-કાલબાદેવી રોડ, હાથી બિલ્ડીંગ, ત્રીજે માળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિવિધ ગ્રંથમાળા"નું ચાલુ ધોરણ

૧—વાર્ષિક મૂલ્ય પાકાં પૂઠાં સાથે રૂપિયા ૫) હોઇ ટપાલખર્ચ ચાલુ વર્ષનું માફ હોય છે. આફ્રિકા ઇત્યાદિ દેશાવર માટે વાર્ષિક-મૂલ્ય રૂપિયા ૮) અથવા શિલિંગ ૧૨) છે. ૨—પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. ૩—૫"x૭ાા"ના કદનાં **પૃષ્ઠ ૧૯૦૦ થી ૨૧૦૦ સુધી** ત્રણથી ચાર પુસ્તકો દ્વારા અપાય છે. તેમાંના નીકળ્યાં હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાઇ, બાકીનાં નીકળે તેમ મોકલાય છે. ૪—કોઇ વાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદાં પૂંઠાંવાળું જ બંધાશે; અથવા બીજા બૉર્ડ પટ્ટીના પૂંઠાંવાળા પુસ્તકના ભેગું બંધાવાશે. ૫—પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું વાર્ષિક મૂલ્ય મંગાવી લેવાશે; પણ બનતાં સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાઈ જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે, તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે. ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. આવ્યે તે પાછું વાળશે, તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક્ક ગુમાવશે. પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઇ કારણથી પાછું વળ્યું હશે, તેઓ પોતાનું વાર્ષિક મૂલ્ય મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે તથા વી. પી. પાછું વળવાથી ટપાલ આદિ ખર્ચ રદ ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. ૭—"વિવિધ ગ્રંથમાળા"નાં પુસ્તકો પૂરતી ચોકસી કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને મળે નહિ તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. ટપાલખાતા પર અરજી કરવા છતાં જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો ટપાલખાતા સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે તો બનતો વિચાર થશે. ૮—ગેરવલ્લે જાય નહિ તેટલા માટે દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય તેમણે તે ખર્ચના બાર આના વધુ મોકલવા. ૯—વાર્ષિક મૂલ્ય રૂબરૂમાં ભરનારને તે જ વખતે છાપેલી પાવતી અપાય છે તથા વી. પી. દ્વારા વાર્ષિક મૂલ્ય ભરનારે વી. પી. ઉપર જે સરનામું, ટપાલની છાપ વગેરે હોય છે તેને જ પાવતી તરીકે જાળવી રાખવાનું છે. ૧૦—મુંબઇના કાર્યાલયમાં "વિવિધ ગ્રંથમાળા"નું વાર્ષિક મૂલ્ય ભરનારે તે ભર્યા પછીનો સર્વ સંબંધ અમદાવાદના જ કાર્યાલય સાથે સમજવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ग्रंथसेवननो महिमा

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા-વિચારવાનું સદ્‌ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (સ્ત્રીના-લક્ષ્મીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

"પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શો તફાવત ?"

"ખોરાક વિનાના શરીરની પેઠે જ્ઞાન વિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરી સાધન વાચન હોવાથી, જે ઘરમાં સારાં પુસ્તકો નથી તે ઘર, ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોર જ છે."

"ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તો પણ એ ગ્રંથો જ માનસવાણીથી તમને કહેશે કે, 'અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લો અને વાપરો, એટલે તમારું કલ્યાણ થશે.' શું આ માનસવાણી ઓછી કીમતી છે ?"

"અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લેડ્સ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઈને ફરે; તો પછી આપણા જેવાઓએ તો ખુલ્લી વૃથા જતી કીમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઈએ ?"

—સ્વામી વિવેકાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારામાઠા પ્રસંગે જ્ઞાનલ્હાણી

પોતેજ પૂર્ણ જ્ઞાની થઇને બીજાઓને જ્ઞાન આપવું, એ તો કોઇક-થીજ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના ઉપદેશ અને ચરિત્રને લગતાં ઉમદા પુસ્તકો તો સર્વ કોઇ બીજાઓને આપી શકે તેમ છે.

સારામાઠા પ્રસંગો ઉપર માત્ર થોડાક વધુ ખર્ચથી (કે ઘી વગેરેમાં થોડી કસર કરીને પણ) શારીરિક ખાનપાન ઉપરાંત એવા માનસિક ખોરાકની પત્રાવલિરૂપ ઉમદા પુસ્તકો પણ પ્રત્યેક મહેમાન, સગાં, કુટુંબી, મિત્ર, પાડોશી, જ્ઞાતિબંધુ, બ્રાહ્મણ, વિદ્યાર્થી વગેરેને ભેટ અપાય, તો તે ગમે તેવાં મિષ્ટાન્ન અને બીજી વસ્તુઓ કરતાં તેમને માટે વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

હકીકત આવી હોવાથી આ સંસ્થાનાં અને બીજાં પુસ્તકોમાંથી પસંદ પડે તે તે લોકોપકારક પુસ્તકો પોતાને ત્યાં આવતા નાનામોટા પ્રસંગે વહેંચીને, ધનના સદુપયોગની સાથે જ્ઞાનચારિત્ર જેવી ઉત્તમ વસ્તુના પ્રચારનું શ્રેય સમજુ મનુષ્યે અવશ્ય મેળવવું જોઇએ.

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇએક ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને વહેંચી-વહેંચાવી શકે અને મધ્યમ કે ઓછો ખર્ચ કરવાનો હોય, તો કોઇએક ઉત્તમ પુસ્તકની યથાશક્ય પ્રતોની લહાણી કરી શકે. જો એકથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય, તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ મળી શકે; અથવા તો બીજી કોઈ સારી હજાર-પાંચસો પુસ્તિકાઓની લહાણી કરી શકાય. છેવટે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલા વડે પણ ધર્મગ્રંથોમાંની અસર-કારક શિખામણો સુખેથી વહેંચી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उत्तम चरित्रोना फायदा

(અનુભવીઓના ઉદ્દગાર)

"જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસી વડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે; અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગૃત થાય છે. વળી જે કામ ઉપ-દેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે."

* * * *

"ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે, આપણી આશામાં જીવ આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઇ ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવન-ચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમના દાખલાદષ્ટાંત જોઇને સ્ફૂર્તિમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે."

* * * *

"ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલે સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે."

* * * *

"મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન કરાય છે, ત્યારે આ વાત બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ખુલ્લો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री

महात्मा रामचन्द्र दत्त

प्रथम अध्याय

संक्षिप्त जीवन-वृत्तान्त

મહાન પુરુષોના જીવન-પ્રસંગ અને તેમના ગુણગ્રામનું ચિંતન કરવાથી મનુષ્યજીવનમાં કિંચિત્ અંશે પવિત્રતાનો સંચાર થવાનો સંભવ છે. માટેજ પુણ્ય-શ્લોક નર-નારીઓના જીવનચરિત્રો લખવા-વાંચવાની પ્રથા આપણા દેશમાં પ્રાચીનકાળથી પ્રચલિત છે. આજે અમે એક એવાજ મહાત્માની જીવનકથા સંક્ષેપમાં આ સ્થળે લખવાનો પ્રયત્ન કરીએ છીએ. એ મહાત્માનું નામ રામચંદ્ર દત્ત હતું. તેઓ ઇશ્વરાવતાર શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના અતિ પ્રિય, આદર્શ ભક્ત હતા.

કાયસ્થ જ્ઞાતિમાં શ્રીયુત રામચંદ્ર શકે ૧૭૭૩-સં. ૧૯૦૯ના કાર્તિક સુદિ છઠ ને બુધવારને પવિત્ર દિવસે ભારતવર્ષમાં જન્મ્યા હતા. પિતાનું નામ નૃસિંહપ્રસાદ દત્ત અને પિતામહનું નામ કુંજવિહારી દત્ત હતું. તેઓ કલકત્તા નજીક નારિકેલ ડાંગા નામક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાનમાં નિવાસ કરતા હતા. કુંજવિહારી નિષ્ઠાવાન, ચુસ્ત વૈષ્ણવ અને સંસ્કૃત ભાષામાં સુનિપુણ પંડિત હતા. તેમણે મંત્રોપદેશ આપી અનેક શિષ્યો બનાવ્યા હતા. સાંભળવામાં આવ્યું છે કે, તે બધાજ લગભગ સંન્યાસી હતા. કુંજવિહારી તે સમયે સમૃદ્ધિશાળી શ્રીમંત ગૃહસ્થ કહેવાતા અને હતું પણ તેમજ. રામચંદ્રના પિતા નૃસિંહપ્રસાદની પણ પંડિત તરીકે સારી ખ્યાતિ હતી. રામચંદ્રની માતાનું નામ તુલસીમણિ હતું. તેઓ અતિશય દયાળુ રમણી–રત્ન હતાં. નારીરત્નને દયાનો અવતાર કહેવામાં આવે છે. તે દયાનો શ્રેષ્ઠ ગુણ તુલસીમણિમાં હતો. જે નારીના હૃદયમાં દયાનો સદ્‌ગુણ હોય છે તેજ જગતમાં ધન્ય છે! તેનું જીવન ધન્ય છે! તેના કુટુંબને ધન્ય છે! તેનાં માતાપિતા અને પતિ–સ્વસુર આદિને પણ ધન્ય છે!

રામચંદ્ર પોતાની માતાની દયા સંબંધી વાર્તાઓ વારંવાર સર્વ મનુષ્યો સમક્ષ કહેતા. સાંભળવામાં આવ્યું છે કે, દેવી તુલસીમણિ ગૃહકર્મથી પરવારી આહાર કરવા બેસતાં, તે સમયે ઘણુંખરું નિત્ય કોઈએક દરિદ્ર પાડોશણ ત્યાં આવી પહોંચતી. રામચંદ્રની માતા પોતાની ટેવ પ્રમાણે મિષ્ટ ભાષામાં તેને પૂછતાં: "બહેન! તેં આહાર કર્યો છે કે?" તે હમેશાં પોતાના દુઃખનું વર્ણન કરી કહેતી કે, "ના, બા." કોઈ વખત રામચંદ્રની માતા ભોજનની થાળી પીરસતાં હોય કે કોઈ વખત બેચાર કોળિયા મોઢામાં મૂકયા હોય, ગમે તેવી સ્થિતિ હોય તોપણ સામે ક્ષુધાતુર મનુષ્યને ઊભેલું જોઈ રામચંદ્રની માતાનું દયાળુ હૃદય-દયાથી પીગળી જતું. તેઓ ભોજનપાત્રનો ત્યાગ કરી ઊઠી ઊભાં થતાં. નણંદ વગેરે વડીલજનો આહાર નહિ કરવાનું કારણ પૂછે તો તેઓ કહેતાં કે, "આજે શરીરે અસુખ છે." તુલસીમણિ પોતાની થાળી ઉપર તે પાડોશણને ભોજન લેવા બેસાડી દેતાં. તે બિચારી સુખેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજન કરતી. આ પ્રમાણે રામચંદ્રની દયાળુ માતા અનેક સમયે ભૂખ્યાં રહેતાં અથવા અર્ધું ભોજન કરતાં! તેઓ બીજાને અન્નદાન આપી તૃપ્ત કરતાં અને તૃપ્ત થતાં. મહાત્મા રામચંદ્ર પોતાની માતાનો દયાળુ સ્વભાવ સંપૂર્ણ રીતે વારસામાં પ્રાપ્ત કરી શક્યા હતા, તેથીજ ઉપરોક્ત બનાવ લખવામાં આવ્યો છે.

રામચંદ્રનું વય અઢી વર્ષનું હતું, તે સમયે તેમની માતાનું મૃત્યુ થયું. તેથી માતૃપ્રેમામૃતપાનથી તેઓ વિશેષરૂપે તૃપ્ત થયા નહોતા. સગાંસંબંધીજનોએ માતા વગરના એ બાળકનું લાલન–પાલન કર્યું હતું. બાલ્યાવસ્થામાં રામચંદ્રે નારિકેલ–ડાંગાની શાળામાંજ વિદ્યાભ્યાસ કર્યો હતો.

બાળકનો બાલ્યસ્વભાવ ઘણી વખત તેના ભાવિ–ચારિત્ર્યનો આભાસ આપે છે. રામચંદ્રના સંબંધમાં તે વિશેષરૂપે જણાઇ આવે છે. દેવસેવા એ તેમની રમતનું મુખ્ય સાધન હતું. કેટલીક વખત તેઓ પોતાના રમવાના સ્થાનમાં ભગવાનની પૂજા કરી તેમને પ્રસાદ ધરાવતા. કેટલીક વખત તેઓ સખીનો પહેરવેશ પહેરી શ્રીકૃષ્ણ ભગવાન સમક્ષ નૃત્ય કરતા. કોઇ વખત મહોત્સવ કરતા અને સમાન વયના બાળમિત્રોને એકઠા કરી તેમને પ્રસાદ જમાડતા. નારિકેલ–ડાંગામાં શ્રીનિવાસ બાવાજીનો આશ્રમ અને "શિખેર બાગાન" નામક સ્થાન હતાં. તે બન્નેમાં સાધુ–સંન્યાસીઓ નિવાસ કરતા. રામચંદ્ર સર્વદા તે સ્થાનોમાં આવ–જા કરતા. સાધુઓ તેમના ઉપર અતિશય પ્રેમ રાખતા અને તેમને પ્રસાદ આપતા. એ ઉપરથીજ સ્પષ્ટ જણાઈ આવે છે કે, બાલ્યાવસ્થાથીજ તેમના હૃદયમાં દેવ પર ભક્તિ અને દેવસેવા પર પ્રેમનાં ચિહ્ન જણાવા માંડ્યાં હતાં.

કુંજવિહારી દત્તના મૃત્યુ પછી રામચંદ્રના પિતા નૃસિંહપ્રસાદે નાના પ્રકારે સર્વ વિષય–સંપત્તિ નષ્ટ કરી નાખી; એટલુંજ નહિ, પણ પિતાનું ઘર પણ વેચી દીધું હતું! જે સ્થાને હમણાં હાઇકો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્ટના જજ શ્રી. ગુરુદાસ બન્દોપાધ્યાયનું મકાન છે, તેજ સ્થળે રામચંદ્રના પિતાની નિવાસભૂમિ હતી.

જે તેજસ્વિતાએ, રામચંદ્રના ભાવી-જીવનમાં પૂર્ણસ્વરૂપે વિકાસ પામી તેમના સમક્ષ અનેક મનુષ્યનાં મસ્તક નમાવ્યાં હતાં, જેના બળ વડે સેંકડો મનુષ્યો વિરુદ્ધ થયેલાં હોવા છતાં પણ પોતાની શ્રદ્ધા અને વિશ્વાસ પ્રમાણે વર્તવા તેઓ સમર્થ થયા હતા, તેનો પરિચય તેમનામાં બાલ્યાવસ્થામાંથીજ જોવામાં આવ્યો હતો. જે સમયે રામચંદ્રનું વય દશ વર્ષનું હતું, તે સમયે તેઓ એક વખત હરિપાલ નામક ગામમાં કોઇએક કુટુંબીજનને ઘેર શુભ પ્રસંગે જમવા ગયા હતા. તેઓ વૈષ્ણવ વંશમાં જન્મ્યા હતા, તેથી તેમણે કોઇ પણ સમયે માંસભક્ષણ કર્યું ન હતું.* માંસનો જિહ્વાને સ્પર્શ થવો એ મહાન પાપકાર્ય છે, એવો તેમના મન ઉપર સંસ્કારજ પડી ગયો હતો. જે કુટુંબને ઘેર તેઓ ગયા હતા તે સર્વે અતિશય માંસપ્રિય હતાં. તેમણે ભોજન સમયે બકરાનું માંસ પીરસી ભોજન કરવાનો રામચંદ્રને આગ્રહ કર્યો. તેમણે તે લેવા સાફ ના કહી. અંતે તેમણે રામચંદ્રનું કહ્યું સાંભળ્યું નહિ. તેમણે તો માંસ તેમની થાળીમાં પીરસવા હાથ લંબાવ્યો. તેજ ક્ષણે જેમ નિદ્રાવશ કાળા સર્પને પગની ઠોકર વાગતાંજ ક્રોધે અધિર થઈજાય છે, તેજ પ્રમાણે રામચંદ્ર પણ પોતાની ઇચ્છા વિરુદ્ધ વ્યવહાર થતો જોઈ ક્રોધે ભરાઇ ગયા! તેઓ કાંઇ પણ બોલ્યા વિના ઊભા થઈ ઘરત્યાગ કરવા તૈયાર થયા. જે ગૃહસ્થને ઘેર ભોજને આવ્યા હતા, તેમની પત્નીએ તેમને ઘણું સમજાવ્યા, મનાવ્યા; પરંતુ તેમણે તેનું માન્યું નહિ. તેઓ મનસ્વીપણે ઘરનો ત્યાગ કરી ચાલતા થયા. માત્ર દશ વર્ષનું

* બંગાળમાં મદ્ય-માંસનો આહાર કરવાનો સાધારણ રિવાજ છે. તેમ છતાં ઘણા માણસો એવા પણ છે કે તેઓ એ બન્નેને સ્પર્શ સુધ્ધાં કરતા નથી. —લેખક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક ! કયે માર્ગે થઇને કલકત્તે જવું તે તેઓ જાણતા ન હતા. તેમની પાસે વિશેષ પૈસા ન હતા કે જેથી ભાડાની ગાડીમાં બેસીને પણ ઘેર જાય. તેમણે પગરસ્તેજ ચાલવા માંડયું. માર્ગમાં પ્રવાસીજનોને પૂછતાં પૂછતાં કોન્નગર નામક ગામ તરફ ચાલવા માંડયું. મધ્યાહ્નને પેલા કુટુંબનું ઘર ત્યાગ કર્યું હતું. કોન્નગર આવતાં આવતાં સંધ્યાસમય થયો. ધીમે ધીમે રાત પણ પડી. તે સમયે શું કરવું તે રામચંદ્ર નક્કી કરી શકયા નહિ. એક ગૃહસ્થને ઓટલે દ્વાર આગળ બેસી વિચાર કરવા લાગ્યા. સમસ્ત દિવસનો ઉપવાસ અને તે ઉપરાંત થાક લાગવાથી ઊપજેલી શિથિલતા બાળકના કોમળ શરીર ઉપર સ્પષ્ટ રીતે દેખાઇ આવતી હતી.

જે ગૃહસ્થના ઘરને ઓટલે રામચંદ્ર બેઠા હતા, તે ગૃહસ્થનાં પત્ની કોઇ ગૃહકાર્ય નિમિત્તે ઘર બહાર આવ્યાં. તેમણે જોયું કે એક સુંદર આકૃતિનો અપરિચિત બાળક દ્વારની પાસેજ બેઠો છે. રામચંદ્રનું મુખ થાક, ભૂખ અને તરસથી સુકાઇ ગયેલું જોઈ ગૃહસ્થ–પત્નીના હૃદયમાં કરુણા ઉત્પન્ન થઇ. તેમણે રામચંદ્રનો પરિચય વગેરે પૂછ્યો. પછી આગ્રહપૂર્વક કહ્યું કે, "શું તને ભૂખ લાગી છે ભાઈ?" રામચંદ્રે આખો દિવસ આહાર નહોતો લીધો તે વગેરે સર્વ હકીકત તેમને નિવેદન કરી. ગૃહસ્થપત્ની તેમને પોતાના ઘરમાં લઈ ગયાં અને તેમને અડદની દાળ, ભાત, શાક વગેરે જમવાનું આપ્યું. રામચંદ્રે પ્રેમપૂર્વક–તૃપ્તિપૂર્વક ભોજન કર્યું તેઓ પોતાની ઉચ્ચ સ્થિતિ સમયે પણ ઘણી વખત વાર્તાલાપ કરતાં કહેતા કે, "એવાં દાળ અને ભાત મેં અત્યાર સુધીમાં કદી પણ ખાધાં નથી."

રામચંદ્રે ભોજન કરી લીધું. ત્યાર પછી ગૃહસ્થને તેમના શયન માટે ચિંતા થઈ. તેમના પોતાના નાના ઘરમાં સૂવાનું સ્થળ નહિ હોવાથી રામચંદ્રને નજીકમાંજ એક શ્રીમંતનું મોટું મકાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું, ત્યાં શયન માટે લઇ ગયા. મકાનના માલિક બાબુસાહેબ દીવાનખાનામાં પોતાના બંધુ-બાંધવ લઈને બેઠા હતા. બાળક રામચંદ્રની નિર્ભયતા સંબંધી હકીકત સાંભળી બધા આશ્ચર્ય પામ્યા; પરંતુ તેમાંના કોઇકે ઉપદેશ આપવાને બહાને રામચંદ્રનો તિરસ્કાર પણ કર્યો. રામચંદ્રે સર્વનું કહેવું ચુપચુપ સાંભળ્યા કર્યું. ત્યાર પછી બાબુસાહેબની આજ્ઞાનુસાર તેજ દીવાનખાનામાં તેમણે શયન કર્યું.

ધીમે ધીમે મધ્ય રાત્રિનો સમય થવા આવ્યો. બાબુના બંધુ-બાંધવ એક પછી એક પોતાને ઘેર જવા લાગ્યા; પરંતુ થોડી વાર પછી પુનઃ વળી મિત્રોનું એક ટોળું આવી પહોંચ્યું. તે સર્વે મળી "ગુલી*" નામક માદક દ્રવ્યનું સેવન કરવા લાગ્યા. જ્યારે તેમનામાં કેફનું જોર વિશેષરૂપે વધ્યું, ત્યારે તેઓ બાળક રામચંદ્રને કેફનો થોડો પ્રસાદ લેવા બોલાવવા લાગ્યા. કોઇ કોઇ તો માદક દ્રવ્યના પ્રસાદને બદલે નશો કર્યા પછી મોં સાફ કરવા રાખેલી મીઠાઇનો થોડો અંશ ખાવા માટે આગ્રહ કરવા લાગ્યા; પરંતુ રામચંદ્રે કાંઇ પણ લીધું નહિ. ભયને લીધે માત્ર એક ખૂણામાં જઈ નિદ્રાનો ઢોંગ કરી પડી રહ્યા. કેટલીક વાર પછી બધા બાબુઓ ઘોર નિદ્રામાં ઘોરવા લાગ્યા.

રાત્રિ વીતી પ્રાતઃકાળ થાય તે પહેલાંજ રામચંદ્ર તે ઘરમાંથી નાસી છૂટચા અને લોકોને પૂછતા પૂછતા સ્ટેશન તરફ ગયા. સ્ટેશન પર પહોંચતાં કેટલોક વખત થયો. ત્યાર પછી ટિકિટ લેતાં જણાયું કે, તેમની પાસે પૂરતા પૈસા ન હતા. એ વખતે તેઓ મહાવિપદમાં પડ્યા. તેઓ પૈસાની ચિંતા કરતા હતા; એટલામાં "નશાખોર" બાબુઓ કલકત્તા જવા માટે આવી પહોંચ્યા. તેઓ

* ચંડુલ, ચરસના જેવીજ એક પ્રકારની નશાની વસ્તુ હૂકામાં પિવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્રને ત્યાં ફરતા જોઇ કહેવા લાગ્યાઃ "મૂર્ખ છોકરા ! ભોજન કર્યા વગર કેમ ચાલ્યો આવ્યો ?" રામચંદ્રે ટિકિટમાં ઓછા પૈસા હોવાનું જણાવ્યું. બાબુઓ નશાખોર (વ્યસની) હોવા છતાં પણ ઉદાર હૃદયના હતા. તેમણે રામચંદ્રને ટિકિટ ખરીદી આપી. રામચંદ્ર કલકત્તે ચાલ્યા આવ્યા.

પ્રથમજ કહેવામાં આવ્યું છે કે, રામચંદ્રના પિતા નૃસિંહપ્રસાદે પોતાની સર્વ વિષયસંપત્તિ અને નારિકેલ-ડાંગામાં રહેવાનું ઘર સુધ્ધાં વેચી દીધું હતું; તેથી રામચંદ્રને અવસ્થાના ચક્રમાં સપડાઇ, દરિદ્રતાના દુઃખભારમાં દબાઇ, પોતાના કોઇએક સગાના આશ્રયમાં રહી વિદ્યાભ્યાસ કરવો પડ્યો હતો. તેઓ એ સમયે જનરલ એસેમ્બ્લી ઇન્સ્ટિટ્યૂશનમાં વિદ્યાભ્યાસ કરતા. ત્યાં એન્ટ્રન્સ ક્લાસ સુધી ભણ્યા. પછી કેમ્પબેલ મેડિકલ સ્કૂલમાં બેઠા. એ સ્કૂલમાં અનેક મનુષ્યોએ તેમની પ્રતિભાશક્તિનો પરિચય મેળવ્યો હતો. ત્યાંની છેલ્લી પરીક્ષામાં સુખ્યાતિ સહિત તેઓ પાસ થયા. પછી તેમને પ્રતાપનગરમાં નોકરી મળી. કેટલાક દિવસ પછી તેઓ ચાળીસ રૂપિયાના પગારે સરકારી ક્વિનાઈનની પરીક્ષા કરવા મદદનીશ અમલદાર તરીકે નિમાયા હતા.

હૃદયમાં ઉચ્ચવ્રત ધારણ કરીને જે મનુષ્યો આ જગતમાં ભ્રમણ કરી રહ્યાં છે, ઉચ્ચ કાર્યમાં ગૂંથાઇ રહીનેજ જેઓ જીવનલીલા સમાપ્ત કરી જાય છે, તેમના જીવનકાર્ય પ્રસંગોનું વિશેષરૂપે નિરીક્ષણ કરતાં જાણી શકાય છે કે, તેમના હૃદયક્ષેત્રમાં ઉચ્ચ ભાવનાનાં બીજ પરાપૂર્વથીજ રોપાયલાં હતાં. સમય આવતાંજ તે બીજ વૃદ્ધિ પામી, ફળફૂલ વડે સુશોભિત વિશાળ વૃક્ષ થઇ જગતમાં નયનને આનંદજનક તથા તૃપ્તિકર થઇ રહે છે. બાલ્યાવસ્થાથીજ રામચંદ્રમાં સુસંસ્કાર હતા, દ્રવ્યનું વિશેષ સામર્થ્ય નહિ હોવા છતાં લગ્નના બંધનમાં બંધાવું એ અનેક વિપદને આમં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ કરી લાવવા જેવું છે. એ ઉચ્ચ વિચારો તેમના હૃદયમાં છુપાઇ રહેલા હોવાથી, જ્યાંસુધી તેઓ દ્રવ્ય પ્રાપ્ત કરવા શક્તિમાન ન થયા, ત્યાંસુધી લગ્નનો લોભ તેમનું આકર્ષણ કરી શક્યો ન હતો. દ્રવ્ય ઉપાર્જન નહિ કરનાર દરિદ્ર મનુષ્યોના સંસાર કેવા ભયંકર પ્રકારનાં દુઃખોનું નિવાસસ્થાન છે, તે રામચંદ્ર સારી પેઠે જાણતા હતા અને એવું જાણતા હોવાથીજ આજે એ આદર્શ-ચરિત્રના આદર્શ બનાવો, જો કે તે સામાન્ય હોવા છતાં પણ સર્વ જનસમાજ સમક્ષ પ્રકટ કરવા સમર્થ થવાયું છે.

બાલાખાના નિવાસી શ્રીયુત ક્ષેત્રમોહન બસુની એકની એક પુત્રી સાથે રામચંદ્રનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં. પ્રથમજ કહેવામાં આવ્યું છે કે, રામચંદ્રને સરકારી કિવનાઇનની પરીક્ષા કરવા માટે મદદનીશ પરીક્ષક અમલદાર નીમવામાં આવ્યા હતા. તે સમયે સી. એચ. વુડ નામક એક સુપ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી કિવનાઇનના પરીક્ષક નિમાઇ વિલાયતથી આવ્યા હતા. રામચંદ્ર તેમની પાસે અસીમ પરિશ્રમ સહિત રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરતા. વાસ્તવિક કહીએ તો બુદ્ધિમાન વુડ સાહેબના શિક્ષણના પ્રભાવથીજ તેઓ રસાયણવિદ્યાનો વિકટ માર્ગ સહેલાઈથી પસાર કરવા લાગ્યા હતા. સાહેબ પણ જાણી શક્યા હતા કે જે પાત્રમાં તેઓ બીજ રોપે છે, તે કાંઈ સામાન્ય નથી પણ મહાન છે. અતિ ઉત્તમ ક્ષેત્રમાં તેઓ બીજ રોપે છે. રામચંદ્રની ઉત્તમતા જાણીનેજ-પાત્રતા જાણીનેજ વુડ સાહેબ તેમના પર પ્યાર કરતા અને શીખવતા. કેટલાક દિવસ પછી જ્યારે વુડ સાહેબ સ્વદેશ સિધાવ્યા, તે સમયે તેમણે અંતઃકરણની પ્રીતિના ચિહ્નસ્વરૂપ એક ઘડિયાળ (જેના ઉપર પોતાનું અને રામચંદ્રનું નામ કોતરેલું હતું તે) અને કેટલાંક પુસ્તકો રામચંદ્રને ભેટ આપ્યાં હતાં.

કેમ્પબેલ સ્કૂલનો એક વિદ્યાર્થી બેત્રણ વર્ષ જેટલા ટૂંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયમાંજ પોતાના ખંતીલાપણાના ગુણથી, કેવે પ્રકારે કઠિન રસાયણવિદ્યામાં કુશળ થયો હતો, તેનો વિચાર કરતાં આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. એટલા ટૂંક સમયમાંજ તે રસાયણવિદ્યામાં પંડિત બન્યા હતા. કેટલાક સાહેબ લોકો પણ તેમનું બુદ્ધિચાતુર્ય અને કાર્ય કરવાની અદ્ભુત શક્તિ જોઈ દિન પર દિન તેમને ઉચ્ચ પદ ઉપર સ્થાપતા જતા હતા.

કેટલાક દિવસ પછી રામચંદ્રે કુર્ચિ નામક વૃક્ષની છાલ (કડુ-છાલ)માંથી કુર્ચિસિન નામક એક પ્રકારનું ઔષધ શોધી કાઢ્યું, જેમ સિનકોના નામક વૃક્ષની છાલમાંથી કિવનાઈન મેળવી શકાય છે, તેજ પ્રમાણે કુર્ચિસિન પણ કુર્ચિ નામક વૃક્ષની છાલમાંથી મેળવી શકાય છે. કિવનાઈન એ તાવને માટે અમોઘ ઔષધ કહેવાય છે, તેજ પ્રમાણે કુર્ચિસિન એ રક્ત-આમાશયને માટે બ્રહ્માસ્ત્ર કહીએ તો અતિશયોક્તિ કહેવાશે નહિ. કુર્ચિસિનની શોધ કર્યાથી રામચંદ્રની યશપતાકા દશે દિશામાં ફરકવા લાગી. એ શોધ માટે ગવર્મેન્ટે પણ તેમને સારી પેઠે ધન્યવાદ આપ્યો અને વિલાયતની અનેક રસાયણપત્રિકાઓ પણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગી. ક્રમે ક્રમે રામચંદ્ર વિલાયતની રાસાયણિક સભાના સભાસદ અને કલકત્તા મેડિકલ કૉલેજના મિલિટરી વિદ્યાર્થીઓના શિક્ષક અને મદદનીશ રાસાયણિક પરીક્ષક નિમાયા હતા; એ ઉપરાંત તેઓ બહુ-બાજારના ભારતવર્ષીય-વિજ્ઞાન-મંદિર અને બીજી અનેક સભા-સમિતિઓમાં રસાયણશાસ્ત્ર સંબંધી ભાષણો આપતા.

ચાળીસ રૂપિયાના પગાર ઉપરથી તેમને બસો રૂપિયા પગાર મળવા લાગ્યો હતો. એ ઉપરાંત અનેક પદાર્થની પરીક્ષા કરવામાં તેઓ અનેક રૂપિયા પ્રાપ્ત કરી શકતા હતા; એટલુંજ નહિ પણ કોઇ કોઇ મહિનામાં તો તેઓ હજાર-હજાર રૂપિયા ઘેર લાવતા. ચોવીસ વર્ષપર્યંત તેમણે સરકારી નોકરી કરી હતી; પરંતુ કોઇ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયે કોઇ પણ સાહેબે, તેમના કોઇ પણ કામમાં ગફલત થઇ હોય એવું જાણ્યું નથી ! સર્વ (અંગ્રેજ) સાહેબો રામચંદ્રને પોતાના જમણા હાથસ્વરૂપ જાણતા અને સર્વ તેમની પ્રશંસા કરી ગયા છે. સત્ય કહીએ તો રામચંદ્રના કર્મ-જીવનમાં એક પણ કાળો ડાઘ પડયો નથી. તેમનાં સર્વ કર્મો ઉજ્જવળ રેખાઓ વડે શોભી રહ્યાં છે.

પરંતુ અમે વાચકોને રામચંદ્રના જીવનનો કેવળ એ વિભાગ દર્શાવીને શાંત થઇશું નહિ. તેમના અધ્યવસાય અને પરિશ્રમે તેમને સામાન્ય મનુષ્યમાંથી કેવી રીતે ઉચ્ચપદે સ્થાપ્યા હતા અને પોતાના આત્મીય સ્વજનના પૈસા વડે વિદ્યા પ્રાપ્ત કર્યા પછી પોતાના ખંતીલા પ્રયત્નથી કેવી રીતે એક સારા વિદ્વાનની ગણતરીમાં આવ્યા હતા અને ખ્યાતિ મેળવી હતી, તે વિસ્તારપૂર્વક દર્શાવવાનો આ જીવનનો ઉદ્દેશ નથી. માત્ર અમે તેમના ધાર્મિક-જીવનનું ચિત્ર ચીતરવાનો યત્ન કરીશું.

વિજ્ઞાનશાસ્ત્રનો અભ્યાસ કર્યાથી રામચંદ્રનું મસ્તક ભ્રમિત થઇ ગયું હતું. ઈશ્વરના અસ્તિત્વનો વિશ્વાસ, કેટલાક દિવસને માટે તેમના હૃદયમાંથી રજા લઇ વિદાય થયો હતો ! દારુણ સંદેહે આવી તેમના હૃદયમાં સામ્રાજ્ય સ્થાપ્યું હતું. અર્થાત્ જગતમાં "ઈશ્વર છે" એવું તેઓ માનતાજ ન હતા. તેઓ નાસ્તિક બન્યા હતા એમજ કહેવું પડે છે. અનેક મનુષ્યો એવાં પણ છે કે, જેઓ સર્વ મનુષ્યો સાથે તર્ક અને વાદવિવાદ કરી બહાદુરી બતાવવા માટે બનાવટી નાસ્તિક બની બેસે છે. ઈશ્વરના અસ્તિત્વ ઉપર જેને વિશ્વાસ બેઠો હોય, તેમના વિશ્વાસમાં આઘાત કરવો એમાંજ તેમને (ઢોંગી નાસ્તિકોને) આનંદ થાય છે, પરંતુ જ્યારે વિપદની ભયંકર છબી તેમની સામે આવી ઊભી રહે છે, ત્યારે તેઓજ કરુણ કંઠે, દુઃખિત હૃદયે, તેત્રીશ કરોડ દેવતાઓના ચરણશરણમાં જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રામચંદ્રની નાસ્તિકતા એવા પ્રકારની ન હતી. વાસ્તવિક રીતે જોતાં તેમની નાસ્તિકતા હૃદયના ઊંડા ભાગમાંથી જન્મ પામી હતી. તેમાં સરળતા સિવાય કપટતા લેશમાત્ર પણ ન હતી. તેઓ સર્વની સાથે ઈશ્વરના અસ્તિત્વ સંબંધી વાદવિવાદ કરતા. તેઓ પોતાના હૃદયમાંથી નિરીશ્વરવાદરૂપી કંટકને યુક્તિના બળ વડે ઊખેડી નાખવા સર્વને આમંત્રણ કરતા; પરંતુ કોઇ તેવા પ્રયત્નમાં વિજય પ્રાપ્ત કરતા નહિ. પ્રકૃતિને લીધેજ વિશ્વનો જન્મ થયો છે. કુદરતી રીતેજ જગત ચાલી રહ્યું છે. મૃત્યુની સાથેજ મનુષ્યનું સર્વ સમાપ્ત થઇ જાય છે. એવો રામચંદ્રને વિશ્વાસ હતો. પુનર્જન્મ વગેરેમાં તેઓ માનતા નહિ. વિજ્ઞાનના પ્રત્યક્ષ સિદ્ધાંત સ્વચક્ષુએ જોવાથી, ઈશ્વર અથવા પુનર્જન્મ વગેરે અપ્રત્યક્ષ, (નજરે જોઇ શકાય નહિ એવા) વિષયો ઉપર તેમને વિશ્વાસ ઉત્પન્ન થતો નહિ. ઈશ્વરાવતાર શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના પરમપ્રિય શિષ્ય સ્વામી વિવેકાનંદ પણ સંન્યાસી થતા પહેલાં આવાજ વિચાર ધરાવતા હતા. ઈશ્વર છે, એવું તેઓ માનતા ન હતા, પરંતુ સમય આવતાંજ તેઓ માનવા લાગ્યા.

હમણાં રામચંદ્ર નિરીશ્વરવાદના પક્ષનું સમર્થન કરી જે સરલ-કૂટ યુક્તિ અને વૈજ્ઞાનિક દૃષ્ટાંત દર્શાવતા તે સાંભળવાથી અનેક ક્ષુદ્ર હૃદયનાં મનુષ્યોનો ઈશ્વર–વિશ્વાસ ઓછો થઇ જતો. પોતાનો તર્ક–વાદ સાંભળી અનેક મનુષ્યો કદાચ નાસ્તિક થઇ જશે, એવા ભયથી રામચંદ્ર કેટલાકની સાથે તર્ક કરતા નહિ.

અમે આ સ્થળે એક સામાન્ય ઘટનાનો ઉલ્લેખ કરવા લલ-ચાઇએ છીએ. એક દિવસ રામચંદ્ર ટ્રામગાડીમાં બેસી પોતાની નોકરીને સ્થળે–મેડિકલ કોલેજમાં જતા હતા, તે સમયે દશેક વાગ્યા હશે. ગાડીમાં જબરી ભીડ હતી. લોકો ઊભરાઇ જતા હતા. રામચંદ્ર મહામુસીબતે સામે એક બેઠક ઉપર બેઠા, એટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લામાં પાછળથી કોઇના ઉચ્ચ કંઠ–સ્વરે તેમનું ચિત્ત આકર્ષ્યું. પાછું ફરીને જોતાં તેમને જણાયું કે, એક બંગાલી પુરુષ ભાષણ કરવાનો યત્ન કરી રહ્યો છે. તેના બોલવા ઉપરથીજ રામચંદ્ર જાણી શક્યા કે, તે ખ્રિસ્તી ધર્મોપદેશક છે. એ શ્રેણીના ખ્રિસ્તી ઉપદેશકોની ખૂબી એવી હોય છે કે, જ્યાં પાંચપચીશ મનુષ્યો એકત્ર થયાં હોય ત્યાં ઘણુંખરું ભાષણ આપ્યા સિવાય રહેતાજ નથી. ટ્રામગાડીમાં પચાસસાઠ સારાં મનુષ્યો બેઠેલાં જોઇ ભાષણ કરવાનો લોભ તેના હૃદયમાંથી ઊછળી પડતો હતો, તે થોભાવી શક્યો નહિ. તેણે બોલવાની શરૂઆત કરી કે, "ભાઇઓ! હું કંઇક કહેવા ઇચ્છું છું, તે જરા ધ્યાન દઇને સાંભળો. આ તમે શું કરી રહ્યા છો? આહાર કર્યો છે, ઑફિસ તરફ ગમન કરી રહ્યા છો; પરંતુ મુક્તિ મેળવવાને માટે કંઇ પણ યત્ન કર્યો છે કે? શું તમે જાણુતા નથી કે, મરણ કોઇને છોડનાર નથી. એક દિવસ મરવું તો પડશેજ. મરણ પછી તમારી શી દશા થશે વારુ? તે સમયે કોણ તમને મુક્તિ અપાવશે? માટેજ કહું છું કે, ભાઇઓ! ઈશુખ્રિસ્તને શરણે આવો. ઈશુ સિવાય તમારી મુક્તિનો બીજો કોઈ આધારજ નથી."

યુવાવસ્થામાં મનુષ્ય ઘણુંખરું વિનોદી હોય છે. ખ્રિસ્તી થયેલો બંગાલી ઉપદેશક ભાષણ કરી રહ્યો છે. અન્ય સદ્‌ગૃહસ્થો ગુસ્સે થયા છતાં કોઈ તેને કંઈ પણ કહેવાનું સાહસ કરી શકતો ન હતો; પરંતુ રામચંદ્રથી રહેવાયું નહિ. તેઓ એકાએક હાથ જોડી બોલી ઊઠ્યા કે, "મહાશય! મરણ પછી મુક્તિ માટે જે થવાનું હશે તે થશે; પરંતુ આપ હમણાં તો અમારી મુક્તિ કરો. આપના ભાષણના અગ્નિથી અમારા પ્રાણ જવાની તૈયારી થઇ રહી છે. એક તરફ સખ્ત ભીડ, બીજી તરફ બફારો. ભારે ભીડમાં આપ અમારું માથું પકવી રહ્યા છો!" રામચંદ્રનું યૌવન–સુલભ હાસ્ય સાંભળી બધા ઉચ્ચ કંઠે હાસ્ય કરવા લાગ્યા. ધર્મોપદેશક સ્તબ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ ગયો. રામચંદ્ર તરફ અસંતોષ બતાવવાનો અન્ય ઉપાય નહિ હોવાથી માત્ર તે તીક્ષ્ણ દૃષ્ટિએ જોતો મૂંગો બની ઊભો રહ્યો.

આખરે ટ્રામગાડી મેડિકલ કૉલેજની સામે આવી ઊભી રહી. રામચંદ્ર ગાડીમાંથી ઊતરી પડયા. ધર્મોપદેશક પણ તેમની પાછળ ઊતર્યો. રામચંદ્ર કૉલેજમાં પ્રવેશ કરવા જતા હતા, એટલામાં ધર્મોપદેશક તેમની પાસે આવી ઊભો રહ્યો. ધર્મોપદેશકની ઇચ્છા એવી હતી કે, રામચંદ્રના કાનમાં ખ્રિસ્તનાં મહિમા–ગાન ગાઇ તેમના ચિત્તને પોતાના સનાતનધર્મ તરફ ખેંચવાનો યત્ન કરવો. એ ઇચ્છાથી ઇસુખ્રિસ્તની મુક્તિ અપાવવાની શક્તિ સંબંધી તેણે રામચંદ્રને કેટલુંક કહ્યું પણ ખરું; એટલે રામચંદ્રે કહ્યું: "મહાશય ! આપ આટલું બધું શા માટે બોલો છો? હું એમાંનું કશું માનતોજ નથી. ઈશ્વર, પુનર્જન્મ વગેરે ઉપર મને વિશ્વાસજ નથી." તેમને વૈજ્ઞાનિક યુક્તિના ગોળા વિશેષરૂપે છોડવાની આવશ્યકતાજ રહી નહિ. તેમનાં એકએ કથન સાંભળતાંજ ખ્રિસ્ત–ધર્મોપદેશકની બુદ્ધિમાં ફેરફાર થયો. તેણે જાણ્યું કે, કોઇ પણ મનુષ્ય પોતાનો ધર્મ–વિશ્વાસ સહેજે બદલવા ઇચ્છતો નથી; કારણ કે તે (વિશ્વાસ)-ના ઉપર તેને એક પ્રકારનો પ્રેમ ઊપજેલો હોય છે. રામચંદ્ર જેવા નાસ્તિકના કૂટ યુક્તિના પ્રબળ ધક્કા સામે, પોતાના ધર્મવિશ્વાસનું રક્ષણ કરવા માટે ધર્મોપદેશકે કોઇ પણ પ્રકારે ત્યાંથી નાસી છૂટી મુક્તિ મેળવી. બીજાને મુક્તિ અપાવવાનો યત્ન કરનાર પોતેજ મુક્તિ મેળવી શક્યો એ કાંઇ થોડા વિજયની વાત ન હતી. એ પછી બેચાર વખત રામચંદ્ર સાથે તે ધર્મોપદેશકનો મેળાપ થયો હતો; પરંતુ જેટલી વખત તેઓ મળ્યા તેટલી વખત તેણે રામચંદ્રના સંસર્ગનો વિષની પેઠે પરિત્યાગ કર્યો હતો !

આ પ્રમાણે અનેક પ્રચારક અને પંડિતો સાથે રામચંદ્ર વાક્-યુદ્ધ કરતા ફરતા હતા; પરંતુ કોઇ પણ પ્રકારે કોઇ તેમના હૃદય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી ઈશ્વર પ્રત્યેના અવિશ્વાસનું આવરણ દૂર કરવા સમર્થ થયા ન હતા. આ સમયે ઇશ્વર સંબંધી વિશેષ જાણવા માટે રામચંદ્રના મનમાં વિશેષ આગ્રહ ઉપજ્યો હતો એવું જાણી શકાતું નહિ. કારણ કે ભગવાનના આ વિશ્વરાજ્યમાં કોઇ પણ જીવાત્માને કોઇ પણ વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું પ્રયોજન ઉપસ્થિત થતાંજ તેની તે ઇચ્છા પરિપૂર્ણ થતાં વિલંબ લાગતો નથી.

એક તરફ રામચંદ્ર વિજ્ઞાનના જટિલ વિષયોમાં મસ્તક ગૂંથી રાખી ગહન વિચારસાગરમાં ડૂબી રહ્યા હતા, તેજ પ્રમાણે બીજી તરફ તેઓ મનની પ્રફુલ્લતાનો નાશ નહિ કરતાં વખત મળતાંજ નિર્દોષ આમોદ-પ્રમોદમાં ગૂંથાઇ રહેતા. આ સમયે તેઓ એક રામલીલા મંડળીના મેનેજર થયા હતા. અભિનય, નાટકરચના વગેરે અનેક પ્રકારનો ભારે બોજો તેમના મસ્તક ઉપર હતો. જે લીલા ભજવાતી તેના મુખ્ય નાટકનું કામ ઘણુંખરું રામચંદ્રનેજ કરવું પડતું. કલકત્તા નજીક બેલઘરિયા નામક ગામમાં તેમની રામલીલાની મંડળીનો મુકામ હતો. રામચંદ્ર કલકત્તાથી બેલઘરિયા જઇને ઍકટરોને રામલીલાની તાલીમ આપતા. આ વખતનો તેમનો ઉત્સાહ આશ્ચર્યજનક હતો.

અત્યારે પણ તેમના એકબે એવા મિત્રો જોવામાં આવે છે કે જેઓએ તે સમયે તેમનાં નાટકો જોયાં હતાં અને તેમાં તેઓનો અભિનય પણ જોયો હતો. તે સઘળા કહે છે કે, "રામચંદ્ર બહુ સુંદર અભિનય કરતા." "જયદ્રથવધ" લીલામાં અર્જુનના અને "મોહન્તેર એ કિ કાજ." એ સંગીતમાં એલોકેશીના પિતાનો અભિનય તેઓ કરતા, તે હજી પણ અનેક મનુષ્યોના સ્મૃતિપટમાં જાગૃત છે અને જાણે હમણાંજ થોડા દિવસ ઉપર એ લીલાદૃશ્ય જોયું હોય એમ જણાવે છે.

એ સમયે તેમણે અનેક નાટકો રચ્યાં હતાં અને બેત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છપાવી પ્રસિદ્ધ પણ કર્યાં હતાં. એ બધાં પુસ્તકો હમણાં ઘણુંખરું જોવામાંજ આવતાં નથી. તેમણે પણ કોઇ નાટક યત્ન કરી સાચવી રાખ્યું હોય એવું જણાતું નથી. નહિ રાખવાનું કારણ પણ હતું. તેઓ (કષ્ટ સહન કરી) ખાસ કાળજી રાખી નાટ્યરચના કરતા નહિ. ઉતાવળે હાથે કામ આટોપી લેતા. વળી થોડા સમય પછી, નવું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી–ધર્મના ઉચ્ચ શૃંગ ઉપર આરોહણ કર્યા પછી–એવા તુચ્છ વિષય પ્રત્યે તેમની દૃષ્ટિ પણ ન હતી. ગમે તેમ હો, પ્રસંગોપાત્ત તેઓ પોતાનાં રચેલાં એકબે સંગીત બહુ કષ્ટે યાદ કરી અમને સંભળાવતા. રામચંદ્રની કાવ્યરચના, લાલિત્ય-ગુણવિશિષ્ટ અને ભાવપૂર્ણ હતી. એમાં જરા પણ સંદેહ નહિ.

પૌરાણિક વિષયો લઇને તેમણે નાટકો રચ્યાં હતાં અને તેઓ તેમાં પાત્ર બની અભિનય આદિ કરતા, તેથી કોઇ વાચકે એમ ન માનવું કે રામચંદ્રને પુરાણોક્ત દેવદેવી ઉપર શ્રદ્ધા હતી. સત્ય રીતે જોતાં તેમને તેવી શ્રદ્ધા હતીજ નહિ. તે તો પૂર્વના જેવા નાસ્તિકજ હતા. માત્ર આનંદનો ઉપભોગ કરવા માટેજ તેઓ આવા નાટકમાં ભાગ લેતા. બાલ્યાવસ્થામાં તેમને દેવદેવી ઉપર પ્રેમ હતો અને દેવસેવા ઉપર આસક્તિ હતી, તે વિજ્ઞાનના પ્રબળ તાપને લીધે અદૃશ્ય થયાં હતાં ! અંગ્રેજી વિદ્યાએ આ પ્રમાણે તેમનામાં ભયંકર માનસિક પરિવર્તન કરી દીધું હતું; છતાં આશ્ચર્યની વાત તો એ હતી કે, અંગ્રેજી આચાર–વ્યવહાર તેમને સ્પર્શ કરી શક્યા ન હતા. આજકાલ અનેક મનુષ્યો અંગ્રેજી શિક્ષણ મેળવ્યા પછી મ્લેચ્છ આચાર–વ્યવહારથી દૂષિત થયેલા જોવામાં આવે છે. વિશેષતઃ પોતાના પવિત્ર આર્ય પોષાકનો ત્યાગ કરી બૂટ, પાટલૂન, નેકટાઇ, કૉલર, માથે હેટ રાખવાનું ઘણાને પસંદ પડી ગયું છે ! તેજ પ્રમાણે ઘણા કેળવાયલા મનુષ્યોને આહાર સંબંધી પણ હિંદુસ્તાનના કઠિન નિયમમાં બંધાઈ રહેવું પસંદ પડતું નથી, તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ મ્લેચ્છાહાર–મદ્યમાંસાદિનું ભોજન કર્યા વિના પોતાને કૃત-કૃત્ય માનતા નથી. એવા સાહેબ લોકોના ઘરમાં જ્યાં જોશો ત્યાં સાહેબીજ માલૂમ પડશે. તેમના ઘરમાં આર્યત્વનું નામનિશાન જડશે નહિ. રામચંદ્ર ગમે તેવા નાસ્તિક હતા છતાં તેમણે પોતાના બાપદાદાના વૈષ્ણવ આચાર વ્યવહારનો ત્યાગ કર્યો ન હતો. તેમણે જિંદગીમાં કદી પણ માંસનો આહાર કર્યો ન હતો; એટલુંજ નહિ પણ તેમના ઘરમાં પણ કોઈ દિવસ માંસ લાવવામાં આવ્યું હતું કે નહિ તેની પણ શંકાજ છે. એક દિવસ તેમનાં પત્નીને કોઇ પ્રકારનું સખ્ત દર્દ થયું હતું. તે સમયે ડૉક્ટરોએ તેમને માંસનો સેરવો ખાવાની આજ્ઞા ફરમાવી હતી; પરંતુ વૈષ્ણવ રામચંદ્રે કહ્યું હતું કે, "મારી સ્ત્રી મરવાની હોય તો ભલે મરે, પરંતુ મારા ઘરમાં માંસ લાવીશ નહિ. પશુઓનાં માંસથી મનુષ્યબુદ્ધિ પશુઓના જેવી થાય છે." આનંદની વાત એજ છે કે, તેમનાં પત્ની માંસનું ભોજન કર્યા વગરજ સાજાં થઈ જીવવા પામ્યાં હતાં. માંસની પેઠેજ તેમણે કદી પણ મદ્યપાન કર્યું ન હતું. બંગાલીઓ સાધારણ રીતેજ મદ્ય-પાન સિવાય રહી શકતા નથી, પણ બંગાલી રામચંદ્રે મદ્યપાન કદી કર્યું ન હતું એ સત્ય છે.

મેડિકલ કૉલેજના રસાયન–વિભાગમાં નોકરી રહ્યા પછી ચાર–પાંચ વર્ષપર્યંત રામચંદ્ર નાસ્તિક રહ્યા હશે. સંસારમાં તેમને કોઇ વસ્તુનો અભાવ ન હતો. તેઓ પૂરતું દ્રવ્ય ઉપાર્જન કરતા હતા અને સ્વજન અને મિત્રવર્ગથી પરિવેષ્ટિત થઇ સુખમાં દિવસો નિર્ગમન કરતા હતા; પરંતુ આ પરિવર્તનશીલ જગતમાં કોઈના સઘળા દિવસો એક સરખા જતા નથી. આજે સુખ ભોગવનારા જીવાત્માઓ ગમે તેટલો અહંકાર કરે; પરંતુ કાલે એટલે બીજીજ ક્ષણે તેમને દારુણ દુઃખ ભોગવવુંજ પડશે! પુષ્કળ ધન પ્રાપ્ત કર-નારા જીવોનાં હૃદય ઉઘાડી જોવાનું સામર્થ્ય હોય, તો તમે જરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં એક વખત ડોકિયું કરી જોજો. તમે તેમાં જોઇ શકશો કે, અનંત સુખના ઢગલાની વચમાં દારુણ દુઃખાગ્નિ એક સ્થળે પ્રજળી રહેલો તમને જણાશે. મોઢેથી સુખની બડાશ મારનારા સુખી રાજાઓ–શ્રીમંતો ગમે તેટલી બડાશ મારે, પણ તેમના સુખમાં થોડુંક દુઃખ અટવાયલુંજ જણાશે અથવા તો થોડા દિવસમાંજ તેમને દારુણ દુઃખની જ્વાળામાં ઘેરાયેલા જોવામાં આવશે. જગતનો એવો ચરાચર નિયમ જોવામાં આવ્યો છે અને આવશે એમાં શંકા શી ? રામચંદ્ર અત્યાર સુધી પોતાને હમેશાં સુખી માનતા અને ઇચ્છાનુસાર વર્તતા; પરંતુ આ સમયે તેમને સંસારની દુઃખમય મૂર્તિનાં દર્શન થયાં. તેમની પ્રાણ સમાન એકની એક કન્યાનું મૃત્યુ થતાં તેમને શોકસાગરમાં ડૂબવું પડયું. આટલા દિવસપર્યંત તેઓ સુખનું સ્વપ્ન જોતા હતા તે એકાએક ભંગ થઇ ગયું. મનુષ્યજીવનની સત્ય અવસ્થા એક પછી એક તેમના હૃદયપટ ઉપર ભાસવા લાગી. શોક એ અનેક સમયે મનુષ્યનાં નેત્ર ઉઘાડી આપે છે. એટલા માટેજ અનેક ગ્રંથકાર શોક–દુઃખનાં ગુણગાન કરે છે. પ્રિયજનના મૃત્યુથી ચિંતાએ આવી રામચંદ્રના હૃદયને ઘેરી લીધું. શોકની સાથેજ એક પ્રકારની આશ્ચર્યજનક ઉદાસીનતાએ તેમના મનમાં નિવાસ કર્યો. જાણે ઈશ્વરનીજ ઇચ્છા થઈ હોય કે, આવું મહાન જીવન નિરીશ્વરવાદમાંજ વિનષ્ટ થઇ જાય એ ઇષ્ટ નથી અથવા એવા મહાત્માઓનાં જીવનમાં વિવિધ પ્રકારનાં પરિવર્તનની રચના કરી જગતના જીવોને બોધ આપવો એજ તેનો ઉદ્દેશ હોવો જોઇએ. ગમે તેમ હો, પરંતુ આ સમયે રામચંદ્રના જીવનનો એક અંક સમાપ્ત થઇ અન્ય અંકનો આરંભ થયો.

અમે જે સમયની કથા કહીએ છીએ તેને આજે લગભગ અઠ્ઠાવીશ વર્ષ વ્યતીત થઇ ગયાં છે. આજે કાલીપૂજાના શુભ દિવસનો સંધ્યાસમય છે. કલકત્તા શહેરનાં પ્રત્યેક હિંદુ ઘર દીપમાળાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે વિભૂષિત થઇ રહ્યાં છે. આકાશ નિર્મળ છે. હજી પણ કાળી રાત્રિના અંધકારે આવી પૃથ્વીને ઘેરી લીધી નથી. સૂર્ય ભગવાન અસ્તાચળ ઉપર જતાં પહેલાં વિવિધ રંગ વડે ગગનમંડળ રંગી રહ્યા છે. દિવસનો પ્રખર પ્રકાશ અને રાત્રિના ગાઢ અંધકારનો સંધિસમય છે. એ સમયે આકાશ અને સર્વ પાર્થિવ પદાર્થ, એક અપૂર્વ શોભા વડે અલંકૃત થઇ, વિચારશીલ મનુષ્યના હૃદયમાં અપૂર્વ ભાવના-તરંગ રેલાવી રહ્યા છે. રામચંદ્ર ઘરની અગાશી ઉપર ઊભા રહી દીપકો પ્રકટાવતા હતા અને વચમાં વચમાં પોતાના શોક ભારથી પીડાયલા હૃદયનો ભાર ઓછો કરવા માટે આકાશ તરફ જોતા હતા. રામચંદ્ર પ્રકૃતિ દેવીના ઉપાસક હતા. પ્રકૃતિની પૂજા કર્યાથીજ-પ્રકૃતિનાં પ્રત્યેક કાર્યોનું સૂક્ષ્મ અવલોકન કર્યાથીજ-તેઓ નિરીશ્વરવાદી બન્યા હતા. તેથી પ્રકૃતિની એવી વિવિધ-રાગ-રંજિત સૌંદર્યમયી મૂર્તિનાં દર્શન કર્યાથી તેમના હૃદય-મધ્યમાં અનેક વિચારોનો અભ્યુદય થાય એમાં આશ્ચર્ય શું ? પરંતુ એ સમયે તેમના વિચારની ગતિ એવી દિશામાં વહન થઇ કે જેથી તેમના જીવનમાં એક મહાન પરિવર્તનની તેમને સૂચના થવા લાગી. પ્રકૃતિ દેવીએ આજ પોતાના એ પ્રિય ભક્તનાં નેત્ર ઉઘાડી નાખ્યાં અને તેને જગતના અધીશ્વર (ઈશ્વર)ની દિશામાં લઇ જવાનો ઉદ્યોગ કર્યો.

એકાએક આકાશમાં વિચિત્ર વાદળાં ઉદય પામી, પવન દેવતાની લહરોને લીધે, ઉતાવળે પગલે બીજી દિશામાં ગમન કરવા લાગ્યાં. રામચંદ્ર વાદળાંઓ તરફ જોઇ કોણ જાણે કેટલાએ વિચારો કરવા લાગ્યા. તેમના મનમાં વિચાર થયો કે, વાદળાં ક્યાંથી આવે છે અને ક્યાં ચાલ્યાં જાય છે ? વિજ્ઞાને સમુદ્રની દિશામાં આંગળી કરી તે પ્રશ્નનો તેમને ઉત્તર આપ્યો; પરંતુ સમુદ્રના અનંત જળની ઉત્પત્તિનું સ્થાન કયું ? તાપ, વરાળ, અણુ, પર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણુ વગેરે સંબંધી અનેક વિચારો કર્યા છતાં રામચંદ્ર છેવટનો નિર્ણય કરી શકયા નહિ. વાદળાંથી તે બ્રહ્માંડની અનેક વસ્તુઓ સંબંધી વિચારો કરવા તરફ તેમનું હૃદય દોડયું, પરંતુ તેઓ જેમ જેમ વિચારો કરવા લાગ્યા, તેમ તેમ તેમનું હૃદય આ અનંત જનમંડલની અનંત ભાવનાવડે આચ્છાદિત થવા લાગ્યું. ચિંતા-સાગરમાં પડયા પછી તેમને કોઇ પણ કિનારો જડયો નહિ. કોણ જાણે ભગવાનની કેવીએ કૌશલ–કળાથી આકાશનાં વાદળાં જોઇ તેમના માનસ–ક્ષેત્રમાં એક નૂતન ભાવનાનો જન્મ થયો. પહેલાં તેમણે અસંખ્ય વાર આકાશના જળધરની મનોરમ અને ભયંકર મૂર્તિનાં દર્શન કર્યાં હતાં, પરંતુ તે વખતે આવા વિચારોનો આવેશ કદી પણ જણાયો ન હતો. રામચંદ્રને સંદેહ થવા લાગ્યો કે, શું આ અનંત બ્રહ્માંડનો કોઇ માલિક છે કે? જગતનાં કરોડો પ્રાણીઓ "ભગવાન, ભગવાન" કહીને બૂમો પાડી રહ્યાં છે તે શું અસત્ય હશે? જો ઇશ્વર હોય તો શું તેને આપણે નજરે જોઇ શકીએ નહિ? શું માત્ર તેને અનુમાનથીજ માની લેવાય? કદાચ જો તેમનાં (ઇશ્વરનાં) દર્શન થઇ શકે એમ હોય તો તે શું આ જીવનમાં?" વગેરે અનેક વિચારો તેમને થવા લાગ્યા. "ઇશ્વર છે કે નહિ? તેનાં દર્શન થઇ શકે કે નહિ?" એ જાણવા માટે રામચંદ્રે જીવતોડ યત્ન કરવાનો નિશ્ચય કર્યો. અત્યાર સુધી તેઓ માત્ર લોકો સાથે વાદવિવાદજ કરતા, પરંતુ ભગવાનનાં દર્શન કરવા માટે આવો દૃઢ સંકલ્પ તેમણે પૂર્વે કદી પણ કર્યો ન હતો. આટલા દિવસ સુધી તેમણે મનમાંજ સિદ્ધાંત કર્યો હતો કે, "જગદીશ્વર છેજ નહિ!" પરંતુ આજે પ્રકૃતિદેવીએ પોતાનું સૌંદર્ય દર્શાવી રામચંદ્રના મનમાં સંદેહ અને અશાંતિનો સંચાર કરી દીધો. સામાન્ય બનાવ હોવા છતાં કયા કારણથી મનુષ્યના જીવનમાં પરિવર્તન થઇ શકે છે, તે કોણ કહી શકે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ દિવસથી રામચંદ્રે ધાર્મિક અને પંડિત વેશધારી પ્રત્યેક મનુષ્યને પૂછવા માંડયું કે, "ઈશ્વર છે કે નહિ? જો હોય તો તેનાં દર્શન કરવાનો ઉપાય શો?" સર્વેએ ઉત્તર દીધો કે, "ઈશ્વર છે; પરંતુ કોઇ તેના દર્શનનો ઉપાય બતાવી શકશે નહિ." જેઓ થોડાઘણા ચતુર હતા, તેમણે અનેક જન્મ સાધન કરવા કહ્યું. પરંતુ તેટલાથી રામચંદ્રના મનને સંતોષ થયો નહિ. તેઓ કહેતા કે, "જ્યારે ક્યાંથી આવ્યા છીએ તેનોજ નિશ્ચય નથી–તે સંબંધી કંઇ પણ સ્મરણમાં આવતું નથી–ત્યારે પછી ક્યાં જઇશું તેનો નિશ્ચય શો? આ જન્મમાંજ જો મને ઈશ્વરનાં દર્શન થઇ શકે એમ હોય, તો જે કરવું ઉચિત હોય તે કરવા હું તૈયાર છું." તેમનો આવો ઉત્તર સાંભળીને ભલભલા શાસ્ત્રીઓ અને પંડિતો સ્તબ્ધ થઇ જતા.

જે સમયે રામચંદ્ર, ભગવાનનો વિષય જાણવા અંતઃકરણપૂર્વક ઉત્કંઠા ધરાવી અતિશય મનકષ્ટ પામી રહ્યા હતા, તે સમયે એક દિવસ તેમને ઘેર તેમના કુલગુરુ આવી પહોંચ્યા. માનસિક અશાંતિની પીડા ભોગવતા રામચંદ્રને ઘેર કુલગુરુનું આગમન થયું એ તેમના મનથી એક શુભ લક્ષણજ જણાયું. આશાના આશ્વાસન-વાક્યવડે તેમનું હૃદય નૃત્ય કરવા લાગ્યું. તેમણે ધાર્યું કે, "ઘણા દિવસથી સંચિત થયેલો હૃદયાંધકાર ગુરુદેવના ઉપદેશ–બળ વડે હૃદયમાંથી દૂર થઇ જશે." તેમણે ગુરુદેવની યથાવિધિ અભ્યર્થના અને સન્માન આદિ કર્યું; ત્યાર પછી થોડી વારે તેમના સમક્ષ પોતાના હૃદયની વાત નિવેદિત કરી. તેમણે કહ્યું કે, "મહારાજ! હું અંધવિશ્વાસુ નથી. ઈશ્વર છે કે નહિ તે સંબંધી મને ઘણો સંદેહ છે. આપ મને ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો ઉપાય બતાવી શકો છો કે?" પોતાના ભાવિ શિષ્યનો આવા પ્રકારનો પ્રશ્ન સાંભળીને અને અસંભવિત આકાંક્ષાનું લક્ષણ જોઇને ગુરુદેવને કશી સૂઝ પડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

४३ग/४३
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. તેમનાથી સ્પષ્ટ ઉત્તર દેવાયો નહિ. શો ઉત્તર દેવો તેનો વિચાર ગુરુદેવ મનમાં કરતા હતા; એટલામાંજ તેમની સાથે આવેલો બ્રાહ્મણ બોલી ઊઠ્યો કે, "ભાઇ! તમારા ગુરુદેવ એટલું બધું જાણતા નથી. તેઓ માત્ર કર્તવ્યાકર્તવ્ય સારી પેઠે જાણે છે." રામચંદ્ર નિરાશાના સાગરમાં ગોથાં ખાવા લાગ્યા. તેમણે ધાર્યું હતું કે, "કદાચ ગુરુદેવ મારા અજ્ઞાન–અંધકારથી ઘેરાયલા હૃદયમાં જ્ઞાન–દીપક પ્રજ્વલિત કરી દેશે." તેમણે એમ પણ ધાર્યું હતું કે, "હું જે વસ્તુ (ઇશ્વર)ને જોઇ શકતો નથી, તે મારા ગુરુદેવે દીઠી હશે અને તેઓ મને તે પ્રત્યક્ષ બતાવી દેશે." પરંતુ હાય! તેમનું તે આશાતરુ હૃદયક્ષેત્રમાંથી સમૂલ–ઊખડી ગયું. ગુરુદેવે પણ આશા રાખી હતી કે, રામચંદ્રના કાનમાં જ્ઞાન પ્રદાન કરી સારી દક્ષિણા પ્રાપ્ત કરીશું. જો કે ગુરુદેવ પોતાની એ ધારણામાં ફળીભૂત થયા નહિ એ સત્ય; પરંતુ તેઓ કાર્યના ફળભોગથી વંચિત થયા નહિ. કારણ કે રામચંદ્ર હમેશાં પોતાના કુલગુરુને યોગ્ય દાનદક્ષિણા આપતા રહેતા, તેથી આજે ધારણા કરતાં પણ કંઇક વિશેષ પ્રાપ્ત થયું હતું, એ જોઇ ગુરુદેવ તેમના ઉપર પ્રસન્નજ થયા.

પોતાના કુલગુરુ ઇચ્છાનુસાર ફળપ્રદાન કરી શકયા નહિ, એ જોઇને રામચંદ્રે બીજો માર્ગ ગ્રહણ કર્યો. તેમણે અન્ય ધર્મસંપ્રદાયનો ધર્મોપદેશ શ્રવણ કરવા માંડ્યો, તેમ છતાં કોઈ પણ પ્રકારે તેમના મનનો સંદેહ અને અશાંતિ દૂર થઇ નહિ. બ્રાહ્મોસમાજ, ખ્રિસ્તીસંપ્રદાય, કર્તાભજા વગેરે સંપ્રદાયના ધર્માચાર્યો પાસે જઇ તેઓ વાદવિવાદ કરતા, તેમના ધર્મગ્રંથોનો અભ્યાસ કરતા; તેમ છતાં તેમના મનની આકાંક્ષા પૂર્ણ થતી નહિ. કેટલાક દિવસ પછી એક યોગાચારી મહાત્મા સાથે તેમનો મેળાપ થયો. રામચંદ્રે તેમને પોતાના મનોભાવ કહી સંભળાવ્યા. તેમણે ઉત્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધો: "બાપુ! તમને જે રોગ થયો છે તે ડૉકટર-વૈદ્યોથી મટે તેવો નથી. સ્વયં શંકર ભગવાન સિવાય કોઇ તમારો વ્યાધિ મટાડે તેમ નથી. એક માત્ર તેઓજ તમારા મનનો સંદેહ ટાળી શકશે." મહાત્માનું કથન એ સમયે રામચંદ્ર બરાબર સમજી શકયા નહિ, પરંતુ ત્યાર પછી કેટલેક દિવસે તેઓ સમજી શકયા હતા કે, મહાત્માજી દૂરદર્શી અને અસામાન્ય હતા.

જે સમયે રામચંદ્રના હૃદયમાં ઉપરોક્ત પ્રમાણે અભાવનીય ભાવના રાતદિવસ વિરાજી રહી હતી અને જે સમયે તેઓ પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે ઘેરઘેર ભટકતા ફરતા હતા, તે સમયે એક દિવસ દક્ષિણેશ્વરમાં નિવાસ કરતા કલિયુગાવતાર શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનું તેમને સ્મરણ થયું. તેમણે કોઇને મુખેથી સાંભળ્યું હતું કે, દક્ષિણેશ્વરના કાલી મંદિરમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ નામક એક સાધુમહાત્મા નિવાસ કરે છે. તેઓ મહાન ચમત્કારિક છે, જિજ્ઞાસુના મનના સંશય નિવૃત્ત કરે છે. એકાએક તેમનું સ્મરણ થતાંજ રામચંદ્રનું હૃદય આનંદથી નૃત્ય કરવા લાગ્યું. તેમણે વિલંબ નહિ કરતાં તરતજ એક મિત્ર મનમોહન મિત્ર અને એક બંધુ ગોપાળચંદ્ર મિત્ર સહિત દક્ષિણેશ્વર તરફ પ્રયાણ કર્યું. આટલા બધા દિવસ પછી તેમના દુઃસાધ્ય વ્યાધિની સુવ્યવસ્થા થવાનો ઉપાય જડ્યો! આટલા બધા દિવસ પછી તેમના મનની તૃષ્ણા મટાડવા માટે તેઓએ સુશીતલ ઝરણાની સામે પ્રયાણ કરવા માંડ્યું. આજે તેઓ ભવરોગનાશક અમર ઔષધિ તરફ વળ્યા.

દક્ષિણેશ્વરના કાલી મંદિરમાં આવી શ્રીરામકૃષ્ણદેવ ક્યાં નિવાસ કરે છે તે રામચંદ્ર જાણવા પામ્યા. મહારાજશ્રીના મકાન સામે આવી જોયું તો અંદરથી દ્વાર બંધ હતાં. શું કહીને બૂમ પાડવી તેનો તેઓ વિચાર કરતા હતા, એટલામાં એક મનુષ્યે અંદરથી દ્વાર ઉઘાડી દીધાં. તેમણે ઘરમાં પ્રવેશ કર્યો, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુનાં ભગવાં વસ્ત્રો વગેરે કશું દીઠું નહિ. ભગવાં લૂગડાં નથી, વાઘાંબર નથી, કમંડલુ નથી, તેમ છતાં જે મનુષ્યે દ્વાર ઉઘાડ્યાં તેનાં દર્શન કરવાથીજ તેમનાં મન–પ્રાણ ચોરાઈ ગયાં ! વાચક ! કદાચ તમે સમજી શક્યા હશો કે એજ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ હતા.

રામચંદ્ર તથા તેમના મિત્રોને જોતાંજ શ્રીરામકૃષ્ણદેવે "નારાયણ" શબ્દોચ્ચારપૂર્વક નમસ્કાર કર્યા અને તેમને બેસવા કહ્યું. રામચંદ્ર આસન ઉપર બેઠા પછી પરમહંસદેવે મધુર મધુર હાસ્ય કરતાં કરતાં કહ્યું: "અરે ! તમે ડૉકટર છો ને ? ત્યારે તો મારી નાડી જુઓને વારુ ?" એ સાંભળી રામચંદ્ર તો સ્તબ્ધજ થઇ ગયા. મંત્રમુગ્ધ મનુષ્યની પેઠે સજ્જડ થઇ ગયા. પરમહંસદેવના વદનચંદ્ર સામે જોઇ તેમના કથામૃતનું પાન કરવા લાગ્યા. અહા ! કેવી આશ્ચર્યજનક શક્તિ ! કેવો આશ્ચર્યજનક પ્રભાવ ! થોડા પરિચયમાંજ, થોડા સમયના દર્શનમાંજ, થોડા ઉપદેશામૃત કર્ણમાં રેડાતાંજ, રામચંદ્ર તે પૂર્વના રામચંદ્ર રહ્યાજ નહિ. એક ક્ષણમાંજ તેમના જીવનમાં એક મહાન પરિવર્તન થઇ ગયું. તેમનો હૃદયાગ્નિ એકદમ શાંત થઈ ગયો. તેમના ચિત્તની અશાંતિ દૂર થઇ ગઇ. પ્રાણુમાં શાંતિનું સામ્રાજ્ય પ્રસર્યું.

જેમ કોઇએક ઘરમાં હજારો વર્ષથી અંધકાર છવાઇ રહ્યો હોય છે, છતાં ત્યાં દીપક પ્રકટતાંજ અંધકાર દૂર થઇ જાય છે અથવા જેમ કોઇએક ઘરમાં પુષ્કળ દારૂગોળો ભરેલો હોય છે, છતાં માત્ર અગ્નિની સહજ ચિનગારીનો સ્પર્શ થતાંજ તમામ દારૂગોળો એક ક્ષણુમાં ભસ્મીભૂત થઈ જાય છે, તેજ પ્રમાણે રામચંદ્રના હૃદયમાં નિવાસ કરી રહેલી નાસ્તિકતા શ્રીરામકૃષ્ણદેવનાં દર્શન થતાંજ દૂર થઈ ગઇ. તેઓ ભગવાનનો વિષય જાણવા માટે અત્યંત આતુર થઇ આમતેમ ભ્રમણ કરી રહ્યા હતા, પરંતુ આ શો ચમત્કાર ! શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનાં દર્શન કરતાંજ તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃષા શાંત થઇ ગઈ અને તેમના મનમાં એક અનિર્વચનીય શાંતિ ઉત્પન્ન થઇ. પરમહંસદેવે ઇશ્વિરના અસ્તિત્વ સંબંધી રામચંદ્રને જે ઉપદેશામૃતનું પાન કરાવ્યું હતું, તે તેમનીજ (રામચંદ્રનીજ) ભાષામાં હેઠળ પ્રકટ કરવામાં આવે છે. તેઓ કહેતા કેઃ—

"અમે જે સમયે તેમને (પરમહંસદેવને) ઇશ્વિર છે કે નહિ? એવો પ્રશ્ન પૂછ્યો તે સમયે તેમણે ઉત્તર દીધો કે," દિવસને વખતે સૂર્યનાં પ્રખર કિરણો-પ્રકાશને લીધે આપણે આકાશમાં એક પણ તારો જોઇ શકતા નથી; તેથી આકાશમાં તારા નથી એમ કહી શકાશે નહિ. દૂધમાં માખણ છે પરંતુ દૂધને જોઇએ છીએ, ત્યારે માખણ છે એવું પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. માખણ જોવાની ઇચ્છા હોય તો દૂધનું દહીં કરવું જોઇએ, ત્યારપછી સૂર્યોદય પહેલાં તેને વલોવવું જોઇએ તોજ માખણ મેળવી શકાય છે. સૂર્યોદય પછી ગમે ત્યારે છાશ વલોવવાથી માખણ મળી શકતું નથી. જેમ કોઇ મોટા તળાવમાં માછલાં પકડવાની ઇચ્છા થાય, તો પ્રથમ જે મનુષ્યોએ તેમાંથી માછલાં પકડ્યાં હોય તેને મળવું જોઇએ અને તેમાં કઇ જાતનાં માછલાં છે, તે કયા અનાજનો લોટ ખાય છે, તેને પકડવા કયા પ્રકારનું યંત્ર જોઇએ વગેરે સર્વ વૃત્તાંત જાણી લેવો જોઇએ. એ સર્વ જાણ્યા પછી જે મનુષ્ય માછલાં પકડવા જાય તે મનુષ્યના મનોરથ નિશ્ચય સિદ્ધ થાય છે. ગલ નાખતાંજ માછલું પકડી શકાતું નથી. થોડી વાર શાંતચિત્તે બેસી રહેવું જોઇએ. જ્યારે ગલમાં મેળવેલો લોટ, રોટલી વગેરે ખાવા માછલું આવે છે ત્યારેજ તે તેમાં પકડાઇ જાય છે. પ્રથમ પરપોટા જણાય છે, પછી તરફડાટ સંભળાય છે અને ગલમાં પકડાયા પછી લાકડી હાલે છે. પછીથી તેનું વજન જણાય છે ત્યારેજ ખાતરીં થાય છે કે માછલું પકડાયું છે. પછી ધીમે ધીમે ગલવાળી લાકડી અને દોરી ખેંચી લેવામાં આવે છે અને તેમાં માછલું સપડાયલું જણા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ય છે. ઈશ્વર સંબંધી પણ એમજ છે. સાધુમહાત્માઓનાં વચન ઉપર વિશ્વાસ રાખી, મનરૂપ લાકડી સાથે પ્રાણરૂપ કાંટો ભેરવી, પ્રભુ–નામ–રૂપ લોટ સહિત ભક્તિરૂપ આહાર નાખી શાંતચિત્તે થોભવું જોઇએ. અર્થાત્ તેનું ધ્યાન ધરવું જોઇએ. ઈશ્વરની ભાવનારૂપ તડફડાટ થઇ પરપોટા થાય છે, ત્યારેજ ખાતરી થાય છે. તે પછી કેટલાક દિવસો વીતતાંજ ભક્તની સાથે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. અમે ઈશ્વરને માનતાજ નહોતા, ત્યાં પછી તેમના રૂપનું દર્શન થશે એ વચન ઉપર વિશ્વાસ કેમ ઉત્પન્ન થાય?

"અમારી ધારણા એવીજ હતી કે ઈશ્વર છેજ નહિ. બ્રાહ્મોસમાજી પંડિતોના અભિપ્રાય પ્રમાણે ઈશ્વર નિરાકાર છે. બ્રાહ્મોસમાજમાં જઇને અમે એટલુંજ સાંભળીને મનમાં સાચવી રાખ્યું છે, તેથી ઈશ્વરદર્શન ઉપર અમને વિશ્વાસ ઊપજે શી રીતે? પરમહંસદેવે અમારા મનના વિચાર જાણી લઇને કહ્યું કે, 'ઈશ્વર નજરે જોઇ શકાય એમ છે. જેની આ જગત–રચનારૂપી માયા આટલી બધી સુંદર અને મધુર છે, તે નજરે ન જોઇ શકાય એમ બનેજ નહિ. તમે પણ ઈશ્વરને નજરે જોઇ શકશો.' અમે ઉત્તર દીધો કે, 'આપ કહો છો તે સત્ય છે. એની વિરુદ્ધ કોણ ઉત્તર આપી શકે એમ છે? પરંતુ શું આ જન્મે અમને ભગવાનનાં દર્શન થઇ શકશે?' તેમણે કહ્યુંઃ 'હા, જેવી ભાવના તેવી સિદ્ધિ.' એમ કહી એક સંગીત ગાયું. તેનો ભાવાર્થ એજ હતો કે, "ઈશ્વરની ભાવનામાં (ધ્યાનમાં) તમારા ચિત્તને ડુબાવી રાખો. જપ, યજ્ઞ, પૂજા, બલિ વગેરે કશાની જરૂર પડશે નહિ. ઈશ્વર ભાવનામય છે. તેનું ધ્યાન ધરતાં ધરતાં તેનાં દર્શન અવશ્ય થશે.

"'જે દિશામાં ગમન કરીશું તેની સામેની દિશા તેટલીજ પાછળ પડતી જશે. અર્થાત્ પૂર્વ દિશામાં દશ હાથ ગમન કરીશું તો પશ્ચિમ દિશા દશ હાથ પાછળ પડશે.' પરંતુ અમે કહ્યું કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઈશ્વર છે એવું અમે પ્રત્યક્ષ (નજરે) ન જોઇ શકીએ, તો દુર્બળ-અવિશ્વાસુ મન કોઇ પણ પ્રકારે વિશ્વાસ કરી શકે નહિ.' પરમહંસદેવે ઉત્તર દીધો: 'સન્નિપાતનો રોગી એક તળાવ ભરેલું જળ પીવા ઇચ્છે છે અને એક તપેલું ભરેલો ભાત ખાવા ઇચ્છે છે; પરંતુ વૈદ્ય શું તે તરફ ધ્યાન આપે છે? આજે તાવ આવે અને કાલે કિવનાઇન ખાવાથી શું તાવ જતો રહે છે? અથવા વૈદ્ય શું રોગીની ઇચ્છા પ્રમાણે ઔષધ-પથ્ય આપે છે? ના ના. રોગીની ઇચ્છા તો ગમે તેમ હોય, પણ વૈદ્ય તો તાવ પાકે ત્યારેજ ઔષધ આપે છે, પછી રોગીને બબડવાનું કારણ રહેતું નથી."

પ્રથમ કહી ગયા છીએ કે, શ્રીરામકૃષ્ણદેવનાં દર્શન કરતાંજ તેમનુંજ ધ્યાન, જ્ઞાન અને સમસ્ત માનસિક કાર્ય એક પ્રકારે શ્રીરામકૃષ્ણદેવમાંજ બદલાઈ ગયાં હતાં એમ કહેવું અતિશયોક્તિ-ભરેલું નથી. તે પરમહંસદેવ સિવાય બીજી કોઇ વસ્તુ જોઇ શકતાજ નહિ એમ કહીએ તો ચાલે. અરે! જાણે તે પરમહંસદેવ-મયજ થઇ ગયા હતા. રામચંદ્ર પ્રત્યેક રવિવારે પ્રાતઃસમયેજ પરમહંસદેવનાં દર્શને જતા અને તેમની પાસે બેસી વિવિધ પ્રકારની તત્ત્વકથા શ્રવણ કરી સંધ્યા સમયે ઘેર પાછા ફરતા. જો કે અઠવાડિયા સુધી તેમનાં દર્શન થતાં નહિ; તેમ છતાં તેમના સંબંધી ચર્ચા કરતાં કરતાંજ તેમના સર્વ દિવસો સુખે અને ઉતાવળે પસાર થઈ જતા. રામચંદ્ર કહેતા કે, "રવિવારે સંધ્યાસમયે અમે ઘેર આવતા તે સમયે પરમહંસદેવના કથામૃતનું પાન કરી અમે અતિ આનંદમાં મસ્ત બની જતા. ઘેર આવવાનું તો અમને મનજ થતું નહિ. તે સમયે સંસારને અમે સંસારરૂપ જાણતાજ નહિ. તે સમયે તો અમે એમજ જાણતા કે, હવે પુનઃ ઘેર જવાનું થશેજ નહિ. અમને એવીજ ઇચ્છા થતી કે, અમે સાક્ષાત્ પ્રભુના ચરણમાં પડયાજ રહીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કે રામચંદ્ર, પરમહંસદેવનો ઉપદેશ સાંભળી આસ્તિક થયા હતા, જો કે તેઓ તેમને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય દેવતા સમજતા હતા, તેમ છતાં ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન કરવાની તેમની આકાંક્ષા મટી ન હતી. પરમહંસદેવ જેવા સંતની સંગતિ થવાથી તેમના કેટલાક દિવસો આનંદમાં વ્યતીત થઇ ગયા; પરંતુ પૂર્વના જેવીજ વ્યાકુલતાએ તેમના મનને પુનઃ ઘેરી લીધું. એ સમયે એક દિવસ રામચંદ્રે પાછલી રાત્રે સ્વપ્નમાં જોયું કે, તેઓ કોઈએક પરિચિત તળાવમાં સ્નાન કરી આવ્યા છે. ત્યાર પછી પરમહંસદેવે તેમની પાસે આવી તેમને એક મંત્ર કહ્યો અને નિત્ય-સ્નાન કર્યા પછી ભીને લૂગડે એક સો વખત તેનો જપ કરવાનો ઉપદેશ દીધો છે. નિદ્રા ભંગ થયા પછી તેમનું સર્વ શરીર આનંદથી રોમાંચિત થયું. તેમણે તરતજ દક્ષિણેશ્વર તરફ પ્રયાણ કર્યું અને સ્વપ્નનું સર્વ વૃત્તાંત પરમહંસદેવને કહી સંભળાવ્યું. પરમહંસદેવ તે સાંભળી અત્યંત આનંદપૂર્વક બોલ્યા હતા કે, "સ્વપ્નસિદ્ધ મનુષ્યને નિશ્ચય મુક્તિ પ્રાપ્ત થાય છે. તને મંત્રોપદેશ થઇ ગયો. હવે તારું કલ્યાણ થશે."

ત્યાર પછી સ્વપ્નમાં મંત્ર પ્રાપ્ત થવો એ અત્યંત સૌભાગ્યનો વિષય છે, એમ કહી તેઓ તેને (રામચંદ્રને) વારંવાર આશીર્વાદ દેવા લાગ્યા. જો કે રામચંદ્રે પરમહંસદેવને શ્રીમુખેથી ઉપર પ્રમાણે આશ્વાસનવાક્યો સાંભળ્યાં તથાપિ વિજ્ઞાનથી ભ્રમિત થયેલા તેમના મસ્તકમાં સ્વપ્નની સત્યતા સંબંધી વિશ્વાસ ઉપજ્યો નહિ. "સ્વપ્ન તે વળી કદી પણ સત્ય થઇ શકે? એ માત્ર માથાના વિકાર સિવાય બીજું કાંઇ નહિ. કોઇ વિષયનો રાતદિવસ વિચાર કરવામાં આવે તો તેજ સ્વપ્નમાં જોવામાં આવે છે. વળી પેટમાં ઉષ્ણતા વધે તો કેટલાંએ સ્વપ્ન જોવામાં આવે. શું એ બધું સત્ય છે?" રામચંદ્રના મનમાં આવા ઘણાએ સંદેહ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એક ઉત્પન્ન થયા અને પુનઃ તેઓ અશાંતિ-સાગરમાં ડૂબવા લાગ્યા.

"અનુમાન કરવાથી ફળ શું? અનુમાન કરવાથી ફળ શું? ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન થવાં જોઈએ!" આ શબ્દો વારંવાર રામચંદ્રના હૃદયમાં કોઈ કહેવા લાગ્યું. ક્ષણમાંજ એ વિચારોએ આવી તેમના હૃદયને ઘેરી લીધું. તેઓ ચારે દિશા શૂન્યમય જોવા લાગ્યા. પુનઃ તેમના મનમાં વિચાર થયો કે, "શું ઈશ્વર નથી? શું તેમનાં દર્શન મને નહિ થાય?" વારંવાર એજ વિચાર! તેઓ જેમ જેમ વિચાર કરવા લાગ્યા તેમ તેમ તેમનું ચિત્ત ભમવા લાગ્યું. જ્ઞાન-દૃષ્ટિથી જોતાં "ઈશ્વર છે" એમ માનવાથી શો લાભ? પ્રત્યક્ષ પ્રમાણ (ઈશ્વરદર્શન) ન મળે, તો પછી આકાશ-કુસુમની પેઠેજ ઈશ્વરનું અસ્તિત્વ માની લેવું, એ બન્નેમાં ભેદ શો?" આ સમયે જાણે તેમને આકાશ વાયુશૂન્ય જણાયું. હૃદયની આકુળતાએ તેમનો શ્વાસ રૂંધી નાખવાની તૈયારી કરી, પરંતુ ઈશ્વરદર્શનને માટે જેના મનમાં આટલી બધી આકુળતા હોય, તેની તે સ્થિતિ બદલાતાં-આકુળતા દૂર થતાં શું વિલંબ થાય છે? સરલ અંતઃકરણથી જે ઈશ્વરનાં દર્શન કરવા ઇચ્છે છે, તેને પ્રાપ્ત કરવા માટે જેના પ્રાણ કંઠે આવે છે, તેની મનોકામના પૂર્ણ ન થાય તો ભગવાનના કરુણામય નામને હમેશ માટે કલંક લાગે. રામચંદ્ર જે સમયે આવી ચિંતાઓના ચક્રમાં અટવાતા-દુઃખી થતા હતા, તે સમયે તેમના હૃદયેશ્વર શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ દક્ષિણેશ્વરમાં બેઠા બેઠા શા વિચારો કરતા હતા તે કહી શકાતું નથી; પરંતુ તે પછી જે કાંઈ બન્યું હતું, તે અત્રે લખવામાં આવે છે, તે ઉપરથી વાચકો સમજી શકશે.

રામચંદ્ર ઉપર પ્રમાણે શંકાસંકટમાં સપડાઇ એક દિવસ દુઃખી થતા હતા એમ ન હતું; એ પ્રકારનો કલેશ તેમને કેટલાક દિવસપર્યંત ભોગવવો પડ્યો હતો! પરંતુ સાચુંજ કહ્યું છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત પરિવર્તનશીલ છે. તેમાં કોઇ વસ્તુ ચિરકાળ એકસરખી રહેતી નથી. હે માનવ મન ! તારી સ્થિતિ પણ ચિરકાળ એકસરખી રહેશે નહિ. જે સમયે જે શુભ કર્તવ્ય પ્રાપ્ત થાય તે સત્વર કરી લેવું એમાંજ જીવનનું સાર્થક્ય છે. આપણે જોઇ શકીએ છીએ કે, સૂર્ય પછી વાદળાં અને વાદળાં પછી પુનઃ સૂર્યનાં દર્શન આકાશમાં થાય છે. પરંતુ **ભગવાન કૃપા કરીને એક વખત જે મનુષ્યના હૃદયમાંથી દુઃખ દૂર કરી દે છે, (તેની ઇચ્છા થતાં) તેના હૃદયમાં સુખનો સૂર્ય ચિરકાળને માટે વિરાજી રહે છે. પુનઃ તે દુઃખમાં ન પણ પડી શકે.**

એક દિવસ અગિયાર વાગ્યાને સમયે રામચંદ્ર પટલડાંગાની ગોલદીઘી (નામક તલાવ)ના દક્ષિણ-પશ્ચિમ ખૂણા આગળ ઊભા રહી એક મિત્ર પાસે પોતાનું મનોદુઃખ નિવેદન કરતા હતા. તેઓ જે સ્થિતિમાં વાર્તાલાપ કરતા હતા તે એવી હતી, કે જેથી તેમની નજીક ઊભેલું કોઇ માણુસ તેમનો વાર્તાલાપ સાંભળી શકે એમ ન હતું. એજ સમયે ઓચિંતા એક શ્યામ વર્ણના ઊંચા હૃષ્ટપુષ્ટ મનુષ્યે આવી કહ્યું કે, "ચિંતા શા માટે કરે છે ? નિશ્ચિંત રહે." રામચંદ્ર મિત્રની સાથે પોતાના અશાંતિમય હૃદયની વાત નિવેદન કરતા હતા, એટલામાં એક અપરિચિત મનુષ્યના મુખમાંથી અચાનક આશ્વાસનવાણી સાંભળતાંજ તેઓ ચમકી ઊઠ્યા. કોણે આવા મધુર સ્વરે આશાદાન દીધું તે સ્પષ્ટરૂપે જાણવા માટે રામચંદ્રે પાછું ફરીને જોયું; છતાં ત્યાં કોઇને દીઠું નહિ. જાણે તે મનુષ્ય આકાશમાં અદૃષ્ય થઇ ગયું ન હોય ! તેમણે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ, એમ ચારે દિશાના ચારે માર્ગમાં નજર કરી ! પરંતુ તેમના સર્વ યત્નો નિષ્ફળ થયા. આ સમયે રામચંદ્રના મનમાં અનેક પ્રકારના વિચારો ઉત્પન્ન થવા લાગ્યા. "એ મનુષ્ય કોણુ હશે ? તે ક્યાં ચાલ્યો ગયો ? અમે બન્ને જણે સ્પષ્ટ રીતે તેને દીઠો છે. તે અમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે આવ્યો હતો. તેણે અમારા મનની વાત જાણી શી રીતે ? તેણે કહ્યું: "ચિંતા શા માટે કરે છે ? નિશ્ચિંત રહે." આ પ્રમાણે આશ્વાસનવાક્ય કહ્યું, તે પણ અમે બન્ને જણે સ્પષ્ટ રીતે સાંભળ્યું છે. શું એ મસ્તકની ભ્રમણા કહી શકાય ? એમ કેમ કહી શકાય વારુ ? શું અમે બન્ને જણ એકી વખતે ભ્રમણામાં પડયા ? એને મસ્તકની ભ્રમણા કહેવામાં આવે તો એવી ભ્રમણાને પણ ધન્ય છે." રામચંદ્ર આ પ્રમાણે મનમાં ને મનમાં અનેક પ્રશ્નોત્તર કરવા લાગ્યા ખરા, પરંતુ તેમના મનમાં એક પ્રકારની શાંતિ ઉત્પન્ન થઇ. તે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ પાસે ગયા અને એ આશ્ચર્યજનક બનાવનું વર્ણન કહી સંભળાવ્યું. ત્યારે પરમહંસદેવે પોતાના હમેશના સ્વભાવ પ્રમાણે મૃદુ હાસ્ય કરીને ઉત્તર દીધો કે, "તું હજી તો એવું કેટલુંએ જોઇશ !"

કેટલાક દિવસ વ્યતીત થયા પછી રામચંદ્રને સંસાર ઉપર તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેઓ સંસારને અસાર સમજી શકયા. તેમણે પરમહંસદેવ સમક્ષ પોતાના એવા વિચાર જણાવ્યા; પરંતુ પરમહંસદેવે તેમને સંસાર ત્યાગ કરવાની ના કહી. ગુરુભક્ત રામચંદ્રે પણ ઈશ્વરરૂપ ગુરુદેવની આજ્ઞા શિરોમાન્ય ગણી હતી.

ઉપર વર્ણવેલો આશ્ચર્યકારક બનાવ બન્યા પછી રામચંદ્રનું મન સ્થિર થયું ખરું, પરંતુ તે થોડા દિવસને માટેજ. થોડા દિવસ પછી પુનઃ તેમના મનમાં વ્યાકુલતા ઉત્પન્ન થઇ. તેઓ શ્રીરામકૃષ્ણદેવ પાસે જઇ પોતાનું દુઃખ પુનઃ નિવેદન કરવા લાગ્યા. સંસારમાં રહેવાથી અનેક પ્રકારનાં કષ્ટ અને અગવડો ઉત્પન્ન થાય છે એ પણ કહેવા લાગ્યા. તેમ છતાં આ સમયે પણ ગુરુદેવના શ્રીમુખમાંથી વિશેષ આશાપ્રદ ઉત્તર સાંભળી શકયા નહિ. પરમહંસદેવે ગંભીર સ્વરે કહ્યું: "શું કરું ભાઇ ! સર્વ તે પરમેશ્વરની ઇચ્છા." રામચંદ્રે કહ્યું: "આપ એમ કહીને કયાં છટકી જશો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ગુસ્સે થઇને બોલ્યા કે, “ હું કોઇના બાપનું ખાતો નથી, પીતો નથી, લેતો નથી. તમારે અહીં આવવાની ઇચ્છા હોય તો આવજો, નહિ તો આવશો નહિ.” પરમહંસદેવને મુખેથી આવાં નિરાશાજનક વાકય સાંભળવાથી તેમને ચારે દિશામાં અંધકાર જણાવા લાગ્યો. શ્રીરામકૃષ્ણદેવનાં જે દિવસે દર્શન કર્યાં તેજ દિવસથી રામચંદ્રે તેમના ચરણમાં પોતાનાં દેહ–મન–પ્રાણ–વેચી દીધાં હતાં. તેઓ ગુરુદેવને સાક્ષાત્ ઈશ્વિરરૂપ માનતા હતા, તેમને પોતાના પ્રાણથી પણ વિશેષ પ્રિય જાણતા હતા; પરંતુ આજે તેમના મુખમાંથી નીકળેલું કઠોર વાકય રામચંદ્રના હૃદયમાં કાંટાની પેઠે ભોંકાયું. તેમના હૃદયમાં અતિશય દુઃખ થયું, ગુરુની કઠોર વાણીથી દાસાનુદાસ શિષ્યને એવુંજ લાગી આવે, એવુંજ દુઃખ થાય એમાં આશ્ચર્ય શું ? રામચંદ્ર પ્રેમી હતા, ગુરુભક્ત હતા, તેમણે પરમહંસદેવને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. તે હવે પ્રેમની ભિક્ષા માગતા હતા, ત્યાં તો કઠોર નિરાશાજનક ઉત્તર ! પ્રેમી ભક્તને મનથી તો તે બહુ દુઃખદ થઇ પડ્યું. પ્રેમીઓ હમેશાં અભિમાની હોય છે. રામચંદ્રને પણ અભિમાન થયું. તેમણે ગુરુદેવનાં તિરસ્કારજનક વાકય સાંભળી પ્રથમ ભાગીરથીના જળમાં ડૂબી મરવાનો સંકલ્પ કર્યો; પરંતુ તે વિચાર થોડી વાર પછી બદલાઇ ગયો. તેઓ મનમાં ને મનમાંજ બોલવા લાગ્યાઃ “પ્રભો! દેવ ! પિતા ! સાંભળ્યું છે કે, આપના કરતાં આપના નામ–સ્મરણનો મહિમા અધિક છે. આપેજ મને તે નામ(મંત્ર)નું દાન કર્યું છે. તે મંત્રની શક્તિ કેટલી છે તેની પરીક્ષા હું કરી જોઇશ.” એમ કહી તેમણે મહારાજશ્રીના મકાનની બહારની બાજુએ જઇ ઓટલા પર ઉત્તર દિશામાં શયન કર્યું અને નામ–જપ કરવા લાગ્યા. સંધ્યા થયા પછી ધીમે ધીમે અધિક રાત્રિ વીતવા લાગી. પરમહંસદેવ એકાએક મકાનનાં બારણાં ઉઘાડી અભિમાની ભક્ત રામચંદ્ર પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી બેઠા અને અનેક પ્રકારનાં સ્નેહપૂર્ણ વાક્યોથી તેમનું અભિમાન ભંગ કરી ભક્તાની સેવા કરવાની આજ્ઞા કરી.

પરમહંસદેવના ભક્તો પ્રસંગોપાત્ત શ્રીરામકૃષ્ણદેવને પોતાને ઘેર તેડી જતા અને અન્ય ભક્તમંડળને નિમંત્રણ કરી મહોત્સવાદિ કરતા. અત્યાર પહેલાં રામચંદ્રે પરમહંસદેવને પોતાને ઘેર લઈ જવાની ઇચ્છા દર્શાવી હતી, પરંતુ તે વખતે તેમણે કહ્યું હતું કે, "હમણાં રહેવા દે." એ પછી પરમહંસદેવે પોતાની ઇચ્છાથીજ રામચંદ્રને ઘેર જવાનો એક દિવસ નક્કી કર્યો અને રામચંદ્ર પણ આનંદ પામતા ઘેર ગયા. પરમહંસદેવને પોતાને ઘેર નિમંત્રણ કરી મહોત્સવ ઊજવવો એ મોટા ખર્ચનું કામ છે, એમ જાણી રામચંદ્રે તે વખતે ગાળિયું કાઢયું; પરંતુ થોડા દિવસમાંજ તેમની એ ભાવના ઉપર કુઠારાઘાત થયો. એ સમયે કોઇ ખાસ કારણને લીધે તેમને પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત થયું હતું. એક દિવસ પાછલી રાત્રે નિદ્રા ભંગ થયા પછી પ્રભુને સ્વગૃહે લાવી મહોત્સવ કરવાનો તેમણે વિચાર કર્યો. વિચાર કરતાં કરતાં છેવટે એવો પણ નિશ્ચય થયો કે, "આટલા બધા રૂપિયાની મને કમાણી થાય છે, તે કેવળ ગુરુદેવના મહોત્સવ કરવા માટેજ. પરમહંસદેવ પોતાનું કાર્ય કરવા માટેજ મને આટલું બધું દ્રવ્ય ઉપાર્જન કરાવી આપે છે." આવો વિચાર થતાંજ રામચંદ્રે પોતાની જાતને અનેક ધિક્કાર આપવા માંડયા. તેમણે કહ્યું: "ધિક્ ધિક્! પ્રભુ(પરમહંસ-દેવ)નું દ્રવ્ય લઇ હું ઉચાપત કરી જાઉં છું! તેમનું (ગુરુદેવનું) આપેલું દ્રવ્ય (ધર્મકાર્યમાં) ખર્ચ કરતાં હું પાછું પગલું ભરું છું! આ હું શું કરું છું?" વાત પણ સત્ય છે. ગુરુદેવની કૃપાદૃષ્ટિ થઇ ત્યારથી તેઓ વિશેષ દ્રવ્ય પ્રાપ્ત કરવા લાગ્યા; છતાં ધર્મકાર્યમાં, પ્રભુનું નામ અને મહિમા વિસ્તાર કરવા–મહોત્સવ કરવા–જેવા સત્કાર્યમાં દ્રવ્ય ખર્ચ કરવાનો તેમને ઉત્સાહ ન થયો. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુની અદ્ભુત માયા ! જેનું કાર્ય હતું તેણે તે રામચંદ્રને યાદ કરાવી આપ્યું. સાત્ત્વિક વૃત્તિવાળા શિષ્યને ધર્મકાર્યનું સ્મરણ થયું કે તરતજ તેમણે ઉત્તમરૂપે ભક્તસેવા કરવાની સામગ્રી એકત્ર કરવા માંડી. જોતજોતામાં પ્રભુ (પરમહંસદેવ)ને આવવાનો નિશ્ચિત દિવસ (વૈશાખી પૂર્ણિમા—દોલોત્સવ) આવી પહોંચ્યો. આજે ભક્ત રામચંદ્રના ઉત્સાહનો પાર નથી. તેમના ઘરની મહિલાઓનાં મનમાં અપાર આનંદ થઇ રહ્યો છે. અનેક પ્રકારનાં મિષ્ટાન્નાદિ તૈયાર કર્યાં છે. પુષ્પ—ફળનો આજે તોટો નથી. અનેક ભક્તો એકત્ર થયા છે. પ્રભુ રામકૃષ્ણદેવ પણ આજે ભક્તપ્રવર રામચંદ્રને ઘેર પધારી આનંદનો બજાર માંડી બેઠા છે. આજે સર્વ આનંદસાગરમાં ડૂબી રહ્યાં છે. શુભ તિથિ દોલોત્સવને દિવસે પરમહંસદેવે તેમને ઘેર પધારી તેમને કૃતાર્થ કર્યા હતા, તેથી રામચંદ્ર પણ દોલોત્સવના દિવસને જીવનપર્યંત મહાઅહોભાગ્યનો દિવસ માનતા. પ્રતિ વર્ષે તે દિવસે ઉત્સાહપૂર્વક શ્રીરામકૃષ્ણદેવનું પૂજન કરી મહોત્સવ આદિ કરતા. કલકત્તા—કાંકુડગાછી યોગોદ્યાનમાં આજે પણ તેમના શિષ્યો, ફૂલ—દોલને દિવસે મહોત્સવ ઊજવે છે. એ દિવસે ત્યાંના ભક્તો ઉપવાસ કરી રાત્રે મહાપૂજન આદિ કરે છે.

દોલોત્સવને બીજે દિવસે રામચંદ્ર, પરમહંસદેવ પાસે દક્ષિણેશ્વર ગયા. પ્રભુ સાથે નાના પ્રકારની અધ્યાત્મકથાઓ કરતાં કરતાં રાતના દસ વાગી ગયા. એટલે રામચંદ્રે પોતાને ઘેર જવાની રજા માગી. ઓરડામાંથી બહાર નીકળી રામચંદ્ર થોડેક છેટે ગયા, એટલામાંજ ભક્તવત્સલ ભગવાન શ્રીપરમહંસદેવે બહાર નીકળી ઉતાવળે પગલે રામચંદ્ર પાસે આવી કહ્યું: "કહે, શું જોઇએ છે?" "શું જોઇએ છે?" એ અમૃતમય શબ્દોએ ભક્ત રામચંદ્રના કાનમાં પ્રવેશ કરી તેના હૃદયમાં એક અપૂર્વ ભાવનાનો સંચાર કરવા માંડયો! જાણે તેમના શરીરમાં વીજળીનો પ્રવાહ વહેવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુ તેમની સામેજ કલ્પતરુ થઈ ઊભા રહ્યા છે. મનોવાંછિત વસ્તુનું દાન આપવા માટે ભક્તને પૂછી રહ્યા છે! ધન્ય એ જીવન! આજે ગુરુદેવે શિષ્ય રામચંદ્ર ઉપર અપૂર્વ કૃપા કરી છે. રામચંદ્રના આનંદનો પાર નથી. તે આનંદસાગરમાં ડૂબી રહ્યા છે. તેઓ મનમાંજ વિચારવા લાગ્યા કે, "કેટલાએ લોકો એમની પાસે આવજા કરે છે, કેટલાએ લોકો તત્ત્વજ્ઞાનની વાતો કરે છે, અધ્યાત્મ જ્ઞાન સાંભળે છે, પરંતુ કોઇના ઉપર તેઓએ આવી કૃપા કરી હોય એમ જણાતું નથી. કોઇ પણ ભક્તે કહ્યું નથી કે, તેમના ઉપર કોઇ પણ વિષયમાં ગુરુદેવે આવી કૃપા કરી છે." રામચંદ્રે એ વિષય ઉપર વિશેષ લક્ષ્ય આપ્યું નહિ. 'શું જોઇએ છે?' તેનો વિચાર કરવા લાગ્યા. 'શું માગવું?' એ વિચારવમળમાં પડયા. કામિની-કાંચન, કીર્તિ ઇત્યાદિ એક પછી એક તેમની નજર આગળ આવી પોતાની મોહિની મૂર્તિ બતાવી તેમનું ચિત્ત આકર્ષવાનો યત્ન કરવા લાગ્યાં; પરંતુ તેઓ તેમને કોઇ પણ પ્રકારે પરાજય પમાડી શકયાં નહિ. શું જોઇએ, તે નક્કી નહિ કરી શકયાથી ગુરુદેવને કહ્યું કે, "પ્રભુ! આપની પાસે શું માગવું તે હું કશું જાણતો નથી. શું માગવું તે આપજ મને કહો." શ્રીરામકૃષ્ણદેવે કહ્યું: "તને સ્વપ્નમાં જે મંત્ર પ્રાપ્ત થયો છે તે મને પાછો અર્પણ કરી દે. આજથી તારા સાધનભજનનો અંત આવી ગયો છે. આજથી તારે કંઇ કરવું પડશે નહિ. જો તારે કંઇ પણ જોવું હોય તો મારામાં જો. જ્યારે તું અત્રે આવે ત્યારે મારે માટે એક પૈસાનો પ્રસાદ ઇચ્છામાં આવે તે વેચાતો લઇ આવજે." અહા! ભક્ત રામચંદ્રે આજે કેવી અમૃતમયી વાણી સાંભળી! પ્રાણના આરાધ્યદેવતા પોતાની પાસે હોવા છતાં આટલા દિવસ તેમને તેઓ ઓળખી શકયા ન હતા? આજે તેઓએ સ્વયં પોતાના સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કરાવી ભક્ત રામચંદ્રને કૃતાર્થ કર્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ભક્તવત્સલ ભગવાન, દીનબંધુ, દયાસાગર, દીનાનાથ શ્રીરામકૃષ્ણદેવે દયા લાવી રામચંદ્રને ઈશ્વરરૂપે દર્શન દીધાં. રામચંદ્રનાં ચર્મચક્ષુ દિવ્યચક્ષુરૂપે બદલાઇ ગયાં હતાં. તેથી આજે તેમણે ભગવાનનાં સાક્ષાત્ દર્શન કર્યાં. રામચંદ્રનું મન આનંદરસમાં ભીંજાઇ રસબસ થવા લાગ્યું. તેમણે તરતજ સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરી ગુરુદેવ શ્રીરામકૃષ્ણના ચરણકમળમાં પુષ્પાંજલિની પેઠે મંત્ર અર્પણ કરી દીધો. ગુરુદેવે સમાધિસ્થ–સ્થિતિમાંજ પોતાના જમણા પગના અંગૂઠા વડે રામચંદ્રના બ્રહ્મતાલુએ સ્પર્શ કર્યો. રામચંદ્ર બાહ્યસંજ્ઞા–શૂન્ય થઇને અલૌકિક દૃષ્ય જોવા લાગ્યા.

એ દિવસથીજ રામચંદ્રના હૃદયમાંથી અશાંતિ ચિરકાલને માટે વિદાય થઇ ગઇ. એ દિવસથીજ તેઓ રામકૃષ્ણદેવને દૃઢરૂપે ઈશ્વરનો અવતાર માનવા લાગ્યા. એ દિવસથીજ તેઓ સુખદુઃખમય સંસારની ચઢતી–પડતીના આઘાત–કલેશમાંથી મુક્ત થઈ જીવનયાત્રાનો સુખપૂર્વક નિર્વાહ કરવા લાગ્યા. અર્થાત્ સંસારનાં અનેક દુઃખ અને કલેશ તેમના મનને દુઃખ–કલેશ દેતાં નહિ! રામકૃષ્ણદેવે તેમને આત્મદર્શન કરાવી અમર બનાવી દીધા અને તેમને ભક્તોની સેવા કરવાની આજ્ઞા ફરમાવી હતી. એ આજ્ઞાને રામચંદ્રે પોતાના જીવનનું મહાવ્રત માની લીધું હતું અને સંસારનાં અન્ય કાર્યોને પાછળ નાખી એજ કાર્યને સ્વકર્તવ્ય માન્યું હતું. ભક્તસેવા એજ એમના જીવનવ્યાપારનું એક મુખ્ય અંગ થઇ પડયું હતું. ગુરુદેવ શ્રીરામકૃષ્ણદેવ ઘણી વખત તેમને ઘેર પધારતા અને તે સમયે રામચંદ્ર પણ મહોત્સવ કરવામાં પાછા હઠતા નહિ. એ ઉપરાંત નિત્ય તેમને ઘેર અન્ય ભક્તો એકત્ર થઇ કીર્તન–ભજન અને સત્પ્રસંગની આલોચના કરતા તેમજ તેઓ નિત્ય તેમને પ્રેમપૂર્વક મિષ્ટાન્ન આદિ આપી તૃપ્ત કરતા. શ્રીરામકૃષ્ણના ભક્તોને જે વખત જે વસ્તુની આવશ્યકતા હોય તે વખતે તેમને તે વસ્તુ રામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્ર પાસેથી પ્રાપ્ત થતી. રામચંદ્ર પોતાના ગુરુબંધુઓ માટે પ્રાણ અર્પણ કરવા તત્પર થતા, ત્યાં પછી તેઓ બીજું શું ન આપી શકે? ધન્ય એ બંધુપ્રેમ! એવા ગુરુબંધુપ્રેમનાં દૃષ્ટાંત વિરલ જોવામાં આવે છે!

ભક્તરાજ રામચંદ્રની આવી ગુરુભક્તિ જોઈ આપણે તેમને મહાપુરુષ-મહાત્મા કહ્યા સિવાય રહી શકતા નથી. તેમના વિશેષ સદ્ભાગ્યની વાત એ હતી કે, તેમનાં ધર્મપત્ની પણ એક આદર્શ હિંદુરમણી, સ્વામીની ઇચ્છા પ્રમાણે વર્તનાર આજ્ઞાધીન પતિવ્રતા સન્નારી હતાં. પ્રભુ શ્રીરામકૃષ્ણદેવ અને તેમના ભક્તોની સેવા કરવામાં તેઓ પણ હમેશાં ઉત્સાહપૂર્વક-પ્રેમપૂર્વક તત્પરજ રહેતાં. પતિના ગુરુદેવ શ્રીરામકૃષ્ણદેવને તેઓ પોતાના ગુરુદેવજ માનતાં. એટલે તેમના સેવકોને પણ તેઓ અતિશય માન આપતાં, એટલુંજ નહિ પણ ભક્તો ઉપર તેઓ પોતાનાં સંતાન જેટલો પ્રેમ રાખતાં. પતિના સ્વાર્થત્યાગ ઇત્યાદિ સદ્ગુણો પત્નીમાં પણ પૂર્ણ રીતે જોવામાં આવતા હતા એમ કહેવું પડે છે.

પૂર્વેજ કહેવામાં આવ્યું છે કે, મહાત્મા રામચંદ્ર પ્રત્યેક મહિને એક હજારથી પણ વિશેષ રૂપિયા પ્રાપ્ત કરતા. એ ઉપરથી વાચકો અનુમાન કરી શકતા હશે કે, રામચંદ્ર પાસે પુષ્કળ દ્રવ્ય-સંપત્તિ એકત્ર થઇ હશે. કારણ કે કોઈ પણ મનુષ્ય ખર્ચ કરવામાં ગમે તેટલો મુક્તહસ્ત હોય; તોપણ પોતાનાં સ્ત્રીપુત્રાદિને માટે કંઇક સંચય કર્યા સિવાય કોઇ સત્કાર્યમાં બે પૈસા વ્યય કરવા ચહાય નહિ! પરંતુ મહાત્મા રામચંદ્ર તે પ્રકારના મનુષ્ય ન હતા. તેમણે પોતાના ગુરુ શ્રીરામકૃષ્ણદેવને મુખેથી સાંભળ્યું હતું કે, ભક્તોનું દ્રવ્ય એ નાળાનાં જળ જેવું હોવું જોઇએ. નાળામાં એક તરફથી જળ આવે છે અને બીજી તરફ ચાલ્યું જાય છે. તેમાં કદી પણ જળ એકત્ર થઇ રહેતું નથી. એક દિશામાંથી આવે છે અને બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિશામાં ચાલ્યું જાય છે. તેજ પ્રમાણે એક સાચો પ્રભુભક્ત પણ દ્રવ્યસંચય કરી રાખતો નથી. તેની કમાણીનું દ્રવ્ય આવે અને સત્કાર્યમાં વપરાઇ જાય છે. એ દ્રવ્ય ગુરુદેવ આપે છે અને તેમની ઇચ્છાનુસાર ખર્ચાવું જોઇએ. ગુરુની (અથવા ઇષ્ટદેવની) કૃપાથી દ્રવ્ય પ્રાપ્ત થાય તો પછી તે દ્રવ્ય તેમના સત્કાર્યમાં, તેમની ઇચ્છાનુસાર પરોપકારના કાર્યમાંજ વપરાવું જોઇએ. મહાત્મા રામચંદ્ર પોતાના ગુરુદેવનો એ ઉપદેશ, જીવનનો મહામંત્ર સમજતા.

રામચંદ્રનું હૃદય અત્યંત દયાળુ હતું. તે દયાનું મૂલ્ય થાય એમ નથી. ગુરુભક્તોને માટે તેમણે સ્વકમાણીનું પુષ્કળ દ્રવ્ય ખર્ચી નાખ્યું છે. તેઓ વીર પુરુષની પેઠે પરિશ્રમ કરી પુષ્કળ પૈસા કમાઇ લાવતા; પરંતુ તેનો હિસાબજ રાખતા નહિ. તે પૈસાને માટીના કટકાની પેઠેજ વિદાય કરી દેતા! તેમની પાસે જઇ, પૈસા વગર વિદ્યા ભણવાનું બનતું નથી એમ કહેતાંજ તેમનું અંતઃકરણ દુઃખ પામતું. નિશાળની ફી, પરીક્ષા આપવા માટે ફી, વગેરે જેને જેની ઇચ્છા થતી તેને તત્ક્ષણજ તે મળતું. અનેક બાળકોને તેઓ પોતાને ઘેર રાખી વિદ્યા ભણાવતા. તેઓ નિત્ય અમને કહેતા કે, "બાલ્યાવસ્થામાં પૈસાની તંગીથી હું સારી પેઠે વિદ્યાભ્યાસ કરી શક્યો નથી, તેથીજ પૈસાની તંગીને લીધે કોઇ વિદ્યાર્થી વિદ્યા ભણી શકતો નથી, એવું સાંભળતાંજ મને ઘણું કષ્ટ થાય છે.

આ પ્રમાણે ભગવાન શ્રીરામકૃષ્ણદેવનો સત્સંગ કરવામાં અને ભકતજનોની સેવા કરવામાં મહાત્મા રામચંદ્રના દિવસો સુખેથી વ્યતીત થઇ જતા. પરમહંસદેવ રામચંદ્રને 'કપ્તાન' અર્થાત્ (ભકત-અગ્રણી) કહેતા. કોઇ ભકત મહોત્સવ ઊજવવાની ઇચ્છા દર્શાવતો તેને પરમહંસદેવ પ્રથમ રામચંદ્રની સલાહ લેવાનું કહેતા. કોઈ ભક્તનો અનાચાર જાણવામાં આવતાંજ તેઓ રામચંદ્રને કહેતા અને તે તેમને યોગ્ય ઠપકો આપી તેની ભૂલ સુધારી દેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કે ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવને રામચંદ્ર ઈશ્વરાવતાર માનતા, જો કે નિત્ય તેઓનાં નૂતન નૂતન અલૌકિક આચરણચમત્કાર જોઈ તેમની માન્યતા તેમનામાં દૃઢ થઈ ગઈ હતી, પરંતુ અત્યારસુધીમાં પરમહંસદેવને સ્વમુખેથી એ સંબંધી કોઈ પ્રમાણ તેમને મળ્યું ન હતું. ભગવાનની કૃપાથી થોડા સમયમાં તેમની એ ઇચ્છા પણ પરિપૂર્ણ થઈ ગઈ. એક સમયે રામચંદ્રે શ્રીચૈતન્ય ચરિતામૃતનો પાઠ કરવાનું શરૂ કર્યું હતું. તેઓ જેમ જેમ મહાપ્રભુનું જીવનચરિત્ર વાંચવા લાગ્યા તેમ તેમ શ્રીરામકૃષ્ણ અને શ્રીચૈતન્યદેવની જીવનલીલા અનેક વિષયોમાં તેમને એકસરખી જણાવા લાગી. એક દિવસ સંધ્યા સમયે રામચંદ્ર દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણદેવની પાસે બેઠા હતા. તે સમયે રામકૃષ્ણદેવે પૂછ્યું: "તમે શું જુઓ છો?" રામચંદ્રે ઉત્તર દીધો: "આપને જોઉં છું." પરમહંસદેવે પુનઃ પૂછ્યું: "મને જોતાં તમારા મનમાં કેવા વિચારો ઉત્પન્ન થાય છે?" પ્રતિઉત્તરમાં રામચંદ્રે કહ્યું: "આપને હું ચૈતન્યદેવજ સમજું છું." પરમહંસદેવ વિશેષ કાંઈ બોલ્યા નહિ. થોડો વખત ગુપચુપ બેસી રહ્યા. પછી કહ્યું: "બ્રહ્માણી પણ એમજ કહેતી હતી. એ સાંભળી રામચંદ્રના પૂર્વ-સંસ્કાર વિશેષ દૃઢ થયા હતા."

પ્રત્યેક રવિવારે અને ઓફિસોમાં રજા હોય તે દિવસે દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણદેવ પાસે અનેક ભક્તો એકત્ર થતા. અનેક તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુ ભક્તો પરમહંસદેવ પાસે તત્ત્વજ્ઞાનની કથા સાંભળવા જતા. પરમહંસદેવ એ સઘળા ભક્તોને પોતાની અમૃતમય મધુર ભાષા વડે ઉપદેશ પ્રદાન કરતા. પરમહંસદેવ જે ઉપદેશવચનો બોલતા, તે મહાત્મા રામચંદ્ર તત્ક્ષણ લખી લેતા; એટલા માટેજ તેઓ હમેશાં કાગળ અને પેન્સિલ લઈનેજ ત્યાં બેસતા. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની રામચંદ્રની એટલી બધી જિજ્ઞા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સા જોઇને એક દિવસ પરમહંસદેવે તેમને પૂછ્યું કે, "રામ! તમે આટલો બધો યત્ન શા માટે કરો છો? થોડા દિવસ પછી જોજો, તમારું મનજ તમારો ગુરુ થશે. જે પ્રશ્ન પૂછશો તેનો ઉત્તર તેજ-તમારું મનજ તમને દેશે."

મહાત્મા રામચંદ્રનું હૃદય હમેશાં દયાથી ભરેલું રહેતું. જાણે તે દયાથી ઘડાયલું ન હોય! તેઓ પોતાના ગુરુદેવની કૃપા પ્રાપ્ત કર્યા પછી નિશ્ચિંત થયા હોય એમ ન હતું. અનેક વિષયાસક્ત મનુષ્યોને તેઓ પ્રભુની પાસે લઇ જતા અને પોતાના દયાળુ હૃદયની લાગણીથી તેઓ ઉપર કૃપા કરવાની પ્રભુને પ્રાર્થના કરતા. તેમનાદ્વારા કેટલાં મનુષ્યો પરમહંસદેવની કૃપાના પાત્ર બન્યાં હતાં તે કહી શકાતું નથી. તેમણે અમૃતનો સ્વાદ સારી પેઠે ચાખ્યો હતો; પરંતુ બીજા સાધારણ મનુષ્યની પેઠે માત્ર પોતેજ તૃપ્ત થઇ શાંત થયા ન હતા. જગતના અન્ય સકળ મનુષ્યોને પણ તેજ અમૃતકુંડની સામે લઇ જવા માટે તેઓ યત્ન કરતા, એ તેમના મહદ્ ગુણ સિવાય બીજું શું કહી શકાય?

એક દિવસ સાયંકાળને સમયે રામચંદ્ર વગેરે અનેક ભક્તો પરમહંસદેવનાં દર્શન કરવા ગયા. તે સમયે તેમણે કહ્યું હતું કે, "સાંભળો, મેં માતાજીને કહ્યું છે કે, હવે પછી લોકોની સાથે વાર્તાલાપ કરવાની મારામાં શક્તિ નથી. રામ, મહેન્દ્ર, ગિરીશ, વિજય, કેદાર વગેરેને શક્તિ આપ. એ બધા ઉપદેશ દઇને ભક્તોને તૈયાર કરશે. હું તેમને એક વખત સ્પર્શ કરીશ, એટલે બસ."

પરમહંસદેવની લીલાવસ્થાના સમયથીજ મહાત્મા રામચંદ્ર પોતાના ગુરુદેવના સિદ્ધાંતો અને પોતાના ધર્મસંબંધી વિચારોનો પ્રચાર કરવા માટે ભાષણો કરવાના કામમાં જોડાયા હતા. પરમહંસદેવની આજ્ઞા લઇનેજ તેમણે પ્રથમ કોન્નગરની હરિસભામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સત્ય ધર્મ" સંબંધી ભાષણ આપ્યું હતું. એ સિવાય પરમહંસદેવના ઉપદેશામૃતનો સર્વ લોકોમાં વિશેષ પ્રચાર કરવા માટે રામચંદ્રે 'તત્ત્વસાર' નામક એક પુસ્તક છપાવ્યું હતું. જે સમયે એ પુસ્તક છપાતું હતું, તે સમયે અનેક ભક્તોજનોએ તેમના એ કાર્ય પરત્વે અણગમો બતાવી તેમને ના પાડી હતી; એટલુંજ નહિ પણ એ સંબંધી તેમણે પરમહંસદેવને ફરિયાદ પણ કરી હતી. એક દિવસ પરમહંસદેવે રામચંદ્રને એકાંતમાં બોલાવી પૂછ્યું હતું કે, "ભાઈ! બધા ભક્તો મને ફરિયાદ કરે છે. તમે શું લખ્યું છે?" રામચંદ્રે ઉત્તર દીધો: "મેં બીજું કાંઈ લખ્યું નથી, માત્ર આપે જે ઉપદેશવચનો પ્રસંગોપાત્ત કહ્યાં હતાં તેજ લખ્યાં છે." એમ કહી તેમણે પુસ્તકમાં જે લખ્યું હતું તેનો કેટલોક ભાગ વાંચી સંભળાવ્યો. એ સાંભળી પરમહંસદેવે કહ્યું: "ઓહો! એજ લખ્યું છે કે? એમાં અડચણ શી? એ તો ઘણું સારું કર્યું છે. સાંભળો, એ તમે લખ્યું છે એમ મનમાં ધારીને જો લખશો તો કોઈ પણ લેશે નહિ. પણ જો તમે એવુંજ જાણશો કે, એ મેંજ (પરમહંસદેવેજ) લખાવ્યું છે, તો પછી જોજો તો ખરા, અનેક માણસો (એ પુસ્તક) ખરીદશે. વળી હું કહું છું તે સાંભળો. મારું જીવનચરિત્ર છપાવશો નહિ. મારું જીવનચરિત્ર પ્રકટ કરશો તો મારું શરીર રહેશે નહિ." રામચંદ્રે નમ્રતાપૂર્વક કહ્યું: "પ્રભુ! આ દાસ આપનું જીવનચરિત્ર છપાવતો નથી." ગુરુદેવના મુખેથી ઉપર પ્રમાણે વાક્યો સાંભળતાંજ રામચંદ્રના મનમાં વિશેષ બળનો સંચાર થયો. તેમણે અનેક વિઘ્નો સહન કરીને પણ "**તત્ત્વસાર**" નામક પરમહંસદેવકથિત ઉપદેશામૃતથી ભરેલો ગ્રંથ પ્રકટ કર્યો હતો અને પ્રભુનો ઉપદેશ નિયમિતરૂપે આલોચના અને પ્રચાર કરવા માટે, પરમહંસદેવ સ્વસ્વરૂપમાં મિલન પામે તે પહેલાં થોડા દિવસ આગમચ તેમણે "**તત્ત્વમંજરી**" નામક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક પત્રિકા પ્રગટ કરવાનું શરૂ કર્યું હતું. ધર્મ સંબંધી માસિક પત્રિકાનો ઘણોજ પ્રચાર થવો જોઈએ, તેનો લાભ ઘણા સજ્જનો-એ લેવો જોઈએ; પરંતુ તેમ નહિ થતું હોવાથી તેમણે **"તત્ત્વ-મંજરી"** માસિક પત્રિકા વિનામૂલ્યે વહેંચવાનું શરૂ કર્યું હતું. એ પવિત્ર કાર્યમાં ગ્રેટ ઈડિન પ્રેસના સંપાદક શ્રદ્ધાસ્પદ શ્રીયુત સુરેશચંદ્ર બસુ અંતઃકરણથી પ્રેમપૂર્વક તેમને સારી સહાયતા કરતા હતા.

જે સમયે શ્રીરામકૃષ્ણદેવ પોતાની જીવનલીલા સમાપ્ત કરવા માટે શરીરે દુઃખી થઇ પડચા હતા, તે સમયે ભક્તજનોએ તેમને ઔષધ કરાવવા માટે કલકત્તે લાવી રાખ્યા હતા. રામચંદ્ર એ કાર્ય-માં મુખ્ય ઉદ્યોગ કરતા હતા. મહાત્મા રામચંદ્રે પ્રભુની સેવા–શુશ્રૂષા કરવામાં જીવતોડ મહેનત કરી હતી. પરંતુ તેમના મનની આશા પરિપૂર્ણ થઇ નહિ. પરમહંસદેવ પોતાના ભક્તોને અનંત દુઃખસાગરમાં ડુબાડી દઇ અંતર્ધાન થઇ ગયા.

પરમહંસદેવનું પંચભૂતાત્મક શરીર આ લોકનો ત્યાગ કરી ગયું. ત્યાર પછી રામચંદ્ર વગેરે ભક્તોએ તેમનાં અવશિષ્ટ પવિત્ર અસ્થિ, તામ્ર કલશમાં ભરી તે કલશ કાશીપુરના બગીચામાં રાખ્યો હતો* પરમહંસદેવે લીલા સમાપ્ત કર્યા પછી તેમનાં અસ્થિ એકત્ર કરી મંદિરાદિ નિર્માણને માટે અનેક ભકતોએ અનેક પ્રકારની વ્ય-વસ્થા કરવાનું કહ્યું હતું. કોઈએ ભૂમિદાન કરીને અને કોઇએ આવશ્યક દ્રવ્યખર્ચ કરીને મંદિર–પ્રતિષ્ઠા કરવાના કાર્યમાં સહા-યતા કરવાનું વચન આપ્યું હતું. પરંતુ તેમણે આપેલાં વચનો વખતસર પૂરાં ન થયાં ! શ્રીરામકૃષ્ણદેવના અસ્થિ–કલશ સંબંધી તેમના ભકતોમાં અનેક મતમતાન્તર ઉપસ્થિત થયા. ગંગાકિનારે

* રામકૃષ્ણદેવની અસ્વસ્થતા સમયે છેલ્લો થોડો વખત તેમને ઔષ-ધ કરાવવા માટે કાશીપુરનો એક બગીચો ભાડે લઇ ત્યાં રાખ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન લઈને તે સ્થળે સમાધિમંદિર સ્થાપવું એવી અનેકની ઇચ્છા હતી, પરંતુ જમીન વેચાતી લેવા જેટલું દ્રવ્ય ક્યાંથી લાવવું? પ્રભુની ઇચ્છા વિના તે બને કેમ?

પ્રભુનાં અસ્થિ કલશમાંજ ભરી પડયાં રહેવા દેવામાં આવે એ યોગ્ય નહિ, એમ જાણી સર્વનાં હૃદય વ્યાકુળ થવા લાગ્યાં. રામચંદ્રે કહ્યું કે, "જો અડચણ ન હોય તો મારા કાંકુડગાચ્છીના બગીચામાં પ્રભુની સમાધિ બનાવો." અનેક વાદવિવાદ થયા પછી રામકૃષ્ણદેવના સર્વ ભકતોએ રામચંદ્રની પ્રાર્થના કબૂલ કરી બંગાલી સંવત ૧૨૯૩ (ઇ. સ. ૧૮૮૭)ની જન્માષ્ટમી પહેલાં પ્રતિપદા તિથિએ પ્રભુએ પંચભૂતાત્મક દેહમાંથી આત્મરૂપી ચૈતન્યને આ લોકમાંથી અદૃશ્ય કર્યું હતું–અર્થાત્ તેજ દિવસે તેઓ આ લોકનો ત્યાગ કરી ગયા હતા. તેથી જન્માષ્ટમીને આગલે દિવસે રાત્રે પ્રભુના અસ્થિપૂર્ણ કલશને રામચંદ્રના મકાનમાં લાવવામાં આવ્યો. રામચંદ્રે પોતાના ઘરમાં તેની સ્થાપના કરી ચંદન, પુષ્પ વડે સુસજ્જિત કર્યો, ધૂપદીપ થયાં. બીજે દિવસે સર્વ ભકતો એકત્ર થયા અને ત્યાંથી કીર્તન ભજન કરતા કલશને લઇ કાંકુડગાચ્છીના ઉદ્યાનમાં ગયા* શશી (સ્વામી રામકૃષ્ણાનંદ), નરેન્દ્ર (સ્વામી

---

* કીર્તનભજન કરવા માટે એક બગીચો ખરીદવાની ઇચ્છા થવાથી મહાત્મા રામચંદ્ર ગુરુપ્રભુની આજ્ઞા લેવા ગયા હતા. પ્રભુએ સંમતિ દર્શાવી કહ્યું હતું કે, "એવા નિર્જન સ્થાનમાં બગીચો ખરીદજો કે જ્યાં સો ખૂન કરવામાં આવે તોપણ કોઇને ખબર ન પડે. રામચંદ્રે ઘણી શોધ કર્યા પછી ઉપરોક્ત બગીચો (જેને હમણાં "યોગોદ્યાન" કહેવામાં આવે છે તે) વેચાતો લીધો. પ્રથમ એ બગીચામાં જવાનો માર્ગ વગેરે અતિશય કાંટા–કાદવવાળો અને આસપાસ નિબિડ જંગલ હતું. બગીચો ખરીદ્યા પછી પ્રભુએ તે સ્થળ જોવાની ઇચ્છા દર્શાવી હતી. પ્રભુના આવતા પહેલાં ઉદ્યાનનું એક સ્થળ (જે સ્થળે હમણાં પ્રભુનું સમાધિમંદિર બાંધવામાં આવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેકાનંદ) વગેરે તરુણ વયના ભક્તો અને કોઇ કોઇ ગૃહસ્થાશ્રમી ભક્તો પ્રભુના અસ્થિપૂર્ણ કલશને મસ્તકે લઇ બગીચે ગયા હતા. ત્યાં તેની સ્થાપના કરી મહોત્સવ કરવામાં આવ્યો હતો. જન્માષ્ટમીને દિવસે હજી પણ તે સ્થળે મહોત્સવ ઉજવાય છે અને હજારો ભક્તો ભગવાન શ્રીરામકૃષ્ણની પવિત્ર સમાધિનાં દર્શન કરી મહાપ્રસાદ પ્રાપ્ત કરી કૃતાર્થ થાય છે. ધન્ય છે એ ભક્તોને !

પ્રભુનાં અસ્થિ સમાધિસ્થળે પધરાવી સર્વ ભક્તો શોકાકુલ થયા હતા. સંધ્યા સમય થતાંજ પ્રભુની આરતી કરી ભોગપ્રદાન કરવાનું કોઇના સ્મરણમાં રહ્યું નહિ. નૃત્યગોપાલ નામક એક ભક્તના ઉદ્યોગથીજ આરતી વગેરે કાર્ય થયું હતું. તે દિવસથીજ "યોગોદ્યાનમાં" પ્રભુની નિત્ય સેવા, આરતી, ભોગ, વગેરે નિયમિતરૂપે થયા કરે છે.

છે ત્યાં) સાફ-સ્વચ્છ કરી રાખ્યું હતું અને આસપાસ તુલસીનાં વૃક્ષો રોપી વચમાં એક મોટું તુલસીવૃક્ષ રોપ્યું હતું. પ્રભુ એક દિવસ યોગોદ્યાનમાં પધારી ઉદ્યાનની ચારે દિશામાં ફર્યા અને મોટા તુલસીવૃક્ષને પ્રણામ કર્યા હતા. ત્યાર પછી ઉદ્યાનના એક આમ્રવૃક્ષની બે કેરી અને કલકત્તાથી લાવવામાં આવેલું ભોજન કરી તળાવનું જળપાન કર્યું હતું. પરમહંસદેવની ઇચ્છાથી તેઓશ્રીએ જે તુલસીવૃક્ષ આગળ પ્રણામ કર્યા હતા, તેજ સ્થળે તેમનાં અસ્થિ ભરેલો કલશ પધરાવવામાં આવ્યો છે. શ્રીરામકૃષ્ણદેવે જે વૃક્ષની કેરીઓનો આહાર કર્યો હતો તેનું નામ "શ્રીરામકૃષ્ણ ભોગ" અને જે તળાવનું જળપાન કર્યું હતું, તેનું નામ "શ્રીરામકૃષ્ણ કુંડ" એવું નામ પાડયું છે, એ ઉપરાંત પ્રભુની આજ્ઞાનુસાર સર્વ બગીચામાં તેમણે દર્શાવેલે સ્થળે સાધનભજન કરવા માટે એક પંચવટી સ્થાન નિર્માણ કરી રાખ્યું છે. સ્થળનાં દર્શન કરનારને ધન્ય છે અને તે સ્થળે સાધનભજન કરનાર ભક્તજનોને પણ ધન્ય છે. જે સ્થળે સંસારના શોકતાપ નાશ પામે છે અને જ્યાં શાંતિનું સામ્રાજ્ય છે, તેજ સ્થળે નિવાસ કરવા કોની ઇચ્છા નહિ થાય? —લેખક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કે જન્માષ્ટમીને દિવસે પ્રભુનો દેહાસ્થિપૂર્ણ કલશ સ્થાપન કરવામાં આવ્યો ખરો, પરંતુ જે ભક્તોએ ગંગાકિનારે સમાધિ-મંદિર બાંધી ત્યાં મઠ સ્થાપવાની ઇચ્છા દર્શાવી હતી, તેમણે સ્થાપિત કલશ ત્યાંથી ઉપાડી લઇ જવાની ઇચ્છા દર્શાવી. પ્રભુનાં મહાપવિત્ર અસ્થિપૂર્ણ કલશ એક વખત સ્થાપન કર્યા પછી ત્યાંથી ઉપાડી અન્ય સ્થળે લઇ જવો એ કર્તવ્ય નથી, એમ કહી મહાત્મા રામચંદ્રે તેમને શિખામણ આપી; પરંતુ તેનું ફળ વિપરીત થયું. ઊલટો ભકતોમાં કોલાહલ થયો. રામકૃષ્ણદેવના ભકતોમાં બે પક્ષ પડી ગયા. કોઇ પૂર્વોક્ત ભક્તો સાથે અને કોઇ મહાત્મા રામચંદ્રના મત સાથે સહાનુભૂતિ દર્શાવવા લાગ્યા. આ વિષમ વિષયનો નિકાલ લાવવા વચમાં કોણ પડે? કોની વાત તેઓ સાંભળે? અન્ય ઉપાય નહિ જણાયાથી રામચંદ્રના મકાનમાં શ્રીરામકૃષ્ણદેવના સમસ્ત ભક્તોની એક સભા બોલાવવામાં આવી. તે સભામાં અનેક પ્રકારનો તર્ક–યુક્તિપૂર્વક વાદવિવાદ થયો. ત્યારપછી નિશ્ચય થયો કે, પ્રભુના અસ્થિપૂર્ણ કલશની સ્થાપના થઈ ગઇ છે, તેથી તે હવે ત્યાંથી અન્ય સ્થળે લઇ જવો નહિ અને કોઈ પણ ભક્તે તેમ કદી કરવું પણ નહિ. સભામાં જે નિર્ણય થયો હતો તે એક કાગળ ઉપર લખી સાચવી રાખવામાં આવ્યો છે.

પ્રભુનું સમાધિસ્થાન થયા પછી તેમની નિત્ય સેવા થવા માટે સર્વભક્તોએ પ્રત્યેક મહિને થોડું થોડું દ્રવ્ય આપવાનું કબૂલ કર્યું હતું. કેટલાક ભક્તોએ થોડા દિવસ સુધી સહાયતા આપી પણ ખરી; પરંતુ અંતે ભક્તોએ પ્રભુની સેવા માટે જે રકમ આપવાનું કહ્યું હતું તે રકમ બંધ કરી દીધી. મહાત્મા રામચંદ્ર હમેશાં વીર ભક્ત હતા. તેની વીર–ભક્તિ અદ્‌ભુત–અલૌકિક હતી, તેની ગુરુભક્તિની તુલના થાય તેમ ન હતું. વીર ભક્તની પેઠેજ પ્રભુની સેવાનો અને વાર્ષિક લીલા વિસ્તાર મહોત્સવનો ખર્ચ પોતેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાડવા લાગ્યા. એ પ્રમાણે ચારપાંચ વર્ષ વીતી ગયાં. એક પગારદાર બ્રાહ્મણ પ્રભુની સમાધિની સેવા કરતો હતો. મહાત્મા રામચંદ્ર નિત્ય પ્રાતઃસમયે અને રજાના દિવસોએ આખો દિવસ ત્યાં રહી પ્રભુના સેવા–કાર્યની તપાસ કરી જતા. એ પ્રમાણે પ્રભુની સેવાનું કાર્ય થયા કરતું હતું; છતાં તેમાં વિવિધ પ્રકારની અવ્યવસ્થા જોવામાં આવતી. રામચંદ્રની ગેરહાજરીમાં પૂજારી બ્રાહ્મણો નાના પ્રકારના અનાચાર કરતા અને સેવામાં બરાબર ચિત્ત રાખતા નહિ. રામચંદ્ર તેમને સખ્ત ઠપકો દેતા; છતાં બ્રાહ્મણો પોતાનાં આચરણ સુધારતા નહિ, તે તો જેવા હતા તેવા ને તેવાજ! પ્રભુની સેવામાં અવ્યવસ્થા થતી જોઇ ભક્તશ્રેષ્ઠ રામચંદ્રના મન–પ્રાણમાં દારુણ ક્લેશ ઉત્પન્ન થયો. અંતે પ્રભુસેવા સુંદર–સુવ્યવસ્થિત થાય એટલા માટેજ રામચંદ્રે પોતાનું ઘર ત્યાગ કરી યોગોદ્યાનમાં આવી નિવાસ કર્યો. તેમની ધર્મપત્ની પોતાની કન્યાઓને લઇ ઘરમાંજ નિવાસ કરવા લાગ્યાં. પતિ યોગોદ્યાનમાં અને પત્ની સ્વગૃહે–કલકત્તામાં! તેમ છતાં પત્નીના મનમાં જરા પણ અસંતોષ ન હતો. પતિના આનંદમાંજ પોતાનો આનંદ માનતી પત્નીને અસંતોષ કેવો? ધન્ય એ પતિવ્રતાને! ધન્ય એ દાંપત્ય પ્રેમને! જે ઘરમાં આવી પતિવ્રતા સહધર્મિણી–પત્ની હોય તે ઘર સાક્ષાત્ પરમાત્માનુંજ નિવાસમંદિર, તે સ્થાન સાક્ષાત્ વિષ્ણુ ભગવાનનું સુખકર સ્વર્ગધામજ સમજવું. ત્યાં સુખ અને આનંદ નિરંતર નૃત્ય કરી રહે છે, ત્યાંજ પ્રભુનાં પુણ્યમય પગલાં પધારે છે, ત્યાંજ સત્–ચિત્–આનંદસ્વરૂપ પ્રભુનો આશીર્વાદ હોય છે. મહાત્મા રામચંદ્ર નિત્ય યોગોદ્યાનથી કલકત્તા ઑફિસમાં નોકરી કરવા જતા અને સાંજે એક વખત ઘરના સમાચાર લઇ યોગોદ્યાનમાં પાછા ફરતા. પ્રભુની પૂજા, આરતી વગેરે કાર્ય ઘણે ભાગે તેઓ પોતેજ કરતા, પ્રભુની સેવા કરવા માટે તેમણે પોતાનાં સુખ–સ્વાતંત્ર્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસર્જન કરી મેલેરિયા (જ્વર)ની જન્મભૂમિ કાંકુડગાચ્છી (યોગો-દ્યાન)માં નિવાસ કર્યો, એ ઓછા પ્રેમની વાર્તા નથી. ધન્ય એ પ્રભુ-પ્રેમને! ધન્ય એ ગુરુભક્તિને! પોતાની પાસે પૂરતું દ્રવ્ય અને પારિવારિક સુખ હોવા છતાં પણ જે પુરુષ ભગવાનને માટે–ગુરુ-દેવને માટે–આવા પ્રકારનો ત્યાગ સ્વીકારી શકે છે, તેને કયો વિચ-ક્ષણ મનુષ્ય ધન્ય ધન્ય કહ્યા વિના રહેશે? ભગવાનને માટે તેમણે સ્ત્રી, કન્યા, કુટુંબ–પરિવાર, મિત્ર અને દ્રવ્ય આદિ સર્વનો ત્યાગ કરી યોગોદ્યાનમાં નિવાસ કર્યો હતો.

પ્રભુના અંતર્ધાન થયા પછી મહાત્મા રામચંદ્રે તેમનું એક જીવનચરિત્ર છપાવ્યું છે. પરમહંસદેવની બાલ્યલીલા અને સાધન-ભજન સંબંધી તેમને શ્રીમુખેથી તેમણે જે કાંઈ સાંભળ્યું હતું અને તેમના જીવનની જે જે ઘટનાઓ તેમણે સ્વચક્ષુએ નિહાળી હતી, તે સર્વ તેમણે એ જીવનચરિત્રમાં લખ્યું છે; ગુરુદેવનું જીવન-વૃત્તાંત પ્રકટ કર્યા પછી રામચંદ્રે પ્રભુના ઉપદેશામૃતનો સંગ્રહ કરી, ઉપદેશમાં સમાયલા રહસ્યના સ્પષ્ટીકરણ સાથે "**તત્ત્વપ્ર-કાશિકા**" નામક એક પુસ્તક પ્રકટ કર્યું. તેમણે જે સમયે યોગોદ્યાનમાં નિવાસ કર્યો, તે સમયે એ પુસ્તકની દ્વિતીયાવૃત્તિ પ્રકટ થઈ હતી.

જે સમયે રામચંદ્ર યોગોદ્યાનમાં આવી નિવાસ કરવા લાગ્યા, તે સમય પહેલાંથીજ કેટલાક યુવકો, શ્રીરામકૃષ્ણદેવના ઉપદેશ ઇત્યાદિ વાંચી, તેમના સંબંધી વિશેષ માહિતી મેળવવા અને જ્ઞાન-પ્રાપ્તિની આશાથી રામચંદ્ર પાસે વારંવાર આવતા હતા. તેઓ યોગોદ્યાનમાં આવ્યા ત્યાર પછી તે યુવકો પણ પ્રસંગોપાત્ત ત્યાં આવી તત્ત્વોપદેશ શ્રવણ કરતા અને પરમહંસદેવની સેવા કરવામાં સહાયતા કરતા. ધીમે ધીમે એવા યુવકોની સંખ્યામાં વૃદ્ધિ થવા લાગી. તેમાંના કેટલાક અવિવાહિત યુવકો ગૃહનિવાસનો ત્યાગ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુની સેવા કરવા માટે રામચંદ્ર સાથે યોગોદ્યાનમાંજ નિવાસ કરવા લાગ્યા. યુવકોનો યૌવનોચિત ઉત્સાહ અને ઉદ્યમ તેમજ શ્રીરામકૃષ્ણદેવ પ્રત્યે અપ્રતિમ ભક્તિભાવ જોઇ રામચંદ્ર તેમના ઉપર બહુ ખુશી થયા અને તેમની આ લોક-પરલોકમાં ઉન્નતિ થાય તે માટે અતિશય યત્ન કરવા લાગ્યા. યુવકોએ પણ રામચંદ્ર એ-કલાનેજ આ અજ્ઞાન અંધકાર વડે આચ્છાદિત થયેલા સંસારના માર્ગદર્શક ગુરુ માની તેમના ઉપદેશ પ્રમાણે કાર્ય કરવામાં મન-પ્રાણ રોકી દીધાં. રામચંદ્ર સત્કાર્યમાં મુક્તહસ્ત હતા. યુવકોની ધર્મમાં મતિગતિ જોઇ ઉત્સાહિત થયા અને વારંવાર મોટી ધામ-ધૂમ સહિત મહોત્સવાદિ ઉજવવા લાગ્યા. પ્રત્યેક રવિવારે અને રજાના દિવસોમાં તત્ત્વજ્ઞાનની અભિલાષાવાળા અનેક નવા નવા ભક્તો આવી એકત્ર થવા લાગ્યા. રામચંદ્ર સમસ્ત દિવસ તેમની સાથે શ્રીરામકૃષ્ણદેવ સંબંધી વાતો અને કીર્તન આદિ કરી આ-નંદનો પ્રવાહ વહેવડાવતા. એ ઉપરાંત મહોત્સવાદિ ઉજવતી વ-ખતે ભક્તોનાં આત્મીય-સ્વજનને પણ શિખામણ દેતા. તેઓ પણ તે આનંદમાં ભાગ લઇ સત્સંગ કરીને શ્રીરામકૃષ્ણદેવ સંબંધી અનેક નવી નવી વાર્તાઓ જાણી પોતાના હૃદયની પવિત્ર ભાવના-માં વૃદ્ધિ કરતા. આ પ્રમાણે મહાત્મા રામચંદ્ર એક પ્રકારે શાંત રીતે પોતાના ગુરુદેવના સિદ્ધાંતોનો ધીમે ધીમે પ્રચાર કરવા લાગ્યા.

પ્રથમ કહેવામાં આવ્યું છે કે, મહાત્મા રામચંદ્ર બહુ-બજા-રમાં આવેલા "ભારતવર્ષીય વિજ્ઞાન મંદિર"માં વિજ્ઞાન સંબં-ધી ભાષણો આપતા. બંગ સંવત ૧૨૯૯ ના અંતિમ ભાગમાં વિ-જ્ઞાન મંદિરના વ્યવસ્થાપકોની આજ્ઞા મેળવી રામચંદ્રે બંગાલી ભાષામાં વિજ્ઞાન સંબંધી ભાષણો કરવાનું શરૂ કર્યું. પદાર્થ વિજ્ઞા-ન સંબંધી જ્ઞાન પ્રાપ્ત કર્યાથી ધર્મ, અર્થ, કામ એટલુંજ નહિ પણ મોક્ષપ્રાપ્તિ સંબંધી પણ સહાયતા થઇ શકે છે એમ જાણીનેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્રે પોતાનાં સર્વ ભાષણોમાં તે વિષય સારી પેઠે સમજાવવાનો યત્ન કર્યો હતો. તેમનાં ભાષણો અનેક મનુષ્યોને હૃદયપ્રિય, હૃદયગ્રાહી થઇ પડયાં હતાં. એક તરફથી વિજ્ઞાનની નયનાનંદકર પરીક્ષા અને બીજી તરફથી શ્રીરામકૃષ્ણદેવનું ઉપદેશપૂર્ણ નીતિ અને ધર્મનું જ્ઞાન, સાંભળનાર સજ્જનોનું વિશેષરૂપે ચિત્તાકર્ષણ કરતું. આ પ્રમાણે વિજ્ઞાનના આવરણયુક્ત સાંભળનાર મંડળના હૃદયમાં રામકૃષ્ણદેવની વિશ્વજનીન ધર્મભાવના પ્રસરવા લાગી. જે દિવસે તેમણે પોતાનાં એ પ્રકારનાં ભાષણો સમાપ્ત કર્યાં, તે દિવસે તેમણે સર્વ સમક્ષ કહ્યું હતું કે, "જે વિજ્ઞાનદ્વારા હું આટલા દિવસથી મારી સામાન્ય શક્તિ પ્રમાણે સર્વને ઈશ્વરતત્ત્વ સમજાવવા પ્રયત્ન કરી રહ્યો છું, તેજ વિજ્ઞાને એક દિવસ મારું મસ્તક ભમાવી નાખી મને નાસ્તિક બનાવી દીધો હતો. આપ સર્વેએ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનું નામ તો સાંભળ્યું હશે. તેમની કૃપા વડેજ મારાં આ નવીન વિજ્ઞાનચક્ષુ ઊઘડવા પામ્યાં છે."

એ સમયે મહાત્મા રામચંદ્ર, પ્રત્યેક રવિવારે પ્રાતઃકાળને સમયે ઉપરોક્ત યુવક–શિષ્યોને યોગોદ્યાનમાંથી કલકત્તાને રસ્તે "રામકૃષ્ણ" નામગાન કરવા મોકલતા. એક દિવસ તેઓ મળસ્કામાં એ પ્રમાણે "રામકૃષ્ણ ગુણગાન" ગાતા ગાતા કલકત્તા તરફ જવા માટે પ્રભુના શ્રી મંદિર સંમુખ આવી પ્રણામાદિ કરતા હતા તેજ સમયે એકાએક રામચંદ્રે પોતાના ઓરડાનાં બારણાં ઉઘાડી એક યુવકને બોલાવી કહ્યું કે, "ગિરીશદાદા (ગિરીશચંદ્ર ઘોષ) ને કહેજો કે, "ગુડફ્રાઇડેને દિવસે હું 'રામકૃષ્ણ પરમહંસ (ઈશ્વરનો) અવતાર હતા કે નહિ?' એ વિષય ઉપર મિનરવા થિયેટરમાં ભાષણ કરવા ઇચ્છુ છું." શિષ્યોએ તેમની આજ્ઞા પ્રમાણે કાર્ય કર્યું. ગિરીશબાબુએ પણ પ્રથમ તો ના કહી નહિ. રામચંદ્રે પૂર્વકથિત વિજ્ઞાન–મંદિરમાં છેલ્લે દિવસે જે ભાષણ કર્યું, તેમાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રોતૃવર્ગને મિનરવા થિયેટરમાં "રામકૃષ્ણદેવનો અવતારત્વ વિચાર" સંબંધી ભાષણ સાંભળવાનું નિમંત્રણ કર્યું હતું. મિનરવા થિયેટરમાં ભાષણ થવાનું છે, એવા આશયની નિમંત્રણપત્રિકા વગેરે પણ છપાયું હતું; પરંતુ રામકૃષ્ણદેવના ભક્તમંડળમાં નાના પ્રકારનું આંદોલન થવા લાગ્યું. કોઇએ પણ ધાર્યું ન હતું કે, કોઇ પણ ભક્ત રામકૃષ્ણદેવનું અવતારત્વ આટલી ઉતાવળથી, સર્વ પ્રજા સમક્ષ પ્રચાર કરવાનું સાહસ કરશે. જો કે ઘણા ભકતો પરમહંસદેવને ઈશ્વરનો અવતાર માનતા, તથાપિ તેઓ પોતાના મંતવ્યનો જનસમાજ સમક્ષ પ્રચાર કરતાં અચકાતા. લોકલજ્જા અને લોકભયને લીધે અનેક ભકતો દબાઇ રહ્યા હતા, જેમને એવા પ્રકારની લજ્જા અને લોકોનો ભય ન હતો. તેઓ ધારવા પ્રમાણે પોતેજ પોતાનાં મન–પ્રાણથી પરિતૃપ્ત થઇ રહ્યા હતા. તેમણે અમૃતકુંડની શોધ કરી હતી. અરે! તેમને અમૃતકુંડ પ્રાપ્ત થયો હતો. પછી તે બીજાને બતાવે કેમ? કારણ કે પોતાને મળવાની વસ્તુમાંથી બીજાઓ ભાગ પડાવે; પરંતુ ઉદાર મહાત્મા રામચંદ્ર એવી પ્રકૃતિના મનુષ્ય ન હતા. જે સત્ય છે તેને માટે લજ્જા, તિરસ્કાર અને ભયને ચરણ તળે કચડી નાખવા તેઓ નિત્ય તત્પર રહેતા. ઉચ્ચ કંઠે સત્યનો ઢંઢેરો પીટવા માટે તેઓ કોઇની પણ વાટ જોતા નહિ, કિંવા કોઇની પણ મોંશરમ રાખતા નહિ. વળી તેમના હૃદયના ઉદાર ગુણને લીધે કેવળ પોતેજ સુખ પ્રાપ્ત કરી સુખી થયા નહિ. તેમણે શ્રીરામકૃષ્ણદેવના કરુણામૃતનો આસ્વાદ ચાખ્યો હતો; તેથીજ તે સર્વને ચખાડવા માટે વ્યગ્ર થઇ રહ્યા હતા. ગમે તેમ હો, પણ કેટલાક કંજૂસ ભકતોએ રામચંદ્રને ઉપરોક્ત ભાષણ કરવાની ના પાડી હતી. મિનરવા થિયેટરના માલિકોએ પ્રથમ ભાષણ કરવા પરવાનગી આપી હતી; છતાં કેટલાક ભક્તોએ વાંધો દર્શાવવાથી પોતાના થિયેટરમાં ભાષણ નહિ કરવા માટે રામચંદ્રને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહાવી મોકલ્યું. તરતજ મહાત્મા રામચંદ્રે સ્ટાર થિયેટરના માલિકને પોતાની ઇચ્છા નિવેદન કરી. તેમણે અતિ ઉત્સાહપૂર્વક ભાષણ કરવાની પરવાનગી આપી. જોતજોતામાં ચૈત્ર વદ ૪ (બંગ સંવત ૧૨૯૯) શુક્રવારનો દિવસ આવી પહોંચ્યો. કલકત્તામાં સર્વત્ર પ્રસિદ્ધ થયું હતું કે, વિજ્ઞાનના પ્રસિદ્ધ અધ્યાપક (પ્રોફેસર) અને રામકૃષ્ણદેવના પ્રિય શિષ્ય રામચંદ્ર તેમના અવતારત્વ સંબંધી ભાષણ આપવાના છે. તદ્દન નવા વિષય સંબંધી ભાષણ સાંભળવા સર્વ જનસમાજ ઉત્સુક થઇ રહ્યો હતો. આઠ વાગે ભાષણ થવાનું હતું; પરંતુ આઠ વાગતા પહેલાંજ થિયેટર ચિકાર ભરાઇ ગયું હતું. અનેક મનુષ્યોને બેસવાનું કે ઊભા રહેવાનું સ્થાન નહિ મળવાથી ઘેર પાછા ફરવું પડયું હતું. જે સમયે ભક્તરાજ રામચંદ્ર અને તેમની શિષ્યમંડળી રામકૃષ્ણ ગુણગાન કરતી-કરતી થિયેટરમાં આવી ઉપસ્થિત થઈ તે સમયે એકાએક જાણે સર્વ મનુષ્યોનાં હૃદયમાં એક મહાશક્તિનો પ્રવાહ વહેવા લાગ્યો. અનેક મનુષ્યોએ ધાર્યું હશે કે, રામચંદ્ર નૂતન વિષય ઉપર ભાષણ કરવા જતાં પોતાના વિષયનું મંડન કરી શકશે નહિ, પણ ઊલટા હાસ્યને પાત્ર થશે; એટલુંજ નહિ પણ કદાચ શ્રોતૃમંડળીના ક્રોધનો ભોગ થઈ કંઇ પણ કલંક પ્રાપ્ત કર્યા વિના ઘેર પાછા ફરશે નહિ; પરંતુ ગુરુદેવરૂપી ભગવાનની કૃપાથી ભક્તની લજ્જા રહી. ભક્તપ્રવર મહાત્મા રામચંદ્ર તેમના વિરોધીઓની શંકા પ્રમાણે કિંચિત્ અંશે પણ કલંકિત થયા નહિ. તેમણે તો અનેક શાસ્ત્રીય પ્રમાણ દર્શાવી રામકૃષ્ણદેવનું અવતારત્વ સિદ્ધ કરી બતાવ્યું. તેમની અસરકારક અને મનોહર વાણીને પ્રતાપે મંત્રમુગ્ધ બનેલા મનુષ્યોની પેઠે શ્રોતૃવર્ગ તેમનું સમસ્ત ભાષણ શાંત ચિત્તે શ્રવણ કરવા લાગ્યો અને જે સમયે તેમની સેવકમંડળી તેમના ભાષણને અનુસરતું ગાવા લાગી કે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તવ દરશને નાથ ખુલ્લાં જ્ઞાનનયન,
જાગતાં મનમાંથી સર્યું અંધાર આવરણ
સાધન ભજન કરું, શક્તિ નહિ દિલ ધરું,
(માત્ર) **રામકૃષ્ણ નામ પ્યારું**, જપું નિશદિન
મધુર નામ ગાન ગુણે શાંતિ પામું પ્રાણે પ્રાણે,
તેથીજ વહેંચું પ્રતિ જને, (હું) દાન અકિંચન.

આ સમયે સર્વ સાંભળનારનાં અંતઃકરણમાં જાણે વીજળીક પ્રવાહ વહેવા લાગ્યો! સર્વનાં શરીર રોમાંચિત થયાં, નયન પ્રફુલ્લિત થયાં. રામચંદ્રે પ્રથમ વૈજ્ઞાનિક મીમાંસા કર્યા પછી પોતાના જીવનની પ્રત્યક્ષ મીમાંસા સર્વ સાંભળનાર મનુષ્યોને કહી સંભળાવી. રામચંદ્ર જે કાંઈ બોલવા લાગ્યા તે સર્વ સત્ય હતું અને તેમાં પોતાની મનોભાવના ઓતપ્રોત ભરેલી હતી, તેથીજ તેમના શબ્દો શ્રોતૃમંડળીના હૃદયમાં જઈ પ્રવેશ કરવા લાગ્યા. અંતે તેઓ ઉચ્ચ કંઠે બોલવા લાગ્યા કે, "**રામકૃષ્ણ દીનના બંધુ, અનાથના નાથ, અગતિની ગતિ, મૂર્ખના દેવતા અને પતિતને માટે ઈશ્વરાવતાર છે; જેઓ અમારી પેઠે નિરુપાય છે, જેઓ સંસારચક્રમાં નિત્ય અટવાઈ થાકયા હોય, જેને દશે દિશા શૂન્યમય જણાતી હોય, તેમનેજ માટે રામકૃષ્ણદેવે અવતાર ગ્રહણ કર્યો હતો.**" તેઓ એક દિવસ સમાધિસ્થ સ્થિતિમાં કહેતા હતા તે સાંભળોઃ તેઓ કહેતા કે, "**જે મનુષ્ય ભગવાનને ઓળખવા માટે, ભગવાનને પ્રાપ્ત કરવા માટે મારી પાસે આવશે, તેના મનોરથ પૂર્ણ થશે.**"

જે સમયે ભાષણ સમાપ્ત થયું તે સમયે લગભગ સર્વ સાંભળનાર મનુષ્યો સંતોષ પામી ઘેર વિદાય થયાં. ભક્તરાજ રામચંદ્રના શબ્દોએ તેમનાં હૃદયમાં પ્રવેશ કરી એક પ્રકારનો અભુતપૂર્વ ભાવ ઉત્પન્ન કરી દીધો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્ર માત્ર એકજ ભાષણ કરી શાંત થયા ન હતા. પ્રભુ-નો ઉપદેશ અવલંબન કરી પ્રતિ માસે એક એક ભાષણ કરવા લાગ્યા. તે ભાષણો-અમૃતમય-અમરવાણી-સાંભળવાથી અનેક મનુષ્યનાં જીવનમાં એક પ્રકારનું મહાન પરિવર્તન થઇ ગયું છે; અનેકનાં હૃદયમાં ભરાઈ રહેલી સંશયજાળ દૂર થઈ છે; અનેકનાં જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં છે; અનેક મનુષ્યો કિનારા વગરના જણાતા સંસાર-સાગરમાં કિનારો પ્રાપ્ત કરી શક્યા છે; તેમનાં અમૃતમય ભાષણો બંગાળી ભાષામાં છપાઇ હજારો અમૂલ્ય રત્ન-રૂપે પ્રકાશ પાડી રહ્યાં છે અને એકલા ઘરમાંજ નહિ પણ વાચકોનાં હૃદયમાં પણ અજ્ઞાન-અંધકારનો નાશ કરી જ્ઞાનપ્રકાશ પાડી રહ્યાં છે; શ્રીરામકૃષ્ણદેવનું પ્રચારકાર્ય મહાન ભક્ત રામચંદ્રેજ બંગાળામાં સૌથી પ્રથમ શરૂ કર્યું હતું. કલકત્તાના સ્ટાર થિયેટરના સુયોગ્ય સંપાદક શ્રીયુત અમૃતલાલ બસુ, પ્રભુ રામકૃષ્ણદેવના ચરણાશ્રિત શ્રીયુત કાલીપદ ઘોષ અને ઉપેન્દ્રનાથ મુખોપાધ્યાયે મહાત્મા રામચંદ્રને તેમના કાર્યમાં સારી સહાયતા આપી હતી.

મહાત્મા રામચંદ્રે જે સમયે રામકૃષ્ણદેવ સંબંધી ભાષણ આપવાનું શરૂ કર્યું, તે પહેલાંથીજ તેમના શરીરમાં વ્યાધિનો સંચાર થયો હતો. તેઓ મધુમેહ રોગથી પિડાતા હતા. તેમ છતાં તેમણે પ્રભુના કાર્ય આગળ રોગ તરફ વિશેષ લક્ષ્ય આપ્યું ન હતું. તદ્દન પથારીવશ થતાં સુધી તેઓ વ્યાધિગ્રસ્ત શરીર ઉપરજ પોતાના કર્તવ્યકર્મનો ભાર મૂકતાં પાછા હઠતા નહિ. એ ઉપરાંત ભાષણ આપતા પહેલાં કેટલાક દિવસ આગમચ તેમની પીઠ ઉપર એક વ્રણ જણાતાં, તેમના પ્રાણ માટે સંશય ઉપસ્થિત થયો હતો. વળી એક વખત તેમને રક્ત આમાશયના રોગથી અતિશય ક્લેશ ભોગવવો પડ્યો હતો; પરંતુ એ સર્વ કરતાં પૂર્વ-કથિત મધુમેહ રોગ પરિપક્વ થઈ એલબિમિન્યુરિયા રોગના રૂપમાં ફેરવાઇ ગયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી દિનપ્રતિદિન તેમનું શરીર ક્ષય પામતું ગયું. જે સમયે તેમણે "જમા–ખર્ચ" નામક વિષય ઉપર ભાષણ આપવાની ધારણા રાખી હતી, તે સમયે એકાએક તેમની છાતીમાં એક પ્રકારની વેદના ઉપસ્થિત થઇ હતી. રામચંદ્રે ધાર્યું હતું કે, એ વેદનાની દરકાર કર્યા વિના અથવા એ રોગથી મુક્ત થતાં તરતજ ભાષણ કરી શકાશે; પરંતુ એ વ્યાધિએ દિનપરદિન ભયંકર રૂપ ધારણ કર્યું. તેમનું દુઃખ એટલું બધું વૃદ્ધિ પામ્યું કે, તેઓ રાતદિવસ સહજ પણ નિદ્રા લઇ શકતા નહિ. એ પ્રમાણે આઠદસ દિવસ નિદ્રા નહિ લેવાયાથી તેમના દુઃખમાં વૃદ્ધિ થઇ અને છેવટે ઉન્માદ–દીવાનાપણું પ્રાપ્ત થયું. એ સમયે પ્રથમ તેઓ ડૉ. મૅકોનેલ સાહેબની ચિકિત્સામાં હતા. તે સાહેબનું એકાએક મૃત્યુ થવાથી તેમને અનેક વિચક્ષણ બંગાળી ડૉકટરો ઔષધોપચાર કરવા લાગ્યા. પરંતુ તેમના ઔષધથી કાંઇ પણ ગુણ થયો નહિ. રામકૃષ્ણદેવના ભક્તો ચિંતાતુર થઇ પડયા. અનેક ભક્તોએ તેમના જીવનની આશા છોડી દીધી. આ સમયે કવિભૂષણ (વૈદ્યરાજ) શ્રીયુક્ત નિશિકાન્ત સેન મહાશયે તેમને આયુર્વેદીય ઔષધથી એકજ દિવસમાં આરામ કર્યો હતો. તેમ થવાથી રામકૃષ્ણદેવના સેવકોદ્વારા તેમની ખ્યાતિ સર્વત્ર ધન્વંતરિના જેટલી પ્રસરી ગઇ હતી.

શરીર વ્યાધિગ્રસ્ત હોવા છતાં તેમણે પોતાનાં ભાષણો નિબંધના રૂપમાં લખી રાખ્યાં હતાં. શરીર સારું થતાંજ ભાષણો કરી શકાશે એવી જાહેરખબરો પણ તેમણે સર્વત્ર પ્રસારી દીધી હતી; પરંતુ જ્યારે તેમનો વ્યાધિ વિશેષ વૃદ્ધિ પામ્યો, ત્યારે રામચંદ્ર ભાષણ કરવાની આશા છોડી બેઠા. તેમણે પોતાની પાસે રહેતા એક શિષ્યને બોલાવી પોતાનો લખેલો નિબંધ સભા સમક્ષ વાંચી જવાની તેને આજ્ઞા કરી. એક દિવસ નક્કી કર્યો. તે દિવસે તે શિષ્યે અનેક મનુષ્યો સમક્ષ ભાષણ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જમા-ખર્ચ" નામક વિષય ઉપર ભાષણ થતાં પહેલાંજ, કેટલાક દિવસ આગમચ રામચંદ્ર દિનપ્રતિદિન શરીરની અસ્વસ્થતાને લીધે પ્રતિમહિને ભાષણ આપી શકતા નહિ. જો કે ડૉ. નિશિબાબુની ચિકિત્સાને લીધે તેમનું શરીર સારું થયું ખરું, પરંતુ એલબિમિન્યુરિયા રોગને લીધે તેમનું શરીર દિનપરદિન વિશેષ નિર્બળ થતું ચાલ્યું. કેટલાક દિવસ વીતતાંજ ગુરુદેવના પ્રચારકાર્ય માટે પરિશ્રમ કરવાની ઇચ્છા તેમના હૃદયમાં પુનઃ બલવતી થઈ ઊઠી. શરીર તરફ તેમણે દૃષ્ટિ કરી નહિ. નિર્બળ-વ્યાધિગ્રસ્ત શરીરેજ તેમણે પ્રત્યેક મહિને ભાષણ આપવાનું શરૂ કર્યું. એ પ્રમાણે શાસ્ત્રાદિ, જાતિ વિચાર, વિવાહ ઇત્યાદિ વિષયો સંબંધી તેમણે ભાષણો આપ્યાં છે.

રામચંદ્રનું શરીર નિર્બળ હોવા છતાં કેવળ માનસિક બળવડેજ તેઓ સર્વ કાર્ય કરતા. જે સમયે ઉપરોક્ત શાસ્ત્રાદિ સંબંધી રામકૃષ્ણદેવના ઉપદેશ વિષયનું ભાષણ કર્યું, ત્યાર પછી થોડા સમયમાંજ તેમણે "**તત્ત્વમંજરી**" નામક માસિક પત્રિકા (બંગાળી ભાષામાં) પુનઃ પ્રકટ કરવાનું શરૂ કર્યું.

ઑફિસનું કામ અને અન્ય સ્થળે ભાષણ આપવાં, એક માસિક પત્રિકાના સહાયક થઈ તે કાર્ય ચલાવવું, પ્રત્યેક મહિને એક ગહન વિચારપૂર્ણ ભાષણ આપવું અને લેખ લખવો, એ સર્વ એલબિમિન્યુરિયા જેવા અનેક વ્યાધિઓથી ભરેલા શરીરને માટે સંભવિત હોય તેની કલ્પના અનેક મનુષ્યોને હોઈ શકે નહિ. પરંતુ મહાત્મા રામચંદ્રને એ સર્વ કાર્ય કરતાં અનેક ભક્તોએ અને બંગાળી લેખકોએ પ્રત્યક્ષ જોયા છે.

એ પ્રમાણે અતિશય પરિશ્રમ કરવાથી રામચંદ્રનું શરીર તદ્દન નાશ પામવાની તૈયારીમાં હતું. શરીરનું કાર્ય તો પોતાના ધર્મ પ્રમાણે થયાજ કરે છે. ડૉકટરો, વૈદ્યો વગેરે સર્વ તેમને એટલો બધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશ્રમ કરતાં રોકવા લાગ્યા. તેમનું શરીર પણ ધીમે ધીમે શય્યા-વશ-નિર્બળ થતું ગયું. એવા વ્યાધિગ્રસ્ત શરીર ઉપર તેમને ક્રોધ ઉત્પન્ન થયો, તેથી તેમનું શરીર કાળ-ગ્રાસની દિશામાં ખેંચાવા લાગ્યું હતું. પૂર્વે કહેવામાં આવ્યું છે કે, કેટલાક યુવકોએ ગૃહ-નિવાસ બંધ કરી રામચંદ્રની પાસે યોગોદ્યાનમાં નિવાસ કર્યો હતો. રામચંદ્ર તેમને પોતાના પુત્ર પેઠે જાણી સર્વ વિષયમાં તેઓ ઉન્નતિ પ્રાપ્ત કરી શકે તે માટે હમેશાં યત્ન કરતા. તેમને સદુપદેશનું દાન કરીને, ઉચ્ચ વિદ્યાથી સંસ્કારી બનાવીને, એટલુંજ નહિ પણ કોઇ કોઇ માટે ધારવા કરતાં વિશેષ દ્રવ્ય ઉપાર્જન કરે એવી વ્યવસ્થા કરીને અને તે સર્વ ઉપરાંત તેમના જીવનમાં ધર્મની વિમલ ભાવ-નાનો સંચાર કરી દઇ, તેમને જનસમાજનાં મુખ્ય ઉજ્જવલ રત્નના રૂપમાં બદલી દેવાની ભાવના તેમના હૃદયમાં નિરંતર નિવાસ કરતી. એ પ્રકારે સચ્ચરિત્રવાન અને સુશિક્ષિત બનાવવા માટે તેઓ તેમને કઠોર નિયમપાલન કરાવતા, પરંતુ કાળની ગતિને કોણ રોકી શકે છે? કેટલાક તેમની શિક્ષાપ્રણાલીને અપ્રીતિકર જાણી તેમના ઉત્તમ શાસનમાંથી નાસી દૂર ચાલ્યા ગયા હતા અને યૌવનને યોગ્ય એવી આકાંક્ષાઓથી લોભાઈ, ક્ષણિક સુખકર જીવન વ્યતીત કરવા આકર્ષાયા હતા!

યુવકોનું એવું દુષ્ટ વર્તન જોઇ રામચંદ્રના મનને વિશેષ દુઃખ થવાથી તેમનું શરીર વિશેષ વ્યાધિગ્રસ્ત થયું હતું. ગમે તેમ હો, કેટલાક દિવસ પછી વૈદ્યોની આજ્ઞાથી અને શરીરની અસ્વસ્થતાને લીધે તેઓ પ્રત્યેક મહિને ધર્મ સંબંધી જે ભાષણો કરતા તે કરી શક્યા નહિ. માત્ર "તત્ત્વમંજરી" માસિક પત્રિકાદ્વારાજ ભગ-વાન શ્રીરામકૃષ્ણદેવનો ઉપદેશ-પ્રચાર કરવા લાગ્યા.

જો કે પ્રત્યેક મહિને ભાષણો બંધ રહ્યાં ખરાં, પરંતુ પ્રત્યેક રવિવારે યોગોદ્યાનમાં ભક્તો એકત્ર થતાંજ તેઓ પ્રથમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે તેઓની સાથે કીર્તન, ભજન અને તત્ત્વજ્ઞાન સંબંધી ચર્ચા ચલાવતા. તેઓ ગુરુદેવના ઉપદેશાનુસાર સર્વને તત્ત્વજ્ઞાન સમજાવતા. તેમ કરવામાં પણ તેઓ શરીરની સુખાકારી તરફ લક્ષ્ય રાખતા નહિ. જગતના ઇતિહાસમાં અને સાધુમહાત્મા અને ભક્તોના જીવનમાં એવીજ ઘટના વારંવાર દૃષ્ટિએ પડે છે. એ મહાત્માઓ સ્થૂલ–જડ–કરતાં ચૈતન્ય તરફ અધિક દૃષ્ટિ રાખતા જણાયા છે. જડ દેહ તરફ તેઓની દૃષ્ટિ અતિ અલ્પ પ્રમાણમાં આકર્ષાય છે. જે મનુષ્યે એક વખત આધ્યાત્મિક રાજ્યમાં પ્રવેશ કરી ચિદાનંદનો સ્વાદ ચાખ્યો છે, જે મનુષ્યે એક વખત પ્રેમમય ભગવાનની મોહન–મૂર્તિનું દર્શન કરી આનંદસાગરમાં તરવા માંડ્યું છે, તે તેજ વિષયમાં મગ્ન રહી પોતાને–જડદેહને વીસરી જાય, તેનું મન ક્ષણભંગુર–જડ શરીર તરફ સતત દૃષ્ટિ રાખતાં કંટાળે અને હૃદયેશ્વર–ઈશ્વર તરફ દોડવા ચહાય તેમાં વળી વિશેષ આશ્ચર્ય શું ? આપણે વિષયાસક્ત જીવો છીએ. શરીરની સુખ–સ્વચ્છંદતા તરફજ આપણી દૃષ્ટિ આકર્ષાઇ રહે છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. શરીર આનંદમાં રાખવું, ગાડીઘોડા દોડાવવા અને સુંદર સ્ત્રીઓનો સહવાસ રાખવો, મિષ્ટાન્નાદિ ભોજન કરવાં અને શરીરને જાડુંલઠ્ઠ બનાવવું એજ આપણું એક માત્ર કર્તવ્ય મનાય છે! અને એમ કરતાં ઘણા શ્રીમંતો વ્યાધિના ભોગ થઈ, અનેક પ્રકારનાં કષ્ટો ભોગવી ભોગવીને એક દિવસ મરણશરણ થાય છે ! શ્રીરામકૃષ્ણદેવનો વિષય–પ્રચાર કરતાં અને તેમની સેવા કરતાં કરતાં ભક્ત રામચંદ્રના જીવનને દોઢ વર્ષ વ્યતીત થઇ ગયું. તેમનું શરીર અત્યંત ક્ષીણ થઇ ગયું હતું. જો કે દિન પર દિન રોગમાં વૃદ્ધિ થયા કરતી હતી, તેમ છતાં તે સમયે કોઇએ કલ્પના કરી ન હતી કે, ધર્મ–ગગનનું એ અતિ ઉજ્જ્વલ નક્ષત્ર ચિરકાલને માટે શીઘ્ર અસ્ત પામી જશે અને તેમની ગેરહાજરીમાં ધર્મમાર્ગના અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસીઓ ગાઢ અંધકારમાં પ્રકાશ નહિ જોવાથી-દિશા ભૂલી જઈ વિકટ માર્ગે ભ્રમણ કરી અંધકારમાં અથડાઈ મરશે !

જોત જોતામાં વિક્રમ સંવત ૧૯૫૫ ની વિકાળ હેમંતઋતુ આવી ઉપસ્થિત થઇ. મહાત્મા રામચંદ્રનું શરીર અતિશય દુર્બળ થઈ પડયું હતું. તેમના શરીરમાં રક્ત એટલું બધું ઓછું થઇ ગયું હતું કે, શરીરની સુંદરતા નષ્ટ થઇ ગઇ હતી. શરીર ફિક્કું પડયું હતું. અતિશય ચિંતાઓને લીધે માત્ર મુખ શ્યામ વર્ણનું જણાતું હતું. એલબિમિન્યુરિયાને લીધે પગે સોજા જણાતા હતા. રામચંદ્ર કહેતા કે, તેમના હૃત્પિંડના કોઈ એક સ્થળમાં વ્યાધિ થયો છે. ઘરમાં દાદરે ચડતાં તેમને શ્વાસ ચડતો. ડૉ. નિશિ બાબુ દવા કરતા હતા. કાર્તિકપૂજનના એકબે દિવસ પછી તેમણે એક દિવસ રાત્રે યોગોદ્યાનમાં શયન કર્યું હતું. મધ્ય રાત્રે એકાએક તેમને શ્વાસનું દર્દ ઊપડયું. રામચંદ્રના પિતામહને હાંફણનું દર્દ હતું. પિતામહના અનેક સદ્ગુણના વારસા સાથે રામચંદ્રને એ રોગ પણ વારસામાં મળ્યો હતો. કોઈ વખત શ્વાસના દર્દને લીધે તેમને બહુ દુઃખ ભોગવવું પડતું, પરંતુ ડૉકટરોની દવાથી તે મટી પણ જતું. મધ્યરાત્રે સહસા શ્વાસ ઊપડવાથી તેમનો જીવ ગભરાવા લાગ્યો. તેમણે એક સેવકને બોલાવી ઔષધ માગ્યું. આયોડાઈડ ઑફ પોટાસિયમ એ શ્વાસને માટે એક અમોઘ ઔષધ કહેવાય છે. રામચંદ્રની આજ્ઞાથી સેવકે તેજ ઔષધનું તેમને સેવન કરાવ્યું, પરંતુ તેથી કાંઇ ફાયદો થયો નહિ. રામચંદ્રે એક વખત, બે વખત અને ક્રમે ચાર વખત (૭૦ ગ્રેન) એ ઔષધ ઉપરાઉપરી લીધું; પરંતુ એટલું બધું ઔષધ કોણ જાણે કયાંએ તણાઈ ગયું ! તેમને ક્ષણે ક્ષણે શ્વાસ લેવામૂકવાનું બહુજ દુઃખકર થઇ પડયું. પોતાના એક બીજા હત ભાગ્ય સેવકને બોલાવવા મોકલ્યું અને બારી બારણાં ઉઘાડાં મુકાવી અતિશય કષ્ટે શ્વાસ લેવામૂકવા લાગ્યા. સેવક આવતાંજ બન્નેએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આલિંગન કર્યું. તે પછી શ્વાસનું દર્દ તેમને વિશેષ દુઃખ દેવા લાગ્યું. રોગ વૃદ્ધિ પામતો ગયો. બીજા એક બે ભક્તો ઉદ્યાનમાં નિવાસ કરતા હતા, તે તેમને પંખો નાખવા લાગ્યા. જાણે આકાશ તેમને વાયુશૂન્ય જણાવા લાગ્યું. થોડી વાર પછી તો તેઓ તદ્દન અચેતન થઈ પડ્યા અને તેમના શરીરે કંપ ઉત્પન્ન થયો. મૃત્યુનાં પૂર્વ લક્ષણની પેઠે ચિહ્નો જણાવા લાગ્યાં. જે બે સેવકોને ગળે બાઝી તેઓ અર્ધ શયન અને અર્ધ બેઠેલા જેવી સ્થિતિમાં રહી આટલું બધું કષ્ટ સહન કરી રહ્યા હતા તેઓ તરુણ વયના અને ક્ષીણ બુદ્ધિના હતા. આવી ભયંકર સ્થિતિમાં–વિપત્તિમાં શું કરવું તે તેઓ સમજી શક્યા નહિ. જો કે કલકત્તે ડૉકટરોને અને આત્મીય સ્વજનોને ખબર આપવા માટે માણસો મોકલવામાં આવ્યાં હતાં, પરંતુ એક કલાક પહેલાં કલકત્તેથી કોઇ આવી પહોંચે એવો સંભવ ન હતો. બન્ને યુવકો મૂઢ બની પોતાના ઇષ્ટદેવતા ભગવાન શ્રી રામકૃષ્ણદેવની પ્રાર્થના કરવા લાગ્યા. અરણ્ય–જંગલ ભેદીને પ્રભુના શ્રીમંદિરથી થોડે છેટે રુંધાયલે કંઠે આર્ત સ્વરે થતો "રામ-કૃષ્ણધ્વનિ" સંભળાવા લાગ્યો. પોતાના જીવનમરણના એક માત્ર સહાયક મહાત્મા રામચંદ્રને માટે હતભાગ્ય યુવકો મન–પ્રાણપૂર્વક પ્રભુ પાસે પ્રાર્થના કરવા લાગ્યા. અસહાય, ઉપાયહીન અને નિર્બળ મનુષ્યોને માટે રુદન સિવાય બીજું બળ શું હોય ? કંગાલના પ્રભુ, દીનના બંધુ, અસહાયના સહાયક, ભગવાન શ્રીરામકૃષ્ણદેવે તેમની પ્રાર્થના એક વખત સાંભળી. રામચંદ્રમાં ચૈતન્ય આવ્યું. જો કે ત્યાર પછી બેત્રણ વખત પ્રથમની પેઠે શ્વાસ ઘેરાઇ જવા માંડ્યો ખરો; પરંતુ પ્રભુની કૃપાથી તે ધીમે ધીમે ઓછો થવા લાગ્યો. ત્યાર પછી ડૉકટર અને વૈદ્યોની દવાથી કેટલાક દિવસ પછી તેમણે એક પ્રકારનું આરોગ્ય મેળવ્યું.

પરંતુ તેમની આરોગ્યતા થોડા દિવસને માટેજ હતી. તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવાત્મા દેહપિંજર ભાંગી નાંખી પ્રભુ શ્રીરામકૃષ્ણદેવની પાસે જવા માટે વ્યગ્ર થઇ રહ્યો હતો. બેચાર દિવસ કામ કરતાં કરતાંજ તેમને શરીરમાં અતિશય દુર્બળતા જણાવા લાગી. એક દિવસ મેડિકલ કોલેજમાં નોકરી કરી રહ્યા પછી સાંજે તે તેમના સિમુલિયાસ્થિત મકાનમાં બેઠા હતા, તે સમયે શ્રીરામકૃષ્ણદેવના એક સન્યાસી ભક્તે તેમના શરીરની દુર્બળતા જોઈ તેમને તે દિવસે તેજ મકાનમાં રહેવાનો આગ્રહ કર્યો. રામચંદ્ર સ્વશરીરે નાના પ્રકારનાં દુઃખ સહન કરતા હતા, તેથી તે ભક્તનો આગ્રહ માન્ય કર્યો. તે દિવસે મધ્ય રાત્રે તેમને પુનઃ શ્વાસનો રોગ પ્રથમની પેઠેજ ઊપડ્યો અને અતિશય દુઃખ થયું. સમસ્ત રાત્રિ અતિશય દુઃખ થયા પછી પ્રાતઃકાલમાં જો કે તે થોડું ઓછું થયું ખરું; પરંતુ તેમના પગથી તે ઉદર સુધી શરીરનો નીચલો ભાગ સોજાથી ફૂલી ઊઠ્યો અને નાના પ્રકારની પીડા થવા લાગી. તેમનામાં ઊઠવાની શક્તિ પણ રહી નહિ.

રામચંદ્ર આ પ્રમાણે દોઢ મહિના સુધી રોગ-શય્યામાં પડી રહ્યા. દુઃખ-કલેશની સીમા ન હતી. આહાર અને નિદ્રાનું નામ ન હતું. કિંચિત્ આહાર કરતા તે ઊલટીદ્વારા નીકળી જતું. પ્રથમથીજ શયન તો કરી શકતાજ નહિ. શયન કરતાંજ શ્વાસ રોકાઇ જતો હોય તેમજ થતું. મધ્ય રાત્રિનો સમય છે, મહોલ્લાનાં સર્વ જીવો નિદ્રાના સુખ-શાંતિમય ખોળામાં આળોટી રહ્યા છે, પરંતુ રામચંદ્ર જાગૃત છે ! તેમની બે બાજુએ બે સેવકો ઉઘાડી આંખે તેમના મુખ સામે જોતા બેસી રહ્યા છે. રામચંદ્ર એક વખત શયન કરવાનો યત્ન કરે છે પણ તેમ કરી શકાતું નથી. પુનઃ સેવકોનો આધાર લઇ ઊઠી બેઠા થાય છે અને વારંવાર "જય પ્રભુ" "જય પ્રભુ" શબ્દોચ્ચાર કરી ગુરુદેવનું નામસ્મરણ કરી ઊંડો શ્વાસ મૂકે છે. આ પ્રમાણે એક પછી એક અનેક રાત્રિ વીતવા લાગી છે. ડોકટરો ઉપરાછાપરી ઔષધોનો પ્રયોગ કરી થાક્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેમનાથી કંઈ ફાયદો થયો નહિ. તેઓ તદ્દન નિરાશ થઇ ગયા, પરંતુ ભક્તોએ આશા છોડી નહિ. તેમણે ધાર્યું કે, "જેની પાસેથી વૈદ્યોમાં વિદ્યા-બુદ્ધિ આવી છે, તેજ (ઈશ્વર) રામચંદ્રનો રોગ મટાડી દેશે. તેમણેજ રોગને જન્મ આપ્યો છે. તેઓજ રોગને નિર્મૂળ કરી દેશે. ભગવાન શ્રીરામકૃષ્ણદેવ શું એટલા બધા નિષ્ઠુર થશે કે, મુખ ઊંચું કરી આપણા રંક તરફ જોશે પણ નહિ ? પરંતુ હાય ! તેમની આશા મનમાં ને મનમાંજ રહી ગઇ. તે પુનઃ કદી પણ પૂર્ણ થઇ નહિ. તેમણે પ્રેમને વશ થઇને જે પ્રાર્થના કરી તે ભગવાને કોણ જાણે શા કારણથી પરિપૂર્ણ કરી નહિ, તે તો ભગવાનજ જાણે !

આ પ્રમાણે દોઢેક મહિનો વીતી ગયા પછી એક દિવસ એક ડૉકટર બંધુએ આવી મકાન બદલવાની સલાહ આપી. સિમુલિયા-સ્થિત મકાનમાં જોઇએ તેટલો તડકો પ્રવેશ કરતો નહિ હોવાથી તેમણે તેમને અન્યત્ર નિવાસ કરવાની સલાહ આપી. રામચંદ્રે પણ તે સલાહ પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું. તેમનો એક જામાત્ર અને એક સેવક સારા મકાનની શોધ કરવા ઘર બહાર નીકળતા હતા, એજ સમયે યોગોદ્યાનમાંથી એક હતભાગ્ય ચરણાશ્રિત સેવક તેમને માટે ગુરુદેવનો મહાપ્રસાદ લઇ આવી ઉપસ્થિત થયો. પ્રભુભક્ત રામચંદ્ર નિત્ય ગુરુદેવનો પ્રસાદ ગ્રહણ કરી અતિશય આનંદ પામતા. પ્રસાદ ગ્રહણ કર્યા પછી તે સેવકને મકાન બદલવાની વાત તેમણે કહી. પછી કહ્યું કે, "ભાઈ ! મકાન બદલવાથી શો લાભ થશે ? મને બગીચામાં-યોગોદ્યાનમાં-લઈ જાઓ. તમે ડૉકટર-વૈદ્યોની ઘણીએ દવાઓ કરાવી પણ કાંઇ વળ્યું નહિ. હવે મને શ્રીગુરુદેવની પાસે જવા દો ! ત્યાં જઇને હું તેમનું ચરણામૃત અને પ્રસાદ ગ્રહણ કરીને-જ સર્વ દુઃખમાંથી મુક્ત થઇ શકીશ." એ સાંભળી તેમનાં સગાં-સંબંધીજનો અનેક વાંધા દર્શાવવા લાગ્યાં. "તે સ્થાન સારું નથી. તે સ્થળે ડૉકટર-વૈદ્યો આવવા ઇચ્છતા નથી. તે નિર્જન જંગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લમાં વ્યાધિગ્રસ્ત શરીરે જવાય ખરું ?" વગેરે અનેક વાતો કહેવા લાગ્યાં, પરંતુ ભક્તરાજ રામચંદ્રે તેમનું કાંઇ પણ માન્યું નહિ. તેમના પ્રાણ તો શ્રીગુરુદેવની પાસે જવા તલપી રહ્યા હતા, ત્યાં પછી તેમને કોણ રોકી શકે એમ હતું ? પ્રભુની સમાધિનું પૂજન અને આરતીનાં દર્શન કર્યે ઘણા દિવસ થયા હતા, તેથી તેમનું ચિત્ત ત્યાં ગયું હતું. આત્મીય સ્વજનો સાથે થોડો ઝઘડો થયા પછી બગીચામાં જવા તેમનું ચિત્ત વ્યગ્ર થઇ ઊઠયું !

યોગોદ્યાનમાં જવા માટે રામચંદ્રનું ચિત્ત એટલું બધું વ્યગ્ર થયું હતું કે, તેઓ પોતાની મેળેજ ઊઠી ઊભા થયા હતા. વ્યાધિને લીધે તેઓ એટલા બધા દુર્બળ થઇ ગયા હતા કે તેઓ પોતાની મેળે પાસુ બદલવા પણ શક્તિમાન ન હતા; તેમ છતાં માનસિક બળ વડે, અભાવનીય વિક્રમ વડે, એકાએક તેમને ઊભા થયેલા જોઇને સર્વને અતિ આશ્ચર્ય થયું. ત્યાર પછી તેમને પાલખીમાં બેસાડી યોગોદ્યાન તરફ લઈ ગયા. ઉપરોક્ત પ્રિય સેવકને લઇ, સ્વજન આત્મીયના સ્નેહ, મમતાને અતિ તુચ્છ ગણી, પુણ્યભૂમિ યોગોદ્યાનમાં જઇ પ્રભુના પાદ-પદ્મમાં આશ્રય ગ્રહણ કરવા માટે તેમણે પ્રયાણ કર્યું. ગમે તેમ હો, પરંતુ મહાત્મા રામચંદ્ર તેવી પ્રકૃતિના મનુષ્ય ન હતા. તેમના હૃદયમાં ભક્તિનો સાગર ઊછળી રહ્યો હતો. તેમણે ગુરુભક્તિમાં જીવન વ્યતીત કર્યું હતું. તેમના પવિત્ર હૃદયમાં પતિતપાવન ગુરુદેવનો નામમહિમા છવાઇ રહ્યો હતો અને ગુરુમંત્રનો જાપ થયા કરતો હતો. પાપ તે શું એજ જેઓ જાણતા ન હતા તેને પત્ની, કન્યા અને સ્વજનનો મોહ ક્યાંથી હોય ? એવા મહાપુરુષના મનમાં ક્ષણે ક્ષણે ઇષ્ટદેવતાનું સ્મરણ થયા વિના કેમ રહે ? સાધારણ પ્રપંચી-પાપી મનુષ્યોનું ચિત્ત મરણ સમયે સ્ત્રીપુત્રાદિક અને લક્ષ્મી તરફ આકર્ષાય છે તે તમે પ્રતિદિન જોઇ શકો છો; પરંતુ ગુરુભક્ત, ઈશ્વર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમી, પવિત્રાત્મા રામચંદ્રનું શરીર એટલું બધું વ્યાધિગ્રસ્ત-નિર્બળ છે કે, પ્રતિક્ષણે પંચ મહાભૂતનું શરીર ત્યાગ કરવાનો સંભવ ઉપસ્થિત થયો છે; છતાં યોગોદ્યાન તરફ જવાનાં આચરણ અને ગુરુદેવનું નામસ્મરણ એ શું અસ્વાભાવિક અદ્‌ભુત નથી? મહાત્મા રામચંદ્રનું એવું વર્તન જોઇ પ્રત્યેક ભક્તિવાન પુરુષ તેમને મુક્તકંઠે મહાત્મા-સાધુ-પુરુષ કહ્યા વિના કેમ રહેશે? તેમની ગુરુભક્તિને ધન્યવાદ આપ્યા વિના કેમ રહેશે?

રામચંદ્રે હાસ્યભરિત વદને યોગોદ્યાન તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં શિષ્ય સેવકને કહ્યું: "બચવા પામ્યા ખરા." તેણે કહ્યું: "આટલા બધા દિવસ પછી શનિ દેવતાએ તમને મુક્ત કર્યા." રામચંદ્રે ઉત્તર દીધો: "સત્ય કહ્યું." શિષ્ય સેવકે કેટલાએ આશાના કિલ્લા બાંધ્યા હતા કે, ગુરુદેવના સમીપ જતાંજ રામચંદ્રનો વ્યાધિ સારો થઇ જશે; પરંતુ હાય! તે સમયે તે સમજી શક્યો નહિ કે, તેની આશા માત્ર આકાશકુસુમવત્ મિથ્યા છે! તે અપૂર્ણ રહી જઇ તેને ચિરદિન તૃષાનલમાં દગ્ધ કરી દેશે. રામચંદ્ર યોગોદ્યાનમાં આવ્યા એટલે તેમની ઇચ્છાનુસાર તેમને શ્રીગુરુદેવના મંદિર આગળ લઇ ગયા. તેમણે ગુરુદેવને પ્રણામ કર્યા અને મંદિર સામે જોયા કર્યું. તે સમયે મધ્યાહ્નના ત્રણ વાગ્યા હશે. મંદિરનાં દ્વાર ઉઘાડી દર્શન કરાવવાની સેવકે ઇચ્છા જણાવતાં પ્રભુની નિદ્રાનો ભંગ થવાનો સમય નહિ હોવાથી ના ન કહી. એ સમયે તેમને મનમાં એટલો બધો આનંદ થયો હતો, કે જેથી તેઓ પોતાનું કષ્ટ તદ્દન ભૂલીજ ગયા હતા. માત્ર શ્રીગુરુદેવનુંજ ધ્યાન થયા કરતું.

ધીમે ધીમે સંધ્યા સમય થયો. એક ઓરડામાં શય્યા હતી. રામચંદ્રે ત્યાં શયન કર્યું હતું. ત્યાં ગયા પછી તેમના વ્યાધિમાં વૃદ્ધિ થઇ. સાયંકાલ થતાં ઠંડીનું જોર વધ્યું તેમ તેમ શ્વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ ચડવા લાગ્યો. જે બે સેવકો હમેશાં તેમની પાસે રહેતા તેઓ ગુરુદેવનાં ગુણગાન કરવા લાગ્યા. તેઓ માત્ર પોતાનું આશાસ્થળ પ્રભુનાં પાદપદ્મનું સ્મરણ કરી કરુણ કંઠે રામકૃષ્ણ-સંગીત ગાવા લાગ્યા. મહાત્મા રામચંદ્ર દુઃખ–દર્દ ભૂલી જઇ શાંત ચિત્તે ગુરુદેવનાં ગુણગાન સાંભળવા લાગ્યા–કહો કે દર્દમાંથી ચિત્તવૃત્તિ ખસેડી ગુરુદેવનાં ચરણકમળમાં ચિત્ત જોડી દીધું! તેઓ વ્યાધિને ભૂલ્યા. તેમણે એક ચિત્તે પ્રભુનું નામામૃત પાન કરવા માંડયું. રાત્રિનો ગાઢ અંધકાર ભેદી રામકૃષ્ણનામ ધ્વનિત થવા લાગ્યું. જંગલમાં ચારે દિશામાં રામકૃષ્ણનામોચ્ચાર સંભળાવા લાગ્યો, તેથી જંગલનાં જીવ–જંતુઓ પણ પવિત્ર થવા લાગ્યાં! આ સમયે ભક્ત રામચંદ્ર નિર્વાક્, શાંત, સ્થિર, ગુરુદેવના ધ્યાનમાં મહાનિમગ્ન થઇ રહ્યા હતા. થોડી વાર પછી તેમણે સેવકોને સંગીત ગાતા બંધ કર્યા. તેઓ પણ શાંત, સ્થિર થઇ ગયા. જાણે સમાધિ–સ્થિતિમાં ન હોય! કેટલીક વાર એક-ચિત્ત થયા પછી પુનઃ તેમને શ્વાસ ચડવા લાગ્યો અને સેવકો પણ રામકૃષ્ણ–નામનું ગાન કરવા લાગ્યા. એ સ્થિતિમાંજ રાત્રિ વ્યતીત થઈ ગઇ.

નિત્ય રાત્રિનો સમય રામકૃષ્ણદેવનાં ભજન ગાવામાંજ વીત-વા લાગ્યો. વ્યાધિ કોઈ પણ રીતે ઓછો થતો નહિ. ભક્તો નિ-શિબાબુને ઔષધ માટે ત્યાં લઈ આવ્યા. નિશિબાબુએ તેમની નાડી વગેરે તપાસી કહ્યું: "આશા બહુજ ઓછી છે, તેમ છતાં ભગવાનની ઇચ્છા હોય તો સારું થાય પણ ખરું." કોઇક પ્રસંગે ઊલટી થતી તે વખતે રામચંદ્રને તેમાં લોહી પડતું. ડોકટરને નિ-રાશ થવાનું એજ મુખ્ય કારણ હતું. છતાં તેમણે આશા આપી ઔષધની વ્યવસ્થા કરી. જો કે રામચંદ્રને ઔષધ સેવન કરાવ્યું ખરું, પરંતુ તે તેમના પેટમાં ટકી શકયું નહિ. ઔષધ પેટમાં પ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડતાંજ ઊલટી થઈ નીકળી જવા લાગ્યું. ઔષધથી ફાયદો થતો નહિ હોવાથી રામચંદ્ર પણ ઔષધ ઉપર ગુસ્સે ભરાયા હતા. એ જોઈ ડૉ. નિશિબાબુએ હોમિયોપથી ઔષધનું સેવન કરાવવાની સલાહ આપી. ડૉ. પ્રતાપચંદ્ર મજમુદારને બોલાવવામાં આવ્યા. તેમણે ઔષધ આપ્યું ખરું, પરંતુ વિશેષ આશા બતાવી નહિ. ભક્તજનોનાં મુખમંડલ મલિન થઇ ગયાં. આ સમયે સર્વે કેવળ શ્રીગુરુદેવની કૃપા ઉપર વિશ્વાસ રાખી બેઠા. એ સેવકોમાંથી એક સેવક, "રામચંદ્રની આરોગ્ય કામના" માટે અનશન-વ્રત ગ્રહણ કરી ગુરુદેવના મંદિરમાં પડ્યો રહ્યો. પરંતુ તેમનું અદૃષ્ટ જીવનપર્યંતને માટે દગ્ધ થયું છે એવું આટલું બધું જોવા છતાં તે કલ્પના કરી શક્યા નહિ. મહાત્મા રામચંદ્ર સંવત ૧૯૫૬ ના પોષ વદિ ૧૩ ને બુધવારે યોગોદ્યાનમાં આવ્યા હતા. માઘ સુદિ ૩ ને સોમવારપર્યંત તેમણે એવી ને એવીજ સ્થિતિમાં દિવસો વ્યતીત કર્યા હતા.

માઘ સુદિ ૪ ને મંગળવારના પ્રાતઃસમયથી રામચંદ્રનું શરીર અત્યંત નિર્બળ જણાવા લાગ્યું. એક પ્રકારની અઘોર નિદ્રાએ આવી તેમને ઘેરી લીધા. બધાએ ધાર્યું કે, કદાચ નિદ્રા પછી તેમનું શરીર સારું થઇ જશે. બેત્રણ દિવસપર્યંત રામચંદ્રે એક પ્રકારે આહાર બંધજ કરી દીધો હતો. કેવળ વચમાં વચમાં ગુરુદેવના ચરણામૃતનુંજ પાન કરતા. તે દિવસ પણ એ પ્રમાણેજ વીત્યો. સાંજે મેડિકલ કૉલેજના બે ડૉક્ટર મિત્રો તેમને જોવા આવ્યા હતા. રામચંદ્રે તેમને અને ઑફિસના બીજા બાબુઓ તથા સાહેબ વગેરે સર્વને અંતઃકરણનો પ્રેમ અને શ્રદ્ધા દર્શાવી અને સર્વને તે સંદેશો કહેવા જણાવ્યું. મિત્રોએ તેમને વધારે બોલવાની ના પાડવાથી તેઓ ચૂપ થઇ ગયા અને નિદ્રાવશ થયા. તે સમયે રામચંદ્રનો શ્વાસ સહેજ ઊંડો વહેતો હતો, એ જોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે રામચંદ્રની સેવા કરનાર સેવકોને કહ્યું કે, "જો રાત્રે શ્વાસ હજી પણ વધારે ઊંડો વહન થાય તો ડૉકટરને ખબર આપજો."

સન્ધ્યા સમય પછી રામચંદ્રના શરીરને વિશેષ કલેશ જણાવા લાગ્યો. નિદ્રા તો આવતીજ ન હતી. તેઓ એક વખત શયન કરતા અને થોડી ક્ષણમાંજ ઊઠીને બેઠા થતા. તેમનો શ્વાસ-પ્રશ્વાસ પણ દિવસના કરતાં ઊંડો વહેવા લાગ્યો; પૂર્વકથિત બે સેવકોમાંથી જે એક સેવક રામચંદ્રની નજીક હતો, તે પોતાની માતા (રામચંદ્રની સહધર્મિણી*) ને બોલાવી લાવ્યો. આ સમયે રામચંદ્રના બીજા બે શિષ્યો ઘણે દિવસે તેમને જોવા આવ્યા હતા. રામચંદ્રે તેમાંના એકને બહુ કષ્ટ થાય છે એમ જણાવ્યું. તેમણે ઉક્ત સેવક સાથે સલાહમસલત કરી કલકત્તે ડૉકટર પ્રતાપચંદ્ર મજુમદારને સમાચાર આપવાનું કહ્યું, તે જવા તૈયાર થયો; પરંતુ એટલામાંજ રામચંદ્ર સત્વર દેહ ત્યાગ કરશે એમ જાણી પેલા હતભાગ્ય સેવકને તેમના પંચત્વ પછી શું કર્તવ્ય કરવું તે સંબંધી યોગ્ય ઉપદેશ આપ્યો. તેમ છતાં કોઇ પણ પ્રકારે તે સમજી શકયો નહિ કે રામચંદ્ર જેવું અમૂલ્ય રત્ન તે સત્વર ગુમાવશે, તેથી તેણે તેમને એવી અકલ્યાણકર કથા કહેવાનો પ્રાર્થનાપૂર્વક નિષેધ કર્યો. કેટલીક વાર પછી રામચંદ્ર ઊઠીને બેઠા થયા અને સેવકના ખભા ઉપર મસ્તક ટેકવી તેના ખોળામાં શયન કર્યું. ગુરુદેવ રામચંદ્રને અતિશય દુઃખ થતું જોઇ સેવકે તેમના હૃદય ઉપર હાથ મૂકી વારંવાર ઉચ્ચ સ્વરે "રામકૃષ્ણ" નામોચ્ચાર કર્યો. એ સમયે રામચંદ્રનાં નેત્ર મિચાયલાં અને જાણે પ્રભુના ધ્યાનમાં નિમગ્ન હોય તેમ જણાતું હતું. તે પછી કેવળ એક-બે ઊંડા નિશ્વાસ નાખેલા જણાયા હતા. આ સમયે કલકત્તા ગયેલા પેલા બે શિષ્યો

* રામચંદ્રનાં સહધર્મિણી તેમની સેવા કરવા માટે પોષ વદ ૧ બુધવારને દિવસે યોગોદ્યાનમાં આવી રહ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધ લઈને આવી પહોંચ્યા. ઔષધ તેમના મુખમાં મૂક્યું ખરું પણ ગળામાં ઊતરી શક્યું નહિ. એકબે ઘડી પછી (રાત્રે કલાક ૧૦-૪૫ મિનિટને સમયે) નિશ્વાસપ્રશ્વાસની ક્રિયા બંધ પડી ગઈ—મહાત્મા રામચંદ્રનો જીવન-દીપક ઓલવાઈ ગયો.† ભગવાન શ્રીરામકૃષ્ણદેવના પરમ પ્રિય ભક્તનો આત્મા તેમના ચરણકમળ સમક્ષ જઈ હાજર થયો.

પ્રાતઃકાલ થતાં પહેલાંજ પ્રત્યેક ભક્તને ઘેર સમાચાર પહોંચી વળ્યા કે, મહાત્મા રામચંદ્રે આ જગતનો ત્યાગ કર્યો છે. એ શોક સમાચાર સાંભળતાંજ તેમનાં છેલ્લાં દર્શન કરવા માટે અનેક સજ્જનો ઉતાવળે પગલે યોગોદ્યાન તરફ જઈ પહોંચ્યા. આઠેક વાગ્યાને શુમારે રામચંદ્રનો મૃતદેહ સર્વ જનસમાજ સમક્ષ લાવવામાં આવ્યો. તેમના શાંત અને વિકસિત કમળના જેવા પ્રફુલ્લિત મુખ ઉપર વિકૃતિનું કોઈ પણ લક્ષણ જણાતું નહિ. કેટલાક મહાપાપી પ્રપંચી મનુષ્યોનો ચહેરો મરણસમયે બગડી ભયંકર થઈ જાય છે; પરંતુ પ્રાતઃસ્મરણીય, પુણ્યાત્મા, મહાપુરુષ રામચંદ્રનું શાંત મુખ પ્રકાશમય જણાતું હતું. જાણે તેઓ ઘોર નિદ્રામાં સૂતા છે એમજ જણાતું. ભક્તો તેમનાં દર્શન કરતાંજ અશ્રુપાત કરવા લાગ્યા. ચારે દિશામાં હાહાકાર થવા લાગ્યો. ત્યારપછી રામચંદ્રનો દેહ ભગવાન શ્રીરામકૃષ્ણદેવના મંદિર સમક્ષ લાવી પધરાવ્યો. તે સમયે શિષ્યમંડળીએ ગુરુદેવ સમક્ષ પોતાનું મનકષ્ટ નિવેદન કરી દારુણ રુદન કરતાં કરતાં રામચંદ્રના મૃતકદેહને પુષ્પના હાર અને સુગંધિત ચંદન વડે સુસજ્જિત કર્યું. તેઓ તેમને જીવિત-દશામાં હૃદયના પ્રેમથી એ પ્રમાણે શણગારી શક્યા ન હતા. આજે તેમને છેલ્લી વખતે ફુલસજ્જા વડે શણગાર્યા. કોઈ ભક્ત પગે, કોઈ કપાળે, કોઈ હૃદયપ્રદેશ ઉપર ચંદન વડે લેપન કરવા

† સંવત ૧૯૫૬ માઘ સુદિ ૪, મંગળવાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યો, કોઈ ભક્ત તેમને ગળે પુષ્પમાળા પહેરાવવા લાગ્યો, કોઈ અંજલિપૂર્ણ પુષ્પ લઇ તેમને ચરણે અર્પણ કરવા લાગ્યો ત્યાર પછી સર્વ ભક્તો તેમના ચરણને વારંવાર સ્પર્શ કરી નમન કરવા લાગ્યા; પરંતુ જે હતભાગ્ય સેવક આશાના આશ્વાસનથી હૃદયમાં હિંમત રાખી વ્યાધિની દારુણ પીડા સમયે ઘેરથી તેમને યોગોદ્યાનમાં લઇ આવ્યો હતો અને જેના ખોળામાં શયન કરી મહાપુરુષ રામચંદ્રે આ લોકનો ત્યાગ કર્યો હતો, તેના હૃદયમાં ચિર-કાળને માટે ભયંકર દાવાનળ પ્રજળી ઊઠ્યો! તે અતિ આક્રંદ કરવા લાગ્યો. સર્વ તેને શાંત પાડવા લાગ્યા. થોડી વાર પછી રામચંદ્ર અને સર્વ ભકતજનોની છબી પડાવવામાં આવી. પછી ભક્તો રામચંદ્રના શબદેહને ગંગાકિનારે લઇ ગયા. માર્ગમાં તેમની મૂર્તિનાં જેણે અંતિમ દર્શન કર્યાં, તે સર્વ હાય હાય કહી અશ્રુ-પાત કરવા લાગ્યાં! ગંગાકિનારે ચંદન વગેરે કાષ્ઠથી તેમની ચિતા સજ્જિત કરી ભક્તોએ તેમનો પુણ્ય–પુંજમય પવિત્ર દેહ સ્થાપન કરી અગ્નિસંસ્કાર કર્યો. ચિતામાંથી પ્રચંડ અગ્નિની જ્વાળાઓ નીકળવા લાગી. સર્વભક્ષી અગ્નિદેવ ભડભડાટ કરતો પ્રજળી ઊઠ્યો. જોતજોતામાં મહાપુરુષ રામચંદ્રના પવિત્ર દેહને ભસ્મના રૂપમાં બદલી નાખ્યો! ક્યાં ગઇ તે પવિત્ર મૂર્તિ અને ક્યાં ગઇ તેમની પુણ્યમય લીલા! સર્વ એક ક્ષણમાં અદૃશ્ય થઇ ગયું!

સર્વ અદૃશ્ય થઇ ગયું! શિષ્યજનોએ દેહવિશેષ અસ્થિ લઇ પોતાના પ્રાણથી પણ અધિક પ્રિયતમ યોગોદ્યાનમાં સ્થાપન કર્યાં. અદ્યાપિપર્યંત તે યોગોદ્યાનમાંજ છે. રામચંદ્ર ગયા છે પણ રામ-ની પવિત્ર વિભૂતિ હજી આ જગતમાં વિદ્યમાન છે. મહાત્મા રામ-ચંદ્રનાં દર્શનપૂજન કરી જેઓ કૃતાર્થ થયા નથી, તેમને માટેજ તે વિભૂતિ છે. યોગોદ્યાનમાં પૂર્વની પેઠેજ પ્રતિદિન ગુરુદેવનું પૂજન અને ભોગ, રાગ, આરતી હજી પણ થાય છે અને પૂર્વની પેઠેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્ય પ્રાતઃ અને સંધ્યાસમયે શંખ, ઘંટધ્વનિ સાથે ગંભીર અને ઉચ્ચ કંઠે "રામકૃષ્ણ" નામોચ્ચાર થયાજ કરે છે. બધું છે, પરંતુ હવે તે "રામ" નથી! તે પ્રભુભક્ત, ગુરુદેવનો અનન્ય ભક્ત, ગુરુદેવનાં વચનોને ભગવદ્વચન માની તે પ્રમાણે વર્તનાર ભક્ત-શિષ્ય નથી. તેની પ્રશાંત-મનોહર મૂર્તિનાં કોઇને હવે દર્શન થતાં નથી! હવે રામચંદ્ર પૂર્વની પેઠે હાસ્યભરિત મુખે તત્ત્વજ્ઞાનની કથા કહેતા નથી! હવે શ્રીરામકૃષ્ણદેવ સંબંધી વાત કરતાં કરતાં તેમનાં નયનમાંથી ક્ષણે ક્ષણે પ્રેમ-અશ્રુધારા વહેતી પણ કોઈ જોઇ શકતું નથી! હવે પૂર્વની પેઠે ભક્ત મિત્રોને "રામ" આલિંગન દેતા નથી! અયોધ્યા તો છે પણ તે "રામ" નથી. મહાપુરુષ રામચંદ્ર તો નિત્યધામમાં ગયા છે; પરંતુ આ નશ્વર જીવનનાં કેટલાં નરનારી આશ્રયહીન થઇ પડ્યાં હશે, તેનો નિર્ણય થઇ શકે એમ નથી. દીનદુઃખીજનો તો પવિત્ર-નીર-વાહિની ગંગાની પેઠે તેમની કરુણા-ધારા પ્રાપ્ત કરવાથી વંચિત થઇ રુદન કરીજ રહ્યાં છે; પરંતુ જે મનુષ્યો સંશયરૂપી અંધકાર વડે ઘેરાયલા સંસાર-માર્ગમાં તેમની કરુણા-કૃપા વડે વિચરણ કરતા હતા, તે સર્વના પ્રાણ વ્યાકુળ થઇ આજે દારુણ દુઃખ ભોગવી રહ્યા છે. "મહાત્મા રામ" કહેતાં કહેતાં તેમનું મુખ સુકાઇ જાય છે અને કયાં જવાથી તેમનાં દર્શનસમાગમ થાય તે માટે ચિંતાતુર થઇ રહ્યા છે!

આદર્શ ત્યાગી, વિરાગી, ગુરુભક્ત મહાપુરુષ રામચંદ્રની પુણ્ય-પવિત્ર જીવનકથા અત્રે સંક્ષેપમાં આલેખવામાં આવી છે. જે ભાગ્યશાળી મનુષ્યો એ સાચા સંત મહાત્માના સમાગમમાં આવ્યા છે, તે તેમની ત્યાગશીલતા, તેમનું કરુણાપૂર્ણ હૃદય, ઇષ્ટદેવતા રામકૃષ્ણ પ્રત્યે તેમનો અપૂર્વ ભક્તિભાવ, વગરે અતુલ સદ્ગુણ ઉપર મોહ પામી તેમને આદર્શ ભક્ત, વીરભક્ત, મહાત્મા વગેરે વિશેષણો આપ્યા સિવાય રહેશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अध्याय २ जो–रामचंद्रनी त्यागवृत्ति

શ્રીરામકૃષ્ણદેવના પ્રિય શિષ્ય મહાત્મા રામચંદ્રને અનેક મનુષ્યો સારી પેઠે ઓળખી શક્યાં છે. ગુરુદેવની કૃપાથી તેમનામાં ત્યાગની અદ્ભુત વૃત્તિ ઉદ્ભવી હતી, તે સંબંધી એક–બે બનાવોનું વર્ણન કરવામાં આવે છે. મહાપુરુષોના જીવનપ્રસંગોનું વર્ણન કરવું ઘણું કઠિન છે. તેમના જીવનના અનેક પ્રસંગોનો જેમને સાક્ષાત્ અનુભવ થયો હોય છે, તેજ તેનું અદ્ભુત રહસ્ય સમજી શકે છે. પુસ્તકમાં લખાયલા પ્રસંગો વાંચવાથી તો માત્ર કોઇક સંસારીજનોનેજ તેનું જ્ઞાન થાય છે અને તેમનો તે ગુણ ગ્રહણ કરી લે છે. ભગવાન શ્રીરામકૃષ્ણદેવ કહેતા કે, "નકશામાં કાશી ક્ષેત્ર જોવું અને કાશીએ જાતે જઇ તે ક્ષેત્રનાં દર્શન કરવાં, એ બેમાં મોટો ફેર છે." તેજ પ્રમાણે એક લેખ વાંચીને કોઇનો અનુભવ કરવો અને કોઈ મહાપુરુષના સમાગમમાં વારંવાર આવી તેમના સદ્ગુણનો અનુભવ લેવો એ બન્નેમાં ફેર છે.

શ્રીરામકૃષ્ણદેવ ઉપદેશ દેતા કે, "જે મનુષ્ય પૂર્વ દિશામાં જેટલો અગ્રેસર થશે, તેટલીજ પશ્ચિમ દિશા તેનાથી દૂર થતી રહેશે. અર્થાત્ પશ્ચિમ દિશાથી તેટલો દૂર રહેશે. જે મનુષ્ય ભગવાનના માર્ગમાં જેટલો આગળ વધશે, તેટલોજ તે કામિની-કાંચનથી દૂર રહેશે. કામિની–કાંચન પ્રત્યે જે મનુષ્યની જેટલી અનાસક્તિ જોવામાં આવશે, તેટલીજ તેણે ઉન્નતિ પ્રાપ્ત કરી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ સમજવું. કારણ કે, કામિની-કાંચનના લોભ-મોહમાં ફસાઇ રહેલાં મનુષ્યો ઇશ્વરપ્રાપ્તિ સંબંધી જેટલી મોટી મોટી-ડહાપણ-ભરેલી સફાઇદાર વાતો કહે તે બધી મિથ્યાજ સમજવી ! કારણ કે એ બે વસ્તુ એક સાથે રહી શકે નહિ." શ્રીગુરુદેવનો એ ઉપદેશ મહાત્મા રામચંદ્રના હૃદયમાં કેવો આલેખાયો હતો, તે હવે આપણે જોઇએ. થોડી વારમાંજ આપણે જોઇ શકીશું કે, ભક્તરાજ રામચંદ્રે એ ઉપદેશ સાંભળ્યા પછી સ્વજીવનમાં ઉતારી તે પ્રમાણે તેઓ વર્તી શક્યા હતા કે નહિ ? મહાત્મા રામચંદ્રને જો કાંઇ પણ વિમલ આનંદ પ્રાપ્ત થયો હોય, તો તેનું કારણ એજ હતું કે, તેઓ ગુરુઉપદેશ પ્રમાણે વર્ત્યા હતા. અમે તમને તેમાંનાં એક-બે દૃષ્ટાંતોની કથા કહીએ છીએ. મહાત્મા રામચંદ્ર કલકત્તા મેડિકલ કૉલેજમાં આસિસ્ટંટ કેમિકલ એક્ઝામિનરના પદ ઉપર હતા. તેમને મહિને બસો રૂપિયાનો પગાર મળતો. એ ઉપરાંત પાણી અને કેરોસિન વગેરેની પરીક્ષા કરીને મહિને બસો, ત્રણસો અથવા કવચિત તેથી પણ અધિક રૂપિયા પ્રાપ્ત કરતા. તેમના ઘર-કુટુંબમાં વિશેષ માણસો ન હતાં, પરંતુ આટલું બધું દ્રવ્ય ઉપાર્જન કરવા છતાં પણ રામચંદ્ર કાંઇ પણ સંચય કરવાનો પ્રયત્ન કરતા નહિ. તેઓ સારી પેઠે જાણતા હતા કે, ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવજ તેમને એ દ્રવ્ય આપે છે અને તેઓજ એ દ્રવ્યનો ખર્ચ કરે છે. લેશમાત્ર પણ સંકોચ વગર ગુરુદેવની ઇચ્છાનુસાર ભક્ત-સેવા કરવી એજ તેમનું જીવનકર્તવ્ય હતું. અમે તેમને સ્વમુખેથીજ સાંભળ્યું છે કે, તેઓ કદી પણ એવું સમજતા નહિ કે, "હું મારા ગુણ વડે દ્રવ્યોપાર્જન કરું છું." તેઓ કહેતા કે, "હું નિશ્ચયપૂર્વક જાણું છું કે, ભગવાન શ્રીરામકૃષ્ણદેવ પોતે પોતાના કાર્યને માટેજ મને આટલું બધું દ્રવ્ય આપે છે અને તેમના કાર્ય માટેજ તે ખર્ચાય છે." માટેજ કહેવું પડે છે કે, રામચંદ્રને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંચન ઉપર આસક્તિ ન હતી. દૃષ્ટાંત માટે બીજા બે-ત્રણ બનાવો-નું આ સ્થળે વર્ણન કરવામાં આવે છે.

એક પ્રસંગે એક મારવાડી વ્યાપારીની કેરોસિન તેલની પેટી-ઓ ભરેલી ચાર સ્ટીમરો વિલાયતથી આવી હતી. તે તેલ પરીક્ષા થવા માટે કેમિકલ એક્ઝામિનરની પાસે મોકલવામાં આવ્યું. રામ-ચંદ્ર કેરોસિન તેલની પરીક્ષા કરતા હતા. તે તેલ પણ કેમિકલ એક્ઝામિનર સાહેબે તેમની પાસેજ પરીક્ષા કરવા મોકલ્યું. રામ-ચંદ્રે પરીક્ષા કરી જોયું કે, જોઇએ તે કરતાં તેનો પાવર બે-ત્રણ પૉઇન્ટ ઓછો થાય છે, તેથી તે પાસ થઇ શકે એમ ન હતું. જ્યારે પેલા મારવાડી વ્યાપારીએ જાણ્યું કે, તેલનો પાવર બેત્રણ પૉઇન્ટ ઓછો થાય છે, તેથી તે પાસ થઇ શકશે નહિ, ત્યારે જાણે તેના માથા પર વીજળી પડી હોય એટલું તેને દુઃખ થયું! એમાં તેને લાખો રૂપિયાનું નુકસાન થાય એમ હતું. શું કરવું તેનો વિચાર થઇ પડ્યો. અંતે દરેક સ્ટીમર દીઠ રૂપિયા દશ હજાર પ્રમાણે રૂપિયા લઇ તે મારવાડી રામચંદ્ર પાસે ગયો અને અનેક કાલાવાલા કરીને કહ્યું કે, "તમે આ ચાળીશ હજાર રૂપિયા લઇ મારા તેલમાં બેત્રણ પૉઇન્ટ ઓછો પાવર છે, તેટલો પૂરો લખી પાસ કરી આપો." વાસ્તવિક રીતે જોતાં બેત્રણ પૉઇન્ટ વધારે લખવા-થી કોઇને કાંઇ નુકસાન થાય તેમ ન હતું, એ રામચંદ્ર સારી પેઠે જાણતા હતા; તેમજ જો તેઓ પાસ કરી દેત તો કાંઇ ગડબડ થવાનો પણ સંભવ ન હતો, એમ પણ તે જાણતા હતા; પરંતુ પ્રમાણિક અને સત્યનિષ્ઠ મહાત્મા રામચંદ્રે તેમ કર્યું નહિ. તે સમયે મારવાડીએ ચાળીશ હજાર રૂપિયાની નોટોનાં બંડલો તેમની સામે ટેબલ ઉપર મૂકી ઘણા કાલાવાલા કર્યા અને કહ્યું કે, "આ રૂપિયા ગ્રહણ કરો અને કૃપા કરી મારું કેરોસિન તેલ પાસ કરી આપો. તેમ નહિ કરો તો મારું સર્વનાશ થશે. મને મોટું નુક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાન થશે." પણ તેજસ્વી, પ્રમાણિક રામચંદ્રે તેનું કથન સાંભળ્યું નહિ. તેમણે માત્ર ધર્મને સાક્ષી રાખી કહ્યું કે, "હું તમારા કથન પ્રમાણે કદી પણ અસત્ય કરી શકીશ નહિ. મેં ત્રણ-ચાર વખત પરીક્ષા કરી જોયું છે, પછી અસત્ય કેમ કરું ? એ હું કદી પણ કરી શકીશ નહિ. હું દ્રવ્યના લોભમાં ભૂલથાપ ખાઇ શકું તેમ નથી. હું પૈસાનો ગુલામ નથી. પૈસા માટે સરકારી નોકરો અને ભલભલા ધર્માચાર્યો અસત્ય કરે છે! પૈસા માટેજ અનેક પાપાચરણ થાય છે અને પૈસાના લોભને લીધેજ અનેક મનુષ્યો સત્યનો ત્યાગ કરી અસત્યરૂપી નરકમાં ડૂબે છે! શેઠ! આ રૂપિયા ગજવામાં મૂકી દો. રૂપિયાના લોભને લીધે અસત્ય કરશો નહિ અને બીજાને તેનો લોભ બતાવી અસત્ય કરવા પ્રેરશો નહિ. લોભને વશ થઇ પોતે નરકમાં પડવું અને લોભ બતાવી બીજાને નરકમાં લઇ જવો એ ભયંકર પાપકર્મ છે! પરમેશ્વર બન્નેને સખ્ત શિક્ષા કરે છે." ધન્ય સાધુ રામચંદ્રના ત્યાગને! કાંચન ઉપર કેવી અનાસક્તિ! શ્રીરામકૃષ્ણદેવને મારવાડી લક્ષ્મીનારાયણ દશ હજાર રૂપિયા આપવા આવ્યો હતો, તે તેમણે વીરતાપૂર્વક પાછા ઠેલ્યા હતા! તેમનીજ શક્તિ પ્રાપ્ત કરેલા તેમના પ્રિય શિષ્ય રામચંદ્ર જો ગુરુદેવના જેવુંજ ચરિત્ર ન બતાવી શકે; તો પછી ગુરુ રામકૃષ્ણમાં શક્તિ-સામર્થ્ય નથી એમજ કહેવાય. ધન્ય ગુરુ અને ધન્ય શિષ્ય! રામચંદ્ર જો એવું જીવન-દૃષ્ટાંત ન બતાવી શકે, તો પછી જનસમાજ તેમના મુખેથી રામકૃષ્ણ-કથા શ્રવણ કરે કેમ? એવું અનુપમ દૃષ્ટાંત ન બતાવવામાં આવે તો ભગવાન શ્રીરામકૃષ્ણના સિદ્ધાંતો જનસમાજ સમક્ષ પ્રચાર કરવામાં શોભા રહે ખરી કે?

એક સમયે ઑફિસમાં રામચંદ્રના ઉપરી અધિકારી રાય તારાપ્રસન્ન બહાદુરે પેન્શન લેવાની અરજી કરી હતી. તારાપ્રસન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબુને સાડીત્રણસો રૂપિયાનો પગાર મળતો હતો. રામચંદ્રને મહિને બસો રૂપિયા પગાર મળતો. રાયબહાદુર પછી તેમના ઓદ્ધા માટે રામચંદ્ર અધિકારી હતા. તેથી તેમની જગ્યા રામચંદ્રને મળે તેવોજ સંભવ હતો. તેમના સાહેબે રામચંદ્રને કહ્યું કે, "તમે એ જગ્યા માટે અરજી કરો, તમનેજ મળશે." રામચંદ્ર અને બીજા નોકરોએ પણ એ જગ્યા માટે અરજીઓ કરી. આ સમયે રામચંદ્ર શ્રીરામકૃષ્ણદેવના ઉપદેશ અનુસાર મહિને મહિને ભાષણો કરતા અને હમણાં "**વિવેક વૈરાગ્ય**" સંબંધી ભાષણ આપવાની તેમણે જાહેર ખબરો પ્રસિદ્ધ કરી હતી. એક દિવસ એકાએક તેમના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે, "શું હું વિવેક વૈરાગ્ય સંબંધી ભાષણ આપવાને લાયક છું કે? શું આવોજ મારો વૈરાગ્ય? ઑફિસના બીજા નોકરો એ જગ્યા માટે કેટલીયે આશા રાખે છે અને કેટલાયે યત્ન કરે છે. હું વૈરાગ્યનો ઉપદેશક થઇ તેમના યત્નનું સમૂળ ઉચ્છેદન કરી દેવા બેઠો છું! ધિક્ છે મને! શા માટે મારે એવો યત્ન કરવો જોઇએ? મને મહિને બસો રૂપિયા પગાર મળે છે તે શું ઓછો છે? હું તો બધાંને કહું છું કે, પ્રભુ (ગુરુદેવ)જ મારો સર્વ ભાર ગ્રહણ કરી સંસારનો ખર્ચ મેળવી આપે છે, પછી શા માટે મારે સાડી ત્રણસો રૂપિયાની જગ્યાં મેળવવા માટે અરજી કરવી? શું મારા વૈરાગ્યનું એજ દૃષ્ટાંત કે? આવો વૈરાગ્ય ધારણ કરવો એ શું ઢોંગ નહિ? મોઢેથી મોટી મોટી વેદાંતની વાતો કરવી, વેદાંતનો-ધર્મનો-શાસ્ત્રનો ઉપદેશ આપવો અને સ્વાર્થ આવે તે વખતે તેજ ઉપદેશ ભૂલી જવો! હરિ! હરિ! એ શું પોથીમાંનાં રીંગણાં ન કહેવાય? ઘણાએ પુરાણીઓ, શાસ્ત્રીઓ અને ઉપદેશકો ઉપદેશ દેવામાં, બોધ આપવામાં શૂરા હોય છે, પણ તેમાંના એકે ઉપદેશ પ્રમાણે પોતે વર્તતા નથી; માટેજ તેમનો બોધ કોઇ લક્ષ્યમાં લેતું નથી! અરે! તેમને કોઇ ગણતું નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું વૈરાગ્યનું-વિવેકનું-ભાષણ કરું અને મારા કર્તવ્યમાં તેનો લેશ પણ અંશ ન હોય તો ધિક્ છે મારા જીવનને! મારા અંતઃકરણમાં વિવેક હોવો જોઇએ. બીજાને જેવો બોધ આપું તેવોજ બોધ પ્રથમ મારે ગ્રહણ કરવો જોઇએ. મારેજ તે પ્રમાણે પ્રથમ વર્તવું જોઇએ." આવા વિચાર મનમાં ઉત્પન્ન થતાંજ તેમના મનમાં અશાંતિ થઇ. તેમણે ઑફિસમાં જઇ પોતાની અરજી સાહેબ પાસેથી પાછી માગી લીધી અને સાહેબના દેખતાંજ ફાડી નાખી તેના કટકે કટકા કરી નાખી દીધા! સાહેબે તેમને કહ્યુંઃ "તમે આ શું કર્યું મિ. રામચંદ્ર? શા માટે તમે આ પ્રમાણે કર્યું? તમે પુનઃ અરજી લખી આપો." તેમણે સાહેબને સમજાવીને કહ્યું કે, "મને વધારે પગારની આવશ્યકતા નથી."

રામચંદ્ર જે સમયે (કલકત્તામાં) કાંકુડગાચ્છીના યોગોદ્યાનમાં નિવાસ કરતા હતા, તે સમયે એક મારવાડી વેપારી શ્રીરામકૃષ્ણદેવના સમાધિ મંદિરનાં દર્શન કરવા આવ્યો હતો. મંદિરની અવસ્થા જોઇ તેણે દિલગીરી બતાવી કહ્યું કે, "આપ જો આજ્ઞા ફરમાવો તો હું આ સ્થળે મકાન, ચોક, દેવાલય વગેરે સર્વ મારે ખર્ચે છો-સિમેન્ટનાં પાકાં બંધાવી આપું," પરંતુ રામચંદ્રે તેને આજ્ઞા આપી નહિ! કારણ કે તેઓ જાણતા હતા કે, "હમણાં તો આ વેપારી પોતાને ખર્ચે બધું બંધાવી આપે; પરંતુ મારા ઉપર એ પ્રકારે મોટો ઉપકાર કર્યા પછી તેના વ્યાપારની વસ્તુઓ ઘી, તેલ, વગેરે ઑફિસમાં પરીક્ષા કરવા આવે તે સમયે નઠારાં, હલકાં હોવા છતાં સારાં અને ઊંચા પ્રકારનાં લખાવી પાસ કરવા મને આગ્રહ કરે. તેના ઉપકારમાં દબાઉં તો પછી એ પ્રકારનો પ્રતિ ઉપકાર મારે કરવો પડે. એવા લોભી મનુષ્યોનું દાન લેવું ઉચિત નથી." લોભને વશ થઇ રામચંદ્રે તે પ્રમાણે કર્યું હોત, તો તે સ્થળે સુંદર મકાનો અને મંદિર થઇ જાત, એ જાણવા છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રામચંદ્રને લોભ થયો નહિ. રામચંદ્રને સ્થળે બીજો કોઇ પ્રપંચી મનુષ્ય હોત, તો મારવાડીની ઇચ્છા પ્રમાણે કામ કરાવી લઈ પાછળથી તે પોતાનું કામ કઢાવવા આવત, ત્યારે પોતાનું પ્રમાણિકપણું બતાવી શકત! પરંતુ તેમ કરવાથી પેલા વ્યાપારીની ગાળો ખાવાનો અને મંદિર તથા ગુરુદેવની નિંદા થવાનો પ્રસંગ આવી પહોંચત! રામચંદ્ર પ્રપંચી ન હતા. તે પ્રભુની સત્તા–મહત્તાને સારી પેઠે જાણતા હતા. તેની ઇચ્છા પ્રમાણેજ સર્વ બને છે એમ પણ તેઓ માનતા. તેઓ કાંચનના દાસ ન હતા કે જેથી સ્વાર્થને વશ થઇ મારવાડીનું ધન ગ્રહણ કરે. તેઓ આદર્શ ત્યાગી હતા, વિરાગી હતા. તેથીજ ત્યાગનું અપૂર્વ દૃષ્ટાંત દર્શાવ્યું. એવો ત્યાગ દર્શાવ્યા સિવાય કેવળ મુખેથી તેઓ ઉપદેશ દેતા નહિ.

મહત્ આત્મા રામચંદ્રે ઉપદેશ દીધો છે અને સ્વજીવનમાં તેજ પ્રમાણે વર્તન કરી જગતના લોકોને બતાવી આપ્યું છે કે, “ કહેણીરહેણી એક જોઇએ.” હાથીના દાંતની પેઠે ચાવવાના અને બતાવવાના જુદા જુદા ન હોવા જોઇએ. જે ઉપદેશકો એ પ્રમાણે પ્રપંચ રમે છે, તેમનો ઉપદેશ કોઈ ગ્રહણ કરતું નથી અને પાછળથી તેની નિંદા થાય છે. કેટલીક વખત એવા ઢોંગી ઉપદેશકોને અજ્ઞાની લોકો અંતઃકરણથી બરાબર ઓળખતા નહિ હોવાથી પૈસા અને માન આપે છે ખરા; પરંતુ તેથી આલોક, પરલોકનું શાશ્વત સુખ નથી! એવા ઢોંગથી આત્મકલ્યાણ નથી. એ તો વિશ્વાસઘાત છે અને તે પણ ઈશ્વરનો! ઈશ્વરના કાયદા પ્રમાણે ઉપદેશક વર્તતો નથી, તેથી અનેક શ્રોતાજનો તેવોજ ઢોંગી બોધ ગ્રહણ કરી તેઓ પણ પાપ--પ્રપંચ કરે છે, તેથી તેનો સર્વ દોષ ઉપદેશકોનેજ શિરે પડે છે! મહાપુરુષ રામચંદ્ર એવા ન હતા. તેઓ તો ગુરુ–ઉપદેશ ગ્રહણ કરી તે પ્રમાણે વર્ત્યા છે, તેથી તે અને શ્રોતા બન્ને ઉભય લોક તરી ગયા છે. એજ તેમનું માહાત્મ્ય, મહત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષોનાં મુખ્ય લક્ષણ એવાંજ હોય છે. તેઓ જે ઉપદેશ આપે છે તે સ્વકર્તવ્ય કર્મમાં બતાવી આપે છે. રામચંદ્રના જીવનમાં એવા કેટલાએ બનાવો બન્યા હશે, તેની કોણે ગણતરી કરી રાખી છે? તેમનું શેષ જીવન જેમણે જોયું છે તેઓ જાણે છે કે, રામચંદ્રને પૈસા ઉપર જરા પણ આસક્તિ ન હતી. આ સ્થળે તો એક બે દૃષ્ટાંતો દર્શાવવામાં આવ્યાં છે. એ ઉપરથીજ રામચંદ્રને કાંચન ઉપર કેવી અનાસક્તિ હતી તે સારી પેઠે જોઈ શકાય છે.

મહાત્મા રામચંદ્રના જીવન-પ્રસંગોની જેમ જેમ તપાસ કરવામાં આવશે તેમ તેમ જણાશે કે, તેમનું જીવન એ શ્રીરામકૃષ્ણદેવના ઉપદેશની જ્વલંત છબી હતી. પ્રભુ જે કાંઇ ઉપદેશ આપી ગયા હતા, તે સમસ્ત રામચંદ્રે સ્વજીવનમાં ઉતારી સર્વને દર્શાવી આપ્યું છે. કામિની અને કાંચનનો ત્યાગ એજ શ્રીગુરુદેવનો મુખ્ય ઉપદેશ હતો. એ ઉપદેશ પાલન કરવા રામચંદ્ર સંપૂર્ણરૂપે કૃતકાર્ય થયા હતા. કાંચન ઉપર અનાસક્તિ કેવી હતી તે ઉપરોક્ત બનાવો ઉપરથી જોઇ શકાયું છે. હવે આપણે જોઇએ કે કામિની પ્રત્યેની માયાનો ત્યાગ કરવામાં તેઓ કેટલે દરજ્જે સફળ થયા હતા. રામચંદ્રને પત્ની હતાં, કન્યા હતી, છતાં તેમના ઉપર તેમને માયા હતી કે? વાચકો કહેશે કે જો તેમના ઉપર રામચંદ્રને માયા ન હતી તો પછી સંન્યાસી કેમ થયા નહિ? પરંતુ વાચકોની એ ધારણા ભૂલભરેલી છે. કારણ કે રામચંદ્ર એક વખત ગુરુદેવ સમક્ષ સંન્યસ્ત ગ્રહણ કરવા ગયા હતા, તે સમયે ગુરુદેવ (શ્રીરામકૃષ્ણ પરમહંસ) બોલ્યા હતા કે, "માછલીનું ઇંડાં મૂકવાનું સ્થળ તેં જોયું છે કે? જો કોઈ તે માછલીને પકડી લે તો તેનાં બચ્ચાંનું રક્ષણ થવું મુશ્કેલ છે, તેજ પ્રમાણે તારું પણ છે. સંસારનો ત્યાગ કરવાનું તને પ્રયોજન શું છે? સંસારમાં રહીનેજ જો તું અનાસક્ત-નિર્લોભી-નિર્મોહી-થઇ શકે તોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જીવનને ધન્ય છે. તોજ તે સાચો વિરાગી-વિવેકી કહેવાય. કોઇ કન્યા ન આપે તો પછી બાવાજી થવું એમાં મહત્ત્વ શું ? કારણ કે ચિત્ત તો સ્ત્રીમાંજ ભટકતું હોય છે, પરંતુ સુંદરી-સ્ત્રી મળવા છતાં તેની સાથે શરીર સંબંધ જરા પણ ન રહે અને તેને જગદંબા સમજી જીવન વ્યતીત કરવામાં આવે તેમાંજ મહત્ત્વ છે. પૈસા ન મળે ત્યારે તો મનુષ્ય સહેજે ત્યાગી થઇ શકે છે; પરંતુ પુષ્કળ લક્ષ્મી હોવા છતાં જે તેનો ત્યાગ કરે તેમાંજ મહત્ત્વ છે. રામચંદ્રજી પાસે એક પાઇ પણ ન હતી તે સમયે લંકાનું રાજ્ય મળ્યું, અપાર-અખૂટ-લક્ષ્મીનો ખજાનો મળ્યો, તેમ છતાં તેમણે તે તમામ વિભીષણને દાન કરી દીધું ! એથીજ રામચંદ્રજીનું મહત્ત્વ ગવાય છે. રામચંદ્રજીની એ સમયની ત્યાગવૃત્તિ અનુકરણીય છે. શ્રીમંતોને ઘેર દાસીઓ-નોકરડીઓ હોય છે, તે શેઠનાં છોકરાં ઉછેરે છે, તેને કેટલાંએ લાડ કરે છે, ઘરમાં કોઇનું મૃત્યુ થતાં દાસીઓ કેટલુંએ રડે છે; તેમ છતાં તેઓ મનમાં તો એમજ જાણે છે કે, મરનાર સાથે અમારે કાંઈ સંબંધ નથી. અમારાં સગાં તો અમારે ઘેર છે. તેજ પ્રમાણે સંસારમાં રહી સ્ત્રી-પુત્રાદિ કુટુંબ પરિવારથી ઘેરાયલા રહેવા છતાં તે સર્વ ઈશ્વરનો સંસાર જાણવો અને ઈશ્વરને પોતાનોજ માની લેવો. સ્ત્રી-કન્યા-પુત્રાદિની સાથે તો જગતમાં બે દિવસ (થોડા દિવસ)જ રહેવાનું છે એવું માની લઈ સ્વકર્તવ્ય કર્યે જવું, તેમની મોહમાયામાં ફસાઇ ઈશ્વરને ભૂલી જવો નહિ, એવું જ્ઞાન થાય તો પછી સંસારમાં રહેવા છતાં કશો દોષ નડશે નહિ." ગુરુભક્ત રામચંદ્રે ગુરુદેવના એ ઉપદેશ પ્રમાણેજ પોતાનું સર્વ જીવન વ્યતીત કર્યું હતું. તેના દૃષ્ટાંતસ્વરૂપ એક-બે બનાવો આ સ્થળે પ્રકટ કરવામાં આવે છે."

શ્રીરામકૃષ્ણદેવે જીવનલીલા સમાપ્ત કર્યા પછી કેટલેક દિવસે, એક સમયે તેમની એક આઠ વર્ષની કન્યા સંધ્યાસમયે રમતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી; એટલામાં તેના પહેરેલા વસ્ત્રને આગ લાગી. તે સમયે તેની પાસે કોઇ ન હતું. તે તદ્દન બાળક હતી. તેને ખબર ન હતી કે, અગ્નિ વડે તે બળી ભસ્મ થશે. ક્રમે ક્રમે વસ્ત્રમાં લાગેલા અગ્નિએ તેના શરીરને સખ્ત દઝાડી દીધું. કન્યાએ મોટી ચીસો પાડી રુદન કર્યું, ઘરનાં સર્વે દોડી આવ્યાં. ઘરની દાસી પાસે હતી તે ઝટ દોડી આવી, પણ તેણે મૂર્ખાઈએ અજ્ઞાનતાને લીધે કન્યાના શરીર ઉપર જળ રેડી અગ્નિ ઓલવવાનો યત્ન કર્યો; પરંતુ તેથી ઊલટુંજ પરિણામ આવ્યું. બાલિકાને તેથી વિશેષ દુઃખ થયું. ધીમે ધીમે શરીરે ભયંકર અગ્નિ-દાહ ઉત્પન્ન થયો. ડૉક્ટરોની ચિકિત્સા ચાલુ હતી છતાં પણ એક–બે દિવસ દાહને લીધે તડફડાટ કરી કન્યાનો પ્રાણવાયુ શરીર બહાર નીકળી ગયો! આવી અવસ્થામાં માતાપિતાનાં હૃદયમાં કેટલું દુઃખ થાય, તે તો જેને એવી દુઃખી અવસ્થા ભોગવવી પડી હોય તેજ સારી પેઠે જાણી શકે છે. ગમે તેમ હો પણ રામચંદ્રની એવી સ્થિતિ જાણી શ્રીરામકૃષ્ણદેવના અન્ય શિષ્યો તેમને ઘેર ગયા. સર્વેએ મનમાં ધાર્યું હતું કે, આવા ભયંકર બનાવથી નક્કી રામચંદ્રના મનમાં બહુજ દુઃખ થયું હશે. કયા શબ્દોમાં તેમને સાંત્વન આપવું તેનો તેઓ વિચાર કરતા હતા. તેઓ સર્વ રામચંદ્રનું આશ્ચર્યકારક માનસિક બળ અને કુટુંબપરિવાર તરફ અદ્દભુત માયા–ત્યાગ જોઈ સ્તબ્ધ થઈ ગયા! રામચંદ્રે કહ્યું કે, "પ્રભુએ (ગુરુદેવે) કન્યા આપી હતી, તે તેમણે લઇ લીધી છે. તેમ થવાથી મને દુઃખ પામવાનો શો અધિકાર છે?" આવો ઉત્તર સાંભળી સર્વે સંતુષ્ટ થયા અને મનમાં વિચારવા લાગ્યા કે, "અહા, એજ શ્રીરામકૃષ્ણદેવની શક્તિનો પ્રભાવ! ધન્ય ગુરુદેવ! જેના હૃદયમાં શોકનું નામનિશાન નથી, તે શિષ્યને ધન્ય છે! ગુરુદેવની શક્તિ વડેજ રામચંદ્ર એવો ઉત્તર આપી શકયા છે. ગુરુદેવને ભય, શોક કે લોભ, મોહ નથી, તો પછી શિષ્ય (રામચંદ્ર)માં તે હોયજ નહિ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્ર સારી પેઠે જાણતા હતા કે, પ્રભુ (ગુરુદેવ)જ આપણા પોતાના છે. સંસાર અનિત્ય છે–ઘડીમાં છે અને ઘડીમાં નથી. એવી તેમની દૃઢ ધારણા હોવાથીજ તેઓ એ પ્રમાણે માનસિક બળ દર્શાવી શકચા હતા. એવી ભાવનાપૂર્વક વિચારણા કરનારનેજ રામકૃષ્ણ પ્રભુ સંસારમાં દાસીની પેઠે રહેવાનું જણાવતા. રામચંદ્રે પ્રભુનો એ ઉપદેશ પોતાના જીવન–પ્રસંગોથી દર્શાવી આપ્યો હતો. વિદેહી જનક રાજા સંપૂર્ણ જ્ઞાની હતા. તેથીજ કહેતા કે, ‘સમસ્ત વિદેહનગર બળીને ભસ્મ થઇ જવા છતાં પણ મારા મનમાં જરા પણ અશાંતિ થશે નહિ’ તેજ પ્રમાણે મહાત્મા રામચંદ્રની આઠ વર્ષની એકની એક આત્મવત્ પ્રાણપ્રિય કન્યા તેમનીજ સામે બળીને ભસ્મ થઇ ગઇ; તેમ છતાં રામચંદ્રના મનમાં જરા પણ શોક પ્રવેશ કરી શકચો નહિ. સંસારમાં નિવાસ કરનાર સર્વ મનુષ્યો કહે છે કે, સંસારમાં રહીએ તો શું જ્ઞાન પ્રાપ્ત થતું નથી ? જો ન થતું હોય તો જનક રાજાને કેમ જ્ઞાન થયું હતું ? જનક રાજાનું દૃષ્ટાંત બતાવી અનેક મનુષ્યો ત્યાગ–વૈરાગ્યથી મુક્ત થવાનો યત્ન કરે છે; પરંતુ આટલા લાંબા સમયમાં જનક રાજા સિવાય બીજા કોઇ રાજાનું સાંસારિક દૃષ્ટાંત જોવામાં આવ્યું નથી. મહાત્મા રામચંદ્રે લાંબા કાળ પછી જનક વિદેહી જેવું બીજું દૃષ્ટાંત પૂરું પાડયું છે. આપણે સર્વે જોઇ શકચા છીએ કે, બીજા જનક વિદેહી તેઓ પોતેજ હતા, એમાં જરા પણ સંદેહ નથી. રામચંદ્રે સંસારમાં નિવાસ કરીને પૂર્ણ જ્ઞાનીનાં લક્ષણ ધારણ કર્યાં હતાં. તેથીજ કહેવામાં આવે છે કે, રામચંદ્ર યથાર્થરૂપે કામિની–કાંચનના ત્યાગી હતા. રામચંદ્ર યથાર્થરૂપે પોતાને સંન્યાસી કહેવડાવવા લાયક હતા. તેઓજ ગૃહસ્થાશ્રમીનાં વસ્ત્રોમાં સાચા સંન્યાસી હતા.

કામિની–કાંચનનો ત્યાગ કોને કહેવો ? કામિની–કાંચનનો ત્યાગ કરી જેઓ સંન્યાસીનાં ભગવાં વસ્ત્રો વડે જનસાધારણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખાય છે, તેમાંના ઘણા તો ઉદ્યોગ-ધંધો નહિ હોવાથી કિંવા મફતનું ખાવાની ટેવ પડેલી હોવાથી સંન્યાસી બની બેઠા છે. કોઇને માતાપિતા નથી, કે આત્મીય સ્વજન નથી, તેથી તેઓ સંન્યાસીનો વેશ ધારણ કરી ફરતા ફરે છે! વળી કોઇને પિતામાતા સ્વજન છે, છતાં સંસાર ચલાવવાનો ભાર તેમનાથી સહન થતો ન હોવાથી તેઓ સંસારત્યાગી બની બેઠા છે! વળી કેટલાક ક્રોધી મનુષ્યો સ્ત્રી સાથે લડીવઢી સંસારત્યાગ કરી બાવાજી બની બેઠા છે અને બીજા પ્રકારનીજ સૃષ્ટિ-જાણે એક પ્રકારનો સંસાર-જમાવી બેઠા છે! તેમની એવી સ્થિતિમાં લોભ-મોહ વધ્યો છે અને ગૃહસ્થાશ્રમમાં થોડાં માણસોને પોતાનું વિચિત્ર ચરિત્ર બતાવતા તે ભગવાં પહેરી અનેક માણસોને બતાવી ઊલટા તેમને બગાડતા થયા છે! એવા પ્રકારના સંન્યાસીઓના સંસારત્યાગને અથવા જેમનાં માતાપિતા અને સ્ત્રીપુત્રાદિ વિદ્યમાન છે અને તેમનું પ્રતિપાલન કરવા માટે અન્ય કોઈ નથી, તેઓજ તેના આધારરૂપ છે, તેવા મનુષ્યો ભગવાન-પ્રાપ્ત કરવા માટે સંન્યાસી થતા-સંસારની મોહ-માયાનો ત્યાગ કરતા જોવામાં આવે, તોજ તે વૈરાગ્યનો પ્રભાવ જોઇ સ્તબ્ધ થઇ શકાય. ભગવાનપ્રાપ્તિના ઉદ્દેશ્ય સિવાયનો ભગવો સંન્યાસ કેવળ ઢોંગજ!

રામચંદ્રને પિતા હતા, સ્ત્રી હતી, કન્યા હતી, તેમ છતાં જીવનના છેલ્લા વિભાગમાં પિતાની આજ્ઞા લઇ સંસારની માયા ત્યાગ કરી તેઓ કાંકુડગાચ્છીના યોગોદ્યાનમાં આવી પ્રભુની સેવામાં ગૂંથાયા હતા. જે સમયે યોગોદ્યાનમાં પ્રભુને સમાધિ આપવામાં આવી, તે સમયે તેમની નિત્ય પૂજા માટે રામચંદ્રે બ્રાહ્મણ નોકર રાખ્યો હતો. એ બ્રાહ્મણ અથવા પ્રભુનો કોઇએક ભક્ત ત્યાં આવી પ્રસંગોપાત્ત પ્રભુની સેવા-પૂજા કરતો. રામચંદ્ર પ્રત્યેક રવિવારે અને વચમાં કોઇ દિવસ પ્રાતઃસમયે આવી સેવાકાર્યની તપાસ કરી જતા. એક દિવસ તેમણે જે કાંઇ જોયું તે ઉપરથી તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં સખ્ત દુઃખ થયું. ગુરુદેવને મિષ્ટાન્ન ભોગ ધરાવ્યો હતો પરંતુ તે ઉપર અનેક કીડીઓ વિંટાઇ વળી હતી. એ જોઈ તેમના મનમાં અતિશય દુઃખ થયું. તેમણે વિચાર કર્યો કે, "પગારદાર બ્રાહ્મણ નોકર શું યોગ્ય રીતે સેવા કરી શકે?" રામચંદ્ર રડવા લાગ્યા. ગુરુદેવની સેવા બરાબર થતી નથી તે જાણી તેમને બહુ દુઃખ થયું. તેજ દિવસથી તેઓ પિતાજીની આજ્ઞા લઇ યોગોદ્યાનમાં આવી સ્વહસ્તે ગુરુદેવનું સેવાકાર્ય કરવા લાગ્યા. એ સમયે યોગોદ્યાનમાં નિવાસ કરવો એ કેવું દુઃસાધ્ય હતું તેનું વર્ણન થઇ શકે તેમ નથી. સમસ્ત ઉદ્યાન વરસાદના જળમાં ડૂબી જતું. તે ઉપરાંત ભયંકર મેલેરિયા-તાવ વિશેષરૂપે હતો. ચારે દિશામાં ખાબોચિયાં અને નેળિયાંનાં જળ કોહી જઈ તેમાંથી અતિશય દુર્ગંધ ઊડતી. રસ્તા કાચા હતા, તેથી ઘૂંટણ સુધી કાદવ થતો. તેમાં થઇને આવજા કરવી પડતી. તે સમયની યોગોદ્યાનની સ્થિતિ જેણે નજરે જોઈ છે, તેનેજ તેનો ખ્યાલ આવે છે. એક રૂપે કહીએ તો તે સમયે તે સ્થળ નિવાસ કરવા યોગ્ય ન હતું, તેથીજ ગુરુદેવનો કોઇ પણ ભક્ત ત્યાં રહેવાનું સાહસ કરતો નહિ. પરંતુ રામચંદ્રે અદ્ભુત ત્યાગ સ્વીકાર્યો હતો! ગુરુદેવની સેવા-પૂજા માટે પિતા, સ્ત્રી, કન્યાની માયાનો ત્યાગ કરી; એટલુંજ નહિ પણ પોતાના પ્રાણની માયાનો સુધ્ધાં ત્યાગ કરી ભયાનક જંગલમાં આવી નિવાસ કરવા લાગ્યા. જે મનુષ્યોએ સર્વસ્વ ત્યાગ કર્યું હોય છે, તેઓ પણ શરીરનું સંરક્ષણ કરવા-શરીર સારું નીરોગી રહે તેમ કરવા-યત્ન કરે છે; પરંતુ રામચંદ્રે તે તરફ પણ લક્ષ્ય રાખ્યું ન હતું.

એ સંબંધી એક વિષયનો ઉલ્લેખ કર્યા સિવાય આ નિબંધનો ઉપસંહાર કરી શકાય એમ નથી. રામચંદ્રના અંતિમ સમયે જ્યારે તેઓ દમ, બહુમૂત્રતા, વગેરે રોગોના હુમલાથી શય્યાવશ થયા હતા, તે સમયે એક દિવસ તેમના એક સગાએ કહ્યું કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહાશય ! આટલું બધું દ્રવ્ય ઉપાર્જન કર્યું છતાં કાંઈ પણ સંગ્રહ કર્યું નહિ ! આપની સ્ત્રીનું શું થશે ?" એ સાંભળતાંજ રામચંદ્રે હાસ્યભરેલે વદને કહ્યું કે, "જો મેં ધાર્યું હોત તો વીશ-પચીશ હજાર રૂપિયા તો સહજે બચાવી શકત; પરંતુ મેં એકે દિવસ એવો વિચાર કર્યો નથી કે, હું મારી સ્ત્રીને અન્નાદિ પૂરું પાડું છું. ગુરુદેવજ મને અને મારી સ્ત્રીને બન્નેને અન્ન ખાવા આપે છે. હમણાં તેને જે પ્રભુ અન્ન આપે છે, તેજ પ્રભુ મારા મરણ પછી પણ તેને આપશે, એવી મને દઢ શ્રદ્ધા છે." અહા ! શું એને માયાત્યાગ નહિ કહેવાય ? જો રામચંદ્રને સ્વપત્ની પ્રત્યે એક બિંદુ પણ માયા હોત, તો અંતિમ સમયે નિરાધાર સ્ત્રીને માટે તેમને દુઃખ થયા વિના રહેત નહિ. એવું પણ જોવામાં આવે છે કે, કેટલાક મનુષ્યોએ ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું છે અને ઘણો ખર્ચ કરી દીધો છે. તેઓ કાંઇ પણ બચાવી શકયા નથી, પરંતુ જે સમયે તેમને સંસારની માયાનું સ્મરણ થાય છે; સ્ત્રી-પુત્રાદિની કંગાલ સ્થિતિ યાદ આવે છે, તે સમયે તેઓ ઘણો પશ્ચાત્તાપ કરતા જણાયા છે અને તેમને એવું બોલતાં સાંભળ્યાં છે કે, "જે સમયે પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કર્યું, તે સમયે મેં થોડું બચાવવાનો યત્ન કેમ ન કર્યો ?" પરંતુ રામચંદ્ર એવી પ્રકૃતિના મનુષ્ય ન હતા. તેથીજ અમે કહીએ છીએ કે, એવા ત્યાગી મહાપુરુષ કેટલા જોવામાં આવે છે ? ત્યાગ સિવાય ધર્મપ્રાપ્તિ થતી નથી. ત્યાગ એજ ધર્મના પાયા સમાન છે, એવું રામચંદ્રના સમજવામાં આવી ગયું હતું, તેથીજ તેઓ ત્યાગી બન્યા હતા અને ત્યાગ સ્વીકારીનેજ તેમણે ધર્મપ્રાપ્તિ કરી હતી. એ આદર્શ જોઇ પ્રત્યેક ધર્મપિપાસુ સંસારીજનોએ પોતાનું જીવન રચવું જોઇએ. તેમ કરવાથી તે ભગવદ્-પ્રેમનો રસાસ્વાદ પ્રાપ્ત કરી, સંસારની માયામાંથી મુક્ત થઇ ભગવત્પાદપદ્મ પ્રાપ્ત કરી શકશે એમાં તલમાત્ર પણ સંદેહ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अध्याय ३ जो–रामचंद्रनी श्रद्धा अने भक्ति

મહાપુરુષોના જીવનપ્રસંગોનું વારંવાર સ્મરણ કરવાથી આપણા હૃદયમાં સાહસ અને બળ પ્રવેશે છે, આ ભવસાગરના અપાર જળનો આપણને કિનારો મળવાની આશા રહે છે અને આપણાં પાપપૂર્ણ મનમાં પુણ્યભાવનાનો સંચાર થાય છે. રામચંદ્ર, પ્રભુ રામકૃષ્ણદેવના એક મહાપવિત્ર અનન્ય ભક્ત હતા. પૂર્ણ-બ્રહ્મ રામકૃષ્ણદેવના અનન્ય ભક્ત તરીકે અમે તેમના સંબંધી કંઇ પણ વિવેચન કરી શકીએ એમ નથી; કારણ કે તેમના સર્વ અનન્ય ભક્તો મહાપવિત્ર અને અસીમ શક્તિસંપન્ન દૈવી પુરુષ હતા. શ્રીરામકૃષ્ણદેવે જે ઉપદેશ દીધો છે, તે સર્વે અમે તેમના ભક્તોના જીવનમાં પ્રતિફલિત થયેલો જોઇ શકયા છીએ. એ ભક્તો ગુરુદેવની લીલાનું પુષ્ટિ સાધન કરવા માટેજ અવતર્યા હતા. સેવક રામચંદ્રના જીવનનું અવલોકન કરવાનો જે ભાગ્યશાળી સજ્જનોને અવસર પ્રાપ્ત થયો છે, તેઓ સમજી શકયા છે કે, રામચંદ્રનું જીવન એ ગુરુદેવ શ્રીરામકૃષ્ણદેવના ઉપદેશની જ્વલંત છબી હતી. સંસારી મનુષ્યો સંસારમાં નિવાસ કરીને કેવા પ્રકારે ગુરુદેવના ઉપદેશ અનુસાર કાર્ય કરી શકે, તે દર્શાવી આપવા માટેજ રામચંદ્ર જગત-માં અવતર્યા હતા. શ્રીરામકૃષ્ણના ભક્તોને મહાત્મા રામચંદ્રના જીવ-નમાંથી અનેક વિષયનું શિક્ષણ મળે છે. એમાંથી તેમની શ્રદ્ધા અને ભક્તિ એજ મુખ્ય અનુકરણીય છે. શ્રદ્ધા અને ભક્તિના બળ વડેજ તેમને મહાપુરુષ માની આજ જગત તેમનું પૂજન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારમાં અનેક પ્રકારનાં સુખ અને સ્વચ્છંદતા ભોગવવા છતાં તૃપ્ત નહિ થવાથી રામચંદ્રના મનમાં અસંતોષ—અશાંતિ ઉત્પન્ન થઇ હતી. તેથીજ તેઓ ઇ. સ. ૧૮૭૯માં પ્રભુ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવની પાસે ગયા. કેટલાક દિવસપર્યંત તેમની પાસે આવજા કર્યા પછી પ્રભુએ તેમને '**ચૈતન્ય ચરિતામૃત**' વાંચવાની ભલામણ કરી. તેઓ જેમ જેમ તે પુસ્તક વાંચતા ગયા, તેમ તેમ જાણે તેઓ રામકૃષ્ણદેવનુંજ જીવન તેમાં જોતા હોય તેમ થયું. વાંચતાં વાંચતાં રામકૃષ્ણદેવ સાક્ષાત્ ચૈતન્યરૂપજ હોય તેમ તેઓ માનવા લાગ્યા. એ સમયથીજ પ્રભુ રામકૃષ્ણદેવ તે સાક્ષાત્ ભગવાનજ છે, એવી દૃઢ શ્રદ્ધા તેમના મનમાં ઉત્પન્ન થઇ. રામકૃષ્ણદેવના શિષ્યોમાંથી રામચંદ્રેજ સૌથી પહેલાં તેમને "ભગવાન" કહ્યા અને સર્વમાં તેમને ઈશ્વરાવતાર તરીકે ઓળખાવ્યા. વિવેકાનંદ સ્વામીએ તો પાછળથી ઓળખાવ્યા છે. રામચંદ્રે જે સમયે સર્વને એ વાર્તા કહી, તે સમયે અનેક મનુષ્યો તેમની મશ્કરી કરવા લાગ્યા; પરંતુ તેથી રામચંદ્રની શ્રદ્ધા લેશ પણ ઓછી થઈ નહિ. આજ્ઞાધારક સેવકની પેઠેજ રામચંદ્ર સર્વદા પ્રભુની આજ્ઞાનું પાલન કરવા તત્પર રહેતા. ગુરુદેવ રામકૃષ્ણદેવે તેમને જે ઉપદેશ આપ્યા હતા, તે સમસ્તનું તેમણે તનતોડ મહેનત કરીને પાલન કર્યું હતું. શાસ્ત્રમાં આજ્ઞા છે કે, ગુરુ જે કાંઇ આજ્ઞા કરે તેનું શિષ્યે જરા પણ વિચાર કર્યા વગર તત્ક્ષણ પાલન કરવું જોઇએ. રામચંદ્રના જીવનમાં એ શાસ્ત્રવાક્ય શબ્દે શબ્દ જોવામાં આવતું. રામચંદ્રે પોતાના જીવનમાં ભૂલેચૂકે કોઇ પણ એવું કાર્ય કર્યું નથી, કે જે માટે ગુરુદેવે તેમને નિષેધ કર્યો હોય. પરમહંસદેવે એક વખત તેમને કહ્યું હતું કે, "ભક્તનું દ્રવ્ય નાળાંના જળ જેવું હોવું જોઇએ, અર્થાત્ એક દિશામાંથી આવે અને અન્ય દિશામાં ચાલ્યું જાય." બીજે દિવસે શું થશે તેનો લેશ પણ વિચાર કર્યા વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્ર પોતાનું દ્રવ્ય–લક્ષ્મી ગુરુના કાર્ય માટે યથાર્થ રીતે ખર્ચી નાખતા. પ્રભુને માટે પૈસા ખરચવામાં રામચંદ્રે કોઈ દિવસ જરા પણ સંકોચ રાખ્યો નથી. રામચંદ્ર, ગુરુદેવને માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરવા સદા તૈયાર હતા, ત્યાં પછી પૈસાની તો વાતજ શી? તેમણે પોતાનું મન–પ્રાણ સમસ્ત ગુરુદેવના શ્રીપાદપદ્મમાં અર્પણ કર્યું હતું. તેઓ એમજ માનતા કે, મારું સર્વસ્વ મારા ગુરુદેવનું છે. પછી ગુરુદેવની આજ્ઞા થાય એટલીજ વાર. આજ્ઞા થતાંજ તેનું તેઓ પાલન કરતા. વાસ્તવિક કહીએ તો રામચંદ્રને પોતાનું કહેવા જેવું જગતમાં કશું હતુંજ નહિ. એવું તેમને ભાનજ ન હતું. સર્વ પ્રભુ રામકૃષ્ણનુંજ છે, એવી તેમને દૃઢ શ્રદ્ધા હતી અને જીવનના અંતપર્યંત તેમણે એ શ્રદ્ધા પ્રમાણેજ કાર્ય કર્યું છે. પ્રભુ રામકૃષ્ણદેવે રામચંદ્ર ઉપર કયા પ્રકારની કૃપા કરી હતી, તે તેમણે સ્વહસ્તે ગુરુદેવના જીવનચરિત્રમાં લખ્યું છે. જે દિવસે રામકૃષ્ણદેવે દક્ષિણેશ્વરમાં પોતાના શયનગૃહના ઓટલા ઉપર ઊભા રહી રામચંદ્રને કહ્યું હતું કે, "શું જોઈએ છે?" તેજ દિવસથી રામચંદ્રે કેવો નિષ્કામ ભક્તિભાવ દર્શાવ્યો હતો! તેમણે જોયું હતું કે, સન્મુખ અખિલ બ્રહ્માંડના ઈશ્વર કલ્પતરુ રૂપે ઊભા રહી કહે છે કે, "શું જોઈએ છે?" અને રામચંદ્રમનમાંજ વિચારી રહ્યા છે કે, "શું માગું? આ સમયે જે માગીશ તે મળશે?" એવી તેમની દૃઢ ધારણા હતી, તેમ છતાં તેમણે કંઇ પણ માગ્યું નહિ તેનું કારણ શું? તેઓ કાંઇ સામાન્ય મનુષ્યની પેઠે કોઇ પ્રકારનો સ્વાર્થ સાધવા રામકૃષ્ણદેવ પાસે ગયા ન હતા!

એક વખત વિચાર કર્યો કે, અર્થ (પૈસા) માગું? એજ ક્ષણે મનમાં વિચાર થયો કે, "છટ્ છટ્! પ્રભુએ કહ્યું છે કે, અર્થ એ તો ભગવાનથી દૂર રાખે છે. અર્થ પ્રાપ્ત થયા પછી ભગવાનની પ્રાપ્તિ થતી નથી અને અહંકાર થાય છે માટે તે માગીશ નહિ. ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું માગું ?" પૃથ્વીની સર્વ વસ્તુઓ માગવાનો એક પછી એક વિચાર મનમાં થયો. પરંતુ તેમાંની કોઇ પણ વસ્તુ તેમના મનમાં માગવા લાયક જણાઈ નહિ. તેમણે વિચાર કર્યો કે, સર્વ વસ્તુઓ પ્રભુના ચરણથી દૂર રાખવાનો યત્ન કરશે. અંતે તેમણે ઉત્તર દીધો કે, "પ્રભુ ! શું માગું તે હું સમજી શકતો નથી. આપજ કહો કે શું માગું ?"

જેણે જે મહાપુરુષને "**ભગવાન**" કહી ભક્તિ દર્શાવી મન-પ્રાણ સર્વસ્વ જેના ચરણમાં સમર્પણ કર્યું છે, તેને તે વળી માગવાનું શું હોય ? જે મન વડે તે માગણી કરશે તે મન શું તે (રામચંદ્ર)નું છે ? તે મન તો તેણે પ્રભુના પાદપદ્મમાં અર્પણ કરી દીધું છે. જો તેના મનમાં કાંઈ પણ આકાંક્ષા હોય, જો હજી પણ તેને કાંઇ માગવાનું રહ્યું હોય, તો પછી તેણે સર્વસ્વ અર્પણ કર્યું છે એમ કેમ કહેવાય ? જેને સાક્ષાત્ ભગવાન મળ્યા છે, તેને વળી બીજું માગવાનું શું હોય ? ભગવાનમાંજ સર્વ સમાયેલું છે. જેનામાંથી સર્વ જગત અને જગતનાં સુખદુઃખ ઉત્પન્ન થયાં છે, તેજ ભગવાનનો સાક્ષાત્કાર થયો, પછી ભક્તને માગવાનું શું હોય ? એ સૂત્ર રામચંદ્રના મનમાં સંપૂર્ણરૂપે ઠસી ગયું હતું, તેથીજ તેમણે કંઇ માગ્યું નહિ. તેમણે પોતાના એ જીવનપ્રસંગ ઉપરથી જગતને બતાવી આપ્યું છે કે, "જો ભગવાન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ હોય, તો હે મનુષ્યો ! કામનાવર્જિત થાઓ. પછી તો કોઇ પ્રકારની કામના-વાસના રહેવી જોઇએ નહિ." તેમણે એમ પણ બતાવી આપ્યું છે કે, "હે માનવ જીવો ! જો કે તમારા ઇષ્ટદેવતા કૃપાળુ થઇને તમને દર્શન આપી વર માગવા કહે, તોપણ વર પ્રાપ્ત કરવાની આશા-છલનામાં ભૂલથાપ ખાઇ કામના-વાસનાને મનમાં જરા પણ સ્થાન આપશો નહિ ! જો ભૂલને વશ થયા કે કાંઇપણ માગ્યું તો યાદ રાખજો કે, તમારું પતનજ થશે. વર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત કર્યા પછી તે લઇને ચાલ્યા જવું પડશે. વરદાતા (ઇષ્ટદેવતા)ને પ્રાપ્ત કરવાની આશા પરિત્યાગ કરવી પડશે. વર આપનાર ઇષ્ટદેવતાને પ્રાપ્ત કરો. વરદાનથી શું ફળ છે? ઇષ્ટદેવતાથીજ સર્વ સુફળ પ્રાપ્ત થશે."

રામચંદ્રે જે દિવસથી રામકૃષ્ણદેવને પૂર્ણબ્રહ્મરૂપે જાણ્યા હતા, તેજ દિવસથી તેમનો પ્રસાદ ગ્રહણ કર્યા વિના તેઓ કોઇ પણ દિવસ આહાર આદિ કરતા નહિ. તેઓ દક્ષિણેશ્વરથી નિત્ય પ્રભુની પ્રસાદી–કાંઇ પણ મિષ્ટાન્નાદિ–ઘરમાં લાવીને રાખતા અને નિત્યસ્નાન કર્યા પછી તેમાંથી એક બિંદુ જેટલો પ્રસાદ મોંમાં મૂકી ભોજન કરવા બેસતા. પ્રસાદ પૂરો થઇ રહે તે પહેલાંજ તેઓ ગુરુદેવની પાસે જઇ પુનઃ બીજો પ્રસાદ લઇ આવતા. એક સમયે ઘરમાંનો પ્રસાદ પૂરો થઈ ગયો હતો, તેની તેમને પ્રથમથી ખબર પડી ન હતી. તેથી તેઓ તરતજ ગુરુદેવની પાસે ગયા. જ્યારે તેઓ તેમની પાસે જતા ત્યારે હમેશાં કાંઇક પણ મિષ્ટાન્નાદિ વેચાતું લઇ જતા. આ વખતે પણ તેમણે તેમજ કર્યું. સમસ્ત દિવસ ગુરુદેવની પાસે રહ્યા; પરંતુ તે દિવસે ગુરુદેવે તે મિષ્ટાન્નમાંથી જરાપણ લઇને મોંમાં મૂક્યું નહિ. મિષ્ટાન્ન લઇને રામચંદ્રે કેટલીય વાર પ્રભુના મુખ આગળ ધર્યું; પરંતુ તે દિવસ તેમણે તેમાંથી કાંઈ પણ લીધું નહિ! ધીમે ધીમે સંધ્યાસમય થયો. બીજે દિવસે નોકરી ઉપર જવાનું હોવાથી રાત્રે ઘેર જવુંજ જોઇએ. રામચંદ્ર મનમાંજ વિચાર કરતા હતા કે હવે શું કરવું? ગુરુદેવનો પ્રસાદ લીધા વગર કેવી રીતે ઘેર જવું? આજે ભગવાનનો પ્રસાદ તો મળ્યો નહિ. એમ કહી વિચાર કરવા લાગ્યા. તપાસ કરતાં માલૂમ પડ્યું કે, બીજા કોઈનીપાસે પણ પ્રસાદ છે નહિ! જો હોત તો તેમાંથી થોડો લઈને તેઓ ઘેર જાત. પ્રભુ ત્યાંથી પંચવટી તરફ ગયા હતા. તે સમયે બીજું કાંઇ નહિ મળતાં અંતે ગુરુદેવને થૂંકવાની પિચ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાની ત્યાં પડેલી રામચંદ્રના જોવામાં આવી. તે તેમણે હાથમાં લઈ જોતાં જણાયું કે, તેમાં પ્રભુના મુખમાંથી નીકળેલું લાળ અને થૂંક પડયું હતું. પ્રભુભક્ત રામચંદ્રે, મિષ્ટાન્નની હાંલ્લીમાંથી બે-ચાર કટકા મિષ્ટાન્ન લઈ ગુરુદેવની પિચદાનીમાં પડેલા થૂંકમાં રગદોળી લીધું અને જરાપણ સંકોચ વગર-જરાપણ સૂગ ચડાવ્યા વગર-તેને પ્રભુપ્રસાદ માની-તે ઉપર દૃઢ શ્રદ્ધા રાખી-ઘેર લઈ જવાનો વિચાર કર્યો. પરમહંસદેવ તે જાણી શકયા. ભક્તને આધિન ભગવાન કહે છે તે શું ખોટું છે? ના, જરા પણ નહિ. ભક્તવત્સલ રામકૃષ્ણ ભગવાન તત્ક્ષણ ત્યાં આવી પહોંચ્યા અને રામચંદ્રના મિષ્ટાન્નમાંથી થોડું ભક્ષણ કરી તેમને પ્રસાદ આપ્યો અને લાળ-થૂંકમાં ભેળવેલી મીઠાઇ પરમહંસદેવે પોતાને હાથેજ હાંલ્લામાંથી કાઢી બહાર ફેંકી દીધી.

ધન્ય છે એ મહાપુરુષને! ધન્ય છે તેમની ગુરુભક્તિને! ત્રિપાદ પાપથી પૂર્ણ ઘોર કલિયુગમાં એવો સ્વર્ગીય વિમલ ભક્તિ-ભાવ રામચંદ્રેજ દર્શાવી આપ્યો છે કે જે શ્રવણ કરવાથી શરીરનાં રૂંવાં ઊભાં થઈ જાય છે! એવા પ્રકારની અનન્ય ભક્તિ કયા ભગવત-ભક્તના હૃદયમાં ઉત્પન્ન થયેલી જોવામાં આવે છે? આવા અલૌકિક બનાવો સાંભળવાથી આજકાલ તેને બનાવટી ગપાટા માનવામાં આવે એ સ્વાભાવિક છે. વળી એમ પણ કહેવામાં આવે કે, એવું તે વળી મનુષ્યચરિત્રમાં સંભવે ખરું? પરંતુ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ સંબંધી જેટલી ચમત્કારિક કથાઓ લખવામાં આવી છે તે સર્વ સત્ય છે. આપણાં ધર્મશાસ્ત્ર અને યોગશાસ્ત્રો વાંચવાથી ખાતરી થશે કે, મનુષ્યમાં એવી અલૌકિક શક્તિઓ હોય છે એ સંભવિત-જ છે. માત્ર મનુષ્યે ગુરુકૃપા પ્રાપ્ત કરી સાધક બની તે શક્તિને ખીલવવી જોઇએ. વળી જગતની રચના કરનાર કોઇ મહાન શિલ્પી ઈશ્વર હોવો જોઇએ અને તેના ચરિત્રનો પાર પામવાની કોઇનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ નથી એટલું તો માનવુંજ પડશે. ત્યારે પછી તે અવતાર ગ્રહણ કરે અને અલૌકિક લીલા-રચના રચે એમાં અસંભવિત શું છે? એમાં વળી આશ્ચર્યકારક પણ શું છે? હા, પણ દેવચરિત્ર સમજવા માટે દેવની કૃપા જોઇએ. તે સિવાય સમજી શકાય નહિ અને પાશ્ચાત્ય સંસ્કારોનાં ચશ્માં ચડાવનારને તો અવશ્ય તે સમજાયજ નહિ અને અસંભવિતજ લાગે.

રામચંદ્ર પોતાના ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસ ઉપર જે પ્રકારની ભક્તિ દર્શાવતા અને તેમના ઉપર તેમને જે પ્રકારની શ્રદ્ધા હતી, તેની તુલના થઈ શકે એમ નથી. તેમના ઉપર ગુરુદેવે કૃપા કરી તેમનાં માનવચક્ષુને બદલે દેવચક્ષુ બનાવી દીધાં હતાં!

રામચંદ્રેજ ગુરુદેવની સેવા કરવાનું માહાત્મ્ય અને ફળ જાણ્યું હતું, રામચંદ્રેજ ભગવાન રામકૃષ્ણદેવને બરાબર ઇશ્વિરાવતારરૂપે ઓળખ્યા હતા. રામચંદ્ર, રામકૃષ્ણ-સાગરમાં ડૂબી ગયા હતા! તેમના મુખમાંથી "**રામકૃષ્ણ**" સિવાય અન્ય કથાવાર્તા થતીજ નહિ. તેમને "**રામકૃષ્ણ**" સિવાય અન્ય વિચાર આવતાજ નહિ. તેઓ "**રામકૃષ્ણ**" સિવાય અન્ય કોઇ કથાવાર્તા શ્રવણ કરતા નહિ, અને "**રામકૃષ્ણ**" સિવાય અન્ય કોઇનું ધ્યાનભજન કે પૂજન કરવાનું તેઓ કોઇને કહેતા પણ નહિ "**રામકૃષ્ણ**" એજ તેમનાં વેદપુરાણ અને સર્વ શાસ્ત્રો હતાં. "**રામકૃષ્ણ**" એજ તેમનું સર્વસ્વ ધન હતું. "**રામકૃણ**" એજ તેમનો પ્રાણ હતો અને જે મનુષ્ય "**રામકૃષ્ણ**" નામોચ્ચાર કરતો તેજ તેમનો પરમ આત્મીય ગણાતો. તેઓ ભગવાન રામકૃષ્ણના અમર આત્માના ચમત્કારો અનુભવતા તેનુંજ એ પરિણામ હતું. વારંવાર તેઓ કહેતા કે, "જે રામકૃષ્ણને ભજશે તેનું દુઃખ દૂર થઇ જશે, તેની મનોકામના પૂર્ણ થશે, તેમના ભક્તોનું તેઓ રક્ષણ કરે છે એમાં શંકા કરશો નહિ, રામકૃષ્ણ ભજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુ કહેતા કે, "ભજો ગૌરાંગ કહો ગૌરાંગ, લો ગૌરાંગનું નામ રે, જે જન ગૌરાંગ ભજે તે અમારા પ્રાણ રે!" રામચંદ્રની મનોભાવના પણ એવીજ થઈ રહી હતી. કપટી, વિશ્વાસઘાતી, મહાપાપી કે મહાન સ્વાર્થી મનુષ્યો પણ જો "રામકૃષ્ણ" નો નામોચ્ચાર કરતાં તો તેજ ક્ષણે રામચંદ્ર તેને ગાઢ આલિંગન દેતા અને તે રામચંદ્રનો આત્મીય કરતાં પણ પરમાત્મીય બની જતો! તેમને દૃઢ શ્રદ્ધા હતી કે, "રામકૃષ્ણ" નામોચ્ચાર કરવાથી પાપી પણ પવિત્ર થાય છે. અહા! શું એને "રામકૃષ્ણ" પર અનન્ય ભક્તિ ન કહી શકાય? એવી ભક્તિ તો ક્યાંય પણ જોવામાં આવતી નથી. એવી ભક્તિ શું દેવતા સિવાય મનુષ્યોમાં હોઈ શકે? ધન્ય છે એ દેવતાને! એમની જીવનકથા શ્રવણ કરવાથી મહા પુણ્ય પ્રાપ્ત થાય છે. મન, વાણી, કર્મ પવિત્ર થાય છે. મહાત્મા રામચંદ્રની ભક્તિ અને શ્રદ્ધાની કથાનું જે મનુષ્યો સ્મરણ કરશે, તેમનું હૃદય શુષ્ક હશે તોપણ ભક્તિ રસથી ભીંજાશે. તે ભગવાન ઉપર, ગુરુ ઉપર ભક્તિ કરતાં શીખશે! માટેજ કહેવામાં આવે છે કે, જો શ્રદ્ધા અને ભક્તિનું સ્વરૂપ જાણવા ચાહતા હો તો ભક્તપ્રવર રામચંદ્રની જીવન-કથા વારંવાર વાંચો અને મનમાં ચીતરી રાખો, રામચંદ્રનાં ગુણ-ગાન ગાઓ. જ્યારે રામચંદ્રનું ચરિત્ર વાચકબંધુઓ સારી પેઠે સમજી શકશે અને જ્યારે રામચંદ્રની ભક્તિ અને શ્રદ્ધાની છબી સર્વ મનુષ્યોનાં હૃદયમાં અંકિત થશે, ત્યારેજ તેમના મનમાં વિમલ પ્રેમનો સંચાર થશે અને ત્યારેજ તેમને રામકૃષ્ણદેવની કૃપા વગર મહેનતે પ્રાપ્ત થશે.

શ્રીરામકૃષ્ણદેવ કહેતા કે, "ભક્તિ બે પ્રકારની છે. (૧) જ્ઞાન-મિશ્રભક્તિ અને (૨) પ્રેમભક્તિ. એવી પ્રેમભક્તિ ગોપિકાઓના હૃદયમાં હતી. એવી ભક્તિ અતિ અલ્પ જોવામાં આવે છે. પ્રેમભ-ક્તિનું લક્ષણ "અહંતા" અને "મમતા" છે. જેમ યશોદાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં સમજતાં કે, મારા સિવાય ગોપાલને કોણ જમાડશે? તેમના સિવાય ગોપાલની કોણ સંભાળ લેશે? અને "મમતા" પ્રેમ-ગોપાલ સિવાય તે કશું જાણતાં ન હતાં. ગોપાલ એજ તેમનું સર્વસ્વ ધન હતું. ગોપાલ સિવાય તેમના પ્રાણ ટકી શકે એમ નહોતું. અમે રામચંદ્રમાં એવીજ પ્રેમભક્તિ જોઇ શકયા છીએ. રામચંદ્ર ગુરુદેવની સેવા સિવાય બીજું કશું જાણતા ન હતા. ગુરુદેવની સેવામાં જરા પણ અડચણ–વિઘ્ન થતાંજ રામચંદ્ર ક્રોધે બળી ઊઠતા! તે સમયે તેમને જ્ઞાન રહેતું નહિ. કોઇ માણસ ગમે તેવો મોટો ભક્ત કાં ન હોય, પણ પ્રભુની સેવામાં જરા પણ ખલેલ કરતાંજ તેઓ તેનો તિરસ્કાર કરતા. રામચંદ્રને એકજ તીવ્ર ઇચ્છા હતી કે, પ્રભુની સેવા સારી પેઠે થાય. ભક્તને આધીન ભગવાન હોવાથી પ્રભુ રામકૃષ્ણદેવે પણ રામચંદ્ર ઉપરજ સેવાકાર્યનો ભાર મૂકયો હતો. કોઇ પણ ભક્ત પ્રભુને પોતાને મકાને તેડી જઇ તેમની સેવા અને મહોત્સવ કરવાની ઇચ્છા દર્શાવતાંજ પ્રથમ રામચંદ્રની આજ્ઞા લીધા સિવાય કોઇ કાંઇ કરી શકતું નહિ. ગુરુદેવ કહેતા હતા કે, "રામની સલાહ લઇને જે કરવું હોય તે કરો." જે સ્થળે પ્રભુ સહિત મહોત્સવ થયા હતા ત્યાં રામચંદ્ર મુખ્ય કારભારી બન્યા હતા. તે સ્થળે સૌથી પ્રથમ રામચંદ્ર જતા અને પ્રભુની સેવાનો બંદોબસ્ત કરતા. એ જોઇને કેટલાક તેમને કર્માભિમાની કહેતા. પરંતુ તેમનું એ કહેવું ભૂલભરેલું છે; કારણ કે પ્રભુ કહેતા કે, 'પ્રેમભક્તિ' હોય ત્યાં 'અહંમમતા' હોય છે. રામચંદ્રમાં 'પ્રેમભક્તિ' હતી. તેથી તેમનામાં એવી નિર્દોષ 'અહંમમતા' જોવામાં આવતી. એ સ્વર્ગીય 'પ્રેમભક્તિ'ની ભાવના જે મનુષ્યો સમજી શકતા નથી તેઓજ એવો અભિપ્રાય દર્શાવે છે! તેમ ન હોય તો, મહાપુરુષ રામચંદ્રે જે દીનતાથી જીવન વ્યતીત કર્યું છે, તે કોના જાણવામાં નથી? અને તે ટીકાકારોના ધ્યાનમાં કેમ ન આવે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધા અને ભક્તિનો આદર્શ કેવો હોય છે, તે સમજાવવા માટે પ્રભુ રામકૃષ્ણદેવ એક સંગીત ગાતાઃ-

"ભાવમાં તેજ એક પરમાનન્દ, જે જન પરમાનંદમયીને જાણે
(તે) ન જાય તીર્થ પર્યટને,(માતા) કાલી સિવાય અન્ય કથા ન સાંભળે કાને
પૂજા, સન્ધ્યા, તે નવ માને, (મા) કાલી સર્વ કરે છે એમજ તે માને
જે મા કાલી-ચરણ માને છે સ્થૂલ, તે વિષયી કરે છે મોટી ભૂલ,
ભવાર્ણવમાં પ્રાપ્ત કરે તટ મૂલ, તે મૂલ ગુમાવવું શાને ?"

શ્રદ્ધા અને ભક્તિની ઉચ્ચાવસ્થા થતાં માનવ હૃદય કેવા પ્રકારનું બની જાય છે, તેજ આ સંગીતમાં વર્ણવ્યું છે. રામકૃષ્ણદેવ એ સંગીત ગાઈ સમજાવતા અને તેજ રામચંદ્ર સ્વજીવનમાં દર્શાવી ગયા છે. એ સંગીતની પ્રત્યેક ભાવના રામચંદ્રના જીવનમાં જોવામાં આવે છે. એ સંગીતના અક્ષરે અક્ષર સાથે રામચંદ્ર ઓતપ્રોત થઇ ગયા હતા. માત્ર "કાલી" ને બદલે "રામકૃષ્ણ" શબ્દ માની લેવો. એ સંગીત ગાતાંજ રામચંદ્રના ગુણનું કીર્તન થાય છે એવું અમે ધારીએ છીએ. જાણે રામચંદ્રને લક્ષ્યસ્થળ માનીનેજ એ સંગીત રચાયું ન હોય ! રામચંદ્રે રામકૃષ્ણદેવને ઈશ્વરાવતાર, સર્વશક્તિમાનરૂપે ઓળખ્યા ત્યારથી તેમને મન પરમાનંદ થયો હતો. તેમનું હૃદય આનંદથી ભરેલુંજ રહેતું. રામચંદ્ર કોઇ પણ તીર્થપર્યટને જતા નહિ. તીર્થમાં જવાનું પ્રયોજન પણ માનતા નહિ. તે તો માનતા કે, 'અડસઠ તીર્થ, મારા ગુરુજીને ચરણે.' તીર્થપર્યટનની શી વાત ? તેઓ ગંગાને કિનારે (કલકત્તા) નિવાસ કરતા, છતાં ગંગાજીમાં સ્નાન કરવાની વાસના કદી પણ તેમના હૃદયમાં ઉદય પામી નથી. તેઓ ગુરુદેવમાં ગંગા, યમુના, સરસ્વતી અને સર્વ દેવીદેવીઓ પણ તેમાંજ માનતા. તેઓ તેમનેજ ચૈતન્ય દેવતા માનતા. ધન્ય ગુરુભક્તિ !

એક સમય ગંગાસ્નાન કરવાનો મહાન પુણ્યપ્રદ સુયોગ ઉ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસ્થિત થયો હતો. એ પ્રકારનો મહાયોગ પૂર્વે કદી પણ થયો ન હતો. કેટલાએ દેશદેશાંતરમાંથી હજારો મનુષ્યો ગંગા–સ્નાન કરવા માટે કલકત્તે આવતાં હતાં. કેટલાએ વૃદ્ધ, જરાજીર્ણ, દુર્બળ મનુષ્યો અસહ્ય કષ્ટ સહન કરીને પણ ગંગાસ્નાન કરવાની ઇચ્છાથી કલકત્તા તરફ આવી રહ્યા હતા. કેટલાએ ગૃહસ્થની કુલવધૂઓ પોતાનાં સંતાનને ઘેર પડતાં મૂકી ગંગા-સ્નાન કરવા ચાલી આવી હતી. કલકત્તામાં અસંખ્ય લોકોની મેદની થઈ રહી હતી! પગ મૂકવાની જગ્યા ન હતી! હિંદુ મહોલ્લાઓનાં પ્રત્યેક ઘરોમાં અસંખ્ય યાત્રાળુ–પરોણાઓ ઊતર્યા હતા! જે મનુષ્યને કલકત્તામાં સ્વજન–કુટુંબ કે મિત્ર હતા, તે સર્વે કલકત્તે ગંગાસ્નાન માટે આવ્યા હતા. ઘેર યાત્રાળુને આવેલા જોઈ કોના મનમાં ગંગાસ્નાન કરવાની ઇચ્છા ન થાય? રામચંદ્રના ઘરની સ્ત્રીઓના મનમાં પણ ગંગાસ્નાન કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ, તે તેમણે રામચંદ્રને નિવેદન કરી. રામચંદ્ર કોઈની પુણ્ય કર્મ કરવાની ઇચ્છામાં વિઘ્ન નાખતા નહિ–તેમનો એવો સ્વભાવજ ન હતો. તેથીજ તેઓ ઘરની સ્ત્રીઓને લઇ ગંગાકિનારે ગયા હતા. તેમણે માતા–ગંગાજીને પ્રણામ કર્યા અને મહિલાઓને કહ્યું કે, "જાઓ, તમે ગંગાસ્નાન કરી આવો." તેઓ સ્નાન કરી પાછાં આવ્યાં. બધાં ગાડીમાં બેઠાં એટલે ગાડીવાનને ગાડી ઘેર લઇ જવા કહ્યું. મહિલાઓએ કહ્યું કે, "તમે કેમ સ્નાન કર્યું નહિ?" તેમણે હસતે મુખે ઉત્તર દીધો કે, "મને એવા પુણ્યની આવશ્યકતા નથી કે, આવો મહાયોગ જોઈ ગંગાસ્નાન કરી પુણ્ય સંચય કરું! હું નિત્ય યોગોદ્યાનમાં જઈ રામકૃષ્ણકુંડમાં સ્નાન કરું છું. તે પ્રમાણે ત્યાં જઇ આજે પણ સ્નાન કરીશ. તેમાં મારા ગુરુદેવનું ચરણામૃત છે, તેથી મારે માટે નિત્ય એવો મહાયોગજ છે." તેમના એ વર્તનને ઢોંગ કે અહંકાર કહી શકાશે નહિ. રા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મચંદ્ર સારી પેઠે જાણતા અને માનતા હતા કે, ગંગાસ્નાનથી જીવન પવિત્ર થાય છે-તેમને એવો દૃઢ વિશ્વાસ હતો. તેમ ન હોત તો તેઓ પોતાના ઘરની મહિલાઓને ગંગાસ્નાન માટે પોતાની સાથે તેડી જાત નહિ. જો તેમના મનમાં ખોટો ઢોંગ કે અહંકાર હોત તો તેઓ એમજ કહેત કે, "ગંગાસ્નાનથી શું થાય છે? રામકૃષ્ણદેવનું ભજન કરો, તેમના ઉપર શ્રદ્ધા રાખો, તેમનું પૂજન કરો. તેમ ન કરવાથી અપવિત્ર થવાશે." પરંતુ તેમણે એવું કંઇ પણ કહ્યું નથી. તેમણે બીજાની શ્રદ્ધા તોડી નથી. તેમણે માત્ર પોતાની શ્રદ્ધા-ભક્તિનું દૃષ્ટાંત બતાવી આપ્યું છે. રામચંદ્રને દૃઢ વિશ્વાસ હતો કે, "જ્યારે ભગવાન શ્રીરામકૃષ્ણદેવે મારા ઉપર કૃપા કરી છે, ત્યારે તો હું પવિત્ર કરતાં પણ અતિ પવિત્ર થયો છું. વિશેષ પુણ્યની આવશ્યકતા નથી." તેથીજ તેમણે કદી કોઈ પણ તીર્થપર્યટન કરવાની ઇચ્છા સુધ્ધાં કરી નથી.

રામકૃષ્ણદેવ જે સ્થાનમાં નિવાસ કરતા, જે ગૃહ અથવા જે સ્થાનમાં તેઓ એક વખત પદાર્પણ કરતા, તેજ સ્થાનને રામચંદ્ર શ્રદ્ધાપૂર્વક પરમ પુણ્યપ્રદ તીર્થ માનતા. જે મનુષ્યે રામકૃષ્ણદેવની સેવાશુશ્રૂષા કરી છે, જે મનુષ્યે રામકૃષ્ણદેવનાં એક વખત દર્શન કર્યાં છે, તે મહાપવિત્ર અને તેજ મહાપુણ્યવાન છે, એવું અમે રામચંદ્રને મુખેથી વારંવાર સાંભળ્યું છે. રામચંદ્ર કહેતા કે, "જે ગાડીમાં રામકૃષ્ણદેવ એક વખત બેઠા હોય તે ગાડી, તે ઘોડો, તે કોચમૅન વગેરે સર્વ મહાપવિત્ર થઇ ગયાં છે." એક વખત કેટલાંક મનુષ્યો સમક્ષ તેમણે એ પ્રમાણે વિચાર દર્શાવ્યા, તે વખતે એક મનુષ્યે કહ્યું કે, "ત્યારે પછી હવે બીજું શું જોઇએ? કેટલાએ લોકોએ રસ્તામાં અને નદી કિનારે તેમનાં (રામકૃષ્ણદેવનાં) દર્શન કર્યાં છે, કેટલીએ ઘોડાગાડીમાં તેઓ બેઠા છે, તેમના કોચમૅન, ગાડીવાન બધાએજ તેમનાં દર્શન કર્યાં છે; તમારા કહેવા પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બધાને મુક્તિ પ્રાપ્ત થશે ? " એ સાંભળતાંજ રામચંદ્રનું મુખ રાતું થઇ ગયું. તેમણે કહ્યું: "જાઓ, જાઓ, જાઓ, જાઓ, તે ગાડીવાન–કોચમૅનના ચરણની રજ મસ્તકે ચડાવો. જાઓ, જાઓ, જે ભંગીએ તેમનાં (રામકૃષ્ણદેવનાં) દર્શન કર્યાં હોય તેના ચરણની રજ મસ્તકે ચડાવો. તમારા જેવા લાખો મનુષ્યોનાં જીવન મહાપવિત્ર થઇ જશે !" અહો ! તે દિવસનું દૃષ્ય અને તે દિવસની રામચંદ્રની મૂર્તિ જેમણે જોઇ છે, તેમનાં હૃદયમાં રામકૃષ્ણભક્તિ, જાણે રામચંદ્રે બળપૂર્વક વિદ્યુતની પેઠે પ્રવેશ કરાવી દીધી છે. જે પુરુષે પ્રશ્ન કર્યો હતો તેની શી વાત કહેવી ? રામચંદ્રના મુખમાંથી નીકળેલા શબ્દોએ તેના હૃદયમાં પ્રવેશ કર્યો. તે થોડી ક્ષણ પછી રામકૃષ્ણ–પ્રેમમાં વિહ્વળ થઈગયો અને સંસારની માયાનો ત્યાગ કરી સંન્યાસી બની ગયો ! અહા ! કેવો રામચંદ્રનો પ્રભાવ !

મહાપુરુષ રામચંદ્રની શ્રદ્ધા અને ભક્તિની કથાનું જેમ જેમ સ્મરણ થાય છે, તેમ તેમ મહાપવિત્ર થઇએ છીએ એવું અમારું દૃઢ માનવું છે. શાસ્ત્રમાં સત્સંગનું ફળ અમૂલ્ય કહ્યું છે. રામચંદ્ર સાચા સંતપુરુષ હતા. તેમનો પ્રત્યક્ષ સમાગમ ન થયો તોપણ મહાત્મા રામચંદ્રની અપૂર્વ ભક્તિ, શ્રદ્ધા અને નિષ્કામ ભક્તિપૂર્ણ આ જીવનકથા વાંચવાથી પણ અમૂલ્ય ફળ મળશે એમાં શંકા નથી અને ભગવાન શ્રીરામકૃષ્ણદેવની કૃપા પ્રાપ્ત કરવાની મનમાં આકાંક્ષા થશે. એ સ્વર્ગીય દેવચરિતનું વર્ણન પૂર્ણ થઇ શકે એમ નથી. રામચંદ્રની ભક્તિનું વર્ણન સાંભળવાથી તેમના ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થશે. પરંતુ તેના કરતાં પણ તેઓ કેટલા ઊચ્ચ પ્રકારના સંતમહાત્મા અને ભક્ત હતા, તે શી રીતે કહી શકાય ? રામકૃષ્ણદેવ ઉપર રામચંદ્રનો અચલ વિશ્વાસ અને શુદ્ધભક્તિ હતી, તેનાં અસંખ્ય દૃષ્ટાંત તેઓ પોતાના જીવનમાં દર્શાવી ગયા છે. તેમણે જે કાંઈ કાર્ય કર્યું છે, તે કાર્યમાં એવોજ પ્રકાશ જોવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. સંક્ષેપમાં કેટલાક બનાવોનું વર્ણન અમે આલેખ્યું છે, તે ઉપરાંત કેટલાએ અતિ આશ્ચર્યકારક બનાવો કોઇ કોઇએ દીઠા હશે, તે બધા કોણે લખી રાખ્યા છે? બંગાળી લેખકે કેટલાક બનાવો સ્વચક્ષુએ દીઠા હતા, તે તેમણે પોતાના નાનકડા પુસ્તકમાં લખ્યા છે અને અમે તે અમારા ગુર્જર બંધુઓને સાદર કર્યા છે. તેમાં વળી એકબે બીજા બનાવોનું વર્ણન ઉમેર્યા સિવાય આ પ્રકરણ સમાપ્ત કરી શકાય તેમ નથી.

જે સમયે (કલકત્તા) કાંકુડગાચ્છીના ઉદ્યાનમાં રામચંદ્ર પોતાનું શેષ જીવન વ્યતીત કરી રહ્યા હતા, તે સમયે પ્રભુ રામકૃષ્ણદેવના મંદિરનાં દર્શન કરવા હજારો લોકો આવતા. તેમાંથી જે કોઇ મનુષ્યે રામચંદ્રની સન્મુખ આવી રામકૃષ્ણદેવને **"ભગવાન"** કહ્યા છે, તેમને તેમણે તેજ ક્ષણે પોતાના બંધુ સમાન ગણ્યા છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે એ એક સહેલો ઉપાય જાણી કેટલાક સ્વાર્થી મનુષ્યો ઉદ્યાનમાં આવજા કરતા અને તેઓ રામકૃષ્ણદેવ ઉપર ભક્તિ બતાવી કેટલાએ પૈસા રામચંદ્ર પાસેથી પડાવી લઇ જતા! રામચંદ્ર કહેતા કે, "જે કોઇ પણ મનુષ્ય રામકૃષ્ણદેવ ઉપર ભક્તિ દર્શાવશે અને 'રામકૃષ્ણ' નામોચ્ચાર કરશે તેનો હું ગુલામ છું." આ શબ્દો તેમને મુખેથી અનેક વખત સાંભળવામાં આવ્યા છે. તેમની વર્તણુંકમાં પણ એ સૂત્ર બરાબર જણાઇ આવતું. તેઓ મુખેથી જે બોલતા તેજ પ્રમાણે વર્તતા. રામચંદ્રની પાસે આવી "જય રામકૃષ્ણ" એટલો શબ્દોચ્ચાર કર્યો કે બસ થયું! કાંકુડગાચ્છીના યોગોદ્યાનમાં આવી પ્રભુ રામકૃષ્ણદેવના મંદિર સામે ઊભા રહી પૃથ્વી પર લાંબા પડી દંડવત્ પ્રણામ કર્યા કે બસ, થયું! એ દેખાવ જોતાંજ મહાત્મા રામચંદ્રનું મન પીગળી જતું. એવો ઢોંગ કરનારને પણ તેઓ સત્ય માનતા અને તેને પ્રેમાલિંગન દેતા, એટલુંજ નહિ પણ તેની ઇચ્છાનુસાર તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને દ્રવ્ય આપી દેતા. ઉપરાંત એવા માણસોને બીજું જે જોઇતું હોય તે પણ રામચંદ્ર તત્ક્ષણ આપી દેતા! રામચંદ્રે એક પણ વખત મનમાં એવો વિચાર સુધ્ધાં કર્યો નથી કે, તે કપટી, અવિશ્વાસુ, મહાપાપી, પોતાના સ્વાર્થની સિદ્ધિને માટે ત્યાં આવ્યો છે! એવા મનુષ્યોને મુખેથી "રામકૃષ્ણ" નામ સાંભળતાંજ રામચંદ્ર બીજો વિચાર કરવા થોભતાજ નહિ. એવો સરલ, નિષ્કપટી, વિશ્વાસુ ગુરુ-ભક્ત શું આવા ઘોર કલિકાલમાં બીજે કોઇ સ્થળે જોઇ શકાય છે કે સંભળાય છે ખરો? એવી ભાવનાનેજ કહી શકાશે કે, 'જે જન કાલી (માતા)નાં ચરણ ધારે છે સ્થૂલ; તેની સહજે થઇ છે ભૂલ!'

રામચંદ્ર રામકૃષ્ણદેવનો પ્રસાદ પ્રથમ મુખમાં મૂકયા સિવા-ય બીજી કોઇ પણ વસ્તુ ભક્ષણ કરતા નહિ. રામચંદ્ર યોગોદ્યાનમાં શિષ્યો સહિત નિવાસ કરતા હતા, તે સમયે એક દિવસ રાત્રિને સમયે પ્રસાદ ભક્ષણ કરવા જતાં તેમણે જે કર્યું હતું તે આ સ્થળે લખ્યા સિવાય રહી શકાતું નથી. એ સમયે રામચંદ્ર વ્યાધિગ્રસ્ત હતા. તેથી પ્રાતઃસમયે થોડો અન્નપ્રસાદ અને રાત્રીસમયે દૂધ-ની થોડી રાબડી પીતા. અત્રે કહેવું જોઇએ કે, રામચંદ્ર કેવળ ગુરુ-દેવની સેવા કરવા માટેજ ગૃહનો ત્યાગ કરી યોગોદ્યાનમાં રહેતા હતા. તે માટેજ તેઓ કઠિન રોગોથી પિડાવા છતાં પણ, સહેજે યોગોદ્યાન છોડી ઘેર રહેવા જઇ શકતા નહોતા. એ સમયે ત્યાં એકજ ગાય દૂધ દેતી હતી. તે દૂધ વડે નિત્ય રાત્રિને સમયે પરમહંસદેવને દૂધની રાબડીનો ભોગ ધરવામાં આવતો. રામચંદ્ર તેજ પ્રસાદ ભક્ષણ કરતા. એક દિવસ વાછરડું ગાયનું દૂધ પી ગયું. સંધ્યા સમય થયેલો હોવાથી નજીકમાં દૂધ વેચાતું મળે તેમ ન હતું. વળી ત્યાં તે સમયે રામચંદ્રના એક શિષ્ય સિવાય બીજું કોઇ ન હતું. શિષ્ય પરમહંસદેવની સેવામાં રોકાયલો હતો, તેથી શહેરમાંથી દૂધ લાવી ભોગ ધરાવવાની સગવડ તે દિવસે થઇ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમહંસદેવને ભોગ ધરાવ્યા પછી રામચંદ્ર અને તેમના બે શિષ્યો ત્યાં આવી પહોંચ્યા. એ શિષ્યે તરતજ શહેરમાં જઇ દૂધ લાવી આપ્યું. ત્યાર પછી સોજીની રાબડી તૈયાર થઇ, પરંતુ રામચંદ્રને તે ખબર આપી નહિ. તેમનું શરીર ઠીક ન હતું. મોડી રાત થાય તો આહાર થઇ શકે નહિ; માટેજ શિષ્યોએ પ્રસાદ સાથે ધરાવેલું દૂધ સોજી સાથે મિશ્ર કરી રામચંદ્રને આપ્યું. નિષ્ઠા–ભક્તિનો કેવો આશ્ચર્યકારક પ્રભાવ! રામચંદ્રના મનમાં સંદેહ ઉપજવા લાગ્યો! તેઓ રાબડી મુખમાં રેડવા જતા હતા પરંતુ તે મોંમાં રેડાતી નહિ. તેમણે સેવા કરનારને પૂછ્યું: "સાંભળે છે કે? તેં આ રાબડી ભગવાનને ધરાવી છે?" શિષ્યો સ્તબ્ધ થઈ ગયા! તેમણે ધાર્યું હતું કે, "કોઇ પણ દિવસ તેમણે આહારાદિ સંબંધી સંદેહ કર્યો નથી અને આજે પણ કાંઇ પૂછશે નહિ. વાતોમાં ને વાતોમાંજ રાબડી પી જશે." તેઓ જાણતા ન હતા કે, નિષ્ઠા અને શ્રદ્ધા–ભક્તિના પ્રભાવ વડે રામચંદ્ર તેમનું ચાતુર્ય પકડી પાડશે. રામચંદ્રે પુનઃ પૂછ્યું: "આ રાબડી ભગવાનને ભોગ ધરાવી છે કે?" શિષ્યોએ અસત્ય ભાષણ કર્યા વિના જે કાંઇ સત્ય હતું તે સર્વ નિવેદન કર્યું. તે સાંભળી રામચંદ્રે કહ્યું: "ભગવાનને ભોગ ધરાવ્યા સિવાય હું મારું પેટ ભરીશ એવું તમે ધાર્યું હતું કે? જો હું રાબડી પીઉં તો ગોમાંસ ભક્ષણ કરવા બરાબર છે!" એમ કહી તરતજ રાબડી રહેવા દીધી. તે રાત્રે ઉપવાસ કર્યો; પરંતુ પ્રભુના પ્રસાદ સિવાય તેમણે કાંઇ પણ આહાર કર્યો નહિ. તેઓ કહેતા કે, "ઉત્તમ પદાર્થ ગુરુદેવને ધરાવ્યા સિવાય મારા મુખમાં પેસતો નથી. હું તે કદી પણ ખાઈ શકતો નથી." એનું નામજ "પ્રેમલક્ષણા–ભક્તિ"ની "અહંમમતા." રામકૃષ્ણદેવ ઉપર રામચંદ્રની આટલી પ્રેમ–ભક્તિ! દૃઢ શ્રદ્ધાનાં અસંખ્ય દૃષ્ટાંતો તેમના જીવનમાં જોવામાં આવે છે. એ સર્વ બનાવો જેમણે જોયા છે, તેમનું પવિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન સમજવાનો જેમણે યત્ન કર્યો છે, તેમના એવા અલૌકિક દેવચરિત્ર સમક્ષ જેમણે સરલ વિશ્વાસપૂર્વક શિષ્યની પેઠે મસ્તક મુંડન કરાવ્યું છે તેઓજ સમજી શકયા છે કે, રામચંદ્રની ભક્તિ અને વિશ્વાસ એ સ્વર્ગીય, અતુલનીય અને અચિંતનીય હતાં.

રામચંદ્રની ગુરુભક્તિ અને ગુરુદેવ ઉપર વિશ્વાસ જોઇ આજે અનેક મનુષ્યો શ્રીરામકૃષ્ણના ભક્ત બની તેમના નામથી ઉન્મત્ત બની ગયા છે! રામચંદ્રની ગુરુભકિત અને ગુરુવિશ્વાસને લીધેજ,વગર તપાસ રાખ્યે પણ આજે યોગોદ્યાનમાં ગુરુદેવની સેવાપૂજા નિત્ય ઉજ્જવલરૂપે થયા કરે છે. રામચંદ્રની ભકિત અને શ્રદ્ધા જોવાથી અનેક લોકો રામકૃષ્ણદેવ સંબંધી અનેક કથા જાણવા અને તેમના ઉપર શ્રદ્ધા—ભક્તિ રાખવા લલચાયા છે, એટલુંજ નહિ પણ જે મનુષ્યે પરમહંસદેવની છબીની પણ સેવાપૂજા કરી છે તે શ્રદ્ધાળુ ભક્તો સુખી થયા છે. તેમનાં અનેક દુઃખો દૂર થયાં છે. રામચંદ્રે ભક્તિ અને વિશ્વાસના બળ વડેજ પોતાના હૃદય ઉપર પાષાણ બાંધી (વજ્ર જેવી છાતી રાખી) સૌથી પહેલાં સર્વ સમક્ષ રામકૃષ્ણદેવને “ઇશ્વિરાવતાર” કહી સંભળાવ્યા છે! રામકૃષ્ણદેવ તેમની ભક્તિ અને વિશ્વાસના બંધનથી બંધાયા હતા. ભક્તને આધિન ભગવાન હોય છેજ. રામકૃષ્ણલોકમાં રામચંદ્ર દ્વારપાળસ્વરૂપ હતા. તેમણે એ (રામકૃષ્ણ) લોકનાં દ્વાર ઉઘાડ્યાં છે, ત્યારેજ હવે સર્વ કોઇ તેમાં પ્રવેશ કરી શકે છે.

શું આ સામાન્ય વાર્તા છે! જે મહાપુરુષે કેટલાંક વર્ષ ઉપર કલકત્તા નજીક દક્ષિણેશ્વર ધામમાં ક્રીડા કરી હતી, કલકત્તાના માર્ગ—ઘાટ ઉપર કેટલાંએ મનુષ્યોએ તેમનાં દર્શન કર્યાં હતાં, તેજ રાજધાની કલકત્તા શહેરના મધ્ય વિભાગમાં, ભક્તરાજ રામચંદ્રે સર્વ પ્રજાને આહ્‌વાન કરી “રામકૃષ્ણ પરમહંસ ઇશ્વિરાવતાર હતા કે નહિ?” એ વિષય ઉપર ભાષણ કર્યું હતું. તેમના ગુરુભાઇ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓએ તેમને કેટલીએ ના કહી, કેટલુંએ સમજાવ્યા કે, લોકો પ્રભુની નિંદા કરશે અને તે અમે સાંભળી શકીશું નહિ, કેટલાએ લોકો એમને ગાંડા કહી હાસ્ય કરી રહ્યા હતા, કેટલાએ લોકોએ તેમને મિથ્યા અહંકારી કહી તુચ્છકાર્યા હતા; છતાં તેમનું એ કહેવું રામચંદ્રે સાંભળ્યું નહિ! રામચંદ્રનું મન ડગ્યું નહિ. તે તો અડગ હતા. અચલ હતા. તેમના વિચારો ફેરવવાની બ્રહ્મામાં પણ શક્તિ નહોતી. રામચંદ્રે ઉત્તર દીધો કે, "મારા મનમાં ગુરુદેવને માટે નિશ્ચય બંધાયો છે, તે ઉચ્ચસ્વરે સર્વના સમક્ષ કહી સંભળાવીશ. મને જે અમૂલ્ય રત્ન પ્રાપ્ત થયું છે અને જે હજારો વર્ષ કઠોર તપસ્યા કર્યા છતાં કોઇને પ્રાપ્ત થાય એમ નથી, તે અમૂલ્ય રત્ન આજે પ્રત્યેક મનુષ્યોમાં વહેંચી આપીશ. પછી લોકોનાં પ્રારબ્ધ!" અહા, કેવી ગુરુભક્તિ! કેવી ગુરુ પર શ્રદ્ધા! તેમની શ્રદ્ધા અને ભક્તિના પ્રતાપેજ તેમને એ સમસ્ત સદ્‌ગુણ પ્રાપ્ત થયા હતા. તેથીજ રામચંદ્ર રામકૃષ્ણમય થયા હતા. તેથીજ ગુરુદેવનો ઉપદેશ ઉત્તમ અધિકારી રામચંદ્રના સાત્ત્વિક-પવિત્ર હૃદયમાં ઠસ્યો હતો. શિષ્યનું હૃદય સાત્ત્વિક અને પવિત્ર ન હોય તો ગુરુનો ઉપદેશ તેમાં ઠસે નહિ. ભક્તશિરોમણિ રામચંદ્રની શ્રદ્ધા અને ભક્તિ, રામચંદ્રની દયા, રામચંદ્રની દીનતા, રામચંદ્રનો સ્વાર્થત્યાગ, રામચંદ્રની તેજસ્વિતા રામચંદ્રની સહિષ્ણુતા અને રામચંદ્રની ઈશ્વરી શક્તિ એ સર્વ જે ભાગ્યશાળી મનુષ્યોએ પ્રત્યક્ષ દીઠાં છે, તેમના પ્રત્યેક અસ્થિમાં અને પ્રત્યેક શિરાઓમાં રામચંદ્રનું નામ પ્રવેશ કરી શક્યું છે! તે સર્વ પવિત્ર થયા છે!

વિશ્વાસ અને ભક્તિના બળ વડે, રામચંદ્રે જે પ્રકારે શરીરનો ત્યાગ કર્યો તે વિષય આ સ્થળે વિશેષરૂપે ઉલ્લેખ યોગ્ય છે. પોતાની શેષ અવસ્થામાં જ્યારે રામચંદ્ર શ્વાસ, બહુમૂત્ર, એલબિમિન્યુરિયા વગેરે નાના પ્રકારના વ્યાધિથી શરીરે-દુઃખ ભોગવતા હતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સમયે તેમના જમાઈઓ અને શિષ્યોએ તેમને યોગોદ્યાનમાંથી તેમના સિમુલિયાના મકાનમાં નિવાસ કરવાની સલાહ આપી. સર્વની સલાહથી તેઓ ઔષધ કરાવવા માટે સિમુલિયાવાળા મકાનમાં આવ્યા અને ડૉક્ટરવૈદ્ય આવી ગયા. દવાઓ કરી, પરંતુ છેવટે જ્યારે કોઇની દવાની ટિક્કી લાગી નહિ, કોઈ રોગ ઓછો કરી શક્યું નહિ, ત્યારે રામચંદ્રે કહ્યું: "હું બગીચા (યોગોદ્યાન) માં જઇશ, આ સ્થળે ગોંધાઇ રહીને શું હું મરી જઇશ ? મને તો મારા ભગવાનની સમીપ લઇ જાઓ." તેમને પૂર્વે એ બધા રોગ થયા હતા; પરંતુ તે સમયે શીઘ્ર આરામ થયો હતો. આ સમયે તો તેઓ પ્રથમથીજ કહેતા કે, "આ વખતે બચવા પામીશ નહિ. આ વખતે દવા કરાવવાથી કશો લાભ થશે નહિ. આ માટે તમે બધા વૃથા યત્ન કરો છો !" ધીમે ધીમે રોગ અસાધ્ય થઇ ગયો. તેમનું શારીરિક કષ્ટ અતિશય વધી પડયું; એટલુંજ નહિ પણ રાત્રિદિવસમાં એક ક્ષણ પણ તેઓ શાંત–સ્થિર રહી શકતા નહિ; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે, એવા ભયંકર કષ્ટને સમયે તેઓ શું કરતા હતા ? તેઓ રાતદિવસ ક્ષણે ક્ષણે કેવળ "**રામકૃષ્ણ**" નામોચ્ચાર કરતા અને જેઓ પાસે બેસતા તેમને પણ ઉચ્ચ સ્વરે "**રામકૃષ્ણ**" નામોચ્ચાર કરવાનું કહેતા. તે ઓરડામાં સદૈવ "રામકૃષ્ણ" નામકીર્તનની ધૂનજ મચી રહેતી. માંદાના મોં આગળ કોઇથી વધુ બોલી શકાય નહિ તેમજ ઘોંઘાટ થાય નહિ, એવો ડૉક્ટરોનો અભિપ્રાય હોય છે; પરંતુ અહીં તો નિરંતર જેમ જેમ ઘોંઘાટ, પ્રભુનામ–સંકીર્તન થયા કરતું તેમ તેમ ભક્તશ્રેષ્ઠ રામચંદ્રનું મન પ્રફુલ્લિત રહેતું. ગુરુદેવના ધ્યાનમાં તેઓ દુઃખને વીસરી જતા. કોઇ કોઇ દિવસ તો રામચંદ્ર ધ્યાનસમાધિમાં ઘણા વખત સુધી લીન થઈ જતા. તેમને બાહ્યાવસ્થાનું ભાનજ રહેતું નહિ. ધ્યાનાવસ્થામાં ક્વચિત્ તેઓ કેટલોએ ઉપદેશ દેતા અને ચક્ષુ બંધ કરી જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામકૃષ્ણદેવ સાથે વાર્તાલાપ કરતા હોય તેમ પણ જોવામાં આવતું. એક દિવસ તેઓ બોલી ઊઠ્યા કે, "આવું છું, આવું છુ. હવે વિલંબ નથી" અને એક દિવસ બોલ્યા હતા કે, "આ ગુરુદેવ આવ્યા. જુઓ! જુઓ! બલરામ લીલા કરી રહ્યા છે!" એ સમયે રામચંદ્રે સર્વને કહ્યું હતું કે, "હવે હું આ સ્થળે રહીશ નહિ. હું ચાલ્યો." રામચંદ્ર શ્રદ્ધા અને ભક્તિના પ્રતાપ વડે જાણી શક્યા હતા કે, હવે તેમનું શરીર રહેશે નહિ. શરીરમાંથી પ્રાણાત્મા પ્રભુ પાસે ચાલ્યો જશે. તેથીજ અંત સમયે તેઓ કોઇ પણ પ્રકારે સ્વગૃહમાં નિવાસ કરી શક્યા નહિ. સગાંઓનો ઘણો અનુરોધ છતાં, ઘરમાં રહેવાની તેમણે સંમતિ દર્શાવી નહિ. તેઓ રાતદિવસ એમજ કહેતા કે, "મને બગીચા (યોગોદ્યાન)માં લઇ જાઓ."

યોગોદ્યાનમાં ગયા પછી ત્યાં તેમની સારવાર થઈ શકશે નહિ, એવા ભયથી તેમને ત્યાં લઇ જવામાં કોઈ રાજી ન હતું. એક દિવસ કોઇનું સાંભળ્યા વગરજ, શક્તિ નહિ હોવા છતાં તેઓ બળપૂર્વક ઊઠીને ઊભા થયા અને પાલખી બોલાવી તેમાં બેસી યોગોદ્યાનમાં ચાલ્યા ગયા. ત્યાં આવતાંજ બોલ્યા કે, "લોકો મરણ સમયે ગંગાકિનારે જઈ પડે છે, તેથી મેં આ સ્થળે ગંગાયાત્રા કરી છે. શું હું ઘરમાં ગોંધાઇને મરણ પામું?" યોગોદ્યાનમાં ગુરુદેવ શ્રીરામકૃષ્ણદેવનું સમાધિ-મંદિર હતું. તેથીજ તેને તીર્થ કરતાં પણ મહાતીર્થ માની લઇ, મા-ગંગાજીને કિનારે નહિ જતાં, એજ સ્થળે પોતાનું પુણ્યમય શરીર ત્યાગ કરવાની રામચંદ્રે ભાવના ધારણ કરી હતી. તેથીજ અમે કહ્યું છે કે, રામચંદ્ર એ "**રામકૃષ્ણ**" સિવાય અન્ય કોઈ દેવદેવીને જાણતા નથી. સર્વ દેવદેવીને માનતા હતા, છતાં તેમાં પણ પ્રભુ "રામકૃષ્ણ" નેજ જોતા; જાણે તે દેવમાં પોતાના ઇષ્ટદેવ ભગવાન રામકૃષ્ણજ વિદ્યમાન ન હોય! રામચંદ્ર રામકૃષ્ણમંદિર સિવાય અન્ય તીર્થનિવાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાહતા નહિ; તેથીજ તેમણે અંતે પોતાનું જીવન રામકૃષ્ણસમાધિમંદિરમાં વિસર્જન કર્યું હતું. એવા પ્રકારે પ્રાણ વિસર્જન કરવો એ કેટલા દૃઢ વિશ્વાસ અને ભક્તિનું કાર્ય છે, તે કોણ સમજવા શક્તિમાન છે ? જેઓ જીવનપર્યંત પ્રભુ રામકૃષ્ણની સેવા કરવામાંજ ગૂંથાયલા હતા, જેમણે પોતે રામકૃષ્ણપ્રેમમાં વિહ્વલ બની સમગ્ર ભારતવાસીજનોને તેજ પ્રેમમાં વિહ્વલ કરી દીધા છે, જેમણે પોતે પ્રભુ રામકૃષ્ણદેવના ચરણકમળમાં પ્રાણ વિસર્જન કરી પ્રભુપદમાં પ્રાણ વિસર્જન કરવાનો બોધ આપી ગયા છે, જેમણે પોતે વિશ્વાસ અને ભક્તિની સાક્ષાત્ મૂર્તિ ધારણ કરી જગતનિવાસી જનોને વિશ્વાસ (શ્રદ્ધા) અને ભક્તિના બળ વડે મોક્ષ પ્રાપ્ત થાય છે એજ બતાવી આપ્યું છે, તે ભગવાન શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના પવિત્ર શિષ્ય મહાત્મા રામચંદ્રના ચરણમાં અમારા કોટી કોટી નમસ્કાર હજો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अध्याय ४ थो–रामचंद्रनो दीनभाव (दीनता)

શ્રીરામકૃષ્ણદેવના પ્રિય સેવક રામચંદ્રનો ત્યાગ, સ્વીકાર અને તેમની શ્રદ્ધા અને ભક્તિ સંબંધી વાચકોને થોડોક ખ્યાલ ઉપર આપ્યો છે. આ સ્થળે તેમની દીનતા–દીનભાવ સંબંધી કંઇક લખવા પ્રયત્ન કરીએ છીએ. મહાત્મા રામચંદ્રનાં જેમણે દર્શન કર્યાં છે, જેમણે તેમની સાથે વાર્તાલાપ કર્યો છે, જેમણે તેમનાં ભાષણો સાંભળ્યાં છે, જેમણે તેમના મુખમાંથી નીકળતા રામકૃષ્ણ–સુધામૃતનું પાન કર્યું છે, જેમણે તેમની પાસેથી ઉપદેશ ગ્રહણ કર્યો છે, જેમણે તેમના ચરણ સમક્ષ મસ્તકમુંડન કરાવ્યું છે, જેઓ તેમની કૃપાથી સંસારનાં માયા–બંધનો છિન્નભિન્ન કરી સંન્યાસી થયા છે, તે સર્વ જીવો જીવનપર્યંત મહાત્મા રામચંદ્રના ગુણનું કીર્તન કરશે; તોપણ તેમના સદ્ગુણનો અંત આવશે નહિ.

જે મહાત્માની કૃપાથી પ્રભુની કૃપા પ્રાપ્ત કરી શકાય છે, તેના પવિત્ર ચરિત્રનું પઠન–પાઠન કરવાથી મહાપુણ્યનો સંચાર થાય એમાં સંદેહ શો ? જે દિવસે રામચંદ્ર–ચરિતામૃતનું કિંચિત્ અંશે પણ પાન કરીએ છીએ, જે દિવસે તે મહાત્માનું જરા પણ સ્મરણ થાય છે, તે દિવસે અમે મહાભાગ્યશાળી થયા છીએ એમ માનીએ છીએ; તેથીજ મહાત્મા રામચંદ્રના જીવનચરિતામૃતનું થોડું થોડું પાન વાચકોને કરાવીએ છીએ.

જેમ જેમ મનુષ્ય ધર્મમાર્ગમાં આગળ વધતો જશે, તેમ તેમ તેનામાં દીનતા વિશેષરૂપે આવતી જણાશે. ભગવાન શ્રીરામકૃષ્ણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવે એ મહત્ત્વનો સદ્ગુણ પોતાના જીવનમાં દર્શાવી આપ્યો છે. પ્રભુનો એવો દીનભાવ જોઇ અનેક અતિ પાખંડીઓનાં અજ્ઞાન-તિમિર પણ દૂર થયાં છે. દીનતાની મૂર્તિ ધારણ કરીનેજ શ્રીરામકૃષ્ણદેવે જગતનિવાસી જનોને સ્તબ્ધ કરી દીધા છે! દીનહીન કંગાલનો વેશ ધારણ કરીનેજ પરમહંસદેવ આ યુગમાં ઇશ્વરરૂપે ગુપ્ત રીતે આવ્યા હતા. એવો કોઇ પણ મનુષ્ય નહિ હોય કે જે પરમહંસદેવની દીનતા જોઈ આશ્ચર્ય પામ્યો નહિ હોય! એટલુંજ નહિ પણ જેઓ તેમની ઠઠ્ઠામશ્કરી કરતા હતા, તેઓ સુધ્ધાં તેમનો દીનભાવ જોઈ મુગ્ધ થયા હતા. પોતાનું અભિમાન કાઢી નાખવા માટે તેમણે ઉત્સાહપૂર્વક સાવરણી હાથમાં લઇ જાજરૂમાંનું નરક સાફ કર્યું હતું. તે બનાવ તો જ્યાંસુધી આકાશમાં ચંદ્રસૂર્ય તપશે, ત્યાંસુધી જગતમાં જાજ્વલ્યમાન રહેશે. ગુરુદેવનો એવો દીનભાવ પ્રિય શિષ્ય રામચંદ્રમાં વારસારૂપે કેટલે અંશે ઊતર્યો હતો તે હવે જોઇએ.

પૂર્વેજ કહેવામાં આવ્યું છે કે, રામચંદ્ર મેડિકલ કૉલેજમાં આસિસ્ટન્ટ કેમિકલ એક્ઝામિનરના હોદ્દા પર હતા, તેથી લૌકિક રીતે તેમનું માન પણ વિશેષ હતું. તેમણે પોતાની વિદ્યાના બળ વડે જેટલા પ્રમાણમાં દ્રવ્ય-ઉપાર્જન કર્યું હતું, તે ઉપરથી મેડિકલ કૉલેજના ઉચ્ચ પદવીધર અધિકારીરૂપે અને અન્ય કારણોને લીધે શહેરના અનેક માનવંત, ધનવાન ગૃહસ્થો સાથે તેમનો મૈત્રિ સંબંધ અને બંધુત્વભાવ હતો. કાર્ય-કારણવશાત્ શહેરના શ્રીમંતોની પાસે રામચંદ્રને વારંવાર આવ-જા કરવી પડતી. તેઓ પોતે પણ ધનવાન હતા; તેમ છતાં તેઓ કેવો પહેરવેશ પહેરી તેમની સન્મુખ જતા! અનેક મનુષ્યો જાણે છે કે, નોકરી ઉપર જવા સિવાયનો વખત રામચંદ્ર માત્ર એક સાદું ધોતિયું પહેરતા અને લૉંગક્લોથનું ઉપરણું ઓઢતા. તે સિવાય અન્ય વસ્ત્ર ધારણ કરતા નહિ. પંડિત હો કે મૂર્ખ હો, ધનવાન હો કે ગરીબ હો, રામચંદ્ર ગમે તેને મળવા જતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતે તેમનો પહેરવેશ ઉપરોક્ત પ્રમાણેજ રહેતો. કોઈ કોઈ લોકો એમ પણ કહેતા કે, એ તો તેમનો ધર્મવેશ હતો, પરંતુ એ ધારણા ભૂલભરેલી છે; કારણ કે રામચંદ્ર જે સમયે તેમના કુટુંબ કે આત્મીયજનોમાં જતા, તે સમયે પણ તેમનો પહેરવેશ એવોજ રહેતો. તે સમયે પણ તેમના પહેરવેશમાં પરિવર્તન થતું નહિ. તેમના અધિકાંશ કુટુંબીજનો શ્રીમંત હતા. પ્રસંગોપાત્ત તેમને ઘેર જ્યારે કોઇ સારે પ્રસંગે અનેક શ્રીમંત આવ-જા કરતા, તે સમયે રામચંદ્ર પણ ત્યાં જતા. જેઓ તેમને ઓળખતા તે તેમને માન આપતા અને જેઓ ઓળખતા નહિ, તેઓ તેમની તરફ તિરસ્કારની દૃષ્ટિએ જોતા. તેમના આત્મીયજનો તેમને ઘણો ઠપકો દેતા. કેટલાક તેમની મશ્કરી પણ કરતા, પરંતુ તે તરફ રામચંદ્ર લક્ષ્ય આપતા નહિ તેનું કારણ શું ? તેમને તો કોઈવસ્તુની ઊણપ ન હતી. જે મનુષ્ય સેંકડો રૂપિયા ઉપાર્જન કરતા, તે જો ધારત તો ઉત્તમ વસ્ત્રો પહેરી શકત. જો તેમને ઇચ્છા થઇ હોત તો શું તેઓ શ્રીમંત સમાજના જેવાં ઉત્તમ વસ્ત્રો ધારણ કરી તેમના તરફથી વિશેષ માન પ્રાપ્ત ન કરી શકત ? જેમના ચરણમાં સર્વસ્વ અર્પણ કર્યું હતું, જેમને જીવનના એક માત્ર સહાયક અને આધાર માન્યા હતા, જેમને તેઓ પોતાના પ્રાણ કરતાં પણ અધિક પ્રિયતમ માનતા તેજ ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસજ જ્યારે સામાન્ય વેશ ધારણ કરતા, ત્યારે રામચંદ્ર શી રીતે મૂલ્યવાનવસ્ત્રાદિ ધારણ કરી શકે ? તેથીજ તેમણે સામાન્ય પહેરવેશ પસંદ કર્યો હતો અને તેજ પહેરવેશ ધારણ કરી જનસમાજમાં વિચરતા હતા. શું એને દીનતા-દીનભાવ કહી શકાશે નહિ ? અતુલ ઐશ્વર્યના અધિકારી હોવા છતાં પણ, ઉત્તમ વસ્ત્રાદિ ધારણ કરવાની શક્તિ હોવા છતાં પણ, રામચંદ્રે જે વેશ ધારણ કરી જીવન વ્યતીત કર્યું છે, તેનું સ્મરણ કરતાં રામચંદ્રની દીનતા આપણા મનમાં ઉદય પામે છે. શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની એ દીનતા જોઇ દૃઢપણે કહી શકાશે નહિ કે, રામચંદ્ર તદ્દન અભિમાનશૂન્ય હતા ?

હવે આપણે જોઇએ કે, રામચંદ્ર નોકરી ઉપર જતા તે વખતે કેવો પહેરવેશ પહેરતા. રામચંદ્ર ઉચ્ચ પદવી–પ્રાપ્ત અધિકારી હતા અને મિલિટરી (લશ્કરી) વિદ્યાર્થીઓને રસાયણવિજ્ઞાન શીખવનાર પ્રોફેસર હતા. તેથી તેમણે ઉચ્ચ પ્રકારનાં વસ્ત્રો, સુંદર કીમતી કોટ, પાટલૂન, નેકટાઈ, કૉલર વગેરે પહેરવું જોઇએ એમ સહેજે ધારવામાં આવે; પરંતુ તેમનો પોશાક જોયો હોય તો ખરેખર હાસ્યજનક હતો ! એક સાદું પાટલૂન, સૂતરનાં બટન ચોઢેલું એક ખમીસ અને એક સાદો ઢીલો કોટ–બસ, એટલુંજ પહેરીને તેઓ નોકરી ઉપર જતા ! તેમનો આવો પહેરવેશ જોઇ કોણ કહી શકે કે તેઓ પ્રોફેસર છે ! આજે તો દસ રૂપિયાનો નોકર પણ એમના જેવો કોટ અને પાટલૂન પહેરતો જણાતો નથી. એક સાધારણ મનુષ્ય પણ એવાં વસ્ત્રો પહેરતાં શરમાય છે. રખેને એવો પહેરવેશ જોઇને કોઇ તેને સ્ટીમરનો ખલાસી કહે તેવો તેને ભય રહે છે; પરંતુ રામચંદ્રના પહેરવેશને જોતાં આપણે કેવો વિચાર કરી શકીએ ? તેમના મનના વિચાર કેવા હશે તેની કંઇ કલ્પના થઈ શકે છે ખરી ? શું તેમને એવો પહેરવેશ પહેરતાં જરા પણ શરમ નહિ આવતી હોય ? કોઇ ખલાસી કહેશે એવો તેમને ભય નહિ લાગતો હોય ? જે મનુષ્ય અહિને હજાર હજાર રૂપિયા પગાર મેળવે છે, નોકરી ઉપર–ઑફિસમાં જે મનુષ્યને કેટલું બધું માન મળે છે, જે કેટલો ઉચ્ચ અધિકારી છે, તે કેવી રીતે આવાં સાદાં વસ્ત્રો ધારણ કરી નોકરી ઉપર જતો–આવતો હશે વારુ ? તેમના આવા પહેરવેશ ઉપરથી માત્ર એટલુંજ કહી શકીશું કે, તેમને પોતાના ગુરુદેવના જેવીજ સાદાઇ પસંદ હતી. તેમના જેવી દીનતા ધારણ કરી જીવન વ્યતીત કરનાર મનુષ્યો ઘણાંજ થોડાં જેવામાં આવે છે. પૈસા પ્રાપ્ત કર્યા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરતજ વિલાસિતા આવીને આગળ ઊભી રહે છે. પૈસા પ્રાપ્ત કર્યા કે તરતજ તેને ઉત્તમ વસ્ત્રાદિ ધારણ કરવાની ઇચ્છા થાય છે.

રામચંદ્રે જીવનના અંતીમ સમયે–યોગોદ્યાનમાં નિવાસ કર્યો હતો, તે સમયે જે મનુષ્યોને તેમનો પરિચય થયો છે તેઓ સારી પેઠે જાણી શકયા છે કે, તેઓ કેવા પ્રકારનું દીનતાપૂર્વક જીવન વ્યતીત કરતા. યોગોદ્યાનમાં તેઓ પાંચ હાથનું પંચિયું પહેરતા. તેઓ સ્વહસ્તે પ્રભુ (ગુરુદેવ)નું પૂજન કરતા; એટલુંજ નહિ પણ કેટલીએ વખત તેઓ સ્વહસ્તે રસોઈ કરીને પ્રભુને ભોગ ધરાવતા. તેમના શેષ જીવનમાં કેટલાંક વર્ષપર્યંત તેમણે સ્વેચ્છાપૂર્વક બ્રાહ્મણ રસોઇયો રાખ્યો ન હતો. સ્વહસ્તેજ રસોઈ બનાવતા. તેમને એ કાર્યથીજ તૃપ્તિ થતી હતી. ઇચ્છાનુસાર રસોઇ બનાવી પ્રભુને ભોગ ધરાવવાથીજ તેમને આનંદ થતો. તેથીજ તેઓ શરીરના કષ્ટ તરફ કે માનઆબરૂ તરફ જરા પણ લક્ષ્ય રાખતા નહિ. તેઓ જાણુતા હતા કે પોતે ગુરુદેવના દાસ છે. પ્રભુની સેવા એજ દાસનું કર્તવ્ય છે. તેમાં વળી માન–અપમાન કેવું? રામચંદ્ર, ગુરુદેવને માટે ન કરી શકે એવું કોઇ કામજ ન હતું. પ્રભુ (ગુરુદેવ)નો નામોચ્ચાર કરતાં કરતાં ઉઘાડે પગે પ્રત્યેક ગલીએ ગલીએ કીર્તન ગાતાં પણ તેમને લજ્જા આવતી નહિ !

અનેક મનુષ્યોએ જોયું છે કે, જન્માષ્ટમીને દિવસે (કલકત્તા)-માં સિમુલિયા નામક સ્થાનમાંથી “ રામકૃષ્ણ સેવકમંડળી ” સહિત કીર્તન કરતા કરતા રામચંદ્ર યોગોદ્યાનમાં આવતા. માર્ગમાં કીર્તન કરતાં કરતાં કોઈ વર્ષ તો વરસાદની પ્રચંડ ધારાઓ વરસતી હોય છે, કોઇ કોઇ મનુષ્યો મસ્તકે છત્રી ધરી ચાલે છે, કોઇ કોઇ મનુષ્યો વૃક્ષ નીચે આશ્રય લઇ રહ્યા છે, કોઇ કોઇનું ગળું રૂંધાઇ જવાની તૈયારી થઇ હોય છે, મૃદંગ, કરતાલ બંધપડી ગયાં છે, કીર્તન બંધ પડી જવાની તૈયારી થઇ ગઇ છે, પરંતુ રામચંદ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા પણ વિશ્રાંતિ લેતા નથી. તેઓ તો ઉચ્ચ કંઠે પ્રભુનું નામ-સ્મરણ કરતા કરતા, પ્રભુગુણગાન ગાઈ રહ્યા છે. જળધારા વડે પલળી જઇ તેમનાં સર્વ વસ્ત્રો લથબથ થઇ રહ્યાં છે, ત્યારે તેમનાં નેત્રમાંથી ભગવદ્-પ્રેમાશ્રુ નીકળી વક્ષ:સ્થળ ભીંજાઇ રહ્યું છે. તેમની એવી અદ્ભુત દીનતા અને અતુલનીય ભક્તિનું બળ જોઇ વીખરાયલા ભક્તો પુનઃ એક પછી એક એકત્ર થાય છે. પુનઃ મૃદંગ-કરતાલ વાગવા માંડે છે અને કીર્તનમંડળી પુનઃ ગાવા મંડી પડે છે. રામચંદ્રનો એવો પવિત્ર મનોભાવ જોઇ–એવી દૃઢ ભક્તિ જોઇ, ઘોર નાસ્તિક પાખંડીઓનાં હૃદય પણ પીગળી ગયાં છે. અનેક મનુષ્યો કહેતા કે, "અહા! આવા સત્પુરુષ, આવા ઉચ્ચ કક્ષાના ઑફિસર, માર્ગમાં ભયાનક વરસાદમાં, પલળતા પલળતા કીર્તન ગાતા ચાલ્યા જાય છે! કેવી ગુરુભક્તિ! કેવી દીનતા! આવી દીન ભાવના ન હોય તો શું ભગવાનની કૃપા પ્રાપ્ત કરી શકાય?" મહા-પુરુષ રામચંદ્રની દીન–ભાવના જોઈ કેટલાએ મનુષ્યોનાં હૃદયમાં ભક્તિભાવનો સંચાર થયો છે, કેટલાએ મનુષ્યોનાં જીવન બદલાઈ ગયાં છે! કેટલાએ મનુષ્યોનાં હૃદય અહંકારશૂન્ય થઇ દીનભાવનાએ તેમના હૃદય ઉપર અધિકાર જમાવ્યો છે! રામચંદ્રની એ વખતની ગુરુભક્તિ જોઈ હૃદય કંપાયમાન થાય છે! જેમનું શરીર અનેક વ્યાધિથી નિર્બળ થઇ પડયું છે, ઘોડાગાડી વિના જેઓ માર્ગ-માં ચાલી શકે તેમ નથી, જોડા પહેર્યા સિવાય જેમને પગે ચાલવા-નો અભ્યાસ નથી, જેમના કોમળ શરીરે સહજ શરદી થતાં શય્યા-માં શયન કરવાની ફરજ પડતી, જેમનાથી નિત્ય ઉષ્ણ જળ સિવાય ઠંડા જળ વડે સ્નાન કરવાનું સહન થઇ શકે એમ નથી, તેજ રામચંદ્ર આજે ઉઘાડે પગે, વરસાદની ધારાઓમાં પલળતા પલ-ળતા ત્રણ માઇલ જેટલે રસ્તે કીર્તન કરતા કરતા આનંદપૂર્વક ચાલ્યા જાય છે! પોતાનું શરીર વહન કરવાની શક્તિ નથી; અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાધિથી પીડાવા છતાં, ઓફિસમાં જઇ નોકરી કરવા છતાં પણ જેમણે ગુરુદેવનો ઉદ્દેશ પ્રચાર કરવા પ્રત્યેક મહિને એક એક ભાષણ આપ્યું છે; જેમણે સ્વહસ્તે ગુરુદેવની સેવા કરી છે; જેને ગજા ઉપરાંત પરિશ્રમ થાય છે, શરીરે સહન થતું નથી, તેમ છતાં જેમણે પ્રભુની સેવા માટે રસોઇ કરવા એકાદ બ્રાહ્મણ રાખીને અથવા તે કાર્ય કોઇ શિષ્યોને સોંપી પોતે નિશ્ચિંત થયા નથી; જેઓ પુષ્કળ દ્રવ્યના અધિકારી હોવા છતાં શરીરે અસુખ થતાંજ સિમુલિયા-સ્થિત પોતાનું મકાન છોડી દઇ, ગુરુ-મંદિર યોગોદ્યાનમાં નિવાસ કરતા; ત્યાં નિવાસ કરવાથી ત્યાંના જળવાયુને લીધે જે વ્યાધિઓથી તેઓ પીડાતા હતા, તે સર્વ વ્યાધિઓ શાંત થવાને બદલે ઉલટા વૃદ્ધિ પામ્યા હતા; તથાપિ તેમણે પ્રભુનું નિવાસમંદિર માની યોગોદ્યાનનો ત્યાગ નહિ કરતાં, પોતાનું જીવન પ્રભુ (ગુરુદેવ) ના ચરણમાં બલિદાન આપી દીધું હતું. એટલું છતાં પણ શું મહાત્મા રામચંદ્રની દીનભાવનાની હદ તમે સમજી શકતા નથી ?

કોઇ મનુષ્ય એવી કલ્પના કરશે કે, રામચંદ્રે જ્યારે શિષ્યો બનાવ્યા હતા, ત્યારે તો તેમના મનમાં ગુરુપદવીની ભાવના ઉત્પન્ન થઇ હશે. જો તેમનામાં દીનભાવના ન હોત તો તેઓ અન્યના ગુરુ બનત નહિ. પરંતુ આ ધારણા ભૂલભરેલી છે; કારણ કે તેમણે જે કારણથી શિષ્યો બનાવ્યા હતા, તે કારણ ટીકાકારોના જાણવામાં નથી. કાશીપુરના બગીચામાં ઇ. સ. ૧૮૮૬ની ૧ લી જાન્યુઆરીને દિવસે જે સમયે ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પ્રભુએ કલ્પતરુ બની "તમારામાં ચૈતન્યનો ઉદય થાઓ" એમ કહી સર્વ શિષ્યોને આશીર્વાદ આપ્યો અને એક પછી એક સર્વના હૃદયપ્રદેશ ઉપર સ્વહસ્ત ફેરવી તેમનામાં ચૈતન્ય પ્રેરવા લાગ્યા. તે દિવસે રામચંદ્રે વિચાર્યું કે, "અહા ! આવો શુભ દિવસ પુનઃ ક્યારે પ્રાપ્ત થશે ? આજે ગુરુદેવ પ્રભુ કલ્પતરુ થયા છે. જેને સ્પર્શ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરશે તે કૃતાર્થ થશે અને તે શક્તિ પ્રાપ્ત કરશે." એમ જાણી તેઓ સ્થિર રહી શકયા નહિ. તેમણે જ્યારે જોયું કે, પરમહંસદેવે ત્યાં ઉપસ્થિત થયેલા સર્વ ભક્તો ઉપર કૃપા કરી છે, ત્યારે તેઓ રાજમાર્ગમાં આવી ઊભા રહ્યા અને ત્યાં તેમણે જે જે મનુષ્યોને રસ્તે જતાં જોયાં, તેમનો હાથ ઝાલી તેઓ પરમહંસદેવ પાસે લઇ ગયા હતા અને તેમને પ્રભુ પાસે કૃતાર્થ કરાવ્યા હતા—તેમનું જીવન સફળ કરાવ્યું હતું.

રામચંદ્ર જાણતા હતા કે, પરમહંસદેવ અદ્યાપિપર્યંત કલ્પતરુજ છે, તેથીજ કેટલાંક મનુષ્યોનો હાથ ઝાલી તેઓ યોગોદ્યાનમાં તેમની પાસે લઇ ગયા હતા અને પ્રત્યેક વખતે તેમણે પરમહંસદેવને કહ્યું હતું કે, "પ્રભુ! આ સમયે એક જણને પકડી લાવ્યો છું, આપ એના પર દયા કરો." એવો વિચાર કરીનેજ તેમણે તેને ઉપદેશ દીધો હતો અને તેને શિષ્ય બનાવ્યો હતો.

રામચંદ્રે ઉપદેશ આપ્યો છે, શિષ્યો બનાવ્યા છે, તેમ છતાં તેમના મનમાં એક ક્ષણને માટે પણ "હું ગુરુ છું" એવી ભાવનાએ પ્રવેશ કર્યો નથી. તેમ ન હોત તો તેમણે શિષ્યો સાથે જે પ્રકારનો વ્યવહાર રાખ્યો હતો, તે સાંભળતાં આશ્ચર્ય પમાય છે. તેમના કેટલાક શિષ્યો ઘરનો ત્યાગ કરી યોગોદ્યાનમાં તેમની સાથેજ નિવાસ કરતા હતા. તેમને તેઓ પ્રભુના સેવાકાર્યમાં ગૂંથી રાખતા. કવચિત્ તેમનો વિશેષ પરિચય થતાં તેમાંના કોઇ કોઈ શિષ્યનું શરીર બગડયું પણ હશે; પરંતુ જ્યારે તે વાત રામચંદ્ર જાણતા, ત્યારે તરતજ તેને પોતાની પાસે બોલાવી પોતે તેના હાથપગ અને શરીર દબાવતા. તેમની એવી વર્તણુંક શિષ્ય કેવી રીતે સહન કરી શકે ? તે બિચારો શરમાઈ જઇ હાથપગ પાછા ખેંચી લેતો. એ જોઇ રામચંદ્ર ગુસ્સે થતા અને કહેતા કે, "મારી સેવાથી તારું અકલ્યાણ થશે નહિ. તને કષ્ટ થયું છે તેથી મને તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથપગ અને શરીર દબાવવાનું મન થયું છે." શિષ્ય ઉત્તર દેતો કે, "ના, મને કશું કષ્ટ થયું નથી. આપ એ પ્રમાણે કરશો નહિ." રામચંદ્ર તેનું કથન સાંભળતા નહિ. જે શિષ્ય સ્નાન કરવાને સમયે રામચંદ્રના શરીરે ઘણા દિવસપર્યંત તેલમર્દન કરતો, તેની સાથે રામચંદ્રનો આવો વ્યવહાર સાંભળી અતિ આશ્ચર્ય થાય છે. શિષ્ય મર્દન કરવા આવતો તે સમયે રામચંદ્ર કાંઇ પણ બોલતા નહિ. તેણે પોતાનું કાર્ય પણ કર્યું કે તરતજ રામચંદ્ર તેને પકડતા અને તેના મસ્તકથી તે પગ સુધી સ્વહસ્તે તેલ મર્દન કરી દેતા! અહા! એ બનાવથી રામચંદ્રમાં કેટલી દીનતા જણાઇ આવે છે વારુ? તેમને એવું ભાનજ ન હતું કે, પોતે તેમના ગુરુ છે અને તે તેમનો શિષ્ય છે. પોતાને દીનહીન, કંગાલ માનતા. રામચંદ્ર ગુરુપદવીને માટે શિષ્ય કરતા ન હતા, પણ તેના કલ્યાણને માટેજ—સંસારસાગરમાંથી પાર ઉતારવા માટેજ.

રામચંદ્રના જીવનચરિત્રની આલોચના કરતાં—રામચંદ્રના જીવનના બનાવોમાં સમાયલું રહસ્ય સમજવાનો યત્ન કરતાં, સ્પષ્ટ જોઇ શકાય છે કે, તેમનામાં અહંકારજ ન હતો. તેઓ સમજતા કે, અહંકાર એજ મનુષ્યનો મોટામાં મોટો શત્રુ છે અને ઘણા ગુરુઓ—મનુષ્યો—અહંકાર કરી પાયમાલ થયા છે. તેમણે પોતાના ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પ્રભુમાં અહંકારનો કિંચિત્ અંશ પણ જોયો ન હતો, તેથીજ તેઓ અહંકારશૂન્ય બન્યા હતા. તેઓ માત્ર રામકૃષ્ણ—પ્રેમમાં ડૂબી ગયા હતા. તેથી તેમનામાં અહંકાર હોયજ ક્યાંથી? તેઓ "પોતાની" ભાવના તદ્દન ભૂલી ગયા હતા. તેઓ યોગોદ્યાનમાં નિવાસ કરતા હતા, તે સમયના બનાવોનું અવલોકન કરતાં તેમની દીનભાવનાનાં અનેક દૃષ્ટાંતો જોવામાં આવ્યાં છે. કેટલાએ દિવસ તેમણે બગીચામાં ખોદકામ કર્યું છે અને સ્વહસ્તે શાકભાજી વાવી છે. તેઓ કહેતા કે, તેઓ ગુરુદેવના દાસ છે, તેથી જ તેમનું દાસત્વ કરવામાં કદી પણ લજ્જા થતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગોદ્યાનમાં રામચંદ્ર કેવા પ્રકારની દીનતા ધારણ કરતા, તેનું એક દૃષ્ટાંત આ સ્થળે લખવામાં આવે છે. જો કે રામચંદ્રે યોગોદ્યાનમાં પ્રભુની સેવાનો સમસ્ત કાર્યભાર પોતે સ્વીકાર્યો હતો, તથાપિ તેમણે પોતાના એક શિષ્યને યોગોદ્યાનનો કાર્યાધ્યક્ષ નીમ્યો હતો. અર્થાત્ ગુરુદેવના સેવાકાર્યમાં કોઇ વસ્તુની આવશ્યકતા જણાતાં તેની તેનેજ દેખરેખ રાખવી પડતી અને તે વસ્તુ વખતસર તેનેજ હાજર કરવી પડતી. એક દિવસ મેડિકલ કોલેજના ડોકટર શ્રીયુત બાબુ બિહારીલાલ ચક્રવર્તી નામક રામચંદ્રના એક મિત્ર કાંકુડગાચ્છી તરફ એકાદ બગીચો ખરીદવાની ઇચ્છાથી રામચંદ્રને મળવા આવ્યા. યોગોદ્યાનમાં મીઠાં લીંબુ અતિ ઉત્તમ થતાં હતાં. લીંબુના વૃક્ષ ઉપર અનેક લીંબુ પરિપકવ થઇ ઝૂલી રહ્યાં હતાં. એક લીંબુ બિહારીબાબુને આપવાની ઇચ્છાથી રામચંદ્રે કાર્યાધ્યક્ષ શિષ્ય પાસે આવી કેટલીએ નમ્રતાપૂર્વક તેની રજા માગી કે, "બિહારીબાબુને એક લીંબુ આપું કે?" તેમનો એવો વિનય જોઇ શિષ્ય અવાક થઈ તેમના સામે જોવા લાગ્યો અને બોલ્યો કે, "આપના આવા વ્યવહારથી મને બહુ લજ્જા આવે છે." રામચંદ્રે ઉત્તર દીધો કે, "આ બગીચો તો ગુરુદેવનો છે. તમે ગુરુસ્થાનના કાર્યાધ્યક્ષ છો. તમારી રજા વિના મારાથી કોઇ પણ વસ્તુ કોઇને આપી શકાય?" શિષ્યે કહ્યું: "જ્યારે આપને ઇચ્છા થઇ છે તો અવશ્ય આપી શકો છો." ત્યાર પછી રામચંદ્રે બિહારીબાબુને એક લીંબુ ભેટ આપ્યું. આ બનાવ ઉપરથી શો વિચાર થાય છે? જેઓ પ્રભુની સેવામંડળીના આગેવાન છે અને જેઓ બગીચાના એકલા માલિક છે, તેઓ પોતાના શિષ્યની પાસે એક મીઠા લીંબુ માટે દીનહીન ભિખારીની પેઠે ભિક્ષા માગે છે! તેથીજ કહેવામાં આવે છે કે, પ્રભુ રામકૃષ્ણદેવ જેવા દીનાવતાર હતા, તેજ પ્રમાણે તેમના શિષ્ય રામચંદ્રનું હૃદય દીનભાવનાથીજ ઘડાયું હતું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ પણ કહી શકાશે કે, જેવા ગુરુ તેવાજ શિષ્ય હોય છે. કોઇ પણ શિષ્યને જોતાંજ તેના ગુરુના ગુણ-કર્મનું અને ગુરુને જોવાથી તેના શિષ્યના ગુણ-કર્મનું ભાન થઇ શકે છે. મનુષ્ય-પરીક્ષાની સહેલી કૂંચી એ પણ કહી શકાય.

મહાત્મા રામચંદ્ર લિખિત શ્રીરામકૃષ્ણદેવનું જીવનવૃત્તાંત, તત્ત્વપ્રકાશિકા અને ગુરુદેવના ઉપદેશાનુસાર અપાયલાં રામચંદ્રનાં ભાષણો વાંચ્યાથી તેમના સ્વભાવની કલ્પના થઇ શકે છે. રામચંદ્રે અનેક સ્થળે સ્વજીવનના બનાવો સ્વહસ્તેજ આલેખ્યા છે. જે ભાવનાથી એ જીવન લખાયું છે, તે વાંચવાથી જોઇ શકાય છે કે, એક વખત તેઓ કેવા પાખંડી, અજ્ઞાન અને નાસ્તિક હતા; પરંતુ તેમના બાલ્યજીવનથી તે અંતજીવનપર્યંત સૂક્ષ્મ રીતે તપાસતાં જોઇ શકાય છે કે, તેમણે કદી પણ કોઈ પણ પાપકાર્ય, કિંચિત્ અંશે પણ કર્યું નથી. અસત્ય ભાષણ, પ્રપંચ-કપટ અને પાપ કોને કહે છે, તે તેઓ જાણતાજ નહિ. તેઓ ચિરકાલ સત્ય ભાષણ કરતા. સત્યના પક્ષપાતી હતા અને સત્યને માટે તેમણે હજારો રૂપિયા, કાક-વિષ્ટાની પેઠે ત્યાગ કર્યા છે. તેમણે ચિરકાલ એવું પવિત્ર જીવન વ્યતીત કર્યું છે કે જેથી કોઇ પણ મનુષ્ય તેમનામાં કોઇ પણ દોષ દર્શાવી શકે તેમ નથી. તેમ છતાં પણ તેમણે કેટલેક સ્થળે પોતાને પાખંડી, અજ્ઞાન અને નાસ્તિક જણાવ્યા છે, તે ઉપરથી કેવળ તેમની દીનતા જણાઇ આવે છે. તેથીજ કહેવામાં આવે છે કે, રામચંદ્ર પોતાને યથાર્થ દીનહીન જણાવવામાંજ કૃતાર્થ થયા હતા.

ભક્ત રામચંદ્ર પોતાના ગુરુદેવ રામકૃષ્ણ પ્રભુ પાસે નિત્ય નિવાસ કરતા; છતાં પોતાને રામકૃષ્ણ-ભક્ત-દાસ જણાવતા. જે કોઈ મનુષ્ય કાંકુડગાચ્છીના પ્રભુમંદિર સન્મુખ આવી પ્રણામ કરી “જય રામકૃષ્ણ” શબ્દોચ્ચાર કરતો તેણે રામચંદ્રનું મન હરણ કર્યું હતું. ત્યાં કેટલાક દિવસ આવ-જા કરતાંજ રામચંદ્રે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાસની પેઠે તેની સેવા કરી છે. તે મનુષ્યને જે સમયે જે વસ્તુની આવશ્યકતા જણાતી તે રામચંદ્રને જણાવતાંજ તેમણે તે પરિપૂર્ણ કરી છે; એટલુંજ નહિ પણ રામચંદ્રના સાંસારિક વ્યવહારકાર્યમાં તેમણે હસ્તક્ષેપ કરવાનું છોડયું નથી.

એક સમયે યોગોદ્યાનના એક નોકરે પ્રભુ રામકૃષ્ણ ઉપર વિશેષ ભક્તિ દર્શાવ્યાથી તેણે રામચંદ્રનું મન એટલું બધું જીતી લીધું હતું કે, તે નોકર રામચંદ્રના ઘરનું સર્વ કામકાજ સ્વેચ્છાનુસાર કરતો છતાં તેઓ કશું બોલતા નહિ. તે દુષ્ટના એવા કાર્યાધિકારથી રામચંદ્રનાં–કુટુંબીજનોને કેટલોએ સમય આહારાદિ સંબંધી ઘણું કષ્ટ ભોગવવું પડયું હતું; એટલુંજ નહિ પણ કેટલીએ વખત ઘરમાં લોટ નહિ લાવી આપ્યાથી અને ભૂસાનો હલકો લોટ ખવડાવ્યાથી રામચંદ્રની પ્રાણેશ્વરી ગૃહદેવી અને પુત્રી આદિને રક્તઆમાશયના વ્યાધિથી પીડા સહન કરવી પડી હતી. તેમ છતાં રામચંદ્રે તેને કાંઇ પણ ઠપકો દીધો નહિ. તેઓ જાણતા હતા કે તે (નોકર) રામકૃષ્ણનો દાસ છે. બસ, પછી તેને કંઇ પણ કહી શકાયજ કેમ? અહા! અદ્ભુત અહંકાર–નાશનું એ દૃષ્ટાંત!

રામચંદ્રે પ્રભુ રામકૃષ્ણદેવની કૃપા પ્રાપ્ત કરીને જે પ્રકારના દીનભાવથી જીવન વ્યતીત કર્યું હતું, તે અતિ વિસ્મયજનક છે. તેઓ નિત્ય રામકૃષ્ણના ભક્તની સેવા કરતા. ભક્તોની પાસે જઇને તેમને જોઇતી વસ્તુ પૂરી પાડતા. તેમની કૃપા–પ્રાર્થના કરતા અને છેલ્લી ઘડીએ પણ એવુંજ ભાવનાદર્શક કાર્ય કરી ગયા છે. તેમણે પોતાનો જીવન દીપક ઓલવાઈ જવાને સમયે કહ્યું હતું કે, "**મારા મૃત્યુ પછી તમે મારી દેહ-ભસ્મ લાવી મંદિરના દરવાજામાં દાટી દેજો. જે કોઈ મનુષ્ય આ સ્થાન (યોગોદ્યાન) માં પ્રવેશ કરશે, તે મારા મસ્તક ઉપર થઈને પસાર થશે. તેમ થવાથી મને ચિરકાલ રામકૃષ્ણ-ભક્તની ચરણરજ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત થશે." તેમણે કેવી દીનતાનો પરિચય આપ્યો છે! જીવન-પર્યંત દીનહીન કંગાલની પેઠે જીવન વ્યતીત કર્યાં છતાં પણ જીવન-પર્યંત ગુરુદેવ રામકૃષ્ણ–ભક્તોના ચરણની રજ ગ્રહણ કરવા છતાં પણ–રામચંદ્રની દીનભાવનાની હદ થઈ નથી, એમ જાણી ચિરદિન રામકૃષ્ણ–ભક્ત ચરણરજ પ્રાપ્ત કરવાની આશાથી પોતાની દેહ–ભસ્મની ઉપર પ્રમાણે વ્યવસ્થા કરવાનું કહ્યું હતું. તેમ ન હોત તો અતુલ ઐશ્વર્યના અધિકારી થઈ, રાજરાજેશ્વરની પેઠે સિંહાસન ઉપર બિરાજી, વિલાસીતાની હદ દર્શાવી આપત. તેમ નહિ કરતાં દીન ભિખારીની પેઠે કંગાલ વેશ ધારણ કરી, જંગલનિવાસ કરી, બંધુબાંધવ–આત્મીય–સ્વજનહીન થઈ જીવન વિસર્જન કર્યું, તેમ છતાં તેમને પૂર્ણ તૃપ્તિ થઈ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अध्याय ५ मो–रामचंद्रनो दयाभाव

શ્રીરામકૃષ્ણ ગુરુદેવની કૃપાથી રામચંદ્રના જીવનમાં કેવું પરિવર્તન થયું હતું, તેનો આભાસ ઉપરોક્ત અધ્યાયોમાં થયો છે. પ્રભુ રામકૃષ્ણદેવની કૃપાથી જે મનુષ્યનું મનુષ્યત્વ લોપ પામ્યું અને જેને દેવત્વ પ્રાપ્ત થયું હતું, તે તેમના જીવનપ્રસંગોની આલોચના કરતાંજ સ્પષ્ટ જણાઇ આવે છે. વાસ્તવિક રીતે જોતાં એમ થવુંજ ઉચિત છે. જે ગુરુમાં સામાન્ય મનુષ્યત્વ હોય છે, તેના શિષ્યોમાં પણ તેવુંજ લોભ–પાપમય–મનુષ્યત્વજ જોવામાં આવે છે. માત્ર જે ગુરુમાં સાચો ગુરુભાવ–અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી જ્ઞાનચક્ષુ વિકસાવી આપવાની દિવ્ય શક્તિ હોય છે, તેનાજ શિષ્યોમાં દેવભાવના જોવાની આશા રાખી શકાય છે. આજકાલ ઘણા માણસો ગમે તેવા દંભી, લોભી, લાલચુને ગુરુ કરી બેસે છે, તેને પરિણામે તેમના સ્વભાવ-ગુણકર્મમાં વિચિત્રતાજ જોવામાં આવે છે અને કેટલીક વખત ગુરુના દોષ જોઇ શિષ્યોને પાછળથી પશ્ચાત્તાપ પણ થાય છે ! કેટલાક બ્રહ્મનિષ્ઠ ગણાતા ગુરુના શિષ્યોને ગાળો દેતા પણ સાંભળ્યા છે. તેથીજ કહેવામાં આવે છે કે, શિષ્ય ઉપરથી પણ ગુરુની પરીક્ષા થઈ શકે છે. જેવા ગુરુ હોય છે તેવુંજ શિષ્ય–હૃદય રચાય છે. ગુરુનું તેજ શિષ્યમાં ઊતરે છે. તેથીજ કહેવામાં આવે છે કે ગુરુ તેવાજ શિષ્ય. રામચંદ્રના શેષ જીવનમાં તેમનો દેવભાવ અમે જે પ્રકારે જોઈ શક્યા છીએ તથા જે અશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણરાશિના સમુદ્રસ્વરૂપ તેમને સમજી શકયા છીએ, તેજ અમે વાચક સજ્જનો સમક્ષ નિવેદન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. રામચંદ્ર એ સદ્ગુણાવલિના સમુદ્ર સ્વરૂપ હતા. એવો કોઇ પણ સદ્ગુણ નહિ હોય કે જે રામચંદ્રમાં જોવામાં આવ્યો નહિ હોય. જે સમયે કોઈ પણ સદ્ગુણ જોવાની—જાણવાની—અમને ઇચ્છા થઇ આવતી, તે સમયે તે ગુણ રામચંદ્રમાં જોવામાં આવ્યા છે એવું સ્મરણ થાય છે. દયા, ક્ષમા, સહિષ્ણુતા, સ્વાર્થત્યાગ, દીનતા, પરદુઃખ નિવારણ આદિ સકલ સદ્ગુણ રામચંદ્રમાં જોવામાં આવતા હતા. આ અધ્યાયમાં મહાત્મા રામચંદ્રની દયા અને તેઓ પરદુઃખે કેવા દુઃખી થતા તે સંબંધી કિંચિત્ ઉલ્લેખ કરવામાં આવે છે.

રામચંદ્રના બાલ્યજીવનથી તે શેષ—જીવનપર્યંત સમસ્ત બનાવો અમે જાણતા નથી, પણ માત્ર તેમના શેષજીવનનાં કેટલાંક વર્ષ-પર્યંત અમને × તેમની સાથે નિવાસ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું, તેથી તેમના પવિત્ર જીવનના અલૌકિક બનાવો જોઇ અમે મુગ્ધ થયા હતા અને તેમનું જીવન સર્વ સદ્ગુણોનો સમુદ્ર હતું, એવી અમારી દઢ માન્યતા થઇ હતી. વળી તેમના પૂર્વજીવનના બનાવો સંબંધી અમે તપાસ કરી, પરંતુ જે અમે પ્રત્યક્ષ અમારા ચક્ષુએ જોયું છે—કેટલાંક વર્ષપર્યંત તેમનાં ચરણતલ નજીક રહી અમે જે જાણી શકયા છીએ, તેનુંજ વાચકબંધુઓ સમક્ષ વર્ણન કરીએ છીએ. અમને જે સમયે ભક્ત રામચંદ્રનું સ્મરણ થાય છે, તેજ ક્ષણે તેમની મૂર્તિ અમારાં માનસચક્ષુ સમક્ષ તાદૃષ્ય થાય છે અને તેમના જે વિષયની આલોચના કરવાની કલ્પના કરીએ છીએ, તે વિષય એની મેળેજ અમારા મનમાં ઉદય પામે છે.

સાંભળ્યું છે કે, રામચંદ્રનું બાલ્યજીવન અતિ કષ્ટકર હતું. જે સમયે તેમના બાલ્યજીવનનું વૃત્તાંત અમે પૂછતા, તે સમયે તેઓ

× મૂળ બંગાળી લેખકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતા કે, "તમારે તે સાંભળવાનું કામ નથી. તે અતિ કષ્ટમાં વીત્યું છે" અને તેનું વાસ્તવિક પ્રમાણ અમે તેમના શેષજીવનમાં અનુભવ્યું છે. તેઓ કોઇનું પણ દુઃખ જોઇ શકતા નહિ. તેઓ જાણતા હતા અને જાતે અનુભવ કરી ચૂકયા હતા કે, દુઃખમાં જીવન વ્યતીત કરવું એ કેટલું ભયંકર અને કષ્ટદાયક છે! તેથીજ કોઇનું પણ દુઃખ જોતાં તેમને અત્યંત કષ્ટ થતું અને કોઇના પણ દુઃખની વાર્તા સાંભળતાંજ તેમનાં નેત્રમાંથી અશ્રુપાત થતો અને કયે પ્રકારે તેનું દુઃખ દૂર કરી શકાય તે સંબંધી તેઓ વિચાર કરતા; એટલુંજ નહિ પણ જેઓ રામચંદ્રની મશ્કરી કરતા, તેમની પણ દુઃખી સ્થિતિ જોઇ તેને જે પ્રકારની તેમણે સહાયતા કરી છે, તેવી સહાયતા તેમના બંધુ-બાંધવોદ્વારા પણ તેમને મળી નથી. અમે જાણી શકતા નથી કે, કેટલા માણસો રામચંદ્ર ઉપર ગુસ્સે હતા, પણ એમાંના બે મનુષ્યો બે વખત જે પ્રકારની વિપદમાં ફસાયા હતા, તે સમયે રામચંદ્રની દયાથી તેમનું કેટલું કલ્યાણ થયું હતું તેજ કહેવામાં આવે છે. એ બંને મનુષ્યોની પૃથક્ પૃથક્ સમયે કુટુંબનું પાલનપોષણ કરવા જેવી નોકરી છૂટી ગઇ હતી. બન્ને કુટુંબનું પોષણ તો કરવુંજ પડતું. જેઓ તેમના આત્મીય ગણાતા, જેઓ તેમના વિપદ્ભંજક બંધુ-મિત્ર કહેવાતા, તે સર્વની પાસે જઇ તેમણે પોતાની વિપત્તિ નિવેદન કરી, પરંતુ દુઃખની વાર્તા છે કે, તેમને કોઇ પણ પ્રકારે સહાયતા કરી નહિ. તેઓ પ્રથમ જાણતા ન હતા કે, રામચંદ્રને પોતાના દુઃખની કથા કહેવી પડશે; કારણ કે તેઓ રામચંદ્રની મશ્કરી કરતા, તેથી તેમની પાસેથી સહાય મેળવવાની તેમને આશા ન હતી. આશ્ચર્યની વાત છે કે, તે બન્ને જણ વિપદ સમયે છેવટે રામચંદ્રને મળ્યા. રામચંદ્રે પોતાના સ્વભાવ પ્રમાણે મૃદુહાસ્ય કરી તેમના કુશળ સમાચાર પૂછયા અને તેમનું મલિન વદન જોઇ સમજી શકયા હતા કે, તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ વિપદમાં ફસાયા છે! બન્ને જણે પોતાના દુઃખનું વર્ણન કહી સંભળાવ્યું. તેજ ક્ષણે રામચંદ્રના મનમાં અતિ કષ્ટ થયું અને તેમને માટે ચિંતાતુર થઇ પોતાનાથી બનતી સહાયતા કરી હતી; એટલુંજ નહિ પણ પ્રત્યેક મહિને મહિને તેમના કુટુંબનો નિર્વાહ થાય તેવી વ્યવસ્થા પ્રભુ રામકૃષ્ણદેવ કરી દેશે એવું વચન આપ્યું હતું. અર્થાત્ તેમણે તેમને પ્રત્યેક મહિને તેટલી સહાયતા કરી હતી અને પ્રભુ રામકૃષ્ણદેવને તે માટે પ્રાર્થના કરી હતી. દયાળુ પ્રભુ રામકૃષ્ણદેવે ભક્ત રામચંદ્રની પ્રાર્થના સ્વીકારી લઇ થોડા દિવસમાંજ તેમનું દુઃખ દૂર થાય એવી કૃપા કરી હતી.

રામચંદ્ર એવા દયાળુ હૃદયના હતા કે, કોઇ પણ મનુષ્ય તેમની પાસે સહાયતા માટે યાચના કરવા જતો, તે કાંઇ પણ પ્રાપ્ત કર્યા સિવાય મલિન વદને તેમની પાસેથી પાછો ફરતો નહિ. દુઃખ નિવેદન કરતાંજ તેઓ શક્તિ અનુસાર સહાયતા કરતા, એ અમે તેમના જીવનમાં સ્વચક્ષુએ દીઠું છે. એક સમય સર્વત્ર સમાચાર પ્રસર્યા કે, રામચંદ્ર પાસે જઇ દુઃખ નિવેદન કરતાંજ, સહાયતા પ્રાપ્ત કર્યા સિવાય કોઇ પાછું ફરતું નથી, તે સમયે કેટલાક દિવસ-પર્યંત અમે જોયું છે કે, નિત્ય એક એક મનુષ્ય "માતપિતા મરણ પામ્યા છે" એમ કહી ખભે જનોઇની પેઠે લૂગડું ભેરવી રામચંદ્ર પાસે આવતો. તેમનું કથન સત્ય માની પ્રથમ તો રામ-ચંદ્રે પ્રત્યેકને બબ્બે રૂપિયા સહાયતા આપી. ત્યાર પછી ઘણા લોકો આવવા લાગ્યા, તેથી એકેક રૂપિયો અને તે પછી આઠ આઠ આના આપવા લાગ્યા. દ્રવ્યોપાર્જન માટે એ એક સહેલી યુક્તિ સમજી ખભે જનોઇની પેઠે કપડું ભેરવી રામચંદ્ર પાસે જઇ ખોટાં બહાનાં કાઢી ઘણા માણસો પૈસા લઇ આવતા. અંતે તેમની એ યુક્તિ રામચંદ્ર જાણી ગયા, ત્યારે જેને ખાસ પ્રયોજન જણાતું તેનેજ તેઓ પૈસાની સહાયતા કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્ર સ્વજીવનના છેલ્લા વિભાગમાં જે દ્રવ્ય ઉપાર્જન કરતા તે તેમના કુટુંબના ખર્ચમાં અને યોગોદ્યાનમાં પ્રભુસેવાકાર્યમાં વપરાઇ જતું. મેડિકલ કૉલેજમાંથી બસો રૂપિયા પગાર મળતો તે લાવતાંજ તરત ખર્ચાઇ જતો. યોગોદ્યાનમાં વાર્ષિક મહોત્સવાદિમાં જે ખર્ચ થતો તે માટે તેમને ઋણગ્રસ્ત થવું પડતું. એ ઋણમુક્ત થવા માટે તેમને મહિને મહિને પગારમાંથી થોડા થોડા રૂપિયા આપવા પડતા, માટે પગાર મળતાંજ તે તરત ખર્ચાઇ જતો. તેમજ જે કંઈ બચતું તે યોગોદ્યાનના અને તેમના ઘરના નોકર, બ્રાહ્મણાદિના પગારમાં અને ગાડી, ઘોડા, કોચમૅન વગેરેના પગારમાં ખર્ચાઇ જતું. પ્રભુની સેવા તેમજ ઘરકુટુંબના ખર્ચને માટે તેઓ નિત્ય જે કાંઇ ઉપાર્જન કરતા તેમાંથીજ તેઓ ચલાવી લેતા. જેમકે કેરોસિન તેલની પરીક્ષા, જળપરીક્ષા અને અન્ય વસ્તુઓની પરીક્ષા કરતા તેની ફી મળતી તે વાપરતા. એ પ્રકારે રાસાયણિક પરીક્ષા કરવા માટે જે દ્રવ્ય નિત્ય તેમને મળતું તે કુટુંબ અને પ્રભુની સેવામાં ખર્ચાતું. તેમના શેષજીવન સમયે ઑફિસમાં એવી પરીક્ષા માટે ઓછી આવક થતી; કારણ કે કંપની તરફથી એવી પરીક્ષાનો ખર્ચ ઓછો કરવામાં આવ્યો હતો, તેથી જે કાંઇ દ્રવ્ય મળતું તેટલામાંજ તેઓ ખર્ચ નિભાવતા. એક દિવસ પરમહંસદેવના એક ભક્ત–પુત્રે આવી રામચંદ્રને પોતાના ઘરની દુઃખી સ્થિતિ નિવેદન કરી. રામચંદ્રે તત્ક્ષણ પોતાના ગજવામાંથી છ રૂપિયા કાઢી આપ્યા. આ સ્થળે કહેવું જોઇએ કે, તેમની પાસે એટલી રકમ સિવાય બીજા રૂપિયા સિલકમાંજ ન હતા. એ જોઈ રામચંદ્રના એક શિષ્યે કહ્યું કે, "આપ આ શું કરો છો? આ સ્થળે (યોગોદ્યાનમાં) ચોખા વગેરે લાવવાનું છે અને આપને ઘેર પણ ખર્ચ માટે કંઇક રકમ આપવી પડશે. વળી આ બાળક તેમનો (તેજ ભક્તનો) પુત્ર છે કે નહિ તે આપ જાણતા નથી. આપ તેને ઓ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળખતા નથી, તેમ છતાં શા કારણથી સિલકમાં છે તેટલું બધું તેને આપી દો છો?" રામચંદ્રે કહ્યું: "શું કરવું? આ બાળક જે કહે છે તે સત્યજ હશે; કેમકે તેજ ભક્તનો પુત્ર છે અને આજે તેના ઘરમાં ચૂલે હાંલ્લી ચડાવવાનું સાધન (અન્ન) નથી, તો પછી વિચાર તો કરી જો કે, આજે એમને કેટલું દુઃખ સહન કરવું પડશે? એ વિચાર થતાંજ હું સ્થિર રહી શક્યો નહિ. કોઈનું પણ કષ્ટ સાંભળતાંજ મારું શરીર કંપાયમાન થઇ ઊઠે છે. ગુરુમહારાજ એમનું દુઃખ નિવારણ કરશે, એમ ધારીનેજ મારી પાસે જે કાંઇ હતું તે મેં આપી દીધું છે. શું તું એમજ સમજે છે કે, એટલાથીજ એમનું કામ સરશે? ના, તેમ નથી. તેમ છતાં મારી પાસે જે કાંઇ હતું તે આપી દીધું છે. એ ઉપરાંત જે કાંઈ કરવું હશે તે ગુરુદેવ કરશે. ઘરનો અને અહીંનો ખર્ચ આજ નથી એમ કહે છે? જે પ્રભુ સર્વ ખર્ચ મેળવી આપે છે તેજ તેની વ્યવસ્થા કરશે. જે જગતનો પિતા છે તે જગતની વ્યવસ્થા કરશે. પૈસાના માલિકજ તે છે!"

રામચંદ્રને માટે પરદુઃખ દેખી દુઃખી અને દયાનો પરિચય એથી વિશેષ કયો હોઇ શકે? જે લક્ષાધિપતિ શ્રીમંત હોય છે, તે ક્ષણ વારમાં બે હજાર રૂપિયાનું દાન કરી શકે છે, પરંતુ રામચંદ્રના જેવી અવસ્થા ભોગવનાર એમના જેવું દાન કરે એ અલૌકિકજ કહી શકાશે? ઘરમાં પુષ્કળ દ્રવ્ય હોય અને દાન કરવું એ તો સહેલજ છે; પરંતુ દ્રવ્ય ઓછું હોય, માત્ર ખર્ચ જેટલુંજ હોય અને પરદુઃખે દુઃખી થઇ—દયાને વશ થઇ દાન કરવું એમાંજ મનુષ્યસ્વભાવનું મહત્ત્વ છે—એમાંજ શોભા છે. જેનું શરીર દયાથી રચાયલું ન હોય, તેનાથી એવું દાન થવું અસંભવિત છે. રામચંદ્ર શ્રીમંત ન હતા, તેમ છતાં તેમના જીવનમાં નિત્ય દાન થતું જોવામાં આવ્યું છે. કોઈ દિવસ કોઇને કન્યાદાન દેવાનું હોય, કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ કોઇને ઋણમુક્ત કરવાનું હોય, કોઇનાં માતાપિતાને અગ્નિસંસ્કાર કરવાનો હોય વગેરે કેટલાય લોકો એવાં એવાં સાચાં-જૂઠાં-બહાનાં કાઢી રામચંદ્ર પાસેથી પૈસા કઢાવી જતા. આશ્ચર્યની વાત તો એજ છે કે, તેમની પાસે જે સમયે જે માણસ આવ્યો હશે, તે પછી પરિચિત હો કે અપરિચિત, ભક્ત હો કે અભક્ત, સદ્‌ગૃહસ્થ હો કે દીન-દુઃખી કંગાલ હો, ગમે તે હો પણ રામચંદ્ર તેજ ક્ષણે પોતાની પાસે જે હોય તે સમસ્ત દાનમાં તેને આપી દેતા. કંઇ પણ સંગ્રહ કરી રાખતા નહિ અથવા પોતાનો ખર્ચ શી રીતે ચાલશે તે સંબંધી લેશ પણ ચિંતા કરતા નહિ.

સાંસારિક ઉન્નતિ સંબંધી રામચંદ્રની દયાનો વિષય ઉપર કંઇક વર્ણવવામાં આવ્યો છે, પરંતુ હવે આધ્યાત્મિક ઉન્નતિ સંબંધી રામચંદ્ર કેવા ઉન્નત થયા હતા, તેનો કાંઇ આભાસ આપવો આવશ્યક જણાય છે. પરમહંસદેવની કૃપા પ્રાપ્ત કર્યા પછી રામચંદ્ર સમજી શકયા હતા કે, તેમને અવશ્ય મુક્તિ પ્રાપ્ત થશે અને તેઓ જન્મ-મરણના મહાન દુઃખમાંથી છૂટી જશે, તેથી પોતાના ધર્મની ઉન્નતિ સંબંધી તેમણે કદી પણ ચિંતા કરી નથી અને પરજન્મમાં શું થશે, એ સંબંધી વિચાર પણ તેમણે કર્યો નથી. તેમને માત્ર એકજ ચિંતા એ થતી કે, અન્ય મનુષ્યોનાં કલ્યાણને માટે શો ઉપાય કરવો ? જગતમાં અસંખ્ય મનુષ્યો અજ્ઞાન અંધકારમાં પડ્યાં પડ્યાં સડ્યા કરે છે, અનેક મનુષ્યો માયાના મોહપાશમાં લપટાઇ અકલ્યાણ કરી રહ્યાં છે, માયાની મોહિની શક્તિએ અનેક મનુષ્યોને પ્રપંચ, કપટ અને અસત્ય કર્મોમાં ધકેલી દીધાં છે ! પરિણામે એ બધાં મનુષ્યો મહાન ભયંકર દુઃખ દરિયામાં ગબડી પડવાનાં છે. તેમને એ દુઃખમાંથી મુક્ત કરવા શી રીતે ? તેમને પરમહંસદેવના કૃપાપાત્ર કરવા જોઇએ એવોજ રામચંદ્રને વિચાર થયા કરતો. રામચંદ્રનો દૃઢ વિશ્વાસ હતો કે, પરમહંસદેવની કૃપા થતાંજ તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવસાગર પાર ઊતરી જશે. તેઓ વિચારતા કે, પૂર્વે હજારો વર્ષની તપસ્યા કર્યા પછી જે દુર્લભ્ય વસ્તુ કવચિતજ કોઈકને પ્રાપ્ત થતી, તેવી કઠોર તપસ્યાનું ફળ પોતાને અનાયાસે પ્રાપ્ત થયું છે. જેની પ્રાપ્તિને માટે એક સમયે તેઓ અસ્થિર-ચંચળચિત્ત થઇ સર્વત્ર ભટકતા ફરતા હતા, જેની પ્રાપ્તિને માટે પૃથ્વિનાં સમસ્ત સુખ અને સ્વચ્છંદતા તેમને કડવી ઝેર જેવી લાગતી, તેજ દેવેશ-વાંછિત, મનુષ્યજન્મમાં દુર્લભ્ય એવા ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં અને તેમની કૃપા પણ પ્રાપ્ત કરી; પરંતુ હવે અન્ય માનવ-જીવો ઉપર એવીજ કૃપા શી રીતે થાય? તેમણે અનેક વિચારો કર્યા પછી નક્કી કર્યું કે, જે અમૃતફળનો સ્વાદ તેમણે (રામચંદ્રે) ચાખ્યો છે, તે સમસ્ત પોતે એકલાએ નહિ લેતાં તેમાંથી થોડું થોડું પ્રત્યેક મનુષ્યને વહેંચી આપવું. એ સંબંધી પરમહંસદેવ એક વાર્તા કહેતા કે, એક સમય ચાર મિત્રો અમરત્વ પ્રાપ્ત કરવા અમરફળની શોધ માટે એક અરણ્યમાં ગયા. ઘણો સમય અરણ્યમાં શોધ કરવા છતાં તેમની આશા ફળીભૂત થઇ નહિ. તેઓ ઘણા થાકી ગયા. એટલામાં એક ભયંકર જંગલમાં જતાંજ તેમને એકાએક એક મહાપુરુષનાં દર્શન થયાં. તેમણે ચારે મિત્રો-ને ચાર ફળ આપીને કહ્યું કે, "તમે જેની શોધ કરવા આટલું બધું કષ્ટ સહન કરી રહ્યા છો તેજ અમૃતફળ ગ્રહણ કરો; પરંતુ એ કોઇ બીજાને આપશો નહિ." ત્રણ મિત્રોએ તો મહાત્માના ઉપદેશ પ્રમાણે પોતપોતાનાં ફળનો આહાર કરી દીધો, પરંતુ ચોથા મિત્રે તેમ નહિ કરતાં તે ફળનો કિંચિત્ અંશ મોંમાં મૂક્યો અને બાકીનું ફળ લઇને શહેરમાં આવીને મોટી બૂમ પાડી કહેવા લાગ્યો કે, "આવો ભાઇઓ! અનેક કષ્ટે મેં આ અમરફળ પ્રાપ્ત કર્યું છે. જેની ઇચ્છા હોય તે આવો. આ ફળમાંથી ભક્ષણ કરી અમ-રત્વ પ્રાપ્ત કરો." અનેક મનુષ્યો તેને ગાંડો કહી હસવા લાગ્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ જે મનુષ્યોને તેના કથન પર વિશ્વાસ બેઠો અને તે ફળમાંથી કિંચિત્ પણ ભક્ષણ કર્યું તેમણે અમરત્વ પ્રાપ્ત કર્યું.

અમે જોયું છે કે, રામચંદ્રનો સ્વભાવ ઉપરોક્ત ચોથા મિત્ર જેવો હતો. તેઓ એકલા અમૃતફળનો આહાર કરી શકયા નહિ, તેથીજ તેમણે તે અનેક મનુષ્યોમાં વહેંચી આપવાની વ્યવસ્થા કરી હતી. અનેક મનુષ્યોએ રામચંદ્રને ગાંડા ધાર્યા હતા, અનેક મનુષ્યોએ તેમની હાંસી કરી હતી પરંતુ જે મનુષ્યોએ સરલ-અકપટ હૃદયે તેમના ઉપર વિશ્વાસ રાખી તેમના કહેવા પ્રમાણે વર્તન રાખ્યું, તેમનેજ અમરફળનો સ્વાદ પ્રાપ્ત થયો હતો. તેથીજ કહીએ છીએ કે, રામચંદ્રનું શરીર દયાથી રચાયલું હતું. તેમ ન હોત તો અન્ય મનુષ્યોને માટે તેમને આટલી બધી વ્યાકુળતા થાત શા માટે? તેમણે જે અમૃતફળ મેળવ્યું હતું, તે તેમણે એકલાએ ભક્ષણ કર્યું હોત તો કોઇ પૂછે તેમ ન હતું; પરંતુ તેમ નહિ કરતાં સર્વ જનસમાજમાં વહેંચી આપવા માટે તેમને વ્યાકુળતા થઇ શા માટે? દીન-દુઃખીજનો માટે ચિંતા કરવાનું તેમને શું પ્રયોજન હતું? રામચંદ્રની દયાથી કેટલાએ ઘોર પાખંડી, પ્રપંચી, નાસ્તિક મનુષ્યો પણ પ્રભુ શ્રીરામકૃષ્ણદેવની કૃપા પ્રાપ્ત કરી શકયા હતા, તેની કોણ ના પાડી શકશે? રામચંદ્રની દયાથી અનેક પાપીઓનાં જીવનમાં પરિવર્તન થયું હતું તે સર્વના જાણવામાંજ છે. જેઓ મહાપાપી ગણાતા, તેઓ રામચંદ્રની દયાથી પરમહંસદેવની કૃપા પ્રાપ્ત કરી, આજે મહાન સાધુપુરુષ તરીકે ઓળખાય એ આશ્ચર્યનો વિષય નથી; કારણ કે એ મહાપુરુષની જેના ઉપર દયા થઈ છે તે વ્યર્થ ગઇ નથી; નિશ્ચય તેનું કલ્યાણજ થયું છે અને થશે. રામચંદ્રે જેના ઉપર કૃપા કરી છે, તેના ઉપર રામકૃષ્ણદેવની કૃપા અવશ્ય થઇ છે અને થશે. તેમાં જરા પણ સંદેહ નથી; કારણ કે ભક્તને આધિન ભગવાન છે. જેના ઉપર ભક્ત પ્રસન્ન થાય છે તેના ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનને પ્રસન્ન થયા વિના છૂટકો જ નથી—ભગવાન પ્રસન્ન થાય છેજ.

રામચંદ્ર પાસે જે મનુષ્યો શ્રીરામકૃષ્ણદેવનો ઉપદેશ સાંભળવા આવતા, તેમને માટે રામચંદ્રને કેટલીએ ચિંતા થતી! કયે પ્રકારે તેઓ પરમહંસદેવની કૃપા પ્રાપ્ત કરી શકે? કયે પ્રકારે તેઓ પવિત્ર જીવન ગાળી શકે? તે સંબંધી રામચંદ્ર પરમહંસદેવ સમક્ષ કેટલીએ પ્રાર્થના કરતા. એવા મનુષ્યો ઉપર રામચંદ્રની દયા અને પ્રેમ કેવા પ્રકારનો હતો, તેનું વર્ણન કરવું અશકય છે. તેઓ પોતાનાં માતાપિતાદ્વારા એવો પ્રેમ અને એવી દયાનું એક બિંદુ પણ પ્રાપ્ત કરતા નહિ. રામચંદ્રનો પ્રેમ તેમના પર અતુલ હતો. રામચંદ્રની દયાનું જ્યારે તેમને સ્મરણ થઇ આવે છે, ત્યારે તેઓ વિહ્વલ થઇ જાય છે અને ભાવિ જીવનમાં એવી દયાનું એક બિંદુ પણ પ્રાપ્ત કરવાની તેઓ આશા રાખતા નથી. રામચંદ્ર એવા મનુષ્યોનાં માતાપિતા, ગુરુ, બંધુ, આશ્રયદાતા, જે કહો તે સર્વસ્વ (રામચંદ્ર) હતા! તેઓ નિરાધારના આધાર હતા. રામચંદ્ર સિવાય એવા મનુષ્યોનું બીજું કોઈ આપ્ત-સગું ન હતું.

એવા મનુષ્યોને માટે રામચંદ્રનું હૃદય કેટલું દુઃખી થતું તેનું વર્ણન કરવું અશકય છે. પરમહંસદેવ કહેતા કે, આચાર્ય ત્રણ પ્રકારના હોય છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. કનિષ્ઠ આચાર્ય શિષ્યને ગુરુ-ઉપદેશ આપ્યા પછી તેની સંભાળ રાખતા નથી, મધ્યમ આચાર્ય શિષ્યની ઉન્નતિને માટે તેને કેટલોએ બોધ કરે છે અને ઉત્તમ આચાર્ય શિષ્યના કલ્યાણને માટે પોતાના બળનો પણ ઉપયોગ કરે છે. અર્થાત્ શિષ્ય ઉપદેશ પ્રમાણે ન વર્તે તો આચાર્ય તેને બળપૂર્વક ઉપદેશ અનુસાર કાર્ય કરવા પ્રેરે છે. રામચંદ્ર તેવા દીન-દુઃખી, નિરાધાર મનુષ્યોના ઉત્તમ આચાર્યસ્વરૂપ હતા. રામચંદ્ર દયાની મૂર્તિસ્વરૂપ હતા એજ તેનું પ્રમાણ છે. તેમની શિષ્ય ઉપર અપાર દયા જોઇને એમજ કહી શકાશે. જો તેમ ન હોત તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા મહાન પાપી–કપટી–પ્રપંચીજનોનાં કલ્યાણ માટે તેમના હૃદયમાં એટલી બધી વ્યાકુળતા થાયજ કેમ? તેમની ઉન્નતિ માટે કરુણાજનક સ્વરે તેઓ પરમહંસદેવને પ્રાર્થના કરે શા માટે? અને તેમની અવનતિનાં ચિહ્ન જોતાંજ તેમનાં નેત્રમાંથી અશ્રુપાત થાય શા માટે? એવા પાપીઓ રામચંદ્રના શા સગા થતા હતા? તેમને ને એમને બીજો શો સંબંધ હતો? સંબંધ કંઈજ નહિ પણ માત્ર તેમના ઉપર દયા હતી. રામચંદ્ર તેમને પ્રાણથી પ્રિય માની શ્રીરામકૃષ્ણદેવનો ઉપદેશ શ્રવણ કરાવતા.

મહાપુરુષ રામચંદ્રેજ શ્રીરામકૃષ્ણદેવની દયાનું સ્વરૂપ યથાર્થરૂપે જાણ્યું હતું અને તેથીજ દયામય શ્રીરામકૃષ્ણદેવનું ધ્યાન ધરતાં ધરતાં રામચંદ્ર પોતેજ દયાની મૂર્તિસ્વરૂપ બની ગયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अध्याय ६ ठो–रामचंद्रमां ईश्वरी शक्ति

જો જીવનના અનેક પ્રસંગોમાં તમે જગત સાથે પ્રેમથી વર્ત્યા હો, જગતના જીવમાત્ર ઉપર દયા દર્શાવીને તમે તેમને સહાયતા કરી હોય અને અનેક જીવાત્માની શુભ આશિષ મેળવી હોય, અનેક દુઃખીનાં દુઃખ ટાળ્યાં હોય, તો આ જન્મ અને પરજન્મમાં તમને શાશ્વત સુખ પ્રાપ્ત કરાવે કે નહિ? તે મહાન દયાળુ જગત્પિતા તમને સુખાનંદ પ્રાપ્ત કરાવે કે નહિ? જગતમાં ક્ષણે ક્ષણે અનેક દૃષ્ટાંતો જોવા છતાં પણ શું તમે દયાની શિક્ષા મેળવી નથી? એ જીવન તે કેવું કહેવાય? ભગવાન શ્રીરામકૃષ્ણદેવ તમારા હૃદયમાં દયામૃત રેડે અને તમે પણ મહાત્મા રામચંદ્રની પેઠે અનેક મનુષ્યો પ્રત્યે દયા દર્શાવો. અમારી એટલીજ પ્રભુપ્રાર્થના છે.

મહાત્મા રામચંદ્રની દયા જોઇ! તેમાં કેવી અલૌકિકતા છે! મહાપુરુષોના જીવનપ્રસંગો નિરંતર અલૌકિકતાથીજ ભરેલા હોય છે. જો તેમ ન હોય તો તેઓ મહાપુરુષ કેમ કહેવાય? તેમની જીવનકથાઓ કેમ લખાય અને અનંતકાળપર્યંત તેમની પૂજા પણ કેમ થાય? તેમનું સર્વ અલૌકિક માટેજ! હવે અમે તમને રામચંદ્રની અલૌકિક ઈશ્વરી શક્તિનો પરિચય આપીએ. ઈશ્વરી શક્તિ વગર કોઇ પણ માનવજીવનમાં અલૌકિક બનાવો બનતા જોવામાં આવતા નથી. રામચંદ્રમાં જે અલૌકિક–દૈવીશક્તિનો વિકાસ થયો હતો, તે તેમની પાસે જેઓ રાતદિવસ આવ–જા કરતા હતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓજ જાણે છે. તેમણેજ તે શક્તિ નજરે જોઇ છે. અનેક મનુષ્યોએ મહાત્મા રામચંદ્રનાં અનેક પ્રકારનાં દૈવી કાર્યોનો અનુભવ મેળવ્યો છે તે સર્વ અમે જાણતા નથી; તેમ છતાં તેમનાં કેટલાંક કાર્યો જે સેવકના સ્મરણમાં છે, તેનો આ સ્થળે ઉલ્લેખ કરવામાં આવે છે. જે સજ્જનો પરમહંસદેવના ઉપદેશામૃતનું પાન કરી મુગ્ધ થયા છે અને ત્યારપછી તેમની કૃપા પ્રાપ્ત કરવાની આકાંક્ષા કરી રહ્યા છે, તેઓ જેમ જેમ રામચંદ્રની જીવનલીલાનું અધ્યયન કરશે તેમ તેમ તેમનું મંગલ થશે. ભક્તરાજ રામચંદ્રે ભગવાન શ્રીરામકૃષ્ણદેવને કેવી રીતે ભક્તિની રજ્જુથી બાંધી લીધા હતા, તે વાચકોના સમજવામાં આવશે અને તેમ થવાથી વાચકો પણ તેવાજ પ્રકારની ગુરુ–ભક્તિ કરવાનું શરૂ કરી ભગવાન શ્રીરામકૃષ્ણને પ્રસન્ન કરી પ્રેમરજ્જુથી હૃદયમાં બાંધી લેશે. ભગવાનને પ્રસન્ન કરવા ઇચ્છનાર જાણી શકશે કે, પ્રભુ શ્રીરામકૃષ્ણદેવની કૃપા થતાંજ માનવજીવ પવિત્ર થઇ મુક્ત પુરુષની પેઠે જગતમાં વિચરણ કરી શકે છે. તેઓ કલિકાલમાં જનકવિદેહી જેવા બની શકે છે. પ્રભુ શ્રીરામકૃષ્ણદેવની કૃપાથી રામચંદ્રમાં અનેક ઈશ્વરી–દૈવી–શક્તિ ક્રીડા કરતી જોવામાં આવી છે. પરમહંસદેવ કહેતા કે, "ભક્ત, ભાગવત અને ભગવાન, એ ત્રણે એક છે." જેના હૃદયમાં શુદ્ધ ભક્તિ ઉત્પન્ન થાય છે, તેના દ્વારા જે કોઇ કાર્ય થાય છે, તે ભગવાનજ કરી રહ્યા હોય છે. ભક્તનું હૃદય એ ભગવાનનું નિવાસ–મંદિર છે. જે ભક્ત રાતદિવસ ભગવાનના પાદ–પદ્મનું ધ્યાન ધરી તેમાંજ નિમગ્ન હોય છે, તેના હૃદયમાં સદા–સર્વદા ભગવાન બિરાજી રહે છે, તેથી તેનાં કાર્યો એ ભગવાનનાંજ કાર્યો કહેવાય એમાં સંદેહ શો? તેથીજ જેના હૃદયમાં શ્રીરામકૃષ્ણદેવ રમણ કરી રહ્યા છે, એવા મહાત્મા રામચંદ્રમાં ઈશ્વરી–દૈવી શક્તિનો વિકાસ જોતાં આશ્ચર્ય પામવાનું વિશેષ કારણ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયા દિવસથી રામચંદ્રનાં અલૌકિક કાર્યોનો આરંભ થયો હતો, તેની તપાસ કરતાં જણાય છે કે, જે દિવસે પ્રભુ શ્રીરામકૃષ્ણે દક્ષિણેશ્વરમાં બેસી તેમનામાં શક્તિનો સંચાર કર્યો હતો, તેજ દિવસથી રામચંદ્ર ઇશ્વિરી શક્તિદ્વારા ઐશ્વર્યવાન થયા હતા. એક સમયે કોન્નગરમાં એક હરિસભા થતાં ત્યાં રામકૃષ્ણદેવને લઇ જવા માટે સર્વ સભાસદોએ નિમંત્રણ કર્યું હતું. તેઓ ત્યાં જઈ શકયા ન હતા. તેમના બે પ્રિય શિષ્ય રામચંદ્ર અને મનમોહનને ત્યાં જવાનો પ્રભુએ આદેશ કર્યો હતો અને તેમને કહ્યું હતું કે, તમે ત્યાં ગયા એટલે હું ગયો છું એમજ સમજવું. હરિસભાના સભાસદોને કહ્યું કે, “સાંભળો ! આ બન્ને આવશે એટલે હુંજ આવ્યો છું એમ માનવું. જાણે હુંજ છું એમ સમજજો.” પ્રભુના એ કથનનું તાત્પર્ય જોવામાં આવે તો એમજ સમજવું કે, જ્યાં ભક્ત છે તેજ સ્થળે ભગવાન છે. જે સ્થળે રામચંદ્ર અને મનમોહન હોય તે સ્થળે પ્રભુ શ્રીરામકૃષ્ણજ છે એ તેમના શ્રીમુખનુંજ કથન છે. પ્રભુના શ્રીમુખમાંથી એક વખત જે વચન નીકળ્યું હોય છે, તેમાં ભૂલ કે ભ્રાંતિ હોવાનો સંભવજ નથી. કાર્યક્ષેત્રમાં પણ તેનાં પ્રમાણ મળી આવ્યાં છે. તે દિવસે કોન્નગરમાં રામચંદ્રે જે અદ્‌ભુત શક્તિનો પરિચય આપ્યો છે, તે ઉપરથી સમજી શકાય છે કે, પ્રભુ રામકૃષ્ણદેવેજ તેમનામાં ઇશ્વિરી શક્તિ અર્પણ કરી હતી. હરિસભામાં રામચંદ્રે “સત્ય ધર્મ કયો ?” એ વિષય ઉપર એક તત્ત્વજ્ઞાનપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. તે સાંભળીને સર્વે અતિ આશ્ચર્ય પામ્યા હતા. ત્યારપછી માર્ગમાં કીર્તન થયું હતું. તે સમયે દક્ષિણેશ્વરમાં બેઠાં બેઠાં શ્રીરામકૃષ્ણદેવે કહ્યું હતું કે, “રામ રંગ રસમાં ગાંડા થઇ જાઓ.” વાસ્તવિક રીતે જોતાં પ્રભુપ્રેમમાં બધા ગાંડાજ થયા હતા. રસ્તામાં આબાલવૃદ્ધ સર્વ ઉચ્ચ સ્વરે “જય રામકૃષ્ણ” શબ્દોચ્ચારપૂર્વક કીર્તન કરતા હતા. જે માણસો ઘર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી નીકળી કીર્તન સાંભળવા આવ્યા હતા, તેઓ પણ મહા-આનંદપૂર્વક નૃત્ય કરવા મંડી પડ્યા હતા. અહા! રામનામની કેવી ધૂન લાગી ગઇ હતી! બધાનાં અંતઃકરણમાં રામનામજ વ્યાપી રહ્યું હતું. મનમોહન, બાહ્યચૈતન્યશૂન્ય અને રામચંદ્ર ગાંડા જેવા બની ગયા હતા. રામચંદ્રની ઉન્મત્તતાએ અનેક મનુષ્યો ઉપર આક્રમણ કર્યું હતું. કોન્નગરમાં સેંકડો મનુષ્યો શ્રીરામકૃષ્ણદેવ પ્રત્યે હાસ્ય–મશ્કરી કરતા, પરંતુ તે દિવસના ભજનકીર્તનની આશ્ચર્યકારક શક્તિ વડે સર્વ મનુષ્યો "**જય શ્રીરામકૃષ્ણ**" નામોચ્ચાર કરી નૃત્ય કરતાં સંકોચાયા ન હતા. ત્યારપછી જ્યારે રામચંદ્ર દક્ષિણેશ્વર પાછા ફર્યા હતા, ત્યારે પ્રભુ શ્રીરામકૃષ્ણદેવ સર્વ વૃત્તાંત સાંભળી બોલ્યા હતા કે, "સમી સાંજે પતિ મરણ પામતાં તેને આખી રાત કેટલું રડાય? રામચંદ્ર! અત્યારથી તું આવું કરે ત્યારે પછીથી તો તને નાહવા–ખાવાનો પણ સમય મળશે નહિ." થયું હતું પણ તેમજ. રામચંદ્ર, રામકૃષ્ણભક્તિ વિસ્તારવામાંજ સમય વ્યતીત કરતા.

એ દિવસથીજ પ્રભુ રામકૃષ્ણે મહાત્મા રામચંદ્રમાં અલૌકિક શક્તિનો સંચાર કર્યો હતો. તે શક્તિના બળ વડેજ રામચંદ્રે પ્રસંગોપાત્ત અલૌકિક કાર્ય કરેલાં જોવામાં આવતાં. અન્ય એક સમયે શ્રીરામકૃષ્ણદેવ માંદા થઇ પડ્યા હતા, તે સમયે તેમણે કાલીમાતા પાસે પ્રાર્થના કરી હતી કે, "મા! હું તો માંદો થયો છું, હવે મારાથી બની શકે તેમ નથી. રામ, ગિરીશ, મહેન્દ્ર ઇત્યાદિને (કેટલાંક નામનો ઉચ્ચાર કર્યો હતો તેમને) શક્તિ આપ, મા! એ લોકો (ભક્તોને) તૈયાર કરી લાવશે. હું તેમનો સ્પર્શ કરી દઇશ!" પ્રભુએ એ વાત શ્રીમુખેજ રામચંદ્રને કહી સંભળાવી હતી; તેથીજ જે દિવસે પ્રભુ કલ્પતરુ બન્યા હતા, તે દિવસે રામચંદ્રે રસ્તામાં પસાર થતાં જે મનુષ્યને દીઠાં તેમને પ્રભુની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે તેડી લાવ્યા હતા અને પ્રભુએ પણ તેમને સ્પર્શ કરી તેમનામાં ચૈતન્યોદય કરી દીધો હતો. પ્રભુ શ્રીરામકૃષ્ણદેવનો એ આદેશ પ્રાપ્ત કર્યો હતો, તેથીજ ગુરુદેવનો દેહત્યાગ થયા પછી કેટલાએ પાપી-પ્રપંચી-લુચ્ચા મનુષ્યોના સ્વભાવમાં તેમણે પરિવર્તન કરી દીધું હતું. સાંભળતાં આશ્ચર્ય થશે કે, કેટલાક મહાન પાપી, વિશ્વાસઘાતક, અજ્ઞાન અને મૂર્ખ મનુષ્યો કે જેમનાં તિરસ્કારજનક કાર્યોનું સ્મરણ કરતાં માનવ સમાજમાં તેમને સ્થળ આપવું ઉચિત નથી એમજ કહેવામાં આવે, એવા દુષ્ટ મનુષ્યોને રામચંદ્રે તદ્દન સુધારી દીધા હતા-તેમનો સ્વભાવ તદ્દન બદલી નાખવા તેઓ શક્તિમાન થયા હતા. આજે તેજ પાપીઓ ભગવાન શ્રીરામકૃષ્ણદેવના પરમભક્ત મનાય છે. તેઓ પોતાના પાપનો પશ્ચાત્તાપ કરી ભગવત્-પાદપદ્મમાં ચિત્ત જોડી રહ્યા છે. તેમનાં પ્રેમભક્તિ તથા ભગવાનના નામસ્મરણથી વહેતી અશ્રુધારાનું દર્શન કરતાંજ તેમની ચરણરજ લઇ કૃતાર્થ થવાની આપણને ઇચ્છા થાય છે. ચરિત્રકાળથી સાંભળતા આવીએ છીએ કે, ભગવાન પતિતપાવન છે, તેમજ ઇશ્વરી શક્તિ પ્રાપ્ત કરેલા શ્રીરામકૃષ્ણભક્ત મહાત્મા રામચંદ્રદ્વારા એ પતિત મનુષ્યોનો ઉદ્ધાર અને પાપીઓનાં જીવનમાં પરિવર્તન જોઇ આપણે આપણું જીવન સાર્થક્ય સમજીએ છીએ. ધન્ય છે એ મહાપુરુષને! ધન્ય છે એમની ઇશ્વરી દૈવી શક્તિને! ઇશ્વરિ શક્તિ સિવાય કયો મનુષ્ય, કયે સમયે પાપીઓનાં જીવન સંપૂર્ણરૂપે બદલવા શકિતમાન થયો છે? કોઇ મનુષ્યે મહાપાપીઓને ક્યારે સાધુપુરુષરૂપે જોયા છે? એ તો દૈવી શકિતનોજ પ્રતાપ! તેજ શક્તિ મહાત્મા રામચંદ્રમાં હતી.

એક મનુષ્ય કેટલાક દિવસપર્યંત મહાત્મા રામચંદ્ર પાસે આવ-જા કરતો હતો. તે તેમનો ઉપદેશ સહેજે માનતો ન હતો. તેણે એક દિવસ મહાત્મા રામચંદ્રને કહ્યું કે, "આપ કાંઇ ચમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્કાર બતાવો તો આપના કથન ઉપર વિશ્વાસ ઉત્પન્ન થાય, તોજ રામકૃષ્ણદેવને હું ભગવાન કહી શકું." રામચંદ્રને વારંવાર એ પ્રમાણે કહી ત્રાસ આપવાથી તેમણે તેને કહ્યું કે, "આજથી ત્રણ દિવસમાં અવશ્ય તને કોઇ આશ્ચર્યકારક બનાવનો પરિચય થશે." એ પ્રમાણે વાત થયા પછી થોડે કલાકે તે પોતાને ઘેર જતો હતો. એટલામાં માર્ગમાંજ તેને એકાએક હાસ્ય આવવા લાગ્યું. તે હસતો હસતો માર્ગમાં ચાલવા લાગ્યો. ધીમે ધીમે હાસ્ય વધવા લાગ્યું. છેવટે જ્યારે તે ઘેર પહોંચ્યો ત્યારે તેના હસવાનો પાર રહ્યો નહિ. મોટે સ્વરે ખડખડાટ હસવા લાગ્યો તે બીજી કાંઇ પણ વાત કરી શકતો નહિ. બસ, હસવુંજ હસવું! ઘરનાં માણસો કાંઇ પણ પ્રશ્ન પૂછતાં, તો તે કેવળ હાસ્યજ કરતો. તે બીજો કશો ઉત્તર આપી શકતો નહિ. તેના હસવાનો પારજ ન હતો. એ જોઇ ઘરનાં માણસો કહેવા લાગ્યાં કે, એના શરીરમાં ભૂતે પ્રવેશ કર્યો છે. તે માણસ પણ અંતે ઘરને છાપરે ચડી ઉચ્ચ સ્વરે હસવા લાગ્યો અને ધાર્યું કે, હવે કાંઇક વિશ્રામ કરીશ; પરંતુ તેને વિ-શ્રાંતિ કેવી? તેને વિશ્રાંતિ પામવાનો સમયજ ન હતો. તેણે ધાર્યું કે, કદાચ તેનાં આંતરડાં તૂટી જશે; તેથી તે દબાવતો તેમ છતાં પણ વિશ્રાંતિ કેવી? ત્રણ દિવસપર્યંત કોઇ પ્રકારે જેમતેમ આહાર કરી માત્ર હાસ્યજ કર્યું હતું. આવો અલૌકિક બનાવ અનુભવ્યો છતાં તેનો સંદેહ ટળ્યો નહિ. અંતે વારંવાર પરમહંસદેવ તેને સ્વપ્નમાં દર્શન દઇ કહેવા લાગ્યા કે, "આજે રામચંદ્ર તને અ-મુક ઉપદેશ આપશે તે ગ્રહણ કરજે. સ્વપ્નમાં સાંભળ્યા પ્રમાણે રામચંદ્રે પણ તેને ઉપદેશ દીધો, ત્યારે તેનું મન શાંત થયું અને હાસ્ય બંધ પડ્યું. તે સમયે શ્રીરામકૃષ્ણદેવે, રામચંદ્રને અને તે મનુષ્યને, એકે દિવસે, એકી રાત્રે, એકજ સમયે, એકજ પ્રકારનાં સ્વપ્ન આપ્યાં હતાં. અર્થાત્ રામચંદ્રને કહ્યું હતું કે, "આજે તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક માણસને અમુક શબ્દો કહેજે અને આ પ્રમાણે વર્તજે" અને પેલા મનુષ્યને કહેતા કે, "આજ રામચંદ્ર તને અમુક વાર્તા કહેશે, તે પ્રમાણે વર્તજે" તેથીજ લોકો કહે છે કે, ભક્ત જે કાર્ય કરે છે તે ભગવાનનુંજ માની લેવું. પેલા મનુષ્યે રામચંદ્રમાં ઉપરોક્ત ઈશ્વરી શક્તિ જોઈનેજ તેમના ચરણમાં મસ્તક નમાવ્યું હતું અને તેમના ચરણની પૂજા કરી તેમને પોતાનાં મન-પ્રાણ સમર્પણ કર્યાં હતાં. ચમત્કાર વિના નમસ્કાર ક્યાં છે? એવો બનાવ કાંઇ એકજ મનુષ્યના સંબંધમાં બન્યો હતો એમ નથી. અનેક મનુષ્યો સાથે રામચંદ્ર ઈશ્વરી રમતો રમ્યા છે, તે સમસ્ત બનાવોનું વર્ણન કરવા જતાં એક મોટો ગ્રંથજ થઇ જાય. કેવળ એકબે દૃષ્ટાંતોનો ઉલ્લેખ કરીને મહાત્મા રામચંદ્રની ઇશ્વરી શક્તિનો આભાસ આપવો એજ તાત્પર્ય છે.

રામચંદ્ર જે સમયે યોગોદ્યાનમાં નિવાસ કરતા હતા, તે સમયે તેમની ઈશ્વરી(ચમત્કારિક-દૈવી)શક્તિ જોઈ સેંકડો મનુષ્યો તેમની તરફ આકર્ષાયાં હતાં. વિશ્વવિદ્યાલયના અનેક ઉપાધિધારી વિદ્યાર્થીઓ વેચાયલા દાસની પેઠે તેમના ચરણ પાસે બેસી હૃદયમાં શાંતિ અનુભવતા હતા. તે સમયે મહાત્મા રામચંદ્રની મૂર્તિનાં દર્શન કરતાંજ મન-પ્રાણ તેમના ચરણમાં જઇ સ્થિત થતાં. પ્રથમ જે દિવસે આ સેવકનો* સૌભાગ્યસૂર્ય ઉદય પામ્યો, જે દિવસે પ્રથમ જીવનમાં ધર્મની યથાર્થ મૂર્તિનાં દર્શન કર્યાં, જે દિવસે મહાત્મા રામચંદ્રની અદ્ભુત જ્યોતિર્મય મૂર્તિ, પ્રભુ શ્રીરામકૃષ્ણદેવના લીલાસ્થલ પુણ્યભૂમિ, કલિયુગના શ્રેષ્ઠ તીર્થ શ્રીદક્ષિણેશ્વર ધામમાં ભક્તજનો સહિત શ્રીરામકૃષ્ણનામ ગુણ ગાઇ રહી હતી, તે સમયે મેં જોયું હતું કે, તેમના મસ્તકમાંથી અપૂર્વ જ્યોતિ-

* મૂળ બંગાળી લેખક સ્વામી યોગાવિનોદજી જેઓ એક ગ્રેજ્યુએટ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકટી રહી હતી. તેમનું સર્વ શરીર રક્તવર્ણું થઇ ગયું હતું. દિવ્ય કાંતિ પ્રગટી હતી. મુખેથી ઉચ્ચ સ્વરે રામકૃષ્ણનો જયધ્વનિ થતો હતો. તે સમયેજ અમે કલ્પના કરી હતી કે, આ નર–દેહ નથી, એ તો કોઈ દેવતાનો દેહ હોવો જોઇએ. તેમ ન હોય તો કોનામાં શક્તિ છે કે, માત્ર એકજ વખત દર્શન કરતાંજ મન–પ્રાણ હરણ કરી લે? તેજ દિવસે અમે મહાત્મા રામચંદ્રના ચરણમાં જઇ આળોટચા હતા. બસ, તેજ દિવસથી અમારા હૃદયના શ્રેષ્ઠ સ્થાનમાં મહાત્મા રામચંદ્રની મૂર્તિ બિરાજી ગઇ હતી અને તેમ થવાની આવશ્યકતા પણ હતી. પ્રાણના શાંતિદાતા, જીવનના પરિત્રાતા, મન–પ્રાણ–હરણ–કર્તા, ઉપદેશક સંપત્તિ અને વિપત્તિમાં એકમાત્ર વિશ્રાંતિદાતા, મહાત્મા રામચંદ્રની ઈશ્વરી શક્તિ (ચમત્કાર)નાં કેટલાં વર્ણન કરીએ? વાચક! એક દૃષ્ટાંતમાંજ સમજી જાઓ. જેમણે એ મહાત્માનાં દર્શન કર્યાં છે અને જેઓએ તેમની પાસે કેટલાક દિવસ આવ–જા કરી છે, તેમનાં મન–પ્રાણ હરણ કરી લઈ, તેમનાં હૃદયનું શ્રેષ્ઠ સ્થળ તેમણે જીતી લીધું છે. આજે કેટલાંક વર્ષથી મહાત્માજીએ દેહ ત્યાગ કર્યો છે, તથાપિ અસંખ્ય મનુષ્યોનાં મનમાં શાંતિ અર્પવા માટે રામચંદ્ર વ્યવસ્થા કરી ગયા છે. હજી પણ તેમનાં અમૃતમય ભાષણો સાંભળીને અને તેમની અપૂર્વ ભક્તિ–શક્તિ શ્રવણ કરવાથી હજારો લોકોનું કલ્યાણ સધાઇ રહ્યું છે! ધન્ય છે એ મહાપુરુષને કે, જેનું પવિત્ર નામ–સ્મરણ કરવાથી પણ દેહનું કલ્યાણ થાય છે. એના કરતાં વિશેષ ઈશ્વરી શક્તિ બીજી કઇ જોઇ શકાય?

રામચંદ્ર જે સમયે કલકત્તામાં પ્રત્યેક મહિને પ્રભુ શ્રીરામકૃષ્ણદેવના ઉપદેશાનુસાર ભાષણો કરતા હતા, તે સમયે જોવામાં આવતું કે, ભાષણ કરવાના સ્થાનમાં અનેક–અસંખ્ય મનુષ્યોની ભીડ થઈ રહેતી. અસંખ્ય મનુષ્યો મહાત્માના અતિ મધુર વદન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી શ્રીરામકૃષ્ણ વાર્તા મંત્ર-મુગ્ધવત્ બની સાંભળી રહેતા. કોઈ કોઈ સમયે જોવામાં આવતું કે, મહાત્માના શરીરની વ્યાધિગ્રસ્ત દશામાં પણ તેઓ લોકોને ઉપદેશ સંભળાવી પોતે અશ્રુપાત કરતા અને શ્રોતાજનોના નેત્રમાંથી અશ્રુની વૃષ્ટિ વરસાવતા. વળી જે સમયે પ્રભુ રામકૃષ્ણદેવની અભય વાણી સંભળાવી તેઓ **'જય રામકૃષ્ણ'** બોલી ઉચ્ચ ધ્વનિ કરતા તે સમયે સમગ્ર શ્રોતાજનોનાં હૃદયમાં વિદ્યુત પ્રવાહની પેઠે તેમની અપૂર્વ શક્તિનો સંચાર થવાથી સર્વ ઉચ્ચ સ્વરે બોલતા કે, **'જય ! શ્રીરામકૃષ્ણની જય !** કેટલાક તો એક વખત ઉચ્ચાર કરતાંજ અજ્ઞાન થઇ પૃથ્વી પર ઢળી પડ્યા હતા; પરંતુ તે દિવસો ચાલ્યા ગયા છે, તે સમયે મહાત્મા રામચંદ્રમાં એવી ઈશ્વરી શક્તિનો વિકાસ જોવામાં આવ્યો હતો કે, તેઓ જે સમયે જે કહેતા તે પ્રમાણેજ થતું- અર્થાત્ જેને વચનસિદ્ધિ કહેવામાં આવે છે તેવીજ સિદ્ધિ તેમનામાં જોવામાં આવી છે. જે મનુષ્યને વિપદમાંથી તારવાનું તેમણે કહ્યું હશે, તેની વિપદ એની મેળેજ લુપ્ત થઇ ગયેલી જોવામાં આવી છે. તેઓ અસંખ્ય મનુષ્યોનાં મુખ જોઈનેજ તેમનો મનોભાવ કહી દેતા એ સમયેજ અનેક લોકોની ખાતરી થઇ હતી કે, મહાત્મા રામચંદ્ર પાસે જે મનુષ્ય જે શુભ કલ્પના કરીને જશે તે પૂર્ણ થશે. રામચંદ્રમાં અતિશય ઈશ્વરી શકિતનો વિકાસ થયો છે, એવું કલકત્તાના અનેક લોકો સારી પેઠે સમજી શકયા હતા; તેથી ઘણાં મનુષ્યો ભયંકર વિપદમાં પડતાંજ મહાત્મા રામચંદ્ર પાસે આવતા અને વિપદમાંથી મુક્ત થવા માટે તેમના ચરણમાં પડી કૃપાપ્રાર્થના કરતા. વિપદમાંથી મુક્ત થવું એ મનુષ્યોથી બને તેવું નથી; તેમ છતાં જે મનુષ્યોનાં જીવન સંશયગ્રસ્ત હતાં, તેઓ એવી વિપદમાં પડતાંજ મહાત્માના ચરણમાં નમી જઇ વિપદમાંથી ઉદ્ધાર પામવા માટે અશ્રુપાત કરતા. એ બધા પ્રથમ પોતાની વિપદનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ણન મહાત્માને કહેતા નહિ; કારણ કે તેમની વિપદ-વાર્તા સાંભળતાંજ કોઈ તેમનું રક્ષણ કરવાનું સાહસ કરે એમ તેમને જણાતું નહિ. પરંતુ મહાત્મા રામચંદ્રની પાસે આવી તેમણે માત્ર અશ્રુપાત કર્યો છે અને કહ્યું છે કે, "વિપદમાંથી અમારો ઉદ્ધાર કરો." મહાત્મા રામચંદ્રનું કરુણ હૃદય હોવાથી તેઓ કોઇનું પણ કષ્ટ જોઈ શકતા નહિ. તેઓ કોઇને પણ અધિક ક્ષણપર્યંત અશ્રુ-પાત કરતા જોઇ શકતા નહિ. દયાળુ હૃદયના રામચંદ્ર તેમના અશ્રુપાતથી ગદ્ગદ થઇ તેમને કહેતા કે, "પ્રભુ રામકૃષ્ણદેવ તમારું રક્ષણ કરશે, ભય શો છે?" આશ્ચર્યની વાત એ છે કે, જો એક વખત કોઈ પણ પ્રકારે કોઇ મનુષ્ય તેમને પ્રસન્ન કરી, તેમના મુખમાંથી અભય વાણી શ્રવણ કરતો; તો પછી બસ તેમને કશો ભયજ રહેતો નહિ. નિશ્ચય પોતાના મનોરથ સફળ થશે એવોજ સર્વને વિશ્વાસ હતો. કાર્યક્ષેત્રમાં પણ એવુંજ જોવામાં આવતું. બે મનુષ્યોનાં દૃષ્ટાંત આ સ્થાને લખવામાં આવે છે તે સાંભળો.

એક માણસ ખૂની હતો અને બીજા માણસે ખોટા વીલમાં ખોટી સાક્ષી પૂરી હતી. જુદે જુદે સમયે એ બે મનુષ્યોએ આવી મહાત્મા રામચંદ્રના ચરણમાં મસ્તક નમાવી અશ્રુપાત કર્યો હતો; તેઓ કોઈ પણ પ્રકારે તેમના ચરણનો આશ્રય ત્યાગે એમ ન હતું. તેઓ પોતાની વિપત્તિ પણ સંભળાવતા નહિ. કેવળ માત્ર એટલુંજ કહેતા કે, "મોટી વિપદમાં પડ્યા છીએ. આપ અમારું રક્ષણ કરો." અહા! જેનું હૃદય કરુણારસથી ભરેલું હોય છે; તે વિપત્તિને સમયે કોઇને કર્કશ-કઠોર વાક્યો બોલી વધારે દુઃખી કરતા નથી અને 'તમારું દુઃખ નિવેદન કરો, તે સિવાય કંઇ કરી શકીશ નહિ એમ પણ કહેતા નથી.' રામચંદ્ર એવાં વાક્યો બોલી કદી પણ કોઇને દુઃખી કરતા નહિ. ઉપરોક્ત બન્નેનાં દુઃખ જોઈ મહાત્મા રામચંદ્રે તો કહ્યું હતું કે, "ભય રાખશો નહિ. ભગવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીરામકૃષ્ણદેવ તમારું રક્ષણ કરશે. પુનઃ પાપકર્મ કરશો નહિ." ત્યારપછી થોડા સમયમાંજ તે બન્ને જણ પોતપોતાના દુઃખમાંથી મુક્ત થઇ શક્યા હતા અને તેજ બન્ને ભગવાન શ્રીરામકૃષ્ણદેવને ઈશ્વરાવતાર માની તેમનું પૂજન કરવા લાગ્યા હતા. તેમણે પુનઃ કદી પાપકર્મ કર્યું નથી. તેઓ જાણે સંન્યાસી ન હોય તેવીજ વર્તણુક ચલાવતા. મહાત્મા રામચંદ્રનું હૃદય જેને માટે દુઃખી થયું હશે, તેની સંસારનાં બીજાં દુઃખોમાંથી મુક્તિની વાત તો શું, પણ આ મહામાયાથી જકડાયલા, જન્મજન્માંતરનાં કર્મફળથી પરિભ્રમણ કરી રહેલા, ભવસાગરના અપાર ઊંડા જળમાં ડૂબી રહેલા માનવને પણ એવી મહાવિપદમાંથી મુક્તિ પામવા માટે કશો ભય રહેતો નહિ. જો તેમનામાં એવી ઈશ્વરી શક્તિ ન હોય તો પાખંડીઓની મુક્તિ, દાંભિક-દુષ્ટજનોનું જીવનપરિવર્તન અને મહાપાપીઓનું ઈશ્વરભક્ત-સાધકરૂપમાં બદલાઈ જવું, એ રામચંદ્રદ્વારા શી રીતે બની શકે ? અમે એવા બનાવો નજરે જોયા છે, માટેજ કહેવું પડે છે કે, તેમનામાં અદ્‌ભુત ઈશ્વરી શક્તિ હતી. એવી ઈશ્વરી શક્તિ જે મહાપુરુષમાં વિકાસ પામી હોય છે, તેજ માનવજીવનનું કલ્યાણ કરી શકે છે. એ કાંઇ સામાન્ય મનુષ્યનું કામ નથી. પ્રભુ શ્રીરામકૃષ્ણદેવના અંગભૂત સહચર હોવાથીજ મહાત્મા રામચંદ્રમાં એવી ઈશ્વરી શક્તિ જણાતી હતી. ઈશ્વરસ્વરૂપ ગુરુદેવની કૃપા વિના એવી શક્તિ ક્યાંથી પ્રાપ્ત થાય ? એવા મહાપુરુષોનો જન્મ થાય છે માટેજ આ ઘોર કલિકાળમાં આજપર્યંત સનાતન-ભારત-ધર્મનું અસ્તિત્વ છે. ભારતવર્ષ એવા મહાપુરુષોની જન્મભૂમિ છે; ત્યાં એવા ઈશ્વરી શક્તિસંપન્ન મહાપુરુષો વિશેષરૂપે જોવામાં આવે છે; તેમની કૃપા વડેજ તેમના શિષ્યો એવી શક્તિ પ્રાપ્ત કરી, પાપી જીવોનો ઉદ્ધાર કરે છે. ધન્ય રામચંદ્ર ! માનવકુળમાં જન્મ લેવાનું સાર્થક્ય થયું છે તેથી તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન્ય છે! તમારી કૃપા-રજ પ્રાપ્ત કરવાથી અમારો ભવ-ભય દૂર થશે. તમેજ એક માત્ર અમારા સહાયક છો. તમારોજ અમને દૃઢ વિશ્વાસ છે. તમારા ઉપર અમને અપૂર્વ શ્રદ્ધા છે, અમે તમારીજ કૃપા-ભિક્ષાના ભિક્ષુક છીએ. તમે અભયવાણી દાન કરી અમારા હૃદયમાં શાંતિ સ્થાપન કરો. તમે આ જગતમાં નથી, પરંતુ તમારો અમર-આત્મા તો સર્વત્ર વ્યાપક છે. જે ભક્ત તમારું સ્મરણ કરે છે, તેની પાસે જઇ તમે તેને ગુપ્ત રીતે-અદૃશ્યરૂપે સહાય-શાંતિ આપો છો એવો અમને દૃઢ વિશ્વાસ છે. અમારા ઉપર સદૈવ કૃપા કરો, કૃપા કરો! તમારો અમર આત્મા અમારા શરીરમાં પ્રવેશ કરી તમારા જેવાંજ સત્કર્મ કરાવો.

મહાત્મા રામચંદ્રની ઈશ્વરી-શક્તિ સંબંધી બીજા એકબે દૃષ્ટાંતોનો ઉલ્લેખ કરી આ અધ્યાય સમાપ્ત કરીશું. મહાપુરુષો તેમના દર્શનાર્થે આવનાર મનુષ્યોને જોતાંજ તેમનાં મુખ ઉપરથીજ તેમના મનોભાવ જાણી તેવીજ કથાવાર્તા કહે છે. એ ઉપરથીજ તેમનામાં ઇશ્વરી શક્તિનો વિકાસ થયો છે એમ કહી શકાશે. જે મનુષ્ય મહાત્મા કે મહાપુરુષ બની બેઠો હોય-પૂજાતો હોય અને પોતાને ઈશ્વર મનાવતો હોય, પોતાને બ્રહ્મવિદ, બ્રહ્મનિષ્ઠ કહેતો હોય તેનામાં એવી શક્તિ હોવીજ જોઇએ. એજ તેની સાચી પરીક્ષા છે. જેનામાં એવી અલૌકિક દૈવીશક્તિ ન હોય તે તો સામાન્ય મનુષ્યજ કહી શકાશે. કેવળ વાણીચાતુર્યથી કથા-કીર્તનો કરી, જન-મનરંજન કરી, સ્વાર્થ સાધવા તત્પર હોય એવા દ્રવ્યલોભી-ઢોંગી મહાપુરુષો તો ડગલેપગલે જોવામાં આવે છે; પરંતુ સાચા સંત-નિઃસ્વાર્થ, નિર્લોભી, પતિતપાવન, માનવજીવનું કલ્યાણકર્તા અને તપેલા જીવને શાંતિ આપે એવા સાધુપુરુષ તો બહુજ થોડા! મહાત્મા રામચંદ્ર એવીજ ઉચ્ચ કોટીના, પતિતપાવન, દયાળુ, કરુણાળુ, શાંતિદાયક મહાપુરુષ હતા. તેમનામાં દૈવી-ઈશ્વરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ હતી, તેથીજ તેઓ એવાં કાર્ય કરી શકતા હતા. તેમનાં એવાં ચમત્કારિક દૃષ્ટાંતો અનેક જોવામાં આવ્યાં છે. ભક્તનો મનોભાવ જાણી લઇ તે પ્રમાણેજ તેની સાથે વાર્તાલાપ કરવાનાં પુષ્કળ દૃષ્ટાંત રામચંદ્રના જીવનમાં જોવામાં આવ્યાં છે. એક સમયે રામકૃષ્ણના બે ભક્તો યોગોદ્યાનમાં આવ-જા કરતા હતા. તેઓ ભોજનાદિથી પરવારી મધ્યાહ્ન પછીજ ત્યાં આવતા. એ જોઇ કોઇએક સેવકે તેમને કહ્યું કે, "તમે પ્રાતઃસમયે કેમ આવતા નથી?" પરંતુ તેમણે ઉત્તર આપ્યો નહિ. એક દિવસે તે બન્ને ભક્તો માર્ગમાં વાત કરતા આવતા હતા કે, "મહાત્મા રામચંદ્ર આપણને આગ્રહ સહિત કહે કે, 'તમે પ્રાતઃ સમયે આવજો અને અહીં પ્રસાદ લેજો'" તોજ આપણે પ્રાતઃસમયે આવવું, નહિ તો નિત્ય જેમ આવીએ છીએ તેમજ આવવું. આશ્ચર્યની વાત તો એ છે કે, તે બન્ને જેવા યોગોદ્યાનમાં જઇ પ્રભુને પ્રણામ કરે છે, તેજ સમયે રામચંદ્રે તેમને બોલાવી કહ્યું કે, "ભાઈ! હવેથી તમે પ્રાતઃસમયે આવજો. પ્રભુપૂજાનાં દર્શન કરી શકાશે અને પ્રસાદ પણ મળશે. ગુરુદેવના પ્રસાદથી તમારું કલ્યાણ થશે." એ સાંભળી તે બન્નેના આનંદની સીમા રહી નહિ. તેજ દિવસથી તેઓ પ્રાતઃસમયે ત્યાં આવવા લાગ્યા. વળી એક પ્રસંગે પ્રભુની સેવા ઉપર દેખરેખ રાખનાર એક ભક્ત સ્નાન કરતો હતો. રામચંદ્ર ગુરુસમાધિની પૂજા કરતા હતા. એ સમયે કોઇએક મનુષ્ય રસોડામાં પ્રવેશ કરી પ્રભુના દૂધમાંથી થોડું દૂધ કોઇ ધાવણા બાળક માટે લઇ ગયો. મહાત્મા પૂજન કરતા હતા, તેમણે એકાએક પૂજન બંધ કરી સેવકને બોલાવ્યો અને પૂજનકાર્ય થઇ રહ્યા પછી તેને ઘણો ઠપકો આપ્યો હતો. સેવક વિચારવા લાગ્યો કે, "કેવું આશ્ચર્ય! રસોડામાંથી તે મનુષ્યે દૂધ લીધું છે, મહાત્મા પૂજનગૃહમાં બેસી પૂજા કરે છે, પછી તેમણે એ વાત શી રીતે જાણી? અહા! ભક્તો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી કાંઈ પણ છૂપું રહેતું નથી, તેઓ તો પ્રત્યેક વાત જાણતાજ હોય છે, તેથીજ પરમહંસદેવ ભક્ત અને ભગવાનને એક કહેતા હતા. ભક્ત, ભગવાનનું ક્ષણે ક્ષણે હૃદયમાં નામ-સ્મરણ કરે છે તેથી અર્થાત્ ભક્તના હૃદયમાં ભગવાન વિરાજી રહે છે તેથી તે ભગવાનજ સર્વ વાત જાણે છે અને ભક્તના મુખદ્વારા બોલાવે છે. વાત પણ સત્યજ છે. ભક્ત અને ભગવાનમાં કિંચિત્ પણ ભિન્નતા નથી. ભક્તરાજ નરસિંહ મહેતો, ભક્તપ્રવર પ્રહ્લાદજી, ભક્ત-શિરોમણી મીરાંબાઈ વગેરે અનેક ભક્તોનાં ચમત્કારિક દૃષ્ટાંતો આપણે જોઈ શકયા છીએ. રામચંદ્ર આ જમાનાના નરસિંહ, પ્રહ્લાદ અને મીરાં જેવાં હતા.

એક સમયે એક વકીલ રામચંદ્રની ઑફિસમાં જઈ તેમની સાથે વાર્તાલાપ કરી આવ્યો. ઑફિસમાં રામચંદ્ર માટે એક સ્વ-તંત્ર ઓરડો હતો. તેમાં જે કોઇ જતું તેની સાથે રામચંદ્ર એકાંત વાર્તાલાપ કરતા; એક દિવસે તે વકીલે રામચંદ્રને કહ્યું કે, "મહા-રાજ! તમે તમારા ગુરુની અલૌકિક શક્તિ સંબંધી આટલું બધું કહો છો તે તો ઠીક, પરંતુ જો તમે મારા અવિશ્વાસુનું હૃદય પિગ-ળાવી ભગવાનને માટે અશ્રુપાત કરાવી શકો તોજ એ કથનો હું સત્ય માનું." રામચંદ્રે કહ્યું કે, "પ્રભુની ઇચ્છા હોય તો સર્વ થઇ શકે છે." વકીલે કહ્યું કે, "મહારાજ! એવી પ્રપંચી વાતોથી હું છેતરાઉં એવો નથી. કહો, મને અશ્રુપાત કરાવી શકશો કે નહિ?" વારંવાર આ પ્રમાણે તિરસ્કારજનક વાકયો બોલવાથી રામચંદ્રના નેત્રો રાતાંચોળ થઇ ગયાં. ભગવાન ઉપર અવિશ્વાસ જાણી તેઓ ગુસ્સે થઇ બોલ્યા કે, "અવશ્ય તમે ત્રણ દિવસમાં પ્રભુ શ્રીરામ-કૃષ્ણદેવની કૃપા-ભિક્ષા માટે અશ્રુપાત કરશો." અહા! તે મનુષ્યને પણ ધન્ય છે કે જેના ઉપર રામચંદ્ર બનાવટી-ક્રોધમાં પણ દયા દર્શાવી ગુરુદેવની કૃપાનો અધિકારી બનાવી દેતા. રામચંદ્રે કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું કે, ગુરુદેવ ત્રણ દિવસમાંજ તમારા ઉપર કૃપા કરશે; પરંતુ દયામય, ભક્તવત્સલ શ્રીરામકૃષ્ણદેવ વિશેષ વિલંબ સહન કરી શકયા નહિ. જે મનુષ્યે તેમના શિષ્ય રામચંદ્રની કૃપા પ્રાપ્ત કરી છે, તેના ઉપર તેમની કૃપા થતાં વિલંબ લાગે ખરો? વકીલ સાહેબમાં પરિવર્તન થઇ ગયું. ત્રણ દિવસ તો દૂર રહ્યા—માત્ર ત્રણ ઘડી વ્યતીત થતાંજ વકીલ સાહેબ "હો, હો, ધ્વનિ કરતા પુષ્કળ અશ્રુપાત કરવા લાગ્યા, તેમના નેત્રજળ વડે છાતી પલળી જવા લાગી. વકીલે અશ્રુપાત કરવાની અભિલાષા દર્શાવી હતી, તેથી રામચંદ્રની કૃપાથી તેનાં નેત્રમાં ગંગાયમુનાનો જન્મ થયો હતો. થોડી ક્ષણ પહેલાં જે વકીલ પોતાને પાષાણરૂપે—કઠોર હૃદયનો કહેતો, જે મનુષ્યે જીવનમાં કદી પણ અશ્રુપાત કર્યો ન હતો અને કોઇ પણ કારણસર તેનાં નેત્રમાં જળ આવતાં નથી, એમ કહી દિલગીરી દર્શાવતો તેજ કઠિન હૃદયનો વકીલ થોડી ક્ષણ વીતતાંજ મોટી બૂમો પાડી રડવા લાગ્યો. અહા! શું એ મહાત્મા રામચંદ્રની ઈશ્વરી શક્તિનો પ્રતાપ નહિ! રામચંદ્રની કૃપા થતાં પાષાણ પણ પિગળી જતો, નીચ—દાંભિક મનુષ્ય પણ પ્રેમી બનતો અને મહાપાપી મનુષ્ય પણ સાધુ બની જતો.

ઘણાં મનુષ્યો એવાં છે કે, મહાત્મા રામચંદ્રનાં અમૃતમય ભાષણો વાંચી પ્રભુ શ્રીરામકૃષ્ણદેવને ઈશ્વર માની મનમાં ને મનમાંજ તેમની પૂજા કરે છે. કેટલાક તેમની છબીનું પૂજન કરે છે; પરંતુ તેમને સુયોગ નહિ મળવાથી તેઓ મહાત્મા રામચંદ્રનાં પ્રત્યક્ષ દર્શનનો લાભ લઇ શકતા નથી. તેમનાં અંતઃકરણમાં ઇચ્છા થતી કે, મહાત્માના શ્રીચરણનાં દર્શન કરી તેમનું શિષ્યત્વ ગ્રહણ કરવું. તેમને વિશ્વાસ ઊપજ્યો હતો કે, શિષ્યત્વ ગ્રહણ કરવાથીજ મુક્તિ પ્રાપ્ત કરી શકાશે. એવા ઘણા ભાવિક—ભક્તોને મહાત્મા રામચંદ્રે સ્વપ્નમાં દર્શન આપી મંત્ર—દીક્ષા આપી હતી; એટલુંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ પણ એક ભાવિક ભક્તે મહાત્મા રામચંદ્રના દેહાવસાન પછી પણ તેમની કૃપા પ્રાપ્ત કરી જીવન સફળ કર્યું હતું. એક ભક્તનું દૃષ્ટાંત આ સ્થળે આલેખવામાં આવે છે.

કોઇએક ગૃહસ્થની કુલવધૂ મહાત્મા રામચંદ્રનું માહાત્મ્ય સાંભળી મનમાં ને મનમાંજ તેમના ઉપર અત્યંત ભક્તિ રાખતી અને પોતાનું મનકષ્ટ તેમને અંતરમાંજ નિવેદન કરતી. તે બિચારી કુલવધૂ હતી. સ્ત્રીજાતિથી એકલાં મહાત્માની પાસે જઇ શકાય શી રીતે? બંગાલામાં સખ્ત રીતે પરદાનો-લાજ કાઢવાનો રિવાજ છે. તેથી તેમની પાસે જવું સંભવિતજ ન હતું. બંગાલામાં સ્ત્રીઓ ગુજરાતની પેઠે સર્વત્ર વિચરણ કરી શકતી નથી, તેમ છતાં મહાત્માની અપાર દયાથી તે સ્ત્રીએ સ્વપ્નમાં તેમની પાસેથી મંત્ર ગ્રહણ કર્યો હતો. ત્યાર પછી તે જાણી શકી હતી કે, તેનો કોઇએક આત્મીય સગો રામકૃષ્ણ પ્રભુનો ભક્ત અને મહાત્મા રામચંદ્રનો શિષ્ય છે. એ ખબર મળતાંજ તે સ્ત્રી તે સગાની સહાયતાથી અનેક વખત મહાત્માના શ્રીચરણનાં દર્શન કરી ભાગ્યશાળી થઇ પોતાને કૃતાર્થ માનવા લાગી. મહાત્મા રામચંદ્રે અનેક ઘેર વિચરણ કરી અનેક લોકોને શ્રીરામકૃષ્ણના ભક્ત બનાવ્યા હતા. જે સ્થળે તેઓ પ્રવેશ કરી શકતા નહિ, ત્યાં સ્વપ્નમાં જઇ પોતાનું કાર્ય સાધતા. મહાત્મા રામચંદ્રનું એક મહત્ત્વનું કાર્ય-જીવનનો ઉદ્દેશ એજ હતો કે, શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના ઉપદેશ-અનુસાર લોકોને ધર્મબોધ આપવો. એ મહાપવિત્ર અને પરોપકારી કાર્યમાં તેઓ સંપૂર્ણરૂપે વિજયી નીવડ્યા હતા. તેમણે જે સમયે ધર્મોપદેશકાર્ય ભાષણોદ્વારા શરૂ કર્યું, તે સમયે અતિ અલ્પ મનુષ્યો શ્રીરામકૃષ્ણદેવને ઓળખતા હતા, પરંતુ તેમનાં ભાષણો સાંભળ્યા પછી અને વાંચ્યા પછી થોડાંક મનુષ્યોજ તેમને ઓળખતાં નહિ હોય. હવે સર્વત્ર પ્રભુ રામકૃષ્ણદેવનું મહત્ત્વ અને જન્મ-કારણ સમજાયું છે. હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના ઉપદેશનો પ્રચાર કરવાનું કઠિન નથી; કારણ કે અનેક મનુષ્યો શ્રીરામકૃષ્ણદેવનું મહત્ત્વ અને ઈશ્વરી સત્તાથી થતા લાભ જાણી શકયા છે. તેઓ તેમના ઉપર ભક્તિ રાખતાં શીખ્યા છે; પરંતુ પ્રથમ તો કેટલાં વિઘ્ન-વાંધા અને કેટલાં હાસ્ય-મશ્કરીના મધ્ય સ્થળમાં બેસી મહાત્મા રામચંદ્ર સર્વ પ્રજાજનને અસરકારક ભાષણોદ્વારા આહ્‌વાન કરી શ્રીરામકૃષ્ણદેવના ઈશ્વરાવતારત્વ સંબંધી મધુર ઉપદેશ દેતા. તેમની કૃપાથી આજે ઘેર ઘેર શ્રીરામકૃષ્ણ પરમહંસના નામનો પ્રચાર થયો છે. તેમનીજ કૃપાથી તેમને દુઃખભંજક, અધમોદ્ધારક, ઈશ્વર સમજી દેશદેશમાં શ્રીરામકૃષ્ણદેવની પૂજા થઇ રહી છે અને ભક્તો પોતાનાં અનેક કષ્ટો કાપી રહ્યા છે. તેમનીજ મહાન શક્તિના બળ વડે આજે અસંખ્ય નરનારી શ્રીરામકૃષ્ણના પ્રેમમાં વિહ્વલ થઇ-મદમસ્ત થઇ સુખ-આનંદમાં દિવસો વ્યતીત કરી રહ્યાં છે. તેમના જેવા શ્રીરામકૃષ્ણ-ભકતે જન્મ ગ્રહણ કર્યો હતો, તેથીજ આજે અધર્મને પદ-દલિત કરી ધર્મદેવતા પોતાની જયઘોષણા કરવા તૈયાર થયા છે. એજ મહાત્મા રામચંદ્રની ઈશ્વરી શક્તિ! ધન્ય એમના જીવનને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अध्याय ७ मो-रामचंद्रनी संन्यासभावना

શ્રીરામકૃષ્ણદેવના પ્રિય શિષ્ય મહાત્મા રામચંદ્રની સંન્યાસભાવના કેવા પ્રકારની હતી, તે સંબંધી આ સ્થળે ઉલ્લેખ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેમના શેષજીવનનાં ત્રણ વર્ષપર્યંત મહાત્માજીએ સંપૂર્ણ સંન્યસ્તભાવના ધારણ કરી હતી અને તે આશ્રમ પ્રમાણેજ વર્તન રાખ્યું હતું. એ સમયનેજ તેમના જીવનનો અતિ ઉત્કર્ષ સમય અમે માનીએ છીએ. સાધના કરતાં કરતાં સાધક સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે, તેજ પ્રમાણે મહાત્મા રામચંદ્ર પણ શેષ જીવનમાં સાધકની છેલ્લી હદ સુધી પહોંચ્યા હતા. એક સિદ્ધ મહાપુરુષ થઈ ગયા હતા.

કવચિત્ કોઇ પ્રશ્ન કરશે કે, એ ત્રણ વર્ષ પૂર્વે શું રામચંદ્રમાં સંન્યસ્તભાવના જરા પણ ન હતી? અમે કહીશું કે ના, તેમ ન હતું. આટલા દિવસપર્યંત ભસ્માચ્છાદિત અગ્નિની પેઠે તેઓ ગુપ્ત દેહે નિવાસ કરતા હતા. જીવનના અંતિમ સમયે તેમનામાં રહેલી ગુપ્ત ઇશ્વરી-શક્તિનો વિકાસ વિશેષરૂપે થયો હતો.

સંન્યાસ શબ્દનો અર્થ શો? સમ્યક્ પ્રકારે "ત્યાગ" કરવો એનુંજ નામ સંન્યાસ. રામચંદ્રના જીવનમાં ત્યાગની ભાવના યથાર્થરૂપે વિકસી હતી. તેમની આસક્તિ અને અપૂર્વ ત્યાગ સંબંધી અમે પૂર્વે એક વખત ઉલ્લેખ કર્યો છે. આ સ્થળે તે સંબંધી વિશેષ લખવાની ઇચ્છા નથી. તેમ છતાં ભગવત્-પ્રાપ્તિ કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાની ઇચ્છાવાળા મનુષ્ય-જીવે કયા પ્રકારનું જીવન વ્યતીત કરવું ઉચિત છે, એ સંબંધી સંન્યાસીરૂપે અને ગૃહસ્થરૂપે, રામચંદ્રનો કેવો અભિપ્રાય હતો તેજ આ સ્થળે આલેખવામાં આવશે.

જે સમયે રામચંદ્ર કાંકુડગાચ્છીના યોગોદ્યાનમાં આવી નિવાસ કરવા લાગ્યા હતા, તે સમયથીજ તેમની પાસેથી પ્રભુ શ્રી રામકૃષ્ણદેવનો ઉપદેશ સાંભળવા માટે અનેક મનુષ્યો આવ-જા કરતાં હતાં અને અંતે કેટલાકે તેમનું શિષ્યત્વ ગ્રહણ કર્યું હતું. એ શિષ્યોમાં કેટલાક વિવાહિત અને કેટલાક અવિવાહિત હતા. જો કે મહાત્મા રામચંદ્ર ગૃહસ્થાશ્રમીની ભાવના પેઠે નિવાસ કરતા—અર્થાત્ તેમણે વિવાહ કર્યો હતો. સ્ત્રીસંતતિનું પાલન કરવું અને ઈશ્વરપ્રાપ્તિ માટે યત્ન કરવો એજ જો તેમના અંતઃકરણની ઇચ્છા હોત, તો તેઓ અવશ્ય પોતાના શિષ્યોને ગૃહસ્થાશ્રમી-સંસારી થવાનો ઉપદેશ દેત; પરંતુ તેમણે તેમ કર્યું નથી. તેમનો કોઇ પણ શિષ્ય કહી શકશે નહિ કે, તેમણે તેને વિવાહ કરી સંસારી થવાનો ઉપદેશ આપ્યો હતો. ત્યાર પછી મહાત્માના શેષ ત્રણ વર્ષની અને તે પૂર્વેની ભાવનામાં ફેર શો હતો ? ફેર સામાન્ય હતો, તે પછીથી કહેવામાં આવશે. હમણાં તો એજ સ્પષ્ટીકરણ થાય છે કે, શું ગૃહસ્થાશ્રમી જનોને ઈશ્વરપ્રાપ્તિ થાય નહિ ? શું મહાત્માનો એવોજ ઉદ્દેશ હતો ? ના, તેમ નથી. જો તેમનો એવો અભિપ્રાય હોત તો મહાત્મા સંસારીજનોને શિષ્ય બનાવતજ નહિ. સંસારી (ગૃહસ્થાશ્રમી) થઇને, સંસારમાં રહીને, કયે પ્રકારે લોભ-લાલચ અને વિષયાસક્તિહીન થઈ જીવનનિર્વાહ કરવો એ સંબંધીજ મહાત્મા તેમને ઉપદેશ દેતા. જેમ પ્રભુ શ્રીરામકૃષ્ણદેવ કોઇ પણ મનુષ્યને એવું કહેતા નહિ કે, સંસારમાં રહેવાથી ઈશ્વર પ્રાપ્ત કરી શકાતા નથી; તેમ છતાં પણ તેમના મુખમાંથી નિરંતર કામિની ને કાંચનનો ત્યાગ કરવાનોજ ઉપદેશ નીકળતો. અમે પણ મહાત્મા રામચંદ્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર તેવીજ ભાવના જોઈ છે. તેઓ કદી પણ કહેતા નહિ કે, સંસારી (ગૃહસ્થાશ્રમી) જનોને ભવસાગર તરવાનો કાંઇ પણ ઉપાય નથી અથવા જન્મમરણથી મુક્ત થવાનો માર્ગજ નથી. તેમની એવી મનોભાવના હોવાથીજ જેમણે વિવાહ કર્યો ન હતો, તેમને વિવાહ નહિ કરવાનો કદી પણ તેમણે ઉપદેશ કર્યો નથી. મહાત્મા રામચંદ્ર પોતાનો એજ અભિપ્રાય પોતાના પ્રત્યેક શિષ્યોને વિશેષરૂપે જણાવતા. "ભોગ-વિષય પ્રત્યે આસક્તિનો ત્યાગ" એજ મહાત્માના ઉપદેશનો એક માત્ર મૂળ મંત્ર હતો. તેથી જે શિષ્યોએ વિવાહ કર્યો ન હતો, તેઓ કદાચ વિવાહ કરી સંસારમાં આસક્ત ન થઇ પડે તે માટેજ-તેમની મંગલ કામના માટેજ-તેમને સંસારબંધનમાં ફસાઇ પડવાની ના પાડતા અને એવીજ ભાવનાપૂર્વક તેમનું જીવન રચવા માટેજ તેઓ પોતાના પાંચ-છ શિષ્યોને યોગોદ્યાનમાં રાખી તેમનું જીવન-ગઠન કરવાનો યત્ન કરતા હતા. તે સમયે તેમના મનમાં એવા પ્રકારનીજ ભાવના હતી કે, એમનાં જીવન પણ તેઓ પોતાના જીવન જેવાંજ બનાવી તૈયાર કરશે. અર્થાત્ તેઓ પણ પ્રભુ રામકૃષ્ણદેવને માટેજ દ્રવ્યોપાર્જન કરે અને તેમનાજ કાર્યમાં વાપરે. મહાત્મા પોતે જેમ નોકરી કરી દ્રવ્યોપાર્જન કરી તે સર્વસ્વ શ્રીરામકૃષ્ણદેવને ખાતર ખર્ચી નાખતા હતા, તેજ પ્રમાણે ગૃહસ્થાશ્રમી થયા વિના શિષ્યો પણ દ્રવ્ય ઉપાર્જન કરી શ્રીગુરુદેવના ચરણમાં અર્પણ કરે; અર્થાત્ જગતને ધર્મોપદેશ દેવાના પવિત્ર કાર્યમાં વાપરે અને જગતના જીવોનું કલ્યાણ થાય, એવીજ તેમની ઇચ્છા હતી. પરંતુ પૈસાની કેવી મોહિની શક્તિ છે! રામચંદ્ર જે યુવકોને એ પ્રમાણે ઉપદેશ દઇ તૈયાર કરતા હતા અને પોતાના યત્નથી જેને ઉદ્યોગે વળગાડી દઇ દ્રવ્યોપાર્જનનો માર્ગ કરી આપ્યો હતો અને મનમાં ધારતા હતા કે, એ દ્રવ્ય તેઓ પ્રભુની સેવામાં અર્પણ કરશે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ યુવકોએ દ્રવ્યના લોભમાં પડી મહાત્માને પીઠ બતાવી હતી ! પરંતુ દ્રવ્ય તે તો પોતાનું કામ કર્યેજ જાય છે. તે પોતાની મોહિનીની શક્તિ વડે માનવનું આકર્ષણ કરવાનો યત્ન કરશેજ, તેથી એ મોહિની શક્તિની જાળમાંથી મુક્તિ પામવા કોઈ શક્તિવાન થશે નહિ એવું મહાત્મા રામચંદ્ર શું જાણતા ન હતા ? અવશ્ય જાણતા હતા. તેમ છતાં અમે તેમનેજ સ્વમુખેથી સાંભળ્યું છે કે, તેમની ધારણા હતી કે શ્રીરામકૃષ્ણદેવની કૃપાથી જેમ પોતાનાં દિવ્ય ચક્ષુ ઊઘડવા પામ્યાં છે તેજ પ્રમાણે ગુરુદેવની કૃપાથી યુવાન શિષ્યો દ્રવ્યના લોભથી દૂર રહી શકશે. પરંતુ પ્રભુની તેવી ઇચ્છા ન હતી. દ્રવ્યને વશીભૂત નહિ થતાં દ્રવ્યને પોતાને વશ કરવું, એનું જગતમાં કેવળ એકજ દૃષ્ટાંત અમર રાખવાની તેમની ઇચ્છા હતી. તે દૃષ્ટાંત મહાત્મા રામચંદ્રનું પોતાનું હતું. તે પછી અત્યાર સુધીમાં એવા પ્રકારનું કોઇ પણ મનુષ્યજીવન જોવામાં આવ્યું નથી અને જોવાની આશા પણ ભાગ્યેજ રખાય; કારણ કે ઘેરઘેર જનક રાજા જન્મતા નથી. સમસ્ત દિવસ પરિશ્રમ કરી દ્રવ્ય ઉપાર્જન કરી તે દ્રવ્યને પ્રભુ શ્રીરામકૃષ્ણદેવને માટે કાંકરાની પેઠે ખર્ચી નાખવું તેનું એજ એક માત્ર અદ્વિતીય જ્વલંત દૃષ્ટાંત જગતમાં ચિરકાલ જાજ્વલ્યમાન મળી રહે છે. જ્યાંસુધી ચંદ્રસૂર્ય આકાશપટમાં દર્શન દેશે, ત્યાંસુધી જગતના લોકો એકે અવાજે કહેશે કે, જનકની દ્વિતીય મૂર્તિસ્વરૂપ શ્રીરામકૃષ્ણ-સેવક મહાત્મા રામચંદ્રનું જીવન અતુલનીય, અચિંતનીય છે.

મહાત્મા રામચંદ્રે જ્યારે જોયું કે, જે યુવકોએ દ્રવ્યોપાર્જન કરી તે સમસ્ત પ્રભુ શ્રીરામકૃષ્ણદેવના કાર્યમાં ખર્ચવાનું આશ્વાસન આપ્યું હતું, તે સઘળા એક પછી એક ગૃહસ્થાશ્રમી થવાની વાસના દર્શાવી રહ્યા છે, ત્યારે છેવટે જે બે શિષ્યો તેમની પાસે યોગોદ્યાનમાં રહેતા હતા, તેમને તેમણે સંપૂર્ણ સંન્યાસઉપદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધો. એ સમયે જેમણે મહાત્માનાં દર્શન કર્યાં હતાં તેઓ જાણે છે કે, તેઓ કેવા પ્રકારની સંન્યાસભાવના અથવા ત્યાગભાવના સર્વદા શિષ્યો સમક્ષ કહેતા. આ સમયે તેઓ કહેતા કે, "હું ધારતો હતો કે, એમનું જીવન પણ મારા જેવુંજ હું તૈયાર કરીશ, પરંતુ એમ બનવું અશક્ય જણાય છે. હવે હું સમજી શક્યો છું કે, સર્વસ્વ ત્યાગ કર્યા સિવાય ગૃહસ્થાશ્રમ તરફ મન આકર્ષાયા વિના રહેશે નહિ અને તે સમયે તેઓ ભગવાનની ભાવનાથી બહુ દૂર પડ્યા રહેશે. એ કારણથીજ તેમના બે શિષ્યોએ સંન્યસ્ત ગ્રહણ કર્યું હતું. કોઇ કોઇ એમ પણ કહે છે કે, એ તેમની કલ્પનામાત્ર છે. એ કહેવું ભૂલભરેલું છે; કારણ કે મહાત્માએ તેમને જે પ્રકારનું સંન્યસ્ત ગ્રહણ કરાવ્યું હતું, તે ઘણાં થોડાં મનુષ્યોજ જાણે છે. એક દિવસ વિજયાદશમીને દિવસે મહાત્મા રામચંદ્રે પ્રભુ શ્રીરામ-કૃષ્ણને સાક્ષી રાખી તેમને સંન્યસ્તભાવે જીવન વ્યતીત કરવાનો જે રીતે ઉપદેશ આપ્યો હતો, તે ઘણાં મનુષ્યોના જાણવામાંજ નથી. તે દિવસનો એક બનાવ આ સ્થળે લખવામાં આવે છે. યોગો-દ્યાનમાં પ્રભુ શ્રીરામકૃષ્ણદેવના મંદિર સંમુખ મહાત્માએ પેલા બન્ને શિષ્યોને કહ્યું હતું કે, "પ્રભુ સંમુખ અને આજે ખાસ મહો-ત્સવને દિવસે જો મારે તમને કાંઇ પણ આશીર્વાદ આપવાનો હોય તો તે એજ કે, ગુરુદેવની સેવા કરવા માટે તમારે કદી પણ કોઇનું દાસત્વ (નોકરી) નહિ કરવું પડે. જે દિવસે પ્રભુને નૈવેદ્ય ધરાવવા માટે કંઇ પણ ન મળે તે દિવસે આ બગીચામાંથી એક નાળિયેર વધેરી કોપરાનો પ્રસાદ ધરવો અને રામકૃષ્ણકુંડનું જળપાન કરી તમારે નિર્વાહ કરવો—અર્થાત્ અન્નભોજન ન મળે તો ભૂખે મરી જવાનું સ્વીકારજો; પરંતુ પારકાનું દાસત્વ (નોકરી) કરશો નહિ; તેમજ તમારું જીવન પરિવર્તન કરશો નહિ." અન્ય એક સમયે એ બન્નેમાંથી એક શિષ્યને તેમણે પૂછ્યું હતું કે, "તમે ભિક્ષા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરમાં ફરવા જશો કે નહિ?" તેણે આનંદપૂર્વક ઉત્તર દીધો કે, "આપની આજ્ઞાથી ઘેરઘેર ભિક્ષાયાચના આનંદપૂર્વક કરી શકીશ." ત્યાર પછી તેને ભિક્ષાના નિયમો કહી સંભળાવ્યા હતા અને એક બીજે સમયે બન્ને શિષ્યોએ ભગવાં વસ્ત્ર પહેરવામાં વાંધો દર્શાવવાથી મહાત્માએ કહ્યું હતું કે, "મેં તમને એ વસ્ત્રો આપ્યાં છે તો પછી તમને ભય શો છે? તમારે એમાં કાંઇ પણ વાંધો દર્શાવવો જોઇએ નહિ. અર્થાત્ લોકો જો તમને પૂછે તો કહેજો કે, અમારા ગુરુએ અમને એ આપ્યાં છે."

વળી એક સમય તે બન્ને શિષ્યોમાંથી એક શિષ્યનો પિતા પોતાને ખાસ આવશ્યકતા હોવાથી, પોતાના સંન્યાસી થયેલા પુત્રને દ્રવ્યોપાર્જન કરવા અતિશય આગ્રહ કરતો હતો, તે વખતે મહાત્માએ શિષ્યને શિખામણ આપી કહ્યું હતું કે, "જુઓ ભાઇ! તમારા પિતાને દ્રવ્યની અતિ આવશ્યકતા છે, પિતાની સેવા કરવી એ પુત્રનું અવશ્ય કર્તવ્ય છે, તમે તેમની સેવા કરો તેમાં મારે વાંધો નથી; તમે આનંદપૂર્વક દ્રવ્યોપાર્જન કરી પિતૃસેવા કરી શકશો." શિષ્યે ઉત્તર દીધો કે, "આપેજ મને નોકરી કરવાની ના પાડી છે ને?" મહાત્મા જરા ગુસ્સે થઈ બોલ્યા કે, "જો પિતૃ-સેવા કરવાની તમને ઇચ્છા થાય તો હું કદી પણ અસંતુષ્ટ નહિ થાઉં. હુંજ તમને ઉદ્યોગે વળગાડી આપીશ. મેં તમને ના કહી છે તે પ્રભુને માટે—અર્થાત્ જો ભગવાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો, પ્રભુ શ્રીરામકૃષ્ણદેવને મેળવવા ચાહતા હો તો તમારે નોકરી મેળવવાનો યત્ન ન કરવો. યત્ન કરશો તો હું તે નિષ્ફળ કરીશ." એ શબ્દો તેઓ એટલા બધા પ્રેમપૂર્વક અને ઉત્સાહપૂર્વક બોલ્યા હતા કે તેનું વર્ણન થવું અશક્ય છે. એ સ્થળેજ મહાત્માનો સ્પષ્ટ અભિપ્રાય સમજી શકાય છે કે, ભગવાનની પ્રાપ્તિ માટે કેવા પ્રકારનું જીવન ગાળવું ઉચિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સર્વ બનાવો અને એવી ભાવના મહાત્માના શેષ જીવનમાં જેમણે પ્રત્યક્ષ જોઈ નથી, તેઓ તેમના મનોભાવ સમજી શકયા નથી એમજ કહેવું પડશે. આટલા દિવસપર્યંત જે ત્યાગભાવના તેમના અંતઃકરણમાં ગુપ્તભાવે ભરાઇ રહી હતી, તે તેમના શેષ જીવન સમયે સંપૂર્ણરૂપે પ્રફુલ્લિત થઈ બહાર જણાઇ રહી હતી.

પ્રભુ શ્રીરામકૃષ્ણદેવ રાતદિવસ "કામિની–કાંચન ત્યાગ કરો." "કામિની–કાંચન ત્યાગ કરો" એવું કહેતા અને તેમના પરમ પ્રિય ભક્ત મહાત્મા રામચંદ્ર કે જેઓ રાતદિવસ શ્રીરામકૃષ્ણનો ઉપદેશ શ્રવણ કરતા અને તેમનીજ જ્વલંત મૂર્તિનું ધ્યાન ધરતા હતા, તેમના હૃદયમાં ત્યાગની અને સંન્યસ્તની ભાવના સંપૂર્ણરૂપે ન હોય, તો એ આશ્ચર્યનીજ વાત કે બીજું કાંઇ?

મહાત્મા રામચંદ્રમાં જેવી સંન્યાસભાવના અમે જોઈ શકયા છીએ, તેવી એક ઉચ્ચ પદવીધારી સંન્યાસીમાં પણ અમે જોઇ શકયા નથી. મહાત્મા રામચંદ્ર ગૃહસ્થાશ્રમી છતાં સંન્યસ્તધર્મ કેવો ઉત્તમ રીતે પાળતા હતા તે અનેક મનુષ્યો જાણે છે. આવતી કાલે શું થશે તેનો મહાત્માએ કદી પણ વિચાર કર્યો નથી. જે સમયે જે કાંઈ પરોપકારનું કાર્ય આવી પડતું, તે તરતજ કરી દેતા. પ્રભુને માટે જે કાંઈ સેવાકાર્ય કરવાનું ઉચિત જણાતું, તેમાં તરતજ પૈસા ખર્ચતાં પણ ઘણીએ વખત અમે જોયું છે. તેમના હાથમાં એક પાઇ પણ ન હોવા છતાં અતિશય ઉત્સાહપૂર્વક શ્રી-રામકૃષ્ણ પ્રભુનો મહોત્સવ ઊજવતા અને તેમાં પુષ્કળ પૈસા ખર્ચી નાખતા. એ કાર્યમાં તેમણે કદી પણ પાછું પગલું ભર્યું નથી. દુઃખી–દરિદ્રીઓને સહાય કરવામાં–દાન આપવામાં પણ તેઓ એવાજ શૂરા હતા. તેમના હાથમાં એક પૈસો ન હોય તોપણ ગુરુ મહારાજનો જન્મોત્સવ ઊજવવા માટે સેંકડો રૂપિયા ખર્ચ કરવાની યાદી તૈયાર થતી અને ગજવામાં જે હોય તે ગુરુના નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર કંગાલોને દાન દઇ દેતા. રામચંદ્રને દૃઢ વિશ્વાસ હતો કે, શ્રીરામકૃષ્ણદેવની કૃપાથી દ્રવ્ય આવે છે અને ભવિષ્યમાં પણ એની મેળે ચાલ્યું આવશે. એજ સાચા સંન્યાસીનું લક્ષણ છે. સંસારમાં એવાં દૃષ્ટાંતો વારંવાર જોવામાં આવતાંજ નથી. જેઓ સંસારમાં (ગૃહસ્થાશ્રમમાં) છે, જેને સ્ત્રી છે, અવિવાહિતા કન્યા છે, એ બધું જાણવા છતાં પણ જેણે સેંકડો રૂપિયા મેળવીને એક પૈસો પણ બચાવ્યા સિવાય સર્વસ્વ શ્રીરામકૃષ્ણદેવના ચરણમાં અર્પણ કરી દીધું, જેના દેહત્યાગ પછી તેની સ્ત્રી નિરાધાર જેવી જણાતી હતી અને જે માત્ર શ્રીરામકૃષ્ણદેવનો પ્રસાદજ પ્રાપ્ત કરી જીવનનિર્વાહ કરતી, તેજ મહાપુરુષ મહાત્મા રામચંદ્રનાં-શ્રીરામકૃષ્ણદેવના અંગીભૂત પ્રિય શિષ્યનાં અમે પૂર્ણ સંન્યાસીરૂપેજ દર્શન કર્યાં છે. તેમને એક દિવસને માટે પણ ગૃહસ્થરૂપે અમે દીઠા નથી. અમે તેમનામાં વિષયભોગી ગૃહસ્થાશ્રમીનાં લક્ષણ લોભ, મોહ, કામ, મદ, મત્સર, રજમાત્ર પણ દીઠાં નથી. અમે જેટલા દિવસ તેમના ચરણતલમાં નિવાસ કર્યો છે, તેટલા દિવસ-અરે! શેષજીવનપર્યંત તેમનામાં અમે પૂર્ણ સંન્યાસીનાં સર્વ લક્ષણો જોયાં છે અને જેમ જેમ દિવસો વ્યતીત થાય છે, જેમ જેમ સર્વત્ર અવલોકન કરીએ છીએ કે, સંસારમાં એવા એક પણ સત્પુરુષે જન્મ ગ્રહણ કર્યો નથી અને કરતો પણ નથી, જેમ જેમ જોઇએ છીએ કે, રામચંદ્રની તુલના કોઇ પણ મનુષ્ય, સાધુ, સંન્યાસી કે નામધારી ત્યાગી મહાત્માઓ સાથે થઈ શકે તેમ નથી, તેમ તેમ અમારી ધારણા દૃઢમૂલ થતી જાય છે.

રામચંદ્રના શેષ સમયે જેઓ તેમની પાસે ઉપદેશ શ્રવણ કરવા આવતા, તેમને સંસારના વિષયભોગનો ત્યાગ કરવાનોજ તેઓ ઉપદેશ આપતા. ગૃહસ્થ આવતા તો તેમને ભોગ-આસક્તિનો ત્યાગ કરવાનો ઉપદેશ દેતા. એ સમયે બે મનુષ્યોનાં અંતઃકરણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત પ્રબળ ઇચ્છા થઇ હતી કે, મહાત્મા પાસેથી મંત્ર ગ્રહણ કરવો. એક દિવસ તેમને રામચંદ્રે એવા પ્રકારના ત્યાગનો ઉપદેશ દીધો હતો કે જેથી તેઓ એમ કહેતા હતા કે, "આજે તે બન્નેને ત્યાગનો એવો ઉપદેશ દીધો હતો કે, જો તેમનાં હૃદયમાં શ્રીરામકૃષ્ણદેવ ઉપર અતિશય ભક્તિ હશે, તોજ તેઓ આ સ્થળે પુનઃ આવશે. નહિ તો બસ એટલેથીજ પતશે." તમણે કહ્યું હતું કે, "સંસાર ઉપર એક બિંદુ જેટલી પણ માયા હશે, તો ભગવાનપ્રાપ્તિનો જરા પણ સંભવ નથી." આ સમયે તેઓ જેને ઘોર–સંસારીરૂપે ઓળખતા તેને જોઇ શકતાજ નહિ તેથીજ એક દિવસ તેમણે પોતાના બે સંન્યાસી શિષ્યોને કહ્યું હતું કે, એમના (અર્થાત્ કેટલાક સંસારી ગૃહસ્થાશ્રમી મનુષ્યોનાં નામ દઇ તેમના) દ્વારા હવે પછી શ્રીરામકૃષ્ણદેવનું કોઇ પણ કાર્ય કરાવશો નહિ; અથવા તેમને કોઇ પણ કાર્યનો ભાર સોંપશો નહિ. તેઓ ઘોર–સંસારી થયા છે. તમે તમારી જાતે બની શકે તેટલું કરજો અને કહેજો કે, પ્રભુ ! અમુક કામ મારાથી થઇ શકે તેમ નથી તે સારું; પરંતુ એમનાદ્વારા કોઇ પણ કામ કરાવવાની મારી ઇચ્છા નથી. જેને ઇશ્વરપ્રાપ્તિની ઇચ્છા હોય, તેણે તો મનમાંથી સર્વ પ્રકારે કામિની–કાંચન–ભાવનાનો ત્યાગ કરવો એજ તેના જીવનનું લક્ષ્ય હોવું જોઇએ, એમ મહાત્મા રામચંદ્ર નિત્ય કહેતા. શ્રીરામકૃષ્ણદેવના જીવન–વૃત્તાંતમાં તેમણે લખ્યું છે કે, "તેઓએ (પરમહંસદેવે) એક મનુષ્યને ચિર સંન્યાસી બનાવ્યો છે અને એ મનુષ્યને તેમણે અર્ધ સંન્યાસી અને બીજા એક મનુષ્યને ગૃહસ્થ–સંન્યાસી બનાવી રાખ્યો છે. એ સ્થાને મહાત્માએ એવું લખ્યું નથી કે, એક જણને ઘોર ગૃહસ્થાશ્રમી બનાવી રાખ્યો છે. જેના ઉપર પરમહંસદેવે કૃપા કરી છે, તેનેજ તેમણે સંન્યાસી બનાવ્યો છે–અર્થાત્ સંન્યસ્ત એજ ભક્તજીવનનું એક માત્ર લક્ષ્ય છે, એવું મહાત્મા સમજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકયા હતા: મહાત્મા રામચંદ્રના ધર્મામૃતભરેલાં ભાષણો વાંચવાથી ઉદ્દેશ્ય સારી પેઠે સમજી શકાય છે. "**સાધનના અધિકારી**" નામના બારમા ભાષણમાં તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, "કામિની-કાંચન ત્યાગ કર્યા સિવાય ઈશ્વિરસાધનાના અધિકારી થઇ શકાતું નથી અને ભગવાન પ્રાપ્ત થવા અસંભવિત છે." તેમ છતાં મહાત્માના અંતઃકરણમાં એ ભાવના આટલા દિવસપર્યંત ગુપ્તરૂપે સમાયલી હતી, તે તેમના જીવનના છેલ્લા સમયમાં પૂર્ણરૂપે પ્રકાશિત થઈ હતી. તેથીજ કહીએ છીએ કે, રામચંદ્ર સામાન્ય ગૃહસ્થ જેવા ન હતા."

રામચંદ્ર સંસારમાં રહેવા છતાં પણ મહાત્યાગી સંન્યાસીજ હતા. રામચંદ્રના જેવો ત્યાગ, ભલભલા સંન્યાસીઓમાં પણ ઘણોજ થોડો જોવામાં આવે છે. સર્વસ્વનો ત્યાગ કરવા છતાં કેટલાક સંન્યાસીઓને પોતાના શરીર ઉપર મમતા હોય છે. તેઓ કહે છે કે, શરીર નીરોગી-બળવાન હોય તો સાધન-ભજન કરવામાં આનંદ થાય છે; પરંતુ મહાત્મા રામચંદ્રને તેમના શરીર તરફ લક્ષ્ય રાખવાનું કહેવામાં આવતાં તેઓ કહેતા કે, "પ્રભુ રામકૃષ્ણદેવને ખાતર શરીર ચાલ્યું જશે તો તે શું ભારે વાત છે?" તેઓ શરીર તરફ લક્ષ્યજ રાખતા નહિ. **સંસાર, કુટુંબપરિવારવર્ગ, વિષય, સંપત્તિ, દેહ, મન, સર્વસ્વ, શ્રીરામકૃષ્ણદેવના ચરણમાં અર્પણ કરી તેમણે આનંદપૂર્વક પ્રફુલ્લચિત્તે-ગુરુદેવ, ગુરુદેવ-કહેતાં કહેતાં પ્રાણ વિસર્જન કર્યા છે!** એજ શ્રેષ્ઠ સંન્યાસીરૂપે તેમનો પરિચય આપે છે. મોહમમત્વ કર્યા વગર, કોઈ પણ જીવને ત્રાસ કે નુકસાન કર્યા વગર, કોઇ પણ પાપપ્રપંચનાં દૃષ્ટાંતો સંસારને માટે મૂકી ગયા વગર તેમણે ગુરુપ્રેમ દર્શાવી આત્મવિસર્જન કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अध्याय ८ मो–"रामदादा"

શ્રીરામકૃષ્ણ–સેવક મહાત્મા રામચંદ્રનો અનેકરૂપે વાચકને પરિચય મળી ચૂક્યો છે. તેમનું ભક્તજીવન કેવી રીતે રચાયું હતું તે પણ રામચંદ્રના ભક્ત–શિષ્યોદ્વારા કિંચિત્ પ્રમાણમાં જોઇ શકાય છે. અમે જે ભાવે રામચંદ્રને દીઠા હતા તેવોજ ઉલ્લેખ કરવાનો યત્ન કરીએ છીએ. કલકત્તાના સુપ્રસિદ્ધ નાટ્યકાર ગિરીશચંદ્ર ઘોષ પ્રથમ ઘોર નાસ્તિક હતા, પણ પરમહંસદેવની કૃપાથી પાછળથી પ્રભુભક્ત બન્યા હતા. તેમણે નીચેની હકીકત અમને સ્વમુખે કહી હતી, તે તેમનાજ શબ્દોમાં આ સ્થળે લખવામાં આવે છે. ગિરીશચંદ્રે કહ્યું હતું કે:—

"રામચંદ્રના સીમલાસ્થ મકાનમાં રામચંદ્ર સાથે આજે મારે પાંચમી વખત મુલાકાત થઈ હતી. તે દિવસે તેજચંદ્ર નામક એક ભક્ત, સ્ટાર થિયેટરમાં (તે વખતે એ થિયેટર બિડન સ્ટ્રીટમાં હતું ત્યાં) એક ચિઠ્ઠી લખી ગયો હતો કે, "સીમલા મધુરાયની ગલી–સ્થિત રામચંદ્ર દત્તના મકાનમાં પ્રભુ શ્રીરામકૃષ્ણદેવનો ઉદય થશે." ભક્તે મને પૂછ્યા વગરજ તે ચિઠ્ઠી લખી દીધી હતી. પાછળથી સાંભળ્યું હતું કે, એ ભક્ત પરમહંસદેવના આદેશથી ચિઠ્ઠી લખી મૂકી આવ્યો હતો. થિયેટરમાં જઈ ચિઠ્ઠી વાંચતાંજ મારું ચિત્ત આકર્ષાયું. ધીમે ધીમે હું ચાલવા લાગ્યો. હું પ્રત્યેક પગલે વિચાર કરવા લાગ્યો કે, વિનાઆમંત્રણે ત્યાં શા માટે જવું? શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન જાઉં ત્યારે ?" ત્યાંથીજ પાછા ફરવાનો મને વિચાર થયો; પરંતુ વળી આગળ ચાલવા લાગ્યો; એટલુંજ નહિ પણ રામચંદ્રના મકાનની ગલી સુધી આવ્યા પછી પણ મારું મન સંકોચાયું. અંતે તેમના દ્વાર આગળ આવ્યો. રામચંદ્ર તે સમયે પોતાના મકાનના દ્વાર આગળજ ઊભા હતા. તેમણે મને ઓળખ્યો. મને જોતાંજ અતિ પ્રેમસહિત બોલાવ્યો અને સામાજિક-શિષ્ટાચાર નહિ કરતાં માત્ર શ્રીગુરુદેવ રામકૃષ્ણ ભગવાનના ગુણાનુવાદ ગાવા લાગ્યા. તેમણે મને અતિશય આગ્રહ કર્યો. તેમના મનમાં ભય થતો હતો કે, એ (હું) શા વિચારથી આવ્યો હશે! સ્વર્ગના દ્વારપર્યંત આવી કદાચ હું પાછો ચાલ્યો ન જાઉં તે માટેજ તેમનો એવો આગ્રહ હતો. રામચંદ્ર વિશેષ માનપૂર્વક પ્રભુના માહાત્મ્યનું વર્ણન કરવા લાગ્યા. અત્યાર પહેલાં રામકૃષ્ણ પ્રભુ બે વખત અમારા થિયેટરમાં પધાર્યા હતા. મને પણ પ્રભુ (રામકૃષ્ણદેવ) ઓળખતા હતા ખરા; પરંતુ એ પતિતપાવન ભગવાને મારા ઉપર કૃપા કરી મને પોતાના હૃદયમાં આશ્રય આપ્યો છે એવું હું સમજી શકયો ન હતો. થિયેટરમાં કેટલીક વાર પછી મેં પ્રભુનાં દર્શન કર્યાં હતાં અને તેમની આશ્વાસનભરેલી-અમૃતવાણી શ્રવણ કરી હું ઘેર પાછો ફર્યો હતો.

પ્રભુ જે સ્થળે પધારતા ત્યાં રામચંદ્ર ઘણુંખરું સાથેજ રહેતા; પરંતુ પ્રભુ જે સમયે થિયેટરમાં પધાર્યા હતા, તે સમયે રામચંદ્રે તેમને માટે ભોગ (આહાર) મોકલ્યો હતો; પરંતુ ત્યાં તેઓ આવ્યા નહોતા. થિયેટરને રામચંદ્ર પાપભૂમિ સમજતા હતા, પરંતુ તેમને ઘેર મારા ઉપર પ્રભુની કૃપાદૃષ્ટિ જોઇને, તેઓ પોતાના મિત્ર રામકૃષ્ણાશ્રિત શ્રીદેવેન્દ્રનાથ મજુમદાર સમક્ષ દિલગીરી દર્શાવતા બોલ્યા હતા કે, "હાય! હાય! હું કેવો અજ્ઞાન કે પ્રભુએ જે સ્થળે પોતાના ચરણ પધરાવ્યા હતા, પતિત ઉપર કૃપા કરવા જે સ્થળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પધાર્યા હતા, તે સ્થાનને મેં પાપપૂર્ણ માન્યું! પ્રભુની લીલા પ્રભુ-જ જાણે છે. દીનદયામય શ્રીરામકૃષ્ણદેવ થિયેટર જોવાને બહાને દીન (ગિરીશચંદ્ર ઘોષ) ઉપર દયા કરવા પધાર્યા હતા, તે હું મૂઢ કેવી રીતે સમજી શકું? દેવેન્દ્ર! એ થિયેટરના ઍક્ટરો કાંઈ અન્ય થિયેટરના જેવા સામાન્ય રહેશે નહિ. પ્રભુની કૃપાથી સર્વ અમારી આરાધ્ય વ્યક્તિઓ બની જશે. સર્વ ધર્મપ્રાણ બની જશે."

કેટલાક દિવસ પછી હું દક્ષિણેશ્વર ગયો હતો. ત્યાં મેં રામ બાબુનાં દર્શન કર્યાં હતાં. તેઓ અતિ દીનભાવનાપૂર્વક મારી પાસે આવી મને પંચવટીના પવિત્ર સ્થાનમાં લઇ ગયા. "તત્ત્વ-મંજરી+" ના સર્વ વાચકો સારી પેઠે જાણે છે કે, રામચંદ્ર શ્રી-રામકૃષ્ણદેવને ઈશ્વરાવતાર માનતા. ઉપરોક્ત દેવેન્દ્રબાબુને મુખેથી સાંભળ્યું હતું કે, "હું પણ શ્રીરામકૃષ્ણદેવને ઈશ્વરાવતાર માનું છું. મારી એ ધારણા સાંભળી રામચંદ્રને અતિ આનંદ થયો હતો. તેમણે મને "ગિરીશ દાદા" કહીને બોલાવ્યો, ત્યારથી હું પણ એમને 'રામ દાદા' કહીને બોલાવતો હતો. પંચવટીમાં રામ દાદા ગદ્‌ગદ્ કંઠે થઇ ગયા. તેમના હૃદયનો વેગ જીભને બોલતાં અટકાવતો હતો, છતાં તેઓ બોલ્યા કે, "ગિરીશ દાદા! સમજી શક્યા છો કે, એમના (શ્રીરામકૃષ્ણ)માં ત્રણે ભાવના છે. એટલે ગૌરાંગ, નિત્યાનંદ અને અદ્વૈત, એ ત્રણની સમષ્ટિ મળીને રામકૃષ્ણ પરમ-હંસદેવ બન્યા છે. તેમની ભાવના એ હતી કે, એ એકજ દેહમાં પ્રેમ, ભક્તિ અને જ્ઞાનનો સમાવેશ થયો છે. ગૌરાંગ અવતારમાં એક હતું. હમણાં તો એ દેહમાં ઉપરોક્ત ત્રણેનો વિકાસ થયો છે." રામદાદા બનતે યત્ને બોલવા લાગ્યા કે, 'કેટલીક ભાવનાઓનો વિકાસ થયો છે, કેટલાક ભાવિકોની ભાવના અંતઃકરણમાંજ

× આ નામનું એક માસિકપત્ર બંગાળી ભાષામાં કલકત્તા શ્રીરામ-કૃષ્ણ–સમાધિમંદિરમાંથી તેમના સંન્યાસી શિષ્યોદ્વારા પ્રકટ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી ગઇ છે.' રામદાદાનો તે સમયે હું એવો પ્રિય આત્મીય બંધુ થઈ ગયો હતો કે, મને નહિ આપી શકે એવું એમની પાસે કશુંએ રહ્યું ન હતું. પુનઃ કર જોડીને તેઓ કહેવા લાગ્યા: "કદાચ મેં તેમને મના ન કરી હોત તો પંચવટીમાંજ લાંબા થઇ મને દંડવત્ પ્રણામ કરત. મને તેઓ અતિ પવિત્ર માનવા લાગ્યા. હું તેમનો પરમ આત્મીય બની ગયો. નિત્યાનંદ પ્રભુનું કથન છે કેઃ—

"જે જન નિત ગૌરાંગ ભજે છે, તેજ અમારો પ્રાણ રે!"
"અવર જનનો અધિકાર નહિ, તે તો મારો, મારો જાણ રે!"

હું રામદાદાનો પ્રાણથી પણ અધિક પ્રિયતમ થઈ ગયો. તે દિવસે રામદાદા આનંદમાં નિમગ્ન થઇ ગયા હતા. તેમના આનંદનો પાર ન હતો. જાણે તેમણે કેટલીક અપૂર્વ વસ્તુ પ્રાપ્ત ન કરી હોય! એ પછી સર્વદા અમારો બન્નેનો સાક્ષાત્કાર થતો. થિયેટર જાણે તેમનું તીર્થસ્થાન બની ગયું. થિયેટરમાં ગયા સિવાય, મારી સાથે પરમહંસદેવ સંબંધી વાત કર્યા સિવાય જાણે તેમનો દિવસ વ્યતીત થતો નહિ. હું જે કાંઇ કરતો, તેની વિરુદ્ધ કોઇ પણ વાત થઇ શકે છે, એવું તેમના મસ્તકમાં સ્થાન પામતું નહિ. જો કોઈ મનુષ્ય વિરુદ્ધ વાર્તા કહેતું, તો તેઓ ગર્જના કરી બોલી ઊઠતા કે "શું બોલ્યા? ગિરીશ બંધુના કથન ઉપર વળી વાદવિવાદ? પરમહંસદેવ કહેતા કે, એનામાં વીસ આના બુદ્ધિ છે!" રામદાદા કરતાં હું કોઈ પણ રૂપે વિશેષ બુદ્ધિમાન અથવા વિવેચક છું એમ હું માનવા છતાં પણ માનતો નહિ; કારણ કે "હું પગલેં પગલે જોઈ શકતો કે, રામદાદા અતિ વિચક્ષણ મનુષ્ય હતા. રામદાદાને બીજો વિચારજ ન હતો. વિચાર માત્ર પરમહંસદેવ સંબંધીજ! પરમહંસદેવ સંબંધી શું કરવું? પરમહંસદેવના ઉપદેશોનો શી રીતે પ્રચાર કરવો, કયે પ્રકારે પરમહંસદેવની સેવા અતિ ઉત્તમ થાય, તેનોજ તેમને રાતદિવસ વિચાર થતો. પરમહંસદેવ કહેતા કે, "રામ મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર બહુ ભક્તિ રાખે છે." ભક્તિના બળ વડે રામદાદાને પરમહંસદેવ સંબંધી જરા પણ શંકા ન હતી અને ભક્તોને ઘેર મહોત્સવ થતો તે સમયે તે સર્વે રામદાદાની સલાહ લેતા; કારણ કે ભક્તજનોથી સદા પરિવૃત્ત થયેલા શ્રીપરમહંસદેવને લીધે રામદાદાને ઘેર હમેશાં શુભ મહોત્સવ-પર્વોદય-થઈ રહેતો. જેઓ પરમહંસદેવનાં દર્શન કરવા માટે રામદાદાને ઘેર આવતા, તેમને પ્રસાદ જમાડ્યા સિવાય રામદાદા ઘેર જવા દેતા નહિ. તેથી મહોત્સવની તૈયારી થતાંજ રામદાદાની સલાહ લેવાની આવશ્યકતા રહેતી; પરંતુ રામદાદાને ઘેર મહોત્સવ થતા તે સમયે કેવા પ્રકારની ભોજનસામગ્રી તૈયાર કરવી તે સંબંધી તેઓ મારી સલાહ લેતા: "કહો, ગિરીશદાદા ! માલપૂઆ બનાવીએ, જલેબી લાવીએ, આમ કરીએ-તેમ કરીએ વગેરે. એટલું તો કહેવું પડશે કે, તેઓ જે નિશ્ચય કરતા તેમાં કાંઇપણ ફેરફાર કરવાની મારામાં શક્તિ ન હતી."

ગિરીશચંદ્ર કહેવા લાગ્યા: "ભક્તના અંતઃકરણમાં અનેક પ્રકારની ભાવના ઉદય પામે છે. જો કે અધમ મનુષ્યોનાં અંતઃકરણમાં પણ ભાવનાનો ઉદય તો થાય છેજ, પણ બન્નેની ભાવનામાં ફેર હોય છે. ઉન્મત્તતાને વશ થઇ મેં (ગિરીશચંદ્ર) પણ પરમહંસદેવને એક દિવસ બીભત્સ ગાળો દીધી હતી. પરમહંસદેવ દક્ષિણેશ્વર ગયા તે સમયે મેં તેમને સાષ્ટાંગ પ્રણામ પણ કર્યાં હતા; પરંતુ તેઓ દક્ષિણેશ્વર જઇ જેને તેને કહેવા લાગ્યા કે, "ગિરીશઘોષ બે રોટલી ખાઇ મને બહુ બીભત્સ ગાળો દઇ રહ્યો છે." અનેક ભકતોએ કહ્યું કે, "પ્રભુ ! એ પાખંડી-પાપી-દુષ્ટને અમે ઓળખીએ છીએ. આપ તેને ત્યાં પણ જાઓ છો કે ? મારા વ્યવહારથી દુઃખી થઇ અનેક ભકતો મારો તિરસ્કાર કરવા લાગ્યા. ત્યાર પછી રામદાદા આવી પહોંચતાંજ પરમહંસદેવે તેમને સમસ્ત કહી સંભળાવ્યું. રામદાદાનો સ્વભાવ એવો વિચિત્ર હતો કે, કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મનુષ્ય પરમહંસદેવને કાંઇ પણ તિરસ્કારજનક શબ્દો કહે, તો તેમનામાં શક્તિ હોય કે ન હોય, પણ તેજ ક્ષણે તેઓ તે માણસને દંડ દેવા તૈયાર થઇ જતા. મેં કલકત્તામાં ગાળો દીધી હતી તે અને છેવટે મેં પ્રણામ કર્યા હતા તે પણ રામદાદાએ સાંભળ્યું હતું. પરમહંસદેવે તેમને જ્યારે સમસ્ત બનાવ કહી સંભળાવ્યો, ત્યારે તેઓ બોલ્યા કે, "સારુંજ કર્યું છે" પરમહંસદેવે સર્વ ભક્તોને કહ્યું: "સાંભળો–સાંભળો રામ શું કહે છે તે સાંભળો. મને મા–બહેન સુધી ગાળો દીધી છે છતાં એ કહે છે કે, સારું કર્યું છે." રામદાદા અવિચલ હતા. તેમણે કહ્યું: "સત્યજ છે. કાલીનાગને શ્રીકૃષ્ણ ભગવાને તિરસ્કાર કરી પૂછ્યું કે, 'તું શા માટે વિષ ઉદ્‌ગીરણ કરે છે?' ત્યારે તેણે કહ્યું કે, 'મહારાજ! તમે મને વિષ આપ્યું છે, તો પછી અમૃત ક્યાંથી ઉદ્‌ગીરણ કરું?' નાટકવાળા ગિરીશઘોષને તમે જે આપ્યું છે–અર્થાત્ તેનો જેવો તમે સ્વભાવ રચ્યો છે, તે વડેજ તેણે તમારી પૂજા કરી છે. જેના હૃદયમાં ભક્તિ છે તે ભક્તિપૂર્વક પૂજા કરે છે. જેના હૃદયમાં ગાળો છે, દુષ્ટતા છે તે તે વડેજ મનુષ્ય પ્રાણીનું પૂજન કરે એમાં આશ્ચર્ય શું?" એ સાંભળતાંજ પ્રભુનું મુખમંડલ રાતું થઇ ઊઠ્યું. મુખ ઉપરથી તેજપુંજ પ્રકાશવા લાગ્યો. તેમ છતાં તેઓ હાસ્ય કરી બોલ્યા કે, "ગમે તેમ હો. હવે તેને ઘેર જવું ઉચિત છે?" અનેક ભક્તોએ કહ્યું: "ના મહારાજ, જશો નહિ." પતિતપાવન પ્રભુએ કહ્યું: "રામ, ગાડી લાવવા માણસ મોકલ, ચાલ તેને ઘેર જઇએ." પરમહંસદેવ અનેક ભક્તો સહિત મારે ઘેર પધાર્યા. રામદાદા પણ આનંદથી મારી સાથે વાર્તાલાપ કરવા લાગ્યા, વિવેકાનંદ પણ તેમની સાથે હતા. તેમણે મને કહ્યું: "ધન્ય તમારી શ્રદ્ધા!" એમ કહી મારા ચરણની રજ પોતાને મસ્તકે ચડાવી. અવશ્ય તેમણે ધાર્યું હતું કે, પતિતપાવન, ઈશ્વરાવતાર ભગવાન શ્રીરામકૃષ્ણદેવે મારા ઉપર કૃપા કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં શા માટે પરમહંસદેવને ગાળો દીધી હતી તે જાણવા માટે વાચકોનું મન અધીરું થયું હશે. મેં ધાર્યું હતું કે હું ભક્તિહીન છું. હું પ્રભુની સેવા કરી શકીશ નહિ, પરંતુ પ્રભુ જો મારે ત્યાં પુત્રરૂપે અવતરે, તો મમતાવશ થઇ હું તેમની સેવા કરી શકું. હું મદમસ્ત થઇ એવીજ હઠ પકડી બેઠો કે, તમે મારા પુત્ર થાઓ. પ્રભુએ કહ્યું: 'શા માટે? હું તો તારો ગુરુ થઇશ. તારો ઇષ્ટદેવ થઇ રહીશ!' તેઓ પુત્ર થવા સંમત થયા નહિ તેથીજ મારે મોઢે આવીતેવી મેં તેમને ગાળો દીધી હતી. આશ્ચર્યની વાત તો એજ કે, તેઓ ઘણે વેગળે હોવા છતાં અંતર્યામી પ્રભુ જાણી શકચા હતા, તેથીજ મારા અંતરની વાત તે અંતર્યામી પ્રભુએ દક્ષિણેશ્વરમાં બધાંને કહી હતી. ધન્ય! રામદાદાનું વૃત્તાંત કહેતાં મારી કેટલીક કથા મેં કહી સંભળાવી."

પરમહંસદેવ સંબંધી કેટલાય વિશ્વાસુ–અવિશ્વાસુ જનો સાથે રામદાદાને વાતચીત થતી. ઘણો વાદવિવાદ પણ થતો. વાદવિવાદમાં જય પ્રાપ્ત કરવા રામદાદા યત્ન કરતા નહિ. વાદ કરનાર શંકાશીલ મનુષ્ય કયે પ્રકારે પરમહંસદેવનો આશ્રય ગ્રહણ કરે તે માટેજ રામદાદા વ્યાકુળ થતા. વાદવિવાદ પછી કોઇ માણસ તેમનું તાત્પર્ય સમજ્યા વગરજ ચાલ્યો જતો, તો રામદાદા આક્ષેપ કરતા કે, "અહા! પરમહંસદેવે મને એ માણસને સમજાવવાની શક્તિ આપી નહિ. અહા! એ મહાન અભાગીએ આવા દયાળુ પરમહંસદેવની કૃપાપ્રાર્થના કરી નહિ!" રામદાદા લોકો સાથે ઉચ્ચ કંઠે તર્કવાદ કરતા ખરા, પરંતુ અંતે તેમનો મનોભાવ સમજી શકાતો. તેઓ વાદ કરનાર મનુષ્યને દાંભિક, મૂર્ખ વગેરે વિશેષણો વડે ગાળો દેતા નહિ. તેને સમજાવવા જેટલી પોતાનામાં શક્તિ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાનું તેઓ કબૂલ કરતા. પોતાની ખામી-પોતાની ભૂલ સમજતા અને તે માટે પરમહંસદેવના ચરણમાં પ્રાર્થના કરતા. આવા બનાવો અનેક સમયે બન્યા છે. જે દિવસે પરમહંસદેવ બોલ્યા હતા કે, "મા! હવે હું વધારે બોલી શકતો નથી. રામ વગેરેને શકિત આપ. મા! જે કાંઈ કહેવું હશે તે એ કહીને બધા ભકતોને મારી પાસે લાવશે. હું તેમને સ્પર્શ કરી દઈશ" તે દિવસે રામદાદાનો ઉત્સાહ હજારોગણો વધી ગયો હતો. એ જોઈ અનેક મનુષ્યો અનેક વાતો કહેતાં, હાસ્ય-મશ્કરી પણ કરતાં, પરંતુ રામદાદાનો ઉત્સાહ દિનપ્રતિદિન બમણો વૃદ્ધિ પામતો ગયો હતો. મહાત્મા રામચંદ્ર વૈષ્ણવ-વંશમાં જન્મ્યા હતા. તેઓ મત્સ્યમાંસ તરફ તિરસ્કાર દર્શાવતા. બાલ્યાવસ્થામાં નાના ગામડામાં કોઈ કુટુંબીને ઘેર માંસભોજન કરવાનું કહેતાં, તેમણે એકલાએ નિરાધાર સ્થિતિમાં ત્યાંથી પલાયન કર્યું હતું અને ઘણું કષ્ટ વેઠી કલકત્તે આવ્યા હતા. એ બનાવ એક વખત શરૂઆતના અધ્યાયમાંજ લખાઇ ગયો છે. તેઓ નાસ્તિક હતા તે સમયે પણ વંશ-સંસ્કારને લીધે તેઓ માંસને સ્પર્શ કરતા નહિ. મત્સ્ય, માંસ તેમના બહુ-મૂત્ર રોગ માટે પથ્ય હતું. ડૉકટરો, વૈદ્યો અને કુટુંબીજનોનો આગ્રહ છતાં પણ તેઓ કદી તેનો આહાર કરતા નહિ.

કાશીપુરના બગીચામાં જે દિવસે પરમહંસદેવ કલ્પતરુ બન્યા હતા, તે દિવસે જે મનુષ્યોએ રામચંદ્રને જોયા હશે તેમના સ્મરણપટમાંથી રામચંદ્રની છબી કદી પણ ભૂંસાશે નહિ. મારા (ગિરીશ ઘોષના) ભ્રાતા અતુલકૃષ્ણ ઘોષ કહેતા કે, "પરમહંસદેવની કૃપા તો મેં રામબાબુની કૃપાના બળ વડેજ પ્રાપ્ત કરી છે. હું તો એક ખૂણામાં ઊભો રહ્યો હતો, બાબુ મારો હાથ ખેંચી મને પ્રભુની સન્મુખ લઇ ગયા હતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહા! એ વાતનું સ્મરણ કરતાં કરતાં અતુલકૃષ્ણ ગદ્ગદકંઠ થતા. રામબાબુની કૃપાનો સદ્ગુણ તે દિવસે અનેક મનુષ્યોએ અનુભવ્યો હતો.

મારી સાથે રામબાબુને અનેક દિવસપર્યંત વાર્તાલાપ થયો છે, પરંતુ કોઈ દિવસ અમે તર્કવાદ કર્યો નથી. પૂર્વેજ કહ્યું છે કે, "રામબાબુજ મારી પાસે ઉપદેશ શ્રવણ કરવા ઇચ્છા દર્શાવતા; પરંતુ જે સમયે મને પત્નીવિયોગ થયો તે સમયે અનેક ભક્તો સહાનુભૂતિ દર્શાવવા મારી પાસે આવતા. સહાનુભૂતિ દર્શાવવાનું દૂર રહ્યું; તેઓ કેવળ એમજ કહેતા કે, "ગિરીશદાદા! હવે તમે મુક્ત થયા છો. પુનઃ બંધન (બેડી) ગ્રહણ કરશો નહિ." હું સમજ્યો કે, પુનઃ વિવાહ કરવાનો બધા નિષેધ કરે છે; પરંતુ મારો મનોભાવ જાણી રામદાદાએ કહ્યું કે, "વિવાહ સંબંધી કહેતો નથી. હું જાણું છું કે તેની કલ્પના સુધ્ધાં તમારા મનમાં ઉદય પામશે નહિ. તમારે સંતાન-સંતતિ છે. તેમની સાથે આડંબરપૂર્વક સંસાર ચલાવશો નહિ. જેને બીજો ઉપાય નથી તે નિરુપાયે પત્નીવિયોગનું કષ્ટ સહન કરે છે, પરંતુ તમારે તો પ્રભુ રામકૃષ્ણદેવ છે. અન્ય આડંબરની આવશ્યકતા શી છે?"

શ્રીયુત મહેન્દ્રલાલ સરકારની વિજ્ઞાન-સભામાં રામદાદા રાસાયનિક-શિક્ષક હતા. તેઓ રાસાયનિક-પરીક્ષામાં સિદ્ધહસ્ત હતા એમ કહેવામાં અતિશયોક્તિ નથી. હું ત્યાં તેમનો વિદ્યાર્થી હતો. સભામાં જતી વખતે ઘણી વખત હું એમનીજ ગાડીમાં સાથે સાથે જતો. તે સમયે કોઇ કોઇ પંડિતના અનુમાન પ્રમાણે અંબજાન (હાઇડ્રોજન) દ્વારાજ સમસ્ત વસ્તુનો જન્મ થયો છે એમ તેઓ કહેતા તે સમયે માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંબજાન સંબંધીજ વાત. તેમનામાં એકજ ધૂન જણાતી કે, તે એકજ વસ્તુમાંથી બહુ વસ્તુનો જન્મ થયો છે, જડ વિજ્ઞાનમાં પણ એવુંજ પ્રમાણિત થયું છે. એવી વાર્તા થતાં થતાં પરમહંસદેવની વાત નીકળતી. મુગ્ધ થઈ રામદાદા કહેતા કે, "પ્રભુનું આશ્ચર્યકારક માહાત્મ્ય છે. જે જડ વિજ્ઞાને મને નાસ્તિક બનાવ્યો હતો. પ્રભુની કૃપાથી દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થતાંજ હું જોઇ શકું છું કે; પ્રતિ પરમાણુ પ્રકટ કરે છે કે, સર્વ અનંત છે, સર્વ આદિ અને અંતહીન છે! પ્રતિ પરમાણુમાં અનંત ચૈતન્ય પ્રત્યક્ષરૂપે વિરાજી રહ્યું છે. સભામાં થતી રાસાયણિક આલોચના, ઉચ્ચ-જ્ઞાન આલોચનામાં બદલાઇ જતી અને જ્ઞાનધાર શ્રીરામકૃષ્ણદેવની સ્તુતિ-સ્તોત્ર થયા પછી અમારો તે દિવસનો મેળાપ સમાપ્ત થતો.

ગુરુદેવ વ્યાધિગ્રસ્ત સ્થિતિમાં હતા તે સમયે શ્યામપુકુરમાં એક મકાન ભાડે રાખ્યું હતું, ત્યાં તેમનો નિવાસ હતો. એવામાં કાલીપૂજાનો દિવસ આવ્યો. પ્રભુએ શ્રીમાન કાલીપદ ઘોષ નામના એક ભકતને કહ્યું હતું કે, "આજે કાલીપૂજાની સર્વ તૈયારી કરવી." કાલીપદે અતિ ભક્તિપૂર્વક સર્વ તૈયારી કરી હતી. સંધ્યા સમયે પૂજાને ઉપયોગી સર્વ સામગ્રી પ્રભુ સંમુખ સ્થાપવામાં આવી. એક તરફ નાના પ્રકારની ભોજનસામગ્રી મૂકી હતી. બીજી તરફ પુષ્પનો ઢગલો, રક્તકમલ, રક્તજવાકુસુમ અધિક હતાં. પૂર્વપશ્ચિમ લાંબું મકાન ભકતજનો વડે પરિપૂર્ણ હતું. મકાનના પશ્ચિમ વિભાગમાં રામદાદા હતા. હું તેમની પાસેજ બેઠો હતો. મારું અંતઃકરણ અતિ વ્યાકુળ થઈ તડફડાટ કરતું હતું. પ્રભુની સંમુખ જવા માટે હું અધીર થઇ રહ્યો હતો. રામદાદાએ મને શું કહ્યું તેનું મને બરાબર સ્મરણ નથી; હું તે સમયે નિત્યના જેવી સાધા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણ સ્થિતિમાં ન હતો. હું એક પ્રકારની ધ્યાનાવસ્થામાં હતો. રામદાદાએ મારા વિચારો સમજી લઇ મને ઉત્સાહ પ્રેરતાં કહ્યું કે, "જાઓ, શા માટે જતા નથી?" રામદાદાના શબ્દો સાંભળી મારા મનમાં સંકોચ રહ્યો નહિ. ભક્તમંડલી-ની વચમાં થઇને હું ગુરુદેવની સંમુખ જઇ ઊભો. મને પ્રભુ-એ કહ્યું: "શું? શું? એ બધું આજે કરી શકાય કે?" તે વખતે મેં તરતજ કહ્યું: "પ્રભો! માત્ર ચરણમાં પુષ્પાંજલિ આપું?" એમ કહી બે હાથમાં પુષ્પ લઈ "જય મા!" શબ્દોચ્ચાર કરી ગુરુદેવના પાદપદ્મમાં ચડાવ્યાં; તેજ ક્ષણે સર્વ ભક્તો પ્રભુના પાદપદ્મમાં પુષ્પાંજલિ ચડાવવા લાગ્યા. પ્રભુ વરદાન આપવા બન્ને હાથ લાંબા કરી સમાધિસ્થ થઇ ગયા. એ દૃશ્ય જ્યારે મારા સ્મરણમાં આવે છે ત્યારે રામદાદા યાદ આવે છે અને એમ પણ યાદ આવે છે કે, રામદાદાએ મને સાક્ષાત્ કાલીપૂજાનો લાભ અપાવી કૃતાર્થ કર્યો.*

અંતે રામદાદાના ભક્તને ખાતરી આપવા માટેજ એક વાર્તાનો ઉલ્લેખ કરીએ છીએ. રામદાદાના દેહત્યાગ પછી એક દિવસ સ્વપ્નમાં ×મેં તેમનાં દર્શન કર્યાં હતાં. તપેલા સુવર્ણ જેવું સુંદર શરીર-વર્ણશરીર ઉઘાડું હતું. ઘૂંટણ સુધી ધોતિયું પહેર્યું હતું. મેં તેમને પૂછ્યું: "રામદાદા, હમણાં શું કરો છો?" રામદાદાએ ઉત્તર દીધો: "પ્રથમ જે કરતો હતો તેજ. ગુરુદેવની સેવા કરું છું." પરમહંસદેવ કહેતા કે, "દેવતાઓનું સ્વપ્ન એ સ્વપ્ન નહિ, પણ સત્ય સમજવું." હું ધારું છું કે, "દેવમૂર્તિ-રામદાદાનાં દર્શન થયાં હતાં તે સત્યજ હોવું જોઇએ.

* ગિરીશચંદ્ર ઘોષે કહેલું વૃત્તાન્ત અત્રે લખ્યું છે-**લેખક**

× મૂળ બંગાળી લેખક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ પરમહંસદેવની સેવામાં નિયુક્ત થઈ રહ્યા છે એ પણ સત્ય. તેમનો અમર આત્મા પરમહંસદેવની સેવામાં અનંત-કાળપર્યંતને માટે નિયુક્તજ રહેશે એ પણ સત્ય. અમે પરમહંસદેવનાં દર્શન કરીએ છીએ તે વખતે તેમનો અને રામદાદાનો આત્મા તેજ સ્થળે (કલકત્તા) સમાધિસ્થાનમાં હાજરજ હોય એ પણ સત્ય અને અમારી (ભક્તોની) પ્રાર્થના સાંભળી અમારું કલ્યાણ કરવા માટે ગુરુદેવ અને રામદાદા યત્ન કરશે એ પણ સત્ય. આપણાં શાસ્ત્રો કહે છે કે, **આત્મા અમર છે એ સત્ય**, પ્રેમથી જેઓ તેનું સ્મરણ કરે છે ત્યાં તે હાજર હોય છે એ પણ સત્ય.

समाप्त

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीनागमहाशयनुं जीवनवृत्तांत

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीनागमहाशयनुं जीवनवृत्तांत

प्रकरण १ लुं

જન્મ અને બાલ્યજીવન

જે મહાપુરુષનું જીવનવૃત્તાન્ત લખવા હું પ્રવૃત્ત થાઉં છું તેમને વિષે જગપ્રસિદ્ધ પૂજ્યપાદ સ્વામીશ્રી વિવેકાનંદ કહે છે કે, “જગતમાં હું બહુ ફર્યો પણ નાગમહાશય જેવો સાધુપુરુષ મેં કોઈ ઠેકાણે જોયો નથી.”

પૂર્વબંગાળામાં નારાયણગંજથી અર્ધો ગાઉ દૂર દેવભોગ નામે એક નાનું ગામ છે. અહીં સને ૧૮૪૬ ના ઑગસ્ટની ૨૧ મીએ *નાગમહાશયનો જન્મ થયો હતો. નાગમહાશયના પિતાનું નામ દીનદયાળ અને માતાનું નામ ત્રિપુરાસુંદરી હતું. દીનદયાળના પિતાનું નામ પ્રાણકૃષ્ણ અને માતાનું નામ રૂકિમણી હતું. આ કુટુંબનો મૂળ નિવાસ તિલારદિમાં હતો, પણ બેત્રણ પેઢીથી તેઓ દેવભોગમાં આવી રહ્યાં હતાં. દીનદયાળ સિવાય પ્રાણકૃષ્ણને બે કન્યા હતી. તેમાંની જ્યેષ્ઠ ભગવતી નવ વર્ષની વયે વિધવા થઈ મરણપર્યંત પિતાને ત્યાં રહ્યાં હતાં. કનિષ્ઠ ભારતીદેવી સંબંધી કાંઇ હકીકત મેળવી શકાઇ નથી. સાંભળ્યું છે કે, પિતૃગૃહે બહુ

*નાગમહાશયનું પૂર્ણ નામ દુર્ગાચરણ નાગ હતું; પણ પુસ્તકમાં વાચકને નાગમહાશય એજ નામથી પરિચય આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતાં નહિ અને ભગવતીની પહેલાં તે મરણ પામ્યાં હતાં.

નાગમહાશયના જન્મ પછી ચોથે વર્ષે તેમનાં બહેન શારદામણિને જન્મ થયો હતો, શારદામણિ પછી બે વર્ષે દીનદયાળને ત્યાં એક પુત્રીને જન્મ થયો હતો. પણ તે માત્ર ચાર માસ જ જીવી હતી. બે વર્ષ પછી ફરીથી ત્રિપુરાસુંદરીએ એક પુત્રને જન્મ આપ્યો હતો. સુવાવડમાંથી ઊઠ્યા પછી તુરતજ ત્રિપુરાને સુવારોગ લાગુ પડ્યો અને તેથી તે થોડા વખતમાં મરણ પામ્યાં. માતાના મરણ પછી એક મહિને બાળક પણ મરી ગયું.

પોતાની નણંદ ભગવતીને એક પુત્ર અને એક કન્યા સોંપી ત્રિપુરાસુંદરી આ લોક છોડી ગયાં. નાગમહાશયનું વય તે સમયે માત્ર આઠ વર્ષનું હતું. પિતાએ ફરીથી લગ્ન કર્યું નહિ. ભગવતી બાળવિધવા હતી. ઘણીજ માયાથી તે પોતાના ભાઈનાં બાળકોને ઉછેરતી. ભગવતી સંબંધે કાંઇ વાત નીકળતાં નાગમહાશય કહેતા કે, “ભગવતી ફોઈજ મારાં જન્મ જન્મનાં માતા હશે. એમના અત્યંત પ્રેમને લીધે મને મારી માતા કદી સાંભરી નથી.”

દીનદયાળ એક શ્રદ્ધાળુ અને આચારવાન હિંદુ હતા. તો કલકત્તામાં રાજકુમાર અને હરપ્રસન્નપાલ ચોધરીની પેઢીમાં સાધારણ નોકરી કરતા. કલકત્તામાં દીનદયાળનું એક નાનું ઘર હતું પાલબાબુ અને દીનદયાળ વચ્ચે શેઠ-નોકરને સંબંધ ન હતો, પણ તેઓ દીનદયાળને પોતાના કુટુંબી હોય એવોજ ગણતા. સત્યનિષ્ઠ, નિર્લોભી અને ધર્મભીરુ દીનદયાળ ઉપર પાલબાબુને અત્યંત વિશ્વાસ હતો. દીનદયાળને કોઇ દિવસ તેઓ ઊંચે સ્વરે કહેતા નહિ. એક વખત વર્ષ આખરે હિસાબ ગણતાં પાંચસાત હજાર રૂપિયાની ભૂલ આવી. દીનદયાળ ગોટાળો કરે નહિ એવો પાલબાબુને પૂર્ણ વિશ્વાસ હતો. તેમણે દીનદયાળને ખૂટતી રકમ ખર્ચ ખાતે લખી દેવા કહ્યું. દીનદયાળને આ રૂપિયા બાબત બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતું. એક વર્ષે ખૂટતા રૂપિયાનો હિસાબ મળ્યો. આથી પાલબાબુને દીનદયાળ પર દૃઢ વિશ્વાસ બેઠો અને દીનદયાળ કાંઇક પૈસા કમાય અને પૈસેટકે સુખી થાય એવી ગોઠવણ કરવા લાગ્યા. નિર્ધન પણ ધર્મપરાયણ દીનદયાળબાબુના નિર્લોભપણાનું એક દૃષ્ટાંત અત્રે આપું છું.

પાલબાબુ જથ્થાબંધ માલ બહારગામ મોકલતા. કોઇકવખત તેમને નારાયણગંજ પણ માલ મોકલવો પડતો. તે વખતે નારાયણગંજ જતાં રસ્તામાં ચોરનો બહુ ભય હતો. માલ હોડીમાર્ગે મોકલવો પડતો. પાલબાબુને દરેક હોડીની સાથે પોતાનો એક વિશ્વાસુ નોકર મોકલવો પડતો. એક વખત દીનદયાળને પણ હોડીની સાથે જવું પડ્યું. સહીસલામત સ્થાને પહોંચતાં પહેલાં સંધ્યાકાળ થઇ ગયો. તે દિવસે દીનદયાળ હાથમાં લાકડી લઇ આખી રાત જાગતા બેસી રહ્યા. રાત પૂરી થતાં આશરે પાંચ વાગે દીનદયાળ શૌચ ગયા. ત્યાં આગળ એક ખાડામાં તેમણે મહોરોથી ભરેલો એક ઘડો જોયો. દીનદયાળે મહોરને હાથમાં લઇ તપાસી જોઇને પાછી ત્યાંજ નાખી દીધી. શૌચ કાર્ય ઝટપટ પરવારી દીનદયાળબાબુ પાછા હોડી પર ચાલ્યા અને માછીઓને હોડી છોડવા હુકમ કર્યો. માછીઓએ દાતણપાણી પરવાર્યા પછી છોડવાનું કહ્યું પણ દીનદયાળે તે માન્યું નહિ.

" આ સ્થાન ભયંકર છે, હોડી એકદમ છોડો, " એવી દીનદયાળ બાબુએ આજ્ઞા કરી. હોડી બેચાર ગાઉ ગયા પછી દીનદયાળે માછીઓને હોડી લંગારવા કહ્યું. દીનદયાળ કહેતા કે, " ગુપ્તધન જોતાં મને લોભ થયો હતો, પણ શાસ્ત્રોની 'परद्रव्येषु लोष्टवत्' એ આજ્ઞા સાંભરી આવી અને મને પાપ કરતાં બીક લાગી." ફરીથી કદાચ લોભ ઉત્પન્ન થાય માટે દીનદયાળબાબુએ તુરતજ માછીઓને હોડી છોડવા આજ્ઞા કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશયના બાળજીવનની સંપૂર્ણ હકીકત મળી શકી નથી. બાળપણથીજ તે મિષ્ટભાષી, સુશીલ અને નમ્ર સ્વભાવના હતા. બાળપણમાં તેમનું શરીર હૃષ્ટપુષ્ટ અને મનોહર હતું. માથા પર લાંબા વાળ હોવાથી તે વધારે સુંદર લાગતા. નિર્ધનનું બાળક એટલે તેમના શરીર પર રૂપાના બે છડા સિવાય બીજી કાંઇ પણ જણસ હતી નહિ. તોપણ જ્યારે આ સુંદર મનોહર બાળક નાચ કરતું, ત્યારે સર્વ પાડોશીઓ તેમના તરફ એકીનજરે જોયા કરતાં. પાડોશની સ્ત્રીઓ આ બાળકને જોતાંજ કેડે લઇ લેતી અને તેને કાંઇક ખાવાનું આપતી, પણ બાળક કાંઇ લેતુંજ નહિ.

નાગમહાશય બાળપણથીજ બહુ શાંત હતા. સંધ્યા વખતે એકલા બેસી તે આકાશ તરફ જોયા કરતા. આકાશ, ચંદ્ર અને તારા જોઇ તેમને બહુ આનંદ થતો. તે કોઇ વખત ભગવતીને કહેતા કે, "મા! અહીં તો ગમતું નથી. ચાલો, આપણે આ તારા દેખાય છે તે દેશમાં જતા રહીએ." ચંદ્રને જોતાં નાગમહાશય નૃત્ય કરવા મંડી જતા. ભગવતીદેવી બાળકનો આનંદી સ્વભાવ જોઈ બહુ આનંદ પામતાં અને બાળકને વારંવાર ચુંબન કરતાં.

ભગવતીદેવી પુરાણની વાતો કહેવામાં બહુ નિપુણ હતાં. બાળકને ઊંઘાડવા માટે તે મહાભારત અને રામાયણમાંથી બહુ વાતો કહેતાં. ઘરમાં બહુ કામ હોય તો ભગવતીદેવી વાત કહેતાં નહિ, પણ બાળક વાત સાંભળ્યા વિના ઊંઘેજ નહિ, એટલે ગમે તેમ કરી ભગવતીને વાત કહેવી પડતી. ભગવતી જે વાતો કહેતાં તેનાં બાળકને રાત્રે સ્વપ્ન આવતાં. રાત્રે દેવદેવીનાં દર્શન થતાં તે ચમકી ઊઠતા. તે ભગવતીને ઊંઘમાંથી જગાડતા નહિ, પણ પથારીમાં શાંત બેસી રહેતા. રાત્રિ પૂરી થતાં નાગમહાશય પોતાના સ્વપ્નની વાત કહેતા. ભગવતી સર્વ વાતો સાંભળી આશ્ચર્ય પામતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનપણમાં નાગમહાશય બહુ રમતિયાળ ન હતા, પણ બીજાં બાળકોના આગ્રહથી કોઇ કોઇવાર રમવા જતા. રમતમાં જો કોઇ જૂઠું બોલતું, તો નાગમહાશય તેની સાથે વાત કરવાનું બંધ કરતા અને જ્યાં સુધી તે 'હવે જૂઠું નહિ બોલું' એવી પ્રતિજ્ઞા ન કરે ત્યાં-સુધી તેની સાથે મિત્રતા કરતા નહિ. કોઇ બે બાળકો લડતા તો નાગમહાશય બન્નેનું સમાધાન પણ કરી આપતા. દરેક બાળકને નાગમહાશય પર બહુ પ્રેમ હતો. રમતમાં અથવા હસવામાં પણ નાગમહાશય કદી જૂઠું બોલતા નહિ. નાગમહાશયનું આવું સચ્ચરિત્ર જોઇ આખા ગામને તેમના પર અત્યંત પ્રીતિ થતી હતી.

માતાના મૃત્યુ પછી નાગમહાશય ભગવતીદેવીના લાડમાં ઊછરવા લાગ્યા. વય વધતાં તેમને જ્ઞાનલાલસા ઉત્પન્ન થઈ. હાલની પેઠે તે વખતે સ્થળે સ્થળે નિશાળો નહોતી. નારાયણગંજમાં માત્ર એકજ બંગાળી નિશાળ હતી. નાગમહાશયે તે નિશાળમાં પોતાનો અભ્યાસ શરૂ કર્યો. આ નિશાળમાં ફક્ત ત્રણ ધોરણ હતાં. એટલું ભણી નાગમહાશયને અભ્યાસ છોડવો પડ્યો તેથી તેમને બહુ દિલગીરી થઈ. દિવાળી પર દીનદયાળ પોતાને ત્યાં ચાલ્યા, ત્યારે નાગમહાશય તેમની સાથે કલકત્તે ભણવા જવા તૈયાર થયા. પણ દીનદયાળે ના પાડી. દીનદયાળે કહ્યું કે, "સાધારણ આવકમાં તને ભણાવી શકાય નહિ." એ ઉત્તર સાંભળી નાગમહાશય બહુ ખિન્ન થયા. તેમની કલકત્તે જવાની આશા ભંગ થઈ! તેમણે હવે નજીકમાં કોઇ સ્કૂલની તપાસ કરવા માંડી. તપાસ કરતાં સાંભળ્યું કે ઢાકામાં ઘણી નિશાળો છે. ઢાકા ત્યાંથી પાંચ ગાઉ દૂર છે. ત્યાં ભણવા જવાથી દરરોજ દશ ગાઉ ચાલવું પડે. ભગવતીદેવીએ નાગમહાશયને ત્યાં ભણવા જવાની ચોખ્ખી ના કહી, પણ નાગ-મહાશયે તેમનું માન્યું નહિ. એક દિવસ કોઇને કહ્યા વિના તેઓ ઢાકા ચાલ્યા ગયા. આખો દિવસ નિશાળની શોધમાં ફર્યા. છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બંગાળી નિશાળ જોઇને ઘેર પાછા ફર્યા. ઘેર પાછા ફરતાં રાત પડી ગઇ. ભગવતી ફાનસ લઈ તેમને શોધવા નીકળ્યાં. ગામમાં ઘેરઘેર શોધી વળ્યાં. કોઇ ઠેકાણે માલૂમ નહિ પડવાથી ભગવતી ઘરમાં બેસી રડતાં હતાં. એટલામાં નાગમહાશય આવી પહોંચ્યા. ભગવતીએ તુરતજ તેમને ખાવાનું આપ્યું અને "સવારનો કયાં ગયો હતો ?" એમ પૂછતાં નાગમહાશયે સર્વ હકીકત તેમને કહી દીધી અને કહ્યું કે, "આવતી કાલથી નિશાળે ભણવા જવું છે. સવારે આઠ વાગે ખાવાનું કરી આપજો." નાગમહાશયનો અભ્યાસ માટે આગ્રહ જોઈ ભગવતીએ બિલકુલ આનાકાની કરી નહિ.

બીજે દિવસે નિશાળમાં દાખલ થવા માટે જોઇતા પૈસા લઇ નાગમહાશય ઢાકા ગયા અને ત્યાં નૉર્મલ સ્કૂલમાં દાખલ થયા. નિશાળમાં તે પંદર માસજ ભણ્યા. પંદર માસમાં ફક્ત બેજ દિવસ તે ગેરહાજર હતા. વરસાદના દિવસમાં પણ તે એક દિવસ ગેરહાજર રહ્યા નહોતા. એ પરિશ્રમથી તેમનું શરીર કાંઇક ક્ષીણ થયું હતું. તે કહેતા કે, "ઢાકા ભણવા જતાં મને કોઇ દિવસ કંટાળો આવ્યો નથી. જંગલની ઝાડીમાં પણ હું નિર્ભયપણે ચાલ્યો જતો. જો મને ભૂખ લાગતી તો એક પૈસાના ચણા લઇ ખાતો."

ઢાકાથી ઘેર આવતી વેળા તેમણે એક પ્રેત જોયું હતું. એ સંબંધમાં તે કહેતા કે, "ભૂત, પ્રેત વગેરે સર્વ સત્ય છે. શ્રીરામ-કૃષ્ણ પરમહંસ મારા ગુરુદેવ છે. તે પણ ભૂતપ્રેત સત્ય માને છે. ઢાકાથી જયારે ઘેર આવતો હતો ત્યારે એક દિવસ મેં ભૂત જોયું હતું. એક પીપળાના ઝાડની નીચે તે ઊભું હતું. હું ઘેર આવતો હતો તે વખતે મારી નજર તેના પર પડી. હું ચમકી ઘણા વખત સુધી ત્યાં ઊભો રહ્યો, પણ તે આકૃતિ ત્યાંથી ખસી નહિ; પછી મેં જરા હિંમત રાખી અને મેં તેનું કાંઇ બગાડ્યું નથી, મને તે શા માટે નુકસાન કરશે ? એવું ધારી હું ચાલવા લાગ્યો. હિંમતભેર હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઝાડ આગળથી પસાર થઇ ગયો. પસાર થઇ ગયા પછી મેં એક ભયાનક હાસ્ય સાંભળ્યું, પણ મેં પાછું ફરી જોયું નહિ. એ પછી બે ત્રણ વખત મારે આવું બન્યું હતું. પણ એ પ્રેતે કાંઇ કર્યું નથી."

નિશાળના એક શિક્ષકનો નાગમહાશય ઉપર બહુ પ્રેમ હતો. રોજ ચાલીને આવતા જોઇ તેમણે નાગમહાશયને પોતાને ત્યાં રહેવા કહ્યું હતું, પણ નાગમહાશયે તેમ કરવા ચોખ્ખી ના પાડી. નાગમહાશયની ખંત અને દૃઢતા જોઈ તે શિક્ષકે કહ્યું હતું કે, "આ બાળક કોઇ મહાન પુરુષ થવાનો છે." એવું ભવિષ્ય કથનાર શિક્ષક હાલ જીવિત નથી, નહિ તો પોતાની ભવિષ્યવાણી સત્ય ઠરેલી જોઇ તેમને અતિ આનંદ થાત.

ઢાકા નૉર્મલ સ્કૂલમાં એ થોડો વખતજ ભણ્યા છે, પણ એટલા સમયમાં તેમણે બંગાળી ભાષાનો બહુ સારો અભ્યાસ કર્યો હતો. તેમના અક્ષર બહુ સુંદર હતા. તે બંગાળીમાં લેખ પણ લખી શકતા. તેમણે ચારિત્ર્ય અને ધર્મ ઉપર કેટલાક નિબંધ પોતાની નોટમાં લખ્યા હતા. કલકત્તે ડૉકટરી અભ્યાસ કરવા આવ્યા ત્યારે તે બધા નિબંધ પુસ્તકાકારે છપાવી તેમને "બાળકોનો ઉપદેશ" એવું નામ આપ્યું હતું. આ પુસ્તક હજી પણ દેવ-ભોગમાં કોઇ કોઇ ઘેર જોવામાં આવે છે.

નાગમહાશયના પરમભક્ત હરપ્રસન્ન મજમુદારનાં પત્નીએ નાગમહાશયના મુખથી તેમના બાલ્યજીવન વિષે કેટલીક હકીકત સાંભળી છે. તેમણે કૃપા કરી આ લેખક ઉપર તેમના બાલજીવન વિષે એક પત્ર લખ્યો છે. તે પત્ર અત્રે પ્રકટ કરવામાં આવે છે.

પૂજ્ય બંધુ,

મને બાબાના (નાગમહાશયના) બાલજીવનની હકીકત બરાબર મળી નથી. તેમણે સ્વમુખથી મને જે કહ્યું છે તે અત્રે લખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. કેટલીક બાબતો તેમને પણ માલૂમ હશે. સત્ય વચન માટે તેમને કેટલું ખમવું પડયું છે એ વિષે તેમણે વાત કરી હતી. એક વેળા સ્વગામમાં છોકરાઓ સાથે તેઓ રમવા ગયા. રમતમાં બે પક્ષ પડયા હતા. રમતમાં કાંઇ તકરાર પડી. સામા પક્ષવાળાએ નાગમહાશયને સમાધાન કરવા કહ્યું. નાગમહાશયે પોતાના પક્ષનું હિત ન સાચવતાં સત્ય જોઇ ન્યાય કર્યો, તેથી નાગમહાશયનો પક્ષ હાર્યો. નાગમહાશયના પક્ષવાળા તેમના પર બહુ ગુસ્સે થયા અને તેમને ત્યાં ને ત્યાંજ ખૂબ માર માર્યો. એમનાં કપડાં પણ લોહીવાળાં થઇ ગયાં. એટલું બધું વાગ્યું છતાં તેમણે ભગવતીદેવીને બિલકુલ વાત કરી નથી; કારણ કે તે જાણતા હતા કે જો ભગવતીદેવી જાણશે તો પેલા છોકરાઓનાં માબાપ સાથે લડવા જશે. બીજી કેટલીક હકીકત જાણવા જેવી નથી. અમારા આદર્શ ત્યાગી ગુરુનું જીવનચરિત્ર તમે જનસમાજ સમક્ષ મૂકવા ધારો છો તેથી અમને આનંદ થાય છે.

લિ. ભગિની

નાગમહાશયનું વય દિન પ્રતિ દિન વધવા લાગ્યું. હવે તે બાળક મટી યુવક થયા હતા. ભગવતીદેવીએ તેમને માટે કન્યાની ગોઠવણ કરી, દીનદયાળને કલકત્તે પત્ર લખ્યો. વિક્રમપુર પાસેના રાઇજદિયા ગામના નિવાસી શ્રીયુત જગન્નાથદાસની પુત્રી પ્રસન્નકુમારી સાથે નાગમહાશયનો વિવાહ થયો. પ્રસન્નકુમારીને ત્રણ ભાઈ હતાઃ મહેશ, હરેન્દ્ર અને ભગવાનચંદ્ર. જગન્નાથદાસ એક વયોવૃદ્ધ ગૃહસ્થ હતા.

નાગમહાશય અને તેમની બહેન શારદામણિનાં લગ્ન એક દિવસે થયાં. નાગમહાશયનાં લગ્ન દિવસે થયાં હતાં. વિવાહ પછી પાંચ માસે નાગમહાશય કલકત્તે આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण २ जुं

કલકત્તે આગમન

કલકત્તે આવી નાગમહાશય (કૅમ્પબેલ મૅડિકલ સ્કૂલ) માં દાખલ થયા. એ સ્કૂલમાં તે દોઢ વર્ષ કરતાં વધુ રહ્યા નથી. નાગમહાશયે મૅડિકલ સ્કૂલ શા કારણથી છોડી તે માલૂમ પડ્યું નથી.

કૅમ્પબેલ સ્કૂલ છોડી નાગમહાશયે બંગાલના સુપ્રસિદ્ધ ડૉકટર વિહારીલાલ ભાદુરીની પાસે હોમિયોપથી શીખવાનું શરૂ કર્યું. નાગમહાશયના સચ્ચરિત્રને લીધે ભાદુરી મહાશય એમના પર બહુ પ્રેમ રાખતા અને બહુ કાળજીપૂર્વક શીખવતા હતા. તેમને પ્રેક્ટિકલ (પ્રયોગાત્મક) જ્ઞાન આપવા પોતાની સાથે દરદીને ત્યાં પણ લઇ જતા. નાગમહાશય સાંજસવાર ભાદુરી ડૉકટરને ત્યાં જતા અને ઘેર આવી હોમિયોપથીનાં પુસ્તકો વાંચતા. આવી રીતે બે વર્ષ વીતી ગયાં.

ડૉકટરનું કામ બરાબર જાણવા માટે હવે નાગમહાશયને કલકત્તેજ રહેવાનું હતું. એમનાં પત્ની હજી સુધી પિયરમાંજ હતાં, એટલે નાગમહાશયને પોતાનાં પત્ની સાથે બિલકુલ પરિચય થયો નહોતો. કોઈ વખત પરિચય થવાનો સમય આવતો, તોપણ નાગમહાશય ત્યાંથી છટકી જતા. દીનદયાળનાં ઘરમાં યોગમાયા નામની એક છોકરી હતી. તે ઘણી વખત દીનદયાળ સાથે કલકત્તે આવતી. તેણે સુરેશબાબુને એ વાત કરી હતી.

ભગવતીદેવીને પણ એ વાતની ખબર હતી, પણ તેમને એથી બહુ લાગતું નહિ. "હમણાં એની સ્ત્રી પર પ્રીતિ નથી તો પાછળથી થશે," એમ બોલી ભગવતીદેવી મન વાળતાં. પણ દુષ્ટ કાળરાક્ષસે ભગવતીની સર્વ આશાઓ ધૂળમાં મેળવી. આમાશયથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસન્નકુમારી મરણ પામવાના સમાચાર કલકત્તે આવ્યા. નાગમહાશયને દિલગીરી તો થઈ, પણ "ભગવાને મને સંસારબંધનથી મુક્ત કર્યો" એવા વિચાર આવવાથી કંઈક શાંતિ થઈ. દીનદયાલને એ સમાચારથી બહુજ ફટકો લાગ્યો. તેમણે ફરીથી દેશમાં જઈ પુત્રનો વિવાહ કરવાનું નક્કી કર્યું. પણ થોડા વખતમાં મનગમતી કન્યા મળી શકી નહિ, એટલે વિવાહનો ભાર પોતાના જમાઈ પર મૂકી પોતે નાગમહાશયને લઈ કલકત્તે આવ્યા.

નાગમહાશયે હવે પોતાનું હોમિયોપેથિક દવાનું કામ શરૂ કર્યું. એક નાની પેટી ખરીદી તેમાં દવાની શીશીઓ ગોઠવી નાગમહાશય ફળિયે ફળિયે ફરી ગરીબ દુઃખીને દવા આપવા લાગ્યા. ભાદુરી ડૉક્ટર કહેતા કે; "ગંભીર રોગ પણ નાગમહાશયના પ્રીસ્ક્રિપ્શન પ્રમાણે દવા આપવાથી સારો થતો હતો. રોગની પરીક્ષા કરી દવા આપવામાં નાગમહાશય બહુ હોશિયાર હતા." એક વખત નાગમહાશયનાં સાસુ કલકત્તે આવ્યાં હતાં. તે પણ પોતાના જમાઈનાં વખાણ કરતાં. ધીમે ધીમે નાગમહાશય કલકત્તામાં પ્રસિદ્ધ થવા માંડ્યા. હજી તો તે ભણવા પણ જતા. પોતાની વિદ્યાર્થી અવસ્થામાં પણ નાગમહાશય ગરીબ અને દુઃખી માણસોના આશ્રયદાતા થયા. ઇચ્છા હોત તો નાગમહાશય અત્યારથી પૈસા કમાઈ શકત, પણ તેમણે કદી તેમ કર્યું નહિ. તે ધંધા તરીકે કોઈને દવા આપતા નહિ. માત્ર ગરીબનેજ આપતા.

નાગમહાશયનો સ્વભાવ બહુ પરોપકારી હતો. પરોપકાર કરવાની તક મળતાં તે કદી ચૂકતા નહિ. પારકાને માટે હલકું કામ કરતાં પણ અચકાતા નહિ. તેમના પિતાના મિત્રો તેમની પાસે બજારમાંથી કેટલીક ચીજો મંગાવતા. નાગમહાશય તેમનાં ચોખાદાળનાં મોટાં પોટલાં પણ ઊંચકી લાવતા. એક સારા ડૉક્ટરને મજૂરી કરતાં પણ શરમ આવતી નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિપત્તિમાં આવી પડેલા ગમે તેવા મનુષ્યને મદદ કરવામાં નાગમહાશય તૈયાર રહેતા હતા. તેમની પોળમાં પ્રેમચંદ મુનશી નામનો એક મહાકૃપણ ગૃહસ્થ રહેતો હતો. તેની પાસે ઘણા પૈસા હતા, છતાં પ્રેમચંદ ચાકર રાખતા નહિ. પોતાના એક પિત્રાઇ ભાઈ પાસે રંધાવતા અને પાણી પણ તેની પાસે ભરાવતા. પૈસા ખર્ચવાના ભયને લીધે પ્રેમચંદ મુનશી પોળમાં કોઇ સાથે સંબંધ રાખતા નહિ.

પ્રેમચંદ મુનશીનો પિત્રાઈ ભાઇ થોડા વખત પછી અચાનક મરણ પામ્યો. પ્રેમચંદ પોળમાં ઘેર ઘેર ફરી આવ્યા પણ કોઈ એની સાથે શ્મશાન જવા કબૂલ થયું નહિ. આખરે પ્રેમચંદ નાગમહાશય પાસે આવ્યા. નાગમહાશય અને તેમના પિતા બન્ને શબદાહ કરવા શ્મશાનભૂમિમાં ગયા.

ભાદુરી મહાશયને ત્યાં એક વર્ષ થયા પછી નાગમહાશયને સુરેશબાબુ સાથે પરિચય થયો. સુરેશ તેમને 'મામા' કહેતો. સુરેશ હાટખોલાના પ્રસિદ્ધ દત્તવંશનો હતો. શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનો પરિચય થતાં પહેલાં સુરેશ બ્રાહ્મસમાજી હતો. સુરેશ નિરાકાર બ્રહ્મવાદી દેવદેવી કંઇ માનતો નહિ, આ બાજુ નાગમહાશય અત્યંત શ્રદ્ધાળુ, હિંદુ દેવદેવી તો શું પણ બ્રાહ્મણ સુધ્ધાંને અતિશય માન આપતા. કોઇ કોઈ વખત બન્ને વચ્ચે ઘોર વાગ્યુદ્ધ થતું. નાગમહાશય કહેતા કે, "હિંદુનાં દેવદેવી પણ સત્ય અને તમારું બ્રહ્મ પણ સત્ય. અનેક સાધનભજનના પ્રભાવથી અનેક જન્મે બ્રહ્મજ્ઞાન થાય છે અને તે પણ લાખમાંથી એકબેનેજ. વેદ, પુરાણ, તંત્ર, મંત્ર, એ બધું તમે જૂઠું કહો છો? બ્રહ્મજ્ઞાન એ મનુષ્યજીવનનું પરમ લક્ષ્ય ખરું, પણ આ બધા બ્રહ્મજ્ઞાનનાજ રસ્તા છે. મહામાયાની કૃપા વિના કોણ બ્રહ્મજ્ઞાની થઈ શકે એમ છે?" સુરેશ ધીમેથી ઉત્તર આપતો: "મામા! અમે તો તમારાં દેવદેવીઓને બિલકુલ માનતા નથી." સુરેશ ગમે તેમ બોલતો, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશયની શ્રદ્ધા અને દઢતા જોઈ તે બહુ આશ્ચર્ય પામતો.

સુરેશ દરરોજ સંધ્યાકાળે નાગમહાશયને ત્યાં જતો. બન્નેને દરરોજ વાદવિવાદ થતો, પણ કોઇ પોતાનો મત છોડતું નહિ. એવા વિરુદ્ધ પ્રકૃતિના અને વિરુદ્ધ મતના બે પુરુષોને કેવી રીતે મૈત્રી થઇ તે કહી શકાતું નથી. સુરેશ અને નાગમહાશયની મૈત્રી સાધારણ મૈત્રી ન હતી. તેઓ ઈશ્વરસિવાય બીજી વાતો ભાગ્યેજ કરતા. બન્નેની મૈત્રી જીવનપર્યંત ટકી રહી હતી.

સુરેશ કોઇ કોઇવખત નાગમહાશયને કેશવચંદ્ર સેનની સમાજમાં લઈ જતો. કેશવની ભક્તિ અને ભાષણ જોઇ તેમને બહુ આનંદ થતો, પણ સમાજનો આચારવ્યવહાર તેમને પસંદ પડતો નહિ. બ્રાહ્મસમાજે પ્રકટ કરેલાં ચૈતન્યચરિત, મુસલમાન સાધુનાં જીવન ઇત્યાદિ પુસ્તકો તે બહુ પ્રેમથી વાંચતા. સમાજનું* 'આમાર દે મા પાગલ કરે, આર કાજ નહિ જ્ઞાન વિચારે' એ ભજન તે ઉન્મત્ત ભાવથી ગાતા. તેમનો કંઠ બહુ સારો નહોતો

સુરેશ કહે છે કે, "તેને પ્રથમ પરિચયથીજ નાગમહાશય સંસારઆસક્તિશૂન્ય છે એવું લાગ્યું હતું. તે બાલ્યાવસ્થાથીજ સદાચારી ધર્મનિષ્ઠ હતા." નાગમહાશય આજીવન લોકાચાર, દેશાચાર અને ગૃહસ્થાચાર માનતા. પૂર્વ બંગાળમાં એક માણસ નાસ્તિકમતનાં કેટલાંક પુસ્તકો વાંચી લોકોમાં તે વિચાર ફેલાવતો હતો.નાગમહાશયનો તેની સાથે મેળાપ થયો. નાગમહાશય સાથે તેણે તર્કથી વાત કરવા માંડી. નાગમહાશય તર્કમાં હાર્યા તોપણ તેમણે ઉચ્ચ સ્વરે કહ્યું:" તમે ગમે તેમ કહો પણ ઈશ્વરના અસ્તિત્વ સંબંધી મને બિલકુલ સંશય નથી. ઈશ્વર છે તે છેજ." પોતે ઉચ્ચ શ્રેણિના સાધુ થયા પછી પણ કહેતા કે, "ઈશ્વર છે કે નહિ

* હે મા! અમને તારા પ્રેમમાં પાગલ (ગાંડા) બનાવી દે. અમારે જ્ઞાન-વિચારનું કામ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વિષે શા માટે વિચાર કરો છો? તમે સાધન કરી જુઓ, એટલે જરૂર માલૂમ પડશે. ઈશ્વર છે એની સાબિતીની જરૂર નથી. ઈશ્વર સ્વતઃ પ્રકાશજ છે."

હવે નાગમહાશયનું મન ડૉકટરી શીખવામાં રહ્યું નહિ. હવે એમનું ચિત્ત ધર્મ પર ગયું હતું. પિતાને દુઃખ થાય એમ ધારી તે ભાદુરીને ત્યાં જતા. નાગમહાશય સંસ્કૃત જાણતા નહોતા, તેથી તેમણે પુરાણ, તંત્રાદિ પુસ્તકોનું બંગાળી ભાષાંતર વાંચવાનું શરૂ કર્યું. કોઇ પંડિત નજરે પડતાં તેઓ તુરતજ તેમની પાસે જતા અને શાસ્ત્રની બાબતો પૂછતા. નિત્ય ગંગાસ્નાન કરતા અને એકાદશીનું વ્રત નિયમિત રૂપે કરતા. દરરોજ સાયંકાળે તે કાશી-મિત્રના શ્મશાનઘાટ પર ફરવા જતા. કોઇ કોઇ વખત રાત પડતી તોપણ ચિંતાતુર હૃદયે ત્યાંજ બેસી રહેતા. રાત્રિ ગંભીર! મનુષ્ય-શબ પોતાની છાતી પર લઇ ચિતા સળગે છે! શ્મશાનવાસી વૃક્ષો સાથે એકતાર મિલાવી શ્મશાનવાહિની ગંગા જીવનમરણનાં ગાન ગાય છે. એ ગાન સ્પષ્ટ સમજાતું નથી, પણ હૃદયસ્પર્શી છે! આવે સ્થળે બેસી નાગમહાશય વિચાર કરતા કે, "અનિત્ય! સર્વ અનિત્ય! સંસાર અનિત્ય! સત્ય માત્ર ભગવાન! તેને ન જાણ્યો-ન જોયો તો જીવન વ્યર્થ! એ ભગવાનને કેવી રીતે જોવો? મને એ માર્ગ કોણ બતાવે?"

કાશીમિત્રના શ્મશાનઘાટ પર કોઇ કોઇ વેળા સાધુ, સંન્યાસીઓ અને સાધકો આવતા. નાગમહાશય દરેકને અનેક સવાલો પૂછતા, કોઇ તેમને બરાબર ઉત્તર આપતા નહિ. નાગમહાશયે જાણ્યું કે, "સાધકનો મોટો ભાગ સિદ્ધિમાંજ ભટકે છે. પરાભક્તિ તેમના જીવનનો ઉદ્દેશ નથી." એ ઘાટ પર તેમને એક તાંત્રિક સાથે મેળાપ થયો. નાગમહાશયે તેને વામાચાર વિષે કેટલીક હકીકત પૂછી. તેણે નાગમહાશયને કેટલીક બીભત્સ ક્રિયા બતાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય એકદમ ચમક્યા! તેમણે તાંત્રિકને કહ્યું: "તમે ધર્મને નામે બહુ પાપ કરો છો. તમે તંત્રનો ખરો મર્મ સમજ્યાજ નથી." તાંત્રિક ત્યાંથી એકદમ ચાલ્યો ગયો. એવા સાધુ અને સંન્યાસીનો મેળાપ થવાથી નાગમહાશયને કોઇ વખત ધર્મમાં અશ્રદ્ધા ઉત્પન્ન થતી હતી. તેમને એક વૃદ્ધ બ્રાહ્મણ પર બહુ શ્રદ્ધા હતી. એ બ્રાહ્મણ તાંત્રિક મત પ્રમાણે સંન્યાસ લઇ શ્મશાનમાં સાધના કરતો હતો. બ્રાહ્મણ બહુ સદાચારી અને સાત્ત્વિક હતો. તેનામાં ભેદબુદ્ધિ બિલકુલ હતીજ નહિ. બ્રાહ્મણે તંત્રસાધનાનો ગૂઢ મર્મ અને ષટ્ચક્રરહસ્ય નાગમહાશયને બતાવ્યાં. નાગમહાશયે તંત્રમત પ્રમાણે સાધન કરવા ઇચ્છા બતાવી. પેલા બ્રાહ્મણે કહ્યું: "ભાઇ અત્યારે આપણા દેશમાં તંત્રને નામે માયામુગ્ધ જીવો બહુ પાપ કરે છે. મેં તને તેનું ખરું રહસ્ય સમજાવ્યું છે. એ પ્રમાણે સાધન કરજે. મા જગદંબા જરૂર તારું કલ્યાણજ કરશે. તારી ઈશ્વરદર્શનની લાલસા પણ પૂર્ણ થશે." આ બ્રાહ્મણ માટે નાગમહાશય કહેતા કે, "એ બ્રાહ્મણ સાધનમાર્ગમાં ઘણો આગળ વધેલો હતો. તેને સદેહે જ્ઞાન થયું હતું."

એ વૃદ્ધ બ્રાહ્મણના ઉપદેશ અનુસાર નાગમહાશયને કોઇ કોઇ વખત અર્ધરાત્રે શ્મશાનભૂમિમાં જઇ જપ કરવા પડતા. એક દિવસ ધ્યાન કરતાં કરતાં તેમને શુભ જ્યોતિનાં દર્શન થયાં. ત્યારથી તો નિયમિતરૂપે રાત્રે શ્મશાનમાં જઇ જપ અને ધ્યાન ધરતા.

એ વાત દીનદયાળે જાણી ત્યારે તેમને પોતાના પુત્ર માટે ચિંતા થવા લાગી. પોતાનો યુવાન પુત્ર સંસારવાસનાનો ત્યાગ કરવા સાધન કરે છે એવું જાણી કયા સંસારમુગ્ધ પિતાને શોક ન થાય? તેમણે તુરતજ પોતાના જમાઇ ઉપર પુત્ર માટે કન્યાની ગોઠવણ કરવા પત્ર લખ્યો. દીનદયાળ ધારતા કે, "પુત્ર યુવાન છે. સંસારબંધન નથી. એટલે શ્મશાનમાં જઇ સાધુસંન્યાસીની સાથે બેસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. લગ્ન થયા પછી તે બધું છોડી દેશે.” પણ મનુષ્યની ધારણા ક્યારે સફળ થાય છે?

તેમના જમાઈએ તુરતજ એક કન્યા શોધી કાઢી. એ કન્યાનું નામ શરત્‌કામિની હતું. તેના પિતા દેવભોગમાંજ રહેતા હતા. કન્યાની ખબર કલકત્તે આવી. પિતાએ નાગમહાશયને વિવાહ સંબંધી વાત કહી, પણ નાગમહાશયે પુનઃ લગ્ન કરવા ચોખ્ખી ના પાડી. દીનદયાળે તેમને બહુ સમજાવ્યા, પણ નાગમહાશય બિલકુલ સમજ્યા નહિ. એક દિવસ રીસમાં દીનદયાળબાબુએ ઉપવાસ કર્યો. નાગમહાશયે પણ તેમ કર્યું. બન્નેનો આખો દિવસ અશાંતિમાં ગયો. દીનદયાળે ક્રોધમાં આવી કહ્યું: “તારે માટે અમારે જુઠ્ઠા ઠરવું? મેં નક્કી કર્યું તે હવે ના કેમ કહેવાય?”

નાગમહાશય: “એકવાર તો પરણ્યો હતો. તે બિચારી મરી ગઈ. હવે બીજી પરણાવી તેને શા માટે મૃત્યુસુખમાં સોંપો છો?”

દીનદયાળ: “તેનું નસીબ એવું હતું કે તે મરી ગઈ! તેં તો નથી મારી નાંખીને? વિધાતાએ જે નિર્માણ કર્યું હશે તે થશે. પણ જો તું મારું કહ્યું નહિ માને તો તારું કશું ભલું થવાનું નથી. તું એમ ધારે છે કે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી તું ધર્મમાં ઉન્નત થઇશ?”

મહાવિપદ! એક બાજુ પિતાની આજ્ઞા! બીજી બાજુ ધર્મમાર્ગમાં વિઘ્ન! સ્ત્રીસંગ નરકનું દ્વાર છે, તેમાં દાખલ થવા પિતાની આજ્ઞા! અરે ભગવાન! શું થશે! એક દિવસ નાગમહાશયે પિતાને કહ્યું: “જુઓ, લગ્ન કરવાથી માણસને બહુ કષ્ટ સહન કરવું પડે છે. લગ્ન કર્યા પછી ધર્મમાર્ગમાં વધવું બહુ કઠણ છે. તમે આગ્રહ છોડી દો અને મને આ બંધનમાં ન નાખો. મારું શરીર છે ત્યાં સુધી હું તમારી સેવા કરીશ. ઘેર પુત્રવધૂ આવી સેવા કરશે, તેના કરતાં હું તમારી વધારે સેવા કરીશ. મને કૃપા કરી બંધનમાં ન નાખો.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રનું વિષાદપૂર્ણ વદન જોઇ અને તેના શબ્દો સાંભળી વૃદ્ધને બહુ દુઃખ થયું. તેઓ વિચાર કરવા લાગ્યા કે, "એના સુખને માટે હું એને પરણવા આજ્ઞા કરું છું, પણ જો લગ્નથી તે દુઃખી થતો હોય તો મારે શા માટે એને આગ્રહ કરવો? એ મન! લગ્ન કરાવવાના વિચાર માંડી વાળ." દીનદયાળના મનને તેમનો આ વિચાર ગમ્યો નહિ. દુર્ગાચરણ લગ્ન કરી પુત્રવાન થાય અને દીનદયાળનો વંશ જગતમાં કાયમ રહે એવુંજ તેમના મનને તો ગમતું હતું. તે વખત વૃદ્ધ કાંઇ બોલ્યા નહિ. એક દિવસ વૃદ્ધ એકલા બેસી રુદન કરતા હતા. નાગમહાશય તે વખત ઘરમાં ન હતા. ઘરમાં આવતાં પોતાના વૃદ્ધ પિતાને રુદન કરતા જોયા. નાગમહાશયને પોતાની જાત પર તિરસ્કાર આવ્યો. તે વિચાર કરવા લાગ્યાઃ "પિતા સિવાય આ જગતમાં મારું ખરું સગું અન્ય કોઈ નથી! અરે! મારા તરફથી તેમને આટલું દુઃખ? નાગ! તારા ધર્મને નાખ ખાડામાં! અને આજથીજ પિતાની આજ્ઞાનું પાલન કરવાનું વ્રત લે. જો વિવાહ કરવાથી પિતાને શાંતિ થતી હોય તો, તું તેમ કર." આવો વિચાર કરી નાગમહાશય પિતા પાસે આવ્યા અને કહ્યું; "પિતાજી! હું લગ્ન કરવા તૈયાર છું."

દીનદયાળને પુત્રના વચન પર શ્રદ્ધા બેઠી નહિ. તેમણે ખિન્ન હૃદયે અને અશ્રુપૂર્ણ નેત્રે પુત્રના મુખ સામું જોયા કર્યું. નાગમહાશયે ફરીથી કહ્યું:—"આપ દેશમાં ત્વરાથી પત્ર લખો અને લગ્નની તારીખ નક્કી કરવા સૂચવજો."

દીનદયાળ બહુ પ્રસન્ન થયા. તેમણે ગદ્ગદ સ્વરે કહ્યુંઃ "તેં મારું માન રાખ્યું તે બહુ સારું કર્યું. વિવાહ કર, પછી તારે જેમ કરવું હોય તેમ કર્યા કરજે. હું તને બિલકુલ કંઈ કહીશ નહિ. હું આશીર્વાદ આપું છું કે ભગવાન તારી ભાવના પૂર્ણ કરશે." દીનદયાળબાબુ તુરતજ પાલબાબુને ત્યાં ગયા અને તેમને શુભ સમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર કહ્યા. પાલબાબુએ લગ્નનો અર્ધખર્ચ પોતાને શિર રાખ્યો.

સર્વ આનંદમાં છે, પણ જેનાં લગ્ન છે તેના હૃદયમાં તો દારુણ અગ્નિ! પિતાને વચન આપી નાગમહાશય બહાર ચાલ્યા ગયા. તેમણે આખો દિવસ એકાંતમાં ફર્યા કીધું અને આખી રાત ગંગાના કિનારા ઉપર બેસી રુદન કર્યું. "અન્ય રોગીને માટે વૈદ છે પણ મારા રોગનો વૈદ ક્યાં હશે? મારું દુઃખ હું કોને કહું?" આવા આવા અનેક વિચારો કરી આખી રાત તેમણે રુદન કરવામાં કાઢી. દીનદયાળને એ વિષે કાંઇ માલૂમ પડ્યું નહિ. તેમણે તો વિવાહની તારીખ નક્કી કરવા ઘેર પત્ર લખ્યો અને લગ્નસામગ્રી ખરીદવા લાગ્યા.

ધીમે ધીમે સર્વ વસ્તુઓ દીનદયાળબાબુ લઈ આવ્યા. વરને માટે કપડાં લાવવાનાં બાકી રાખ્યાં. દીનદયાળે નાગમહાશયને પોતાને મનપસંદ કપડાં લઈ આવવા કહ્યું. નાગમહાશયે પોતાના પિતાનેજ એ કામ સોંપી દીધું.

આજે દેશમાં જવાનું છે. દીનદયાળ સામાન તૈયાર કરવામાં રોકાયા છે. નિયમ પ્રમાણે આજે પણ નાગમહાશય ગંગાતીરે ગયા. ઘેર આવતી વેળા તેમણે ગંગાને પ્રણામ કરી કહ્યું: "મા! સાંભળ્યું છે કે તું પતિતપાવની છે! સંસારઆશ્રમમાં જવાથી જો મારા શરીરે મલિનતાનો કાદવ લાગે તો કૃપા કરી ધોઈ નાખજે. મને હરનિશ તારા ચરણમાં રાખજે." નાગમહાશય ઘેર આવ્યા એટલે પિતાપુત્ર સ્ટેશન પર ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ३ जुं

પુનઃલગ્ન અને ડૉકટરનો ધંધો

લગ્ન સંબંધી વાત નીકળતાં નાગમહાશય કહેતા કેઃ "માત્ર ઉત્તમ પ્રજાની વાસનાથી લગ્ન કરવામાં કાંઇ દોષ નથી, પણ હાલના જમાનામાં તેમ થઈ શકતું નથી. પૂર્વના ઋષિમુનિઓજ એ કામ કરી શકતા. વ્યાસ, શુકદેવ, સનક અને સનત્કુમાર જેવા પુત્રો જગતને સોંપી તેઓ વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરતા. આ જમાનામાં ભાગ્યેજ કોઇ તેમના જેવું કરી શકે એમ છે. હાલનાં લગ્ન તો એક જાતનો વ્યભિચારજ છે!" તે પછી પોતાના પુનઃલગ્ન માટે બોલતા કે, "શું કરું? પિતૃઆજ્ઞાને માન આપી મારી ઇચ્છાવિરુદ્ધ મારે પરણવું પડયું."

લગ્ન પહેલાં પાંચછ દિવસ અગાઉ પિતાપુત્ર દેશમાં આવી પહોંચ્યા. જોતજોતાંમાં શુભ દિવસ આવી પહોંચ્યો. કન્યાનું ઘર ગામમાંજ હતું. લગ્નપ્રસંગે દીનદયાળે બહુ ધામધૂમ કરી હતી. નિર્વિઘ્ને શુભ કાર્ય સમાપ્ત થયું. સંસારબદ્ધ ન થતાં ઈશ્વરદર્શનને માટે પુરુષાર્થ કરવાની નાગમહાશયની આશા ભાંગી પડી! પોતે વિચાર કરવા લાગ્યાઃ "શું હવે હું સંસારમાં પડયો? પૈસા કમાવા પડશે? મારે અન્યની ગુલામગીરી કરવી પડશે? નહિ, હું તો જીવનપર્યંત કોઈની નોકરી નહિ કરું." ડૉકટરનો ધંધો કરવાનું નક્કી કરી પિતાપુત્ર પાછા કલકત્તે આવ્યા. સુરેશ કહે છે કે, ત્યાંથી આવીને તુરતજ નાગમહાશયે પોતાનો ડૉકટરી ધંધો શરૂ કર્યો. તે દરદીને ત્યાં વિઝિટ કરવા પણ જતા.

ધાર્મિક પુસ્તકો વાંચવામાં, રોગીની સારવાર કરવામાં, ભગવાન વિષે વાતો કરવામાં નાગમહાશયના દિન આનંદમાં જતા હતા.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવામાં એકાએક ભગવતીદેવીની માંદગીના સમાચાર આવ્યા. નાગમહાશય તુરતજ પાછા દેશમાં ગયા. નાગમહાશયને જોતાંજ વૃદ્ધ ફોઈબા બોલી ઊઠયાં: "દીકરા ! તું બિલકુલ ડરીશ નહિ. રામજી જે કરશે તે ખરું. હવે તું મોટો થયો છે. હવે સંસારમાં મારું કાંઈ કામ નથી, તારું સુખ જોયું. હવે હું મરીશ તેની મને ફિકર નથી." નાગમહાશયે તેમને પોતાની દવા ચાલુ કરી પણ દવાએ કાંઇ અસર કરી નહિ. ભગવાનને હવે તેમને વધારે વખત સંસારમાં રાખવાં નહોતાં. મૃત્યુ પૂર્વે તેમણે નાગમહાશયને પોતાની પાસે બોલાવ્યા અને બધાંએ ભોજન કર્યું કે નહિ તે વિષે પૂછી જોયું. મરણકાળ પહેલાં પંદર મિનિટ પર તો તે જપ કરતા હતાં. તેમણે નાગમહાશયને કહ્યું: "હવે વિલંબ નથી. રામજી મને બોલાવે છે." નાગમહાશયને માથે હાથ મૂકી ડોશીએ કહ્યું: "બેટા તારા બાપે તારા જીવન વિષે મને કાંઈક કહ્યું છે. તું પુરુષાર્થ કરજે, પુરુષાર્થ કરવામાં કદી પાછો ન પડીશ; તારાં લગ્ન થવાથી તને કાંઇ વિઘ્ન નહિ આવે. ઈશ્વરકૃપા માટે પ્રાર્થના કરજે. ઈશ્વર તને જરૂર સહાય કરશે." આટલું બોલી ડોશી પડી ગયાં. સુખમાંથી 'રા' શબ્દ નીકળતાંજ એમનો પ્રાણવાયુ નીકળી ગયો! નાગમહાશયનાં બીજીવારનાં લગ્ન પછી સાત વર્ષે ભગવતીદેવીનું મરણ થયું.

અત્યારસુધી શોક શી વસ્તુ છે તે નાગમહાશય સમજતાજ નહિ. તેમને પોતાની પત્ની સાથે હજી સ્નેહ બંધાયો ન હતો. માતા નાનપણમાં મરી ગયાં હતાં, પણ ભગવતીદેવીના સ્નેહે તે વખતે તો તેમનો શોક ભુલાવી દીધો હતો. છતાં ભગવતીના મરણથી નાગમહાશયને બહુ આઘાત થયો. તેમનાથી ઘરમાં રહી શકાતું નહિ. કોઇ કોઇ વખત તે ભગવતીદેવીની ચિતાભૂમિમાં જઇ આખી રાત ત્યાં બેસી જપ કરતા. કોઇ કોઇ વેળા જંગલમાં ચાલ્યા જતા. તેમની નાની બહેન શારદા કહે છે કે, "એ વખતે મારો ભાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉન્મત્ત (ગાંડા) જેવો થઇ ગયો હતો. અમે એને પરાણે ખવડાવતાં. કોઇ કોઇ વખત અમારા ઘરની પાછળના મેદાનમાં તે શબની માફક પડી રહેતા. એમની આવી દશા જોઇ અમે કલકત્તે પત્ર લખી અમારા પિતાશ્રીને તેડાવ્યા હતા."

ભગવતીદેવીની મરણક્રિયા પરવારી નાગમહાશય પિતા સાથે કલકત્તે આવ્યા. શોકનો વેગ કાંઇક ઓછો થયો, પણ તેના બદલામાં તેમને એક બીજી ચિંતા પેઠી. નાગમહાશય રાતદિવસ એજ વિચાર કરતા કે, "મનુષ્ય જગતમાં શા માટે જન્મે છે? શા માટે મરે છે? મૃત્યુ પછી તેની શી સ્થિતિ થતી હશે? ભગવતીદેવી ક્યાં હશે? તે કયા લોકમાં વસતાં હશે? મારું માથું દુઃખતાં ફોઇબાનો જીવ નીકળી જતો. તે હવે પાછું ફરીને જોતાં પણ નથી? શું મરણ થતાં બધો સંબંધ તૂટી જતો હશે? જો એમજ હોય તો પછી લોકો દુનિયામાં 'મારું મારું' કેમ કરતાં હશે? જન્મ, જરા અને મૃત્યુનું રહસ્ય શું? મારું કર્તવ્ય શું? મારો ગુરુ ક્યાં હશે?" નાગમહાશય આખો દિવસ એવા એવાજ વિચારમાં મગ્ન રહેતા.

નાગમહાશય પૈસા લઇને દવા આપતા, પણ કોઇ પાસે પૈસા માગી શકતા નહિ. દરદી પોતાની ઇચ્છાથી જેટલા પૈસા આપતો તે લઈ નાગમહાશય સંતોષ પામતા. એથી તેમનું કામ દિવસે દિવસે વધવા લાગ્યું

નાગમહાશય બિલકુલ બાહ્ય આડંબર રાખતા નહિ. તેમણે નિયમિત દવાખાનું ચલાવ્યું નથી. તેમને દૂર વિઝિટ કરવા જવું હોય તોપણ ગાડીમાં બેસતા નહિ, પગે ચાલીનેજ જતા. દરદી તરફથી ગાડી મળે તોપણ તે ના કહેતા. તે હમેશાં સાધારણ પોશાકમાં રહેતા. પોતાનો એકનો એક પુત્ર સાધારણ મોજશોખથી વિરક્ત રહેતો તે દીનદયાળને બિલકુલ ગમતું નહિ. તેમણે એક દિવસ નાગમહાશયને કોટપાટલૂન પહેરવા પણ કહ્યું હતું. જવાબમાં નાગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાશયે કહ્યું કે, "મારે સારા પોશાકની શી જરૂર છે ? એટલા પૈસા કોઈ ગરીબને આપ્યા હોય તો તેનું અને આપણું બન્નેનું ભલું થાય." એ સાંભળી દીનદયાળે એક ઊંડો નિઃશ્વાસ નાખ્યો અને કહેવા લાગ્યાઃ "મેં તારા ઉપર મોટી મોટી આશાઓ બાંધી હતી, પણ હું છેતરાયો. તું તો ઘણોજ વિચિત્ર નીવડયો !" સંસારજ્ઞાનથી શૂન્ય નાગમહાશયનો વ્યવહાર સંસારથી જુદોજ હતો ! પોતાની પોળમાં કોઇ દુઃખી અથવા ભૂખ્યું હોય તો તેનું દુઃખ દૂર કર્યાં વિના તે કદી પણ જમતા નહિ. તે ગરીબ પાસે પૈસા ન લેતા એટલુંજ નહિ, પણ કોઈ કોઈ વેળા તો દરદીને ખરચવા માટે પૈસા આપી આવતા. રસ્તામાં કોઈ નિરાધાર રોગી માલૂમ પડતો તો તેને પોતાને ઘેર લાવી મફત દવા આપતા.

એક દિવસ નાગમહાશય કોઈ ગરીબને ત્યાં વિઝિટ કરવા ગયા. ત્યાં જતાંજ રોગીની અવસ્થા ભયંકર જણાઈ. ત્રણચાર કલાક ત્યાં બેસી રહ્યા અને દરદીને દવા આપી. શિયાળાના દિવસ. રોગીની પાસે ફક્ત એક ફાટલી બનાત હતી. તેની સ્થિતિ જોઇ નાગમહાશયને બહુ દયા આવી. તેમણે પોતાને શરીરે ઓઢેલી શાલ દરદીને ઓઢાડી દીધી અને તુરતજ ઘર તરફ ચાલવા માંડયું.

દરદીએ બહુ બૂમો પાડી પણ નાગમહાશય પાછા ન ફર્યા. તેમણે તો બહાર નીકળી બૂમ પાડી કહ્યું: "ડરશો નહિ, હું પાછો કાલે આવીશ." તેઓ બીજે દિવસે દરદીની પાસે ગયા. રોગી માણસ તેમનો ઉપકાર માનવા લાગ્યો અને કાલે જતા રહેવાનું કારણ પૂછ્યું. નાગમહાશયે કહ્યુંઃ "મારા કરતાં ગરમ કપડાંની તને બહુ જરૂર હતી. તેથી હું ગરમ કપડું આપી ચાલ્યો ગયો." નાગમહાશય પાસે શાલ ન જોવાથી દીનદયાળે પૂછપરછ કરી. નાગમહાશયે સત્ય વાત કહી દીધી. દીનદયાળ ખૂબ બબડયા. એ તકરારમાં પિતાપુત્ર બન્નેએ ખાધું નહિ. બીજે દિવસે દીનદયાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી ગરમ બનાત ખરીદી લાવ્યા. દરદી સારો થયા પછી રોજ નાગમહાશય પાસે આવતો અને તેમને પ્રણામ કરી ચાલ્યો જતો. કોઇ કોઇ વખત તે વળી બીજા કોઈ ગરીબ દરદીને પોતાની સાથે તેડી લાવતો. નાગમહાશય તેને ખુશીથી દવા આપતા.

વળી એક દિવસ નાગમહાશય એક દરદીને જોવા ગયા. તેના ઘરમાં બહુ ભેજ હતો. દરદી સાધારણ પથારીમાં પડી રહ્યો હતો. નાગમહાશયે પોતાનો સૂવાનો ખાટલો તેને ઘેર લઇ જઈ તેના પર તેની પથારી કરી આપી; એ માટે પણ દીનદયાળ તેમને ખૂબ લડ્યા હતા!

એક નાના બાળકને વાવરીનો રોગ થયો હતો. નાગમહાશયે આખો દિવસ પાસે બેસી ચિકિત્સા કરી પણ બાળક બચ્યું નહિ. સુરેશ કહે છે કે, "હું ધારતો હતો કે તે દિવસે નાગમહાશયને ખૂબ પૈસા મળ્યા હશે, પણ ઘેર આવ્યા ત્યારે તેમનું ગજવું ખાલી હતું. તેમની આંખમાંથી આંસુ નીકળતાં હતાં. 'અરે! બિચારાનું એકનું એક છોકરું! મારાથી તેને ન બચાવાયું! તેનું ઘર શૂન્ય થઇ ગયું.' એવું બોલી મારી પાસે તે રડવા લાગ્યા. રાત્રે તેઓ જમ્યા પણ નહિ." પારકા બાળક માટે એટલી બધી દિલગીરી!

નાગમહાશયના આવા વર્તનને લીધે એમનું નામ પ્રસિદ્ધિમાં આવવા લાગ્યું. પાલબાબુએ તેમને પોતાના કુટુંબ-વૈદ્ય તરીકે નીમ્યા. બાબુ હરલાલ પાલ કહે છે કે, "જ્યાં સુધી અમારા ઘરમાં નાગમહાશય ચિકિત્સક હતા ત્યાં સુધી અમારા ઘરમાં એક પણ અકાળ મૃત્યુ થયું નથી. એક વખત પાલબાબુને ત્યાં એક સ્ત્રીને કાંઇ ભયંકર રોગ લાગુ પડ્યો. નાગમહાશયે દવા શરૂ કરી, પણ તેથી કાંઇ ફેર ન પડ્યો. નાગમહાશયે ગભરાઇ જઈ ભાદુરી ડૉક્ટરને બોલાવવા ભલામણ કરી. ભાદુરી ડૉક્ટરે આવી દરદીને તપાસી જોઈ ઔષધમાં શું આપ્યું છે તે નાગમહાશયને પૂછ્યું. નાગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાશયે પોતે આપેલી સર્વ દવાનું પ્રિસ્ક્રિપ્શન કહી દીધું! ભાદુરીએ કહ્યું: "હું એ કરતાં બીજી સારી દવા આપી શકું એમ નથી. એ દવા જરૂર અસર કરશે." પાલબાબુએ બહુ કહ્યું પણ ભાદુરીએ બીજી દવા ન આપી. ઈશ્વરઇચ્છાથી નાગમહાશયની દવાથી ધીમે ધીમે દરદીને સારું થયું. પાલબાબુનો નાગમહાશય ઉપર ખૂબ વિશ્વાસ બેઠો. તેમણે એક ચાંદીના નમૂનેદાર લોટામાં અઢીસો રૂપિયા ભરી નાગમહાશયને ઇનામ આપવા માંડયું. નાગમહાશયે તે પૈસા લેવા ચોખ્ખી ના પાડી. પાલબાબુએ બહુ દબાણ કર્યું, ત્યારે તેમણે ફક્ત તેમાંથી વીસ રૂપિયા લીધા અને તુરતજ ત્યાંથી ચાલ્યા ગયા. પાલબાબુએ એ રૂપિયા દીનદયાળને ખાતે પોતાને ત્યાં જમા કર્યા.

નાગમહાશયની એવી વર્તણૂકથી પિતા દીનદયાળને ખૂબ ક્રોધ ચડયો. પોતે પૈસાને માટે વૃદ્ધવયે નોકરી કરે અને પુત્ર આવી મોટી રકમ મળતાં છતાં પાછી વાળે, એ તેમને બિલકુલ ગમ્યું નહિ. તેમણે નાગમહાશયને બોલાવી ઉપદેશ આપવા માંડયો. નાગમહાશયે કહ્યું: "તમેજ મને ધર્મપરાયણ થવા ઉપદેશ આપ્યો છે. હું જાણું છું કે, મારી દવાની કિંમત ફક્ત છ રૂપિયા જ છે. મેં સાત દિવસજ મહેનત કરી. સાત દિવસની મહેનતના ચૌદ રૂપિયા અને છ રૂપિયા દવાના એમ ગણી મેં વીસ રૂપિયા લીધા છે. હું વધારે લઉં તો તે અધર્મ ગણાય. આપ પણ એ પૈસો ન લેશો."

દીનદયાળ: "પાલબાબુ ખુશી થઇને ઇનામ આપે તે લેવામાં શી હરકત? તું આવું કરીશ તો તારો વ્યવહાર કેવી રીતે ચાલશે"?

નાગમહાશય: "ચાલે કે, ન ચાલે તેની મને દરકાર નથી પણ હું પ્રાણાંતે પણ અન્યાયથી કદી વર્તનાર નથી. ભગવાન ન્યાયસ્વરૂપ છે. અન્યાય કરવાથી આપણું કદી ભલું નહિ થાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશયનો ઉત્તર સાંભળી દીનદયાળ સમજી ગયા કે, પુત્રનું મન સંસારવ્યવહાર તરફ છેજ નહિ. નાગમહાશય પિતા પાસેથી જઈ પોતાના ઓરડામાં બેઠા, અને વિચાર કરવા લાગ્યા કે, “ શું આનુંજ નામ સંસાર? ગમે તેવો અન્યાય કરી પૈસા કમાઇએ તોજ સંસારમાં આબરૂ અને માન વધે? શાસ્ત્રકારો એને સાગરની ઉપમા આપે છે તે યથાર્થ છે. મને તો આવા સંસારની બિલકુલ દરકાર નથી. જેને હું અન્યાય ગણું છું, એવું કર્મ કરી પૈસા કમાઇ દેહનું પોષણ કરવું તેના કરતાં ભિક્ષા માગવી એ હું હજાર દરજ્જે સારુ માનું છું.” (કેમ વાંચક? આજ કયો ડૉક્ટર, વૈદ, વકીલ, વ્યાપારી કે નોકર આવા વિચારો કરે છે! આજ તો પૈસા માટે લોકોનાં ગળાં રેંસતાં પાછું વળીને કોઇ જોતુંજ નથી! જુઠ્ઠાણાની તો હદજ નથી!)

હવે નાગમહાયનું કામ એટલું બધું વધી ગયું હતું કે, જો તેમનામાં લોભબુદ્ધિ હોત તો પોતે સારા પૈસા પેદા કરત. મહિને ત્રણસોતેચારસો રૂપિયા કમાય એટલું કામ એમની પાસે આવતું, પણ નાગમહાશય તો ફક્ત ત્રીસ કે ચાલીસ રૂપિયા કમાતા. વિઝિટ કરવા જતા તોપણ દરદી પાસેથી તેના પૈસા માગતા નહિ. જે આપે તે આનંદથી લઇ લેતા. વધારે પૈસા આપે તો તુરતજ પાછા આપી દેતા. કેટલાક લુચ્ચા લોકો એમને ઠગતા પણ ખરા! કોઇક તો એમને વિઝિટ કરવા માટે બિલકુલ પૈસા આપતાજ નહિ. સુરેશ કહે છે કે, “ મામા જ્યારે વિઝિટ કરી ઘેર આવતા ત્યારે ચારપાંચ માણસો એમને ત્યાં બેઠેલાંજ હોય.” અનેક ગરીબ દરદીઓ એમને ત્યાં આવતા. નાગમહાશય એમને દવા આપી વિઝિટમાં કમાઇ લાવ્યા હોય તે પણ કોઈ વખત આપી દેતા. કોઈ કોઈ દિવસ તો એમને પોતાને માટે ખાવાનું પણ ન હોય. આવે વખતે તે બેચાર પૈસાના ચણા ખાઇ ચલાવી લેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય પોતાની પાસે પાઇ પણ રાખતા નહિ. ખરચતાં બાકી રહે તે દીનદયાળને આપી દેતા. પોતાને કાંઇ કપડાં લેવાં હોય તો તે પણ પિતાને કહી પૈસા લેતા. ધનસંચય સંબંધમાં તે કહેતા કે, "જેને જે વસ્તુ જોઈએ છીએ તે તેને ભગવાન જરૂર આપે છે. આપણે ચિંતા કરવી નિરર્થક છે. ભગવાન પર વિશ્વાસ રાખવાથી સર્વ આશા પૂર્ણ થાય છે. મને અનુભવ થયો છે કે, આપણે અહંબુદ્ધિથી જે કાર્ય કરીએ છીએ તેમાં બહુ ઠગાઈએ છીએ!"

નાગમહાશય અધર્મી, કપટી અને દુરાચારી માણસને બિલકુલ આશ્રય આપતા નહિ. એક દિવસ કોઈ વેષધારી વૈષ્ણવ સાધુ એક ભર-યુવાન સ્ત્રી સાથે એમની પાસે ભિક્ષા માગવા આવ્યો. નાગમહાશય તે વખતે ભગવાનના ધ્યાનમાં મગ્ન હતા. બારણા પર 'રાધે! રાધે!' શબ્દ સાંભળી નાગમહાશય બહાર આવ્યા. સાધુને જોઇ તેમને બહુ ક્રોધ ચડ્યો. તે બોલી ઉઠ્યા: "ઢોંગ કરી 'રાધે, રાધે,' બોલવાથી ભિક્ષા ન મળે. ખરા સાધુ થઇ ભિક્ષા માગશો તોજ તમને મળશે." નાગમહાશયનાં વચન સાંભળતાં સાધુ સ્ત્રી સાથે ત્યાંથી ચાલ્યો ગયો. નાગમહાશય મનમાં બબડવા લાગ્યા: "હાય! આર્યાવર્તમાં કેટલો અધર્મ? હિંદુઓની આ શી દશા–આ શી દશા? આજે મેં કલિયુગનું માહાત્મ્ય પ્રત્યક્ષ જોયું!"

વૈષ્ણવ સાધુની પેઠે એક દિવસ એક ભૈરવ કોઇ સ્ત્રીને ભૈરવી બનાવી એમને બારણે ભિક્ષા માટે આવ્યો. નાગમહાશયને જોતાં તેણે ગાંજાને માટે તેમની પાસે પૈસો માગ્યો. નાગમહાશયે કહ્યું: "તમે ગમે તેમ કરો, પણ હિંદુ સ્ત્રીને ભૈરવી બનાવી બજારમાં ફેરવવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે?" ભૈરવને ખૂબ ગુસ્સો ચડ્યો, તેણે કહ્યું: "ન આપવું હોય તો ન આપો, પણ આટલું બધું શા માટે બોલો છો?" એટલું બોલી ભૈરવ–ભૈરવી ત્યાંથી ચાલ્યાં ગયાં.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય પોતાના ઓરડામાં ચાલ્યા ગયા અને પોતાના મન સાથે બોલવા લાગ્યા: "પૂર્ણ ગુરુ મળ્યા વિના લોકોની આવી દશા થાય છે. પોતે ડૂબે છે અને બીજાને ડુબાડે છે!" તે કહેતા કે, "અજાણમાં પાપ કર્યું હોય તેની માફી મળે છે, પણ જે માણસ ધર્મને નામે પાપ અને દુષ્કર્મ કરી લોકોને ઠગે છે તેનો ઉદ્ધાર કદીજ થતો નથી."

એક વખત તેમને કોઇ એક અપરિચિત ગૃહસ્થને ત્યાંથી વિઝિટને માટે બોલાવવા માણસ આવ્યું. નાગમહાશય ત્યાં ગયા. પેલા માણસે એક સુંદર યુવાન વિધવાને લાવી તેમની સામે ઊભી રાખી અને તેનો ગર્ભ નષ્ટ કરવા માટે દવા આપવા કહ્યું. નાગમહાશય તો આ બધું જોઈ સ્તબ્ધ થઇ ગયા. થોડીવાર પછી બોલ્યા: "કોઇ સારા માણસના કુળમાં કલંક લગાડી તમે આ પાપકર્મ કર્યું છે. હવે એનો ગર્ભપાત કરી બીજું પાપ શા માટે કરો છો?" નાગમહાશયે બહુ ઉપદેશ આપ્યો, પણ પેલા ગૃહસ્થે માન્યું નહિ અને નાગમહાશયને પૈસાની લાલચ બતાવવા માંડી. નાગમહાશય ત્યાંથી એકદમ ચાલ્યા ગયા. તેમણે મનમાંજ કહ્યું: "હાય! આ મહાપાપના નિવારણનો ઉપાય શો?" તેમણે બ્રાહ્મસમાજના શિવનાથબાબુનું નામ સાંભળ્યું હતું. નાગમહાશય તેમની પાસે ગયા અને વિધવાના ગર્ભની વાત કહી. શિવનાથે તેમને બે બ્રાહ્મસમાજીનાં નામ આપ્યાં. ત્રણેએ મળી બહુ પ્રયાસ કર્યો, પણ પેલા ગૃહસ્થે માન્યું નહિ. બીજે દિવસે નાગમહાશય ફરીથી ગયા ત્યારે ઘરમાં કોઈ ન હતું. પાડોશમાં પૂછતાં ખબર મળી કે, એ લોકો તો રાતની ટ્રેનમાં જાત્રા કરવા કાશીમથુરા તરફ ચાલ્યાં ગયાં છે. એક બાળકનો જીવ ન બચાવી શકયા તેથી નાગમહાશયને ઘણો સંતાપ થયો!

દીનદયાળ પૈસેટકે સુખી થયા, પણ ઘરમાં એક રસોઇયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખ્યો ન હતો. પોતેજ પોતાને હાથે રાંધતા. કોઇ વખત નાગમહાશય પણ રાંધતા. હવે નાગમહાશયે પોતાની પત્નીને કલકત્તે રાખવાનું નક્કી કર્યું. નાગમહાશયે દેશમાં પત્ર લખ્યો. તુરતજ એમનાં પત્ની કલકત્તે આવ્યાં. કલકત્તામાં તેમનું આ પ્રથમ આગમન હતું. દેશમાં એમણે નાગમહાશયને નહોતા જોયા એમ ન હતું, પણ હાલ તેમનું સ્વરૂપ જુદું હતું. પ્રથમ તે વધૂ હતાં. કલકત્તે આવ્યા પછી તે ગૃહિણી થયાં. તેમણે તુરતજ પોતાના ઘરના વ્યવહારનો ભાર પોતાને શિર ઉપાડી લીધો અને યત્નપૂર્વક સ્વામી અને શ્વસુરની સેવા કરવાનું શરૂ કર્યું. પુત્રવધૂનું શુદ્ધ અને માયાળુ વર્તન જોઇ દીનદયાળને ઘણો આનંદ થયો, પણ કોઇ પણ પ્રકારથી નાગમહાશયનું ચિત્ત તેમના તરફ આકર્ષાયું નહિ. નાગમહાશયને શાસ્ત્રાધ્યયનમાં અને ધ્યાનભજનમાં જેટલો પ્રેમ હતો તેનો શતાંશ જેટલો પ્રેમ સ્ત્રી પર નહોતો. પોતાનું કામ કર્યા પછી જે વખત મળતો તેમાં નાગમહાશય પુસ્તકો વાંચ્યા કરતા અને ભગવાનનું ધ્યાન કરતા. કોઇ વખત દીનદયાળને પુરાણની વાતો કહેતા, એ જોઇ તેમનાં પત્નીને દિવસે દિવસે ચિંતા વધવા લાગી.

ભાગવતમાં લખેલું ભવાટવીનું વર્ણન અને જડભરતનું વૃત્તાંત નાગમહાશયના મન પર અધિકાર મેળવવા લાગ્યું. જડભરતની કથા વાંચતાં વાંચતાં તેમનું હૃદય દ્રવી જતું. તે વિચાર કરતા કે, "સામાન્ય મૃગબાળક પર માયા રાખવાથી જડભરત જેવા મુક્ત પુરુષને જન્મ લેવો પડ્યો, તો પછી સાધારણ જીવોની શી ગતિ?" અનિર્વચનીય અને અચિન્ત્ય માયાની શક્તિ વિષે વિચાર કરતાં કરતાં તેમની આંખમાં અશ્રુ આવી જતાં અને વ્યાકુળતાથી 'મા! મા!' બોલી ઉઠતા. ધીમે ધીમે તેમને બહુ ચિંતા થવા લાગી. કેવી રીતે મહામાયાની જાળમાંથી બચાય, સંસારબંધનમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવી રીતે છુટાય, આખો દિવસ એજ વિચાર તેમના મનમાં થતો. "લગ્ન કર્યું", પૈસા કમાઉં છું, બંધન ઉપર બંધન થતાં જાય છે, હવે મુક્તિનો ઉપાય શો ? ગરીબ દુઃખીનાં સંકટનું નિવારણ થશે એવા ઉદ્દેશથી ડૉકટરનો ધંધો શરૂ કર્યો, રોગીની સેવા કરી, દુઃખીને દાન આપ્યું, ક્ષુધાતુરને મોઢામાંથી કાઢી અન્ન આપ્યું, તોપણ સંસારમાંથી કેટલું દુઃખ ઓછું થયું ? ત્યારે હું આ દુઃખપૂર્ણ સંસારમાં શા માટે આવ્યો ? હું શા માટે પરણ્યો ? ધિક્ પૈસા ! ધિક્ કામિની ! શું એ બેના મોહમાંજ જીવન ગુમાવવું ? કદી નહિ બને. ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરી આ નરજન્મ સાર્થક કરીશ ! ભગવાનનાં દર્શન કરવા માટે કયા પ્રકારનાં સાધન કરવાં ? કોને શરણે જાઉં તો ભગવાનનાં દર્શન થાય ?" આવા આવા અનેક વિચારોને લીધે નાગમહાશયનું મન નિરંતર ઉદાસીન અને અશાંત રહેતું.

આ સમયે સુરેશ અને કેટલાક બ્રાહ્મસમાજી એકઠા થઇ ગંગાતીરે ધ્યાન કરતા. નાગમહાશય ત્યાં એક બાજુમાં બેસી ધ્યાન કરતા. ધ્યાનાન્તે બ્રાહ્મસમાજી કેટલાંક ભક્તિપૂર્ણ પદ ગાતા અને નદીકિનારે કીર્તન પણ કરતા. કીર્તન સાથે નાગમહાશય નૃત્ય કરતા. ભાવાવેશમાં નૃત્ય કરતાં એક દિવસ નાગમહાશય પડી પણ ગયા. તેમને શરીરે નુકસાન પણ ઘણું થયું. સુરેશ અને બ્રાહ્મસમાજીઓ કહે છે કે, ભાવાવેશ વખતે ઇશ્વરપ્રેમનાં સર્વ લક્ષણ તેમના શરીર પર સ્પષ્ટ માલૂમ પડતાં હતાં.

"ગમે તેવી શ્રદ્ધા અને પ્રેમ હોય, પણ જ્યાં સુધી વિધિપૂર્વક દીક્ષા લઇ સાધન કર્યું નથી, ત્યાં સુધી ઇશ્વરદર્શન થાય નહિ," એક સાધુનું આવું કહેવું સાંભળી નાગમહાશય કોઇ ગુરુની શોધ કરવા લાગ્યા. તેમનું મન બહુજ વ્યગ્ર થવા લાગ્યું. "ગુરુ ક્યાં મળશે ? મને મંત્ર કોણ આપે ?" એજ વિચાર નિરંતર કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાકિનારે ઘણા સંત આવતા, તેમાંથી કોઈ એમને દીક્ષા આપે એવી આશાથી લાંબી રાત સુધી ત્યાં બેસી રહેતા. આમ ઘણા દિવસ વીતી ગયા. એવામાં એક દિવસ કુમારટુલીના ઘાટ પર સ્નાન કરતાં કરતાં તેમણે એક નાની હોડી પોતા તરફ આવતી જોઇ. હોડીમાં ફક્ત એકજ માણસ હતું. હોડી કિનારે આવતાંજ નાગમહાશય કુતૂહલને ખાતર ત્યાં ગયા. ત્યાં જતાંજ હોડીમાં પોતાના કુલગુરુ કૈલાસચંદ્ર ભટ્ટાચાર્ય પર નજર પડી. નાગમહાશયે તુરતજ સ્નાન કરી ગુરુને પ્રણામ કર્યાં અને એકાએક કલકત્તે આવવાનું કારણ પૂછ્યું. કૈલાસચંદ્રે કહ્યું: "*ભાઇ! મહામાયાના આદેશથી તને મંત્રદીક્ષા આપવા આવ્યો છું." જગજ્જનનીએ તેમની પ્રાર્થના સાંભળી છે એવી નાગમહાશયને ખાતરી થઇ. નાગમહાશય કુલગુરુને પોતાને ત્યાં લઇ ગયા. દીનદયાળ પણ ગુરુને જોઇ આનંદ પામ્યા. પોતાનો ધર્મઘેલો પુત્ર કુલગુરુ પાસે દીક્ષા લઇ કંઇ ડાહ્યો થશે એવું એમનું માનવું હતું. બીજે દિવસે નાગમહાશયે સપત્ની શક્તિમંત્રની દીક્ષા લીધી. કૈલાસચંદ્ર દીક્ષા આપી તુરતજ જતા રહ્યા. દીનદયાળે પોતાને ઘેર રહેવા માટે ગુરુને ઘણો આગ્રહ કર્યો, પણ ગુરુ રહ્યા નહિ. નાગમહાશયનાં પત્ની કહે છે કે, "કૈલાસચંદ્ર સંન્યાસી હતા. નાગમહાશયને દીક્ષા આપ્યા પછી એક વર્ષે તેમણે દેહત્યાગ કર્યો."

દીક્ષા લીધા પછી નાગમહાશય સાધનરૂપી સમુદ્રમાં ખૂબ ડૂબકીઓ મારવા લાગ્યા. જપ અને ધ્યાનમાં આખી રાત પણ વીતી જતી. અમાવાસ્યાને દિવસે ઉપવાસ કરી આખી રાત ગંગાકિનારે બેસી જપ કરતા. જપ કરતાં કોઇ વખત તેમને બાહ્યજ્ઞાન પણ રહેતું નહિ. એક દિવસ તે ગંગાકિનારે જપ કરતા હતા, ભરતી આવવાથી પાણી એમના દેહ સુધી આવ્યું, તોપણ એમને જાગ્રતિ આવી નહિ. જ્યારે પાણી ઉપર ફરી વળ્યું ત્યારે એમને દેહભાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું એટલે તરીને બહાર નીકળ્યા. નાગમહાશય કોઇ વખત ચાંદ્રાયણવ્રત પણ કરતા. સુરેશ કહે છે કે, "નાગમહાશય તંત્ર-મત પ્રમાણે પણ સાધન કરતા. તે કદી ફૂલ, અર્ચન ઇત્યાદિ લઈ પૂજન કરતા નહિ. દીક્ષા લીધા પછી હંમેશાં ધ્યાન-જપ કરતા, પણ એમની સ્વાભાવિક પ્રવૃત્તિ પ્રેમલક્ષણા ભક્તિ તરફ હતી." આ અવસ્થામાં નાગમહાશયે કેટલાંક 'જગદંબા' સંબંધી ભજન રચ્યાં છે. જપ અને ધ્યાન કરી રહ્યા પછી તે કોઈ વખત ઉચ્ચ સ્વરે ભજન પણ ગાતા.

ધીમે ધીમે તેમનો ધંધો ભાંગી પડવા લાગ્યો. લોકો ઘેર આવે તે વખતે ડૉકટરસાહેબ મળેજ નહિ, એટલે તેઓ બીજા ડૉકટરને ત્યાં જતા. તેમનો કમાવાનો રસ્તો ધીમેધીમે બંધ થવા લાગ્યો. દીનદયાળથી એ સહન થતું નહિ. તેમને લાગ્યું કે પુત્ર હાથે કરીને બધું બગાડે છે. સુરેશ જેવો તેનો મિત્ર હતો તેથી દીન-દયાળ કાંઇક નિશ્ચિન્ત હતા. ભગવતીના મરણનો શોક દૂર થવાનું કારણ સુરેશની મિત્રાચારીજ છે એમ દીનદયાળ સમજતા હતા. સુરેશ ધાર્મિક અને ગૃહસ્થ છે. આવા માણસની મિત્રાચારી છે છતાં નાગમહાશયનો ધર્મઉન્માદ નહિ જાય એવું દીનદયાળને લાગતું નહિ. દીનદયાળ કોઇ કોઇ વખત સુરેશને નાગમહાશયને સમજાવવા કહેતા. હવે તેમને લાગ્યું કે સુરેશ પણ કાંઇ કરી શકતો નથી. નિરુપાયે તેમણે પુત્રવધૂને સંસારધર્મનો ઉપદેશ આપવા માંડયો. તેમણે પુત્રવધૂને નાગમહાશયનો ઉન્માદ દૂર કરવા કહ્યું. પણ તે બિચારી શું કરી શકે ? સતીને પોતાના પતિના મનોબળ અને ત્યાગવૃત્તિની બરાબર માહિતી હતી. વૃદ્ધ સસરા જે કહેતા તે મૌનપણે તે સાંભળતાં પણ બિલકુલ ઉત્તર આપતાં નહિ. (ધન્ય સતી !)

નાગમહાશય વૃદ્ધ પિતાને તકલીફ આપતા નહિ. તે પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બજારનાં અને બીજાં સાંસારિક કાર્યો કરતા, પણ પ્રાણહીન પૂતળી જેમ યંત્રની શક્તિથી નાચ કરે તેવીજ નાગમહાશય સર્વ કાર્ય કરતા; તેમનું મન સંસારના કોઈ પણ કાર્યમાં લાગતું નહિ. ખાતા-પીતા અને સાધારણ ડૉકટરનો ધંધો કરતા, પણ તે બધું દીન-દયાળને લીધે. સસરાનો ઉપદેશ સાંભળી પુત્રવધૂ મનમાંજ વિચાર કરતાં કે, આ સંસારી સંન્યાસીને મોહમાં નાખે એવી સ્ત્રીઓ તો કોઇજ નહિ હોય. સ્ત્રી પ્રતિ માયિક સ્નેહ ન હતો, છતાં નાગ-મહાશય નિરંતર પોતાની સ્ત્રીનું કલ્યાણ ઇચ્છતા. નાગમહાશય કોઈ વખત પોતાની સ્ત્રીને કહેતા કે, "કાયિક અને માયિક સંબંધ ચિરકાળ ટકતો નથી. જગતમાં જન્મ લઇને જે મનુષ્ય ઈશ્વર સાથે પ્રેમ કરે છે તેનુંજ જીવન સાર્થક છે. મનુષ્યદેહ મળ્યા છતાં માયિક વસ્તુમાં જે લુબ્ધ થાય છે, તે જન્મજન્માંતરમાં પણ ભગવાનનાં દર્શન કરી શકતો નથી. તેને વારંવાર સંસારમાં અવતરવું પડે છે. જો! તું આ મારા હાડમાંસના પૂતળામાં મોહ ન રાખીશ. મને ભૂલી મહામાયાને શરણે જા. તારો આ જન્મ સફળ થશે. મહામાયાની કૃપાથી તારી સ્વાભાવિક કામવાસના નષ્ટ થશે." તપસ્વીની પત્નીએ પણ હવે સંસારનો મોહ દૂર કરી તપ કરવાનું નક્કી કર્યું.

નાગમહાશયનાં પત્ની કલકત્તે આવ્યાં પછી પણ સુરેશ તો હંમેશાં તેમને ઘેર આવ્યાજ કરતો. કોઇ કોઇ વખત તે નાગ-મહાશયને ત્યાંજ જમતો. સુરેશ કહે છે કે; "સ્ત્રી આવ્યા પછી પણ નાગમહાશયના ધર્મઉન્માદમાં કાંઇ ફેરફાર થયો નથી. તે દેવતા તે દેવતાજ. ગમે તેવી પ્રતિકૂળ સ્થિતિમાં પણ દેવનું દેવત્વ નષ્ટ થતું નથી. નાગમહાશય પણ દેવના જેવાજ હતા. સ્ત્રી પાસે હોવા છતાં તેમને કોઇ દિવસ કામવાસના થઇ નથી. ધન્ય એમનો ગૃહસ્થાશ્રમ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય ક્રમેક્રમે ઉગ્ર સાધના કરવા લાગ્યા. આ બાજુ દીનદયાળ પણ શરીરે અશક્ત થતા હતા. વૃદ્ધવયમાં પણ તે પાલબાબુને ત્યાં નોકરી કરતા. નાગમહાશયને એ બિલકુલ ગમતું નહિ. વૃદ્ધ પિતા દેશમાં જઇ નિશ્ચિંતપણે ભગવાનની ભક્તિ કરે એવી એમની ઇચ્છા હતી. પિતાને બદલે પાલાબાબુને ત્યાંની નોકરી નાગમહાશય કરી શકે તેમ હતું. દીનદયાળ ઘણી વખત માળા લઈ જપ કરતા પણ જપ કરતી વેળા કોઇ માણસ આવે તો તેની સાથે વાત પણ કરતા; નાગમહાશયને એથી બહુ ખોટું લાગતું. પિતાને કહી દેતા કે, "આટલી વયે પણ તમે *વિષય-ચિંતવન ત્યાગ કરતા નથી. ભગવાનનું નામ લેતી વખત પણ વિષયની વાત." કોઇ કોઇ વખત પિતાપુત્રને વાદવિવાદ પણ થતો. આખરે નાગમહાશયે પિતાની નોકરીનો ભાર પોતાને શિર ઉઠાવી પિતાને દેશમાં મોકલવા નક્કી કર્યું. પોતાનાં પત્નીને પણ તેમની સાથે શ્વસુરની સેવા કરવા દેશમાં મોકલ્યાં.

દીનદયાળ અને પત્નીના ગયા પછી નાગમહાશય ગંગાકિનારે એકાંતવાસ કરવા લાગ્યા. સુરેશ પણ ત્યાં જતો અને બન્ને મિત્ર-ધર્મની વાતો કરતા, પણ નાગમહાશયને માત્ર વાતોથી તૃપ્તિ થતી નહિ. તે કહેવા લાગ્યા કે, "વાતોમાં જીવન ચાલ્યું જાય છે. ઈશ્વરને પ્રત્યક્ષ ન જોયો તો પછી જીવન નિરર્થક." એક દિવસ સુરેશે કેશવની સમાજમાં સાંભળ્યું કે, "દક્ષિણેશ્વરમાં એક સાધુ છે, તે કામિની અને કાંચનના ત્યાગી છે અને નિરંતર ભગ-વદ્પ્રેમમાં મસ્ત રહે છે. વળી તેમને ઘડી ઘડી ભાવ–સમાધિ આવે છે." એ સાંભળતાંજ નાગમહાશયને લઇ ત્યાં જવાની સુરે-શને ઇચ્છા થઈ, પણ કાંઈક કારણને લીધે તેનાથી નાગમહાશયને એ વાત કહેવાઇ નહિ. આમ બે માસ વીતી ગયા. પછી એક દિવસ

---

* સંસારના વિષયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત સાંભરી આવવાથી સુરેશે નાગમહાશયને કહ્યું કે, "દક્ષિણેશ્વરમાં કોઈ ઉત્તમ સાધુ છે, જોવા જઈશું? અમારા આચાર્ય કેશવચંદ્ર પણ તેમને નમન કરે છે." નાગમહાશય તુરતજ તૈયાર થઇ ગયા. બન્ને જણ દક્ષિણેશ્વર જવા ઘરમાંથી બહાર નીકળ્યા. તેમણે સાંભળ્યું હતું કે, દક્ષિણેશ્વર કલકત્તાની ઉત્તરે છે તેથી તે દિશામાં ચાલવા માંડયું. તે વખતે ચૈત્ર માસ હતો. આકાશમાંથી અગ્નિ વરસતો હોય એવો તાપ પડતો, તોપણ તાપની દરકાર કર્યા વિના બન્ને જણ ચાલવા લાગ્યા. કોઇ અદૃશ્ય શક્તિજ તેમને તે તરફ ખેંચતી હતી! દક્ષિણેશ્વર કેટલું દૂર છે તે પણ કોઇ જાણતું નહિ. બન્ને ઉત્તરમાં ચાલવા લાગ્યા. બહુ દૂર ગયા પછી એક મુસાફરને પૂછી જોયું. મુસાફરે કહ્યું: "તમે દક્ષિણેશ્વરનો રસ્તો છોડી આવ્યા છો." એ સાંભળી બન્ને જણ પાછા વળ્યા અને મુસાફરના કહ્યા પ્રમાણે દક્ષિણેશ્વરના રસ્તા તરફ ગયા. બન્ને જણ આશરે બેને સુમારે દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિના કાલીમંદિરમાં આવી પહોંચ્યા.

કેવું મનોહર સ્થાન! જાણે દેવની લીલાભૂમિ! સંસારનો કોલાહલ નહિ! ગુલાબ અને મોગરાનાં પુષ્પની સુવાસથી આખો બાગ સુવાસિત થઈ રહ્યો હતો. કેવો મધુર પવન! કેવું સુંદર સરોવર! કોઇ કોઇ ઠેકાણે ઊંચાં ઊંચાં મંદિર! કોઇ સ્થળે નવપલ્લવિત વૃક્ષસમૂહ પોતાની ડાળીઓ નમાવી ધીરા સ્વરે કહે છે: "આવ ભાઇ આવ! સંસારતપ્ત મનુષ્ય! અહીં આવ! આજ તારો વિષયાગ્નિ શાંત કરવાનું સ્થાન છે."

ત્યાંનાં મંદિર અને બાગ જોતા જોતા બન્ને જણ ભગવાન શ્રીરામકૃષ્ણના આશ્રમના પૂર્વ દિશાના બારણા આગળ આવી પહોંચ્યા. દ્વાર આગળ એક માણસ ગળામાં રુદ્રાક્ષની માળા પહેરી ઊભો હતો. નાગમહાશયે તેને પૂછ્યું: "અહીં એક સાધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે તે ક્યાં છે?" પેલા માણસે કહ્યું: "અહીં એક સાધુ રહે છે ખરા, પણ આજે તે ચંદનનગર ગયા છે. તમે વળી કોઇ બીજે દિવસ આવજો."

આટલું દુઃખ અને તાપ વેઠી આવેલા અને આવો ઉત્તર મળ્યો તેથી બન્ને ખૂબ નિરાશ થયા. આપણા ભાગ્યમાં સંતનાં દર્શન નહિજ હોય એવું વિચારી તે પાછા ફરવાની તૈયારી કરતા હતા; એવામાં નાગમહાશયની નજર ઓરડીની અંદર પડી. ત્યાં કોઇ માણસ આંગળીના સંકેતથી તેમને અંદર બોલાવતો હતો. પેલા માળાધારીએ કહ્યું કે, "એજ તમારો સાધુ!" બન્ને જણ અંદર ગયા.

માળાધારીનું નામ પ્રતાપચંદ્ર હાજરા હતું. નાગમહાશય કહેતા કે, "ભગવાનની માયા કેવી વિચિત્ર છે! પરમહંસદેવ પાસે તેઓ બાર વર્ષ રહ્યા તોપણ હાજરા મહાશયે તેમને ઓળખ્યા નહિ. સંત જેના પર કૃપા કરે તેજ તેમને ઓળખી શકે. સો વર્ષ જપ-ધ્યાન કરીએ પણ જો તેની દયા ન હોય તો આપણે તેને કદી ઓળખી શકીએ નહિ."

શ્રીરામકૃષ્ણના જીવનમાંથી એક વાત સ્વામી સુબોધાનંદે મને કહી હતી કે, "એક વખત શ્રીરામકૃષ્ણ હૃદય મુખોપાધ્યાય સાથે ગંગા* પર જતા હતા. કાલીમંદિરની પૂર્વ દિશામાં એક સરોવર છે. તે વખતે આ સરોવર પાસે બહુ ઝાડ હતાં. શ્રીરામકૃષ્ણે જોયું કે, ત્યાં શ્રીજગદંબા એક લાલ સાડી પહેરી કુમારિકાના વેષમાં કેટલીક કુમારિકાઓ સાથે રમતાં હતાં. એ જોતાંજ ભગવાન શ્રીરામકૃષ્ણ "મા! મા!" બોલી સમાધિસ્થ થયા. પછી તુરતજ તેઓ કાલીમંદિરમાં ગયા તો ત્યાં પણ કુમારિકાના વેષમાં

* દક્ષિણેશ્વર પાસે પણ ગંગાજી છે. શ્રીરામકૃષ્ણની ઓરડીમાંથી ગંગાજીનાં દર્શન થઇ શકતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સાડી તેમણે પહેરેલી જોઇ હતી તેજ સાડી જગન્માતાને પહેરાવેલી જોઈ. પરમહંસદેવના મુખથી એ વાત સાંભળી હૃદયે કહ્યું: 'તે વખત કહેવું હતું ને! માને તુરતજ જઇને પકડી લેત!' રામકૃષ્ણદેવ હસીને કહેવા લાગ્યા: 'એવું કદી બને? માની ઇચ્છા અને કૃપા સિવાય તેને ઓળખે એવું કોણ? તેની કૃપા સિવાય તેનાં દર્શનજ ન થાય.'"

હાજરા મહાશયના પ્રથમ મેળાપથીજ નાગમહાશયને તેમને માટે ખોટો અભિપ્રાય બંધાઈ ગયો હતો. તે કહેતા હતા કે, "પરમહંસદેવની પાસે રહેવા છતાં પણ તેમનામાં સત્ય તો હતુંજ નહિ. અસત્ય બોલી તેમણે અમને પહેલેજ દિવસે છેતરવાનો પ્રયત્ન કર્યો હતો; પણ દયામય ભગવાન શ્રીરામકૃષ્ણે અમને ઓળખ્યા અને પોતાનાં ચરણકમળમાં આશ્રય આપ્યો."

પ્રકરણ ૪ થું

શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનાં દર્શન

નાગમહાશય અને સુરેશ ઓરડામાં ગયા. ભગવાન શ્રીરામકૃષ્ણ ઉત્તર તરફ મોં કરી એક લાકડાની પાટ પર લાંબા પગ કરી બેઠા હતા. તેમનું મુખકમળ હસતું હતું. સુરેશ હાથ જોડી પ્રણામ કરી ત્યાં પાથરેલી સાદડી પર બેઠો. નાગમહાશયે સાષ્ટાંગ પ્રણામ કરી ચરણરજ લેવા માંડી, પણ શ્રીરામકૃષ્ણે તેમ કરવા દીધું નહિ. પોતાનો પગ ખેંચી લીધો. નાગમહાશયે વિચાર્યું કે, "હું પોતે હજી પવિત્ર સાધુના ચરણસ્પર્શ કરવા યોગ્ય નથી." નાગમહાશય ઊઠી એક ખૂણામાં જઇ બેઠા.

શ્રીરામકૃષ્ણદેવે મને નામ શું? ઘર ક્યાં છે? શું કરો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારમાં કોણ કોણ છે? લગ્ન થયાં છે કે નહિ? ઇત્યાદિ વ્યાવહારિક પ્રશ્નો પૂછ્યા. પછી વાતો કરતાં કરતાં શ્રીરામકૃષ્ણદેવ કહેવા લાગ્યા કે, "સંસારમાં ખાબોચિયાની માછલીની પેઠે રહો, પછી સંસારમાં રહેવાથી કાંઈ દોષ નથી. માછલી કાદવમાં રહે છે પણ તેને શરીરે કાદવ લાગતો નથી; તેમ તમને પણ સંસારમાં રહેવા છતાં સંસારની મલિનતા લાગશે નહિ.

"મોટા માણસને ત્યાં આયા હોય છે. હંમેશાં આયા શેઠના છોકરાને 'મારો હરિ, મારો રામ' કહી પ્રેમથી રમાડે છે; પણ તેને નિરંતર સ્મરણ હોય છે કે, આ રામ અથવા આ હરિ મારો નથી પણ મારો છોકરો તો બીજોજ છે. સંસારમાં રહો પણ **'મારું કાંઈ નથી, મારો તો માત્ર ઈશ્વર છે.'** એવી ભાવના રાખી સંસારમાં રહો તો સંસાર તમને દૂષિત નહિ કરે.

"પણ દૂધ અને પાણી ભેગાં કરીએ તો તે મળી જશે. તેને કદી છૂટાં નહિ પડાય. દૂધનું દહીં બનાવી તેને વલોવી ઘી બનાવીએ અને એ ઘીને પાણીમાં નાખીએ તો તે ઉપરજ તર્યા કરશે. સંસાર પાણી જેવો છે અને મન દૂધ જેવું છે. પ્રથમ સાધન કરી મનને ઘી જેવું બનાવી પછી સંસારમાં રહો, એટલે તમને સંસારથી કાંઇ નુકસાન નહિ થાય."

ભગવાન શ્રીરામકૃષ્ણ આ પ્રમાણે બોલ્યે જતા હતા. નાગમહાશય એકીટશે તેમના મુખ તરફ જોયા કરતા હતા. શ્રીરામકૃષ્ણે પૂછ્યું: "શું જોયા કરે છે?" નાગમહાશયે ઉત્તર આપ્યો: "આપને જોવા આવ્યો છું એટલે જોયા કરું છું." પછી કેટલીકવાર સુધી વાતો કરી શ્રીરામકૃષ્ણે કહ્યું: "જાઓ, પંચવટીમાં જઇને ધ્યાન કરો."

આશરે અર્ધો કલાક ધ્યાન કરી સુરેશ અને નાગમહાશય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમહંસદેવ પાસે આવ્યા. તેઓ તેમને સાથે લઇ જઇ સઘળાં દેવમંદિર દેખાડવા લાગ્યા.

શ્રીરામકૃષ્ણ આગળ અને સુરેશ તથા નાગમહાશય પાછળ ચાલતા. શ્રીરામકૃષ્ણના ઓરડાની સાથેજ બહાર મંદિર છે. શ્રીરામકૃષ્ણ દરેક મંદિરમાં જઇ શિવલિંગની પ્રદક્ષિણા અને પ્રણામ કરવા લાગ્યા. નાગમહાશય પણ તેમ કરવા લાગ્યા. સુરેશ બ્રાહ્મસમાજી હતો. તે દેવદેવીઓને માનતો નહિ, તેથી તે સ્તબ્ધ થઈ જોવા લાગ્યો. પછી વિષ્ણુમંદિરનાં દર્શન કરી પરમહંસદેવ ભવતારિણી જગન્માતા કાલીના મંદિર તરફ જવા લાગ્યા. નાગમહાશય અને સુરેશે જોયું કે, શ્રીરામકૃષ્ણને મંદિરમાં પ્રવેશ કરતાંજ સમાધિ થઇ. થોડો વખત ત્યાં જઇ પરમહંસદેવ સ્તબ્ધ જેવા ઊભા રહ્યા. પછીથી એક બાળક જેવી રીતે પોતાની માનો છેડો ઝાલી આમતેમ ઘૂમે તેમ તેઓ ભવતારિણીની મૂર્તિની પ્રદક્ષિણા કરવા લાગ્યા. દર્શન કરી બંનેને લઈ તેઓ પાછા પોતાને સ્થાને આવ્યા.

આશરે પાંચ વાગે સુરેશ અને નાગમહાશયે પરમહંસદેવ પાસે રજા માગી. તેમણે કહ્યું: "ફરીથી આવજો. આવવાજવાથી સારો પરિચય થાય છે."

રસ્તામાં નાગમહાશય તેમનાજ વિચાર કરવા લાગ્યા. તે સુરેશને કહેવા લાગ્યા: "એ કોણ હશે? સાધુ, સિદ્ધ કે કોઈ દેવ હશે?

સુરેશ કહે છે: "મને હજી તે ભાવભક્તિપૂર્ણ મુખનું સ્મરણ થાય છે. ઘીની આહુતિ મળતાં જેમ અગ્નિ સળગી ઊઠે, તેમ શ્રીરામકૃષ્ણનાં દર્શન થતાંજ નાગમહાશયના હૃદયમાં ઈશ્વર-દર્શનની તીવ્ર લાલસા પ્રકટ થઇ. ખાવાનું પણ છોડી દીધું. ધંધો પણ છોડવા માંડ્યો. આખો વખત જપ, ધ્યાન અને સુરેશ સાથે શ્રીરામકૃષ્ણની વાતો કરવામાંજ ગુમાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અઠવાડિયા પછી બન્ને પુનઃ શ્રીરામકૃષ્ણનાં દર્શન કરવા આવ્યા. ધર્મોન્મત્ત નાગમહાશયને જોતાંજ શ્રીરામકૃષ્ણને સમાધિ થઇ. થોડીવાર પછી મૃદુ હાસ્ય કરી બોલ્યાઃ "તમે આવ્યા તે બહુ સારુ થયું, હું પણ તમારી રાહ જોયા કરતો હતો." પછી નાગમહાશયને પોતાની પાસે બોલાવી કહ્યુંઃ "શોક શાનો કરે છે? તારી અવસ્થા ઘણી ઊંચી છે." તે દિવસે પણ પરમહંસદેવે નાગમહાશયને અને સુરેશને પંચવટીમાં જઇ ધ્યાન કરવા આજ્ઞા કરી. તેઓ ધ્યાન કરવા ગયા; કેટલાક વખત પછી પરમહંસદેવ તેમની પાસે ગયા. તેમણે નાગમહાશયને પાન તમાકુ તૈયાર કરી લાવવા કહ્યું. નાગમહાશય તુરતજ ઓરડીમાં ગયા. શ્રીરામકૃષ્ણે સુરેશને કહ્યુંઃ "તું જાણે છે કે? આ માણસને થોડાજ વખતમાં સાક્ષાત્કાર થશે." નાગમહાશય તમાકુ તૈયાર કરી લાવ્યા. પછી પરમહંસદેવે તેમને પાણીનો લોટો લાવવા આજ્ઞા કરી.

શ્રીરામકૃષ્ણની સેવા કરવાનો અધિકાર મળ્યો તેથી નાગમહાશયને ઘણો આનંદ થયો.

બીજી વખત જ્યારે નાગમહાશય શ્રીરામકૃષ્ણ પાસે ગયા ત્યારે તેઓ એકલા હતા. સુરેશ કાંઈ કામમાં પડી જવાથી તે જઇ શક્યો નહિ. તે દિવસ પણ નાગમહાશયને જોઇ તેમને સમાધિ થઇ *હતી. સમાધિની અવસ્થામાં બોલતાં બોલતાં તેઓ એકદમ ઊભા થયા. નાગમહાશય પણ જરા ગભરાયા. શ્રીરામકૃષ્ણે તેમને કહ્યુંઃ "તું ડોક્ટર છે, મારે પગે શું થયું છે તે જરા જો!" નાગમહાશયે પગે હાથ ફેરવી જોવા માંડ્યું, પણ કાંઇ માલૂમ પડ્યું નહિ. નાગમહાશયે કહ્યુંઃ "પગે તો કંઈ દરદ માલૂમ પડતું નથી.

*શ્રીરામકૃષ્ણ પરમહંસ ઘણી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા હતા. જ્યારે તે કોઇ પણ શુદ્ધ સાત્ત્વિક મનુષ્યને જોતા કે તુરત તેમને સમાધિ થતી. તેઓ મનુષ્ય માત્રનું શાંત હૃદય પણ જાણી શકતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીરામકૃષ્ણે તેમને ફરીથી ખૂબ ધ્યાનપૂર્વક તપાસવા કહ્યું. નાગમહાશય શ્રીરામકૃષ્ણનો મનોભાવ સમજી ગયા. શ્રીરામકૃષ્ણે પોતેજ તેમના પર કૃપા કરી ચરણરજ આપી તેથી નાગમહાશયને બહુ આનંદ થયો. તેમણે તેમનો ચરણ પોતાના મસ્તકે અડકાડ્યો. નાગમહાશય કહેતા કે, "પરમહંસદેવને આપણી ઇચ્છા કહેવાની જરૂર પડતી નહિ. તે આપણા મનનો ભાવ સમજી જતા અને યોગ્ય લાગે તો આપણા મનોરથ પૂર્ણ કરતા."

આજથી નાગમહાશયને ખાતરી થઇ કે, શ્રીરામકૃષ્ણદેવ કોઈ સાધારણ સાધુ નથી, પણ સાક્ષાત્ નારાયણ ભગવાન છે. તે કહેતા કે, "પરમહંદેવ પાસે કેટલીક વખત ગયો એટલે મને ખાતરી થઇ કે તે સાક્ષાત્ નારાયણજ હતા." કેવી રીતે જાણ્યું, એમ પૂછતાં તે કહેતા: "તેમની કૃપાને લીધેજ હું તેમને ઓળખી શકયો છું."

પછી એક દિવસ શ્રીરામકૃષ્ણે પોતાનું શરીર ખુલ્લું કરી તેમને બતાવ્યું અને કહેવા લાગ્યા કે, "આ કોણ હશે?" નાગમહાશયે હાથ જોડી નમ્ર ભાવે તેમને કહ્યું: "પ્રભો! હવે મને બધી સમજ પડી છે. મને પૂર્ણ શ્રદ્ધા થઈ છે કે, તમેજ સ્વયં નારાયણ ભગવાન છો." તેઓ તુરતજ સમાધિસ્થ થયા. નાગમહાશયના મસ્તક પર પોતાનો હસ્ત મૂકયો. હાથનો સ્પર્શ થતાં જ નાગમહાશયને સમાધિ થઈ. તેમણે જોયું કે, સમસ્ત સ્થાવર-જંગમ અને દરેક વસ્તુમાં એક દિવ્ય જ્યોતિ વ્યાપક છે.

નાગમહાશય વારંવાર કહેતા કે, "શ્રીરામકૃષ્ણ પરમહંસ પૂર્ણબ્રહ્મ સનાતન છે. એમનામાં સર્વ અવતારોનો ભાવ છે. એમને હાથે ઘણા જીવોનો ઉદ્ધાર થશે."*

---

*નાગમહાશયનું કહેવું સત્ય થયું છે. શ્રીરામકૃષ્ણ પરમહંસનું પવિત્ર નામ અમેરિકા આદિ પાશ્ચાત્ય દેશોમાં પણ પ્રસિદ્ધ છે. તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદે અમેરિકાપર્યંત સનાતન હિન્દુધર્મનો ઉપદેશ કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ નાગમહાશય દક્ષિણેશ્વર ગયા ત્યારે પરમહંસદેવ જમીને સૂતા હતા. તે વખત જ્યેષ્ઠ માસ હતો તેથી ઉકળાટ બહુ થતો. નાગમહાશયના હાથમાં પંખો આપી તેઓ સૂઇ ગયા. પંખો નાખતાં નાખતાં નાગમહાશયનો હાથ દુઃખી ગયો, પણ મહારાજની આજ્ઞા સિવાય તેમણે પંખો નાખવાનું બંધ ન કર્યું. ધીમે ધીમે હાથ એટલો બધો દુઃખી ગયો કે પંખો આપોઆપ બંધ થવા માંડ્યો. એટલે તુરતજ શ્રીરામકૃષ્ણે બેઠા થઈ નાગમહાશયનો હાથ ઝાલી લીધો. નાગમહાશય કહે છે કે, "ભગવાન શ્રીરામકૃષ્ણની નિદ્રા સાધારણ મનુષ્યના જેવી ન હતી. તે નિરંતર જાગૃત જ રહેતા."

એક દિવસ નાગમહાશય શ્રીરામકૃષ્ણદેવની ઓરડીમાં એક ખૂણામાં બેઠા હતા; ત્યાં "चिदानंदरूपः शिवोऽहं शिवोऽहं" બોલતો બોલતો નરેન્દ્ર (પાછળથી સ્વામી વિવેકાનંદ) અંદર દાખલ થયો. પરમહંસદેવે નાગમહાશય તરફ આંગળી કરી નરેન્દ્રને કહ્યું: "આ બહુ દીન છે. એના હૃદયમાં પ્રેમ પણ બહુ છે." નરેન્દ્રે કહ્યું: "આપ કહો છો ત્યારે તો ખરુંજ હશે." પછી બન્ને જણ વાત કરવા લાગ્યા. વાતમાં નાગમહાશયે કહ્યું: "માની ઇચ્છા પ્રમાણે સર્વ કાંઇ બને છે, માણસ નકામો 'હું અને મારું' કરે છે." નરેન્દ્ર બોલ્યો: "હું તો એવું કાંઇ જાણતોજ નથી. હુંજ પરમાત્મા! મારી અંદર અસંખ્ય બ્રહ્માંડ ઉદ્‌ભવે છે, સ્થિર થાય છે અને પાછાં સમાઇ જાય છે."

નાગમહાશય: "એક ક્ષુદ્ર કીડી બનાવવાની શક્તિ પણ તમારામાં ક્યાં છે? ત્યાં પછી બ્રહ્માંડની તો શી વાત? તેની ઇચ્છા સિવાય ઝાડનું પત્ર પણ હાલી શકતું નથી."

નરેન્દ્ર: "મારી ઇચ્છા સિવાય સૂર્ય-ચંદ્ર પણ ચાલી શકે એમ નથી. મારી ઇચ્છાનુસારજ આ બ્રહ્માંડ યંત્રવત્ ચાલે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીરામકૃષ્ણ પાટ પર બેસી બન્નેની વાત સાંભળતા હતા. તેમણે હસતાં હસતાં નાગમહાશયને કહ્યું: "તમારા બન્નેની વાત સત્ય છે. વેદાંતમત પ્રમાણે નરેન્દ્ર ખરો છે પણ નરેન્દ્રનો મત સાધારણ મનુષ્યોને માટે નથી. નરેન્દ્ર જન્મસિદ્ધ છે એટલે એને માટે એ માર્ગ સારો છે." શ્રીરામકૃષ્ણનાં વચન સાંભળી નાગમહાશય શાંત થયા અને નરેન્દ્રને પ્રણામ કરવા લાગ્યા. એક વખત તેમને એક ગૃહસ્થે પ્રશ્ન કર્યો કે, "તમે કોઇ મુક્ત પુરુષ જોયો છે?" તેમણે ઉત્તર આપ્યો કે, "શ્રીરામકૃષ્ણ પરહંસ અને તેમના પટ્ટ શિષ્ય સ્વામી વિવેકાનંદ મુક્તજ છે. મેં તેમને પ્રત્યક્ષ જોયા છે."

શ્રીરામકૃષ્ણ જે કહેતા તે નાગમહાશય વેદવાક્ય ગણી સ્વીકારતા. શ્રીરામકૃષ્ણે પોતાના કોઈ ભક્તને કહ્યું: "ડોકટર, વકીલ, દલાલ અને એવા ખટપટના બીજા ધંધા કરનારાઓને ઈશ્વરસાક્ષાત્કાર ભાગ્યેજ થાય." આ વાત નાગમહાશયને કાને આવી. દિવસે ધ્યાન કરવા બેસતાંજ તેમની સમક્ષ રોગી મનુષ્યનું ચિત્ર ખડું થવા માંડયું. શ્રીરામકૃષ્ણનો ઉપદેશ એમને સત્ય લાગ્યો. તેમણે ત્યાંજ સંકલ્પ કર્યો કે, "જે ધંધો કરવાથી ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં અંતરાય આવે છે, એ ધંધો આજથી કરવો નથી." તેજ દિવસે ઘેર આવી દવાની પેટી અને કેટલીક ચોપડીઓ લઇ જઇ ગંગાજીમાં નાખી દીધી અને નરસિંહ મહેતાનું "નારાયણનું નામજ લેતાં વારે તેને તજીએ રે" એ ભજન બોલતા બોલતા ગંગામાં સ્નાન કરી ઘેર આવ્યા!

નાગમહાશયના સંકલ્પની વાત તેમના પિતા દીનદયાળે જાણી એટલે તેમને બહુ ખેદ થયો. તુરતજ તેઓ કલકત્તે આવ્યા. દીનદયાળે પાલબાબુને ત્યાં પોતાની જગ્યાએ નાગમહાશયને મૂકયા અને પોતે પાછા દેશમાં ગયા. કલકત્તે આ એમનું છેલ્લુંજ આગમન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલબાબુને ત્યાં નાગમહાશયને બહુ પરિશ્રમ કરવો પડતો નહિ. એમને કોઇક દિવસ કામ કરવું પડતું. ડૉકટરનો ધંધો છોડયા પછી જપ કરવાનો પણ વધારે સમય મળતો અને દક્ષિણેશ્વર જવાનું ઘણું સુગમ પડતું. ઘરમાં ગંગાજળ રાખવાને એકાંત સ્થાન હતું ત્યાં બેસી નાગમહાશય ધ્યાન કરતા. પાલબાબુને કામે કાંઈ બહારગામ જવું પડતું તો ત્યાં જંગલમાં અથવા નદી-કિનારે જઇ ધ્યાન કરતા. એક દિવસ ધ્યાન કરતાં કરતાં તેમને કાંઇ અદ્ભૂત દર્શન થયાં હતાં. તેમણે તે દિવસે ઘેર આવી સુરેશને કહ્યું: “ આવો આનંદ ધ્યાનમાં મને પૂર્વે કદી મળ્યો નથી.”

શ્રીરામકૃષ્ણના સહવાસમાં વારંવાર આવવાથી નાગમહાશયને તીવ્ર વૈરાગ્ય થવા લાગ્યો. સંસારત્યાગ કરવાની ઇચ્છા થવાથી શ્રીરામકૃષ્ણની આજ્ઞા લેવા તેઓ દક્ષિણેશ્વર ગયા; પણ શ્રીરામકૃષ્ણના ઓરડામાં જતાંજ તેઓશ્રી સમાધિસ્થિતિમાં બોલી ઊઠયા કે, “સંસાર આશ્રમમાં શું નુકસાન છે? તેના (ઈશ્વર) તરફ મન હોય એટલે બસ. ગૃહસ્થાશ્રમ તો બહુ સારો! કિલ્લાની અંદરથી લડવું બહુ સારું. ગૃહસ્થાશ્રમમાં રહી ભજન કરવું એ તો કિલ્લાની અંદર રહી લડવા જેવું છે.” નાગમહાયનું મોઢું ઊતરી ગયું. જે શ્રીરામકૃષ્ણદેવે કામિની–કાંચનના મોહને બાળીને ભસ્મ કર્યો હતો અને જેમનાં વચન પર તેમને વેદવાકય કરતાં પણ વધારે વિશ્વાસ હતો તેમણે કહ્યું કે, “ તું જનકની પેઠે ગૃહસ્થાશ્રમમાં રહી શકીશ. તારું જોઇ અન્ય ગૃહસ્થો ખરા ગૃહસ્થાશ્રમમાં રહેતાં શીખશે.” નાગમહાશયનું કાંઇ ચાલ્યું નહિ. તે કહેતા કે, “ગુરુદેવના મુખમાંથી જે વાકય નીકળ્યું તે ફેરવવાનું અને તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું સામર્થ્ય મારામાં ન હતું. મારે માટે એજ રસ્તો હશે.”

શ્રીરામકૃષ્ણની આજ્ઞા શિરોધાર્ય માની નાગમહાશય વ્યાકુળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તે ઘેર આવ્યા. રાતદિવસ હે પ્રભુ! હે ભગવાન! સિવાય બીજું બોલતાજ નહિ. દિવસે દિવસે ભગવદ્‌વિરહાગ્નિ પ્રકટ થવા માંડ્યો. કોઇ દિવસ રસ્તામાંજ પડી રહેતા. કોઇ વખત હા ભગવાન! બોલી કાંટાની વાડમાં પણ પડી જતા. ખાવા-પીવાની તો બિલકુલ દરકાર રાખતા નહિ. સુરેશ જબરદસ્તીથી ખવડાવે તેજ દિવસે નાગમહાશય જમતા. કોઇ દિવસ રાત્રે બે-ત્રણ વાગે ઘેર આવતા. ત્યાં સુધી ગંગાકિનારે બેસી જપ-સાધન કરતા. પાલબાબુની નોકરી પણ એમનાથી થઇ શકી નહિ. તેમને એક રણુજિત નામના માણસ સાથે થોડા દિવસ પર પરિચય થયો હતો. રણુજિત ગરીબનો છોકરો હતો, પણ ઘણો ઉદાર અને ધર્મભીરુ હતો. જે દિવસે નાગમહાશય પોતાની નોકરી પર જઇ શકતા નહિ તે દિવસે રણુજિત પાલબાબુને ત્યાં નાગમહાશયને બદલે નોકરી કરવા જતો.

વચમાં કાંઇક ખાસ કાર્યને લીધે નાગમહાશયને દેશમાં જવું પડ્યું. તેમની સ્થિતિ જોઇ તેમનાં પત્નીને કાંઇ શંકા થઇ. તેમને ખાતરી થઈ કે, પતિદેવને ગૃહસ્થાશ્રમ પર બિલકુલ રુચિ નથી. નાગમહાશયે પણ તેમને ચોખ્ખું કહી દીધું કે, "શ્રીરામકૃષ્ણદેવને અર્પણ કરેલા આ દેહથી સંસારનું બાહ્યકાર્ય કદી થનાર નથી. તમે પણ વિષયવાસના છોડી દઈ ભગવાનનું ભજન કરો-જુઓ એમાં કોઈ અલૌકિક આનંદ છે!"

નાગમહાશયના વાડામાં એમનાં બહેન શ્રીમતી શારદામણિએ શાકના વેલા વાવ્યા હતા. વેલા પર શાક પણ અથાગ ઊગ્યું હતું. ફળિયામાંનો કોઇ માણસ એમના વાડા પાસે પોતાની ગાય બાંધી ગયો. વાડામાં શાક જોઈ ગાય દોરડું તોડાવી ત્યાં જવા મહેનત કરવા લાગી, પણ દોરડું બહુ મજબૂત હોવાથી તૂટી શક્યું નહિ. નાગમહાશય ઊભા ઊભા ગાયનો પ્રયત્ન જોયા કરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ પ્રાણીમાં ઈશ્વરનું દર્શન કરનાર શ્રીરામકૃષ્ણના આદર્શ શિષ્યને ગાયની દયા આવી. પોતે એકદમ ગાય પાસે ગયા અને "મા, ખાઓ! સુખેથી ખાઓ!" એમ કહી ગાયનું દોરડું છોડી મૂક્યું! ગાય છૂટતાંજ વાડામાં દોડી ગઇ અને શાક વગેરે ખાઇ તૃપ્ત થઇ અને કેટલાક વેલા ચગદી નાખી બહુ નુકસાન કર્યું. દીનદયાળને પુત્રની આવી વર્તણૂકથી બહુ ગુસ્સો લાગ્યો અને તેમને લડવા લાગ્યા કે, "પોતે તો કાંઈ કમાવું નહિ! પોતાનો સંસાર સુખી થાય એવું તો દૂર રહ્યું, પણ ઘરમાં બગાડ શા માટે કરે છે? ડૉકટરનો ધંધો તો છોડી દીધો, હવે શું ખાઇને જીવશો?"

નાગમહાશય: "એ ફિકર ભગવાનને છે. તમારે ફિકર કરવાની જરૂર નથી."

દીનદયાળ: "સંસારમાં નાગા ફરશો કે? તમારે ઘાસ ખાવાથી ચાલવાનું નથી!"

નાગમહાશયે બિલકુલ ઉત્તર આપ્યો નહિ, પણ એકદમ વાડામાં જઈ ઘાસપાલો લઈ આવ્યા. પિતા પાસે આવી ધોતિયું કાઢી નાખ્યું અને ઘાસપાલો ચાવતાં ચાવતાં કહ્યું: "પિતાજી! તમારી બન્ને આજ્ઞા પાલન કરી છે. ખાવાપહેરવા વિષે હવે તમારે ચિંતા કરવાની નથી. તમે હવે નિશ્ચિંત થઈ ફક્ત હરિનામનો જપ કરો. તમારે પગે પડી હું પ્રાર્થના કરું છું કે, તમારે આટલી ઉંમરે સંસારમાં મન રાખવું નહિ. જન્મથી મરણપર્યંત સંસારના મોહમાં પડ્યા રહેશો તો પછી તમારો ઉદ્ધાર ક્યાંથી થશે? મારી ચિંતા તમારે શા માટે કરવી જોઇએ? મેં ધંધો છોડી દીધો એ ખરું, પણ મેં કાંઇ વિષયસુખને લીધે અથવા ખરાબ છંદમાં પડી તેમ કર્યું નથી; પણ ઈશ્વરભજન કરી આજ જન્મમાં ઈશ્વરનાં દર્શન કરવા માટે સર્વ ત્યાગ કર્યું છે."

દીનદયાળ: "તને ઈશ્વર મળશે એવી તને ખાતરી છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય: "હા, મારા સદ્‌ગુરુ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવને ઈશ્વરનો પૂર્ણ સાક્ષાત્કાર થયો છે. તેમણે ધર્મનાં સર્વ તત્ત્વોનો અને આત્મતત્ત્વનો પણ અનુભવ કર્યો છે. ઈશ્વરનો ઉપકાર માનો કે તમારા પુત્રને તે પરમકૃપાળુ ગુરુદેવે સંસારમોહમાંથી મુક્ત કર્યો છે. શ્રીરામકૃષ્ણદેવે મને કહ્યું છે કે, "તને ઈશ્વરદર્શન થશે." મને એમનાં વચનમાં વેદવાક્ય જેટલી શ્રદ્ધા છે. મારા સદ્‌ગુરુનો મુખ્ય ઉપદેશ—"કામિની-કાંચનમાં અનાસક્તિ" છે અને તે ઉપદેશ હું સંપૂર્ણ રીતે અમલમાં મૂકવા માગું છું. તમારામાં અને અમારામાં ફેર એટલોજ છે કે, તમે જે માનો છો તે પ્રમાણે સંસારવશ હોવાથી કરતા નથી અને અમે તેમ કરીએ છીએ."

નાગમહાશયનાં વચન સાંભળી દીનદયાળ સ્તબ્ધ થઇ ગયા અને ઘરમાં સર્વેને કહી દીધું કે, "દુર્ગાચરણની મરજી વિરુદ્ધ કોઇએ કાંઇ પણ કામ કરવું નહિ."

નાગમહાશય દેશમાં રહ્યા ત્યાં સુધી દીનદયાળને સાંસારિક બાબતોનો વિચાર કરવાને અવસરજ આપતા નહિ. હંમેશાં તેમની પાસે બેસી શાસ્ત્ર વાંચી સંભળાવતા. ગામના કોઇ પણ માણસ તેમને ત્યાં નકામા ગપ્પાં મારવા આવતા, તો નાગમહાશય તેમના પર ખીજવાઈ જતા અને કહી દેતા કે, "તમારે મારા પિતા પાસે સાંસારિક વિષયનાં ગપ્પાં મારવાં નહિ. તમને ગપ્પાં માર્યા વિના ન ચાલતું હોય તો અમારે ત્યાં આવવુંજ નહિ."

નાગમહાશય કલકત્તે આવ્યા અને સુરેશે દીનદયાળની ખબર પૂછી ત્યારે તેમણે કહ્યું: "જે મનુષ્યને સંસારરૂપી નાગનો દંશ થયો છે તેને માટે ભગવાનની કૃપા સિવાય ઉદ્ધારનો બીજો માર્ગ નથી." થોડી વાર શાંત રહી એકદમ બોલી ઉઠયા: "જય શ્રીરામકૃષ્ણ! હે રામકૃષ્ણદેવ! મારા પિતા પર દયા કરો!" આટલું બોલતાં બોલતાં નાગમહાશય ગદ્‌ગદિત થઇ ગયા અને આંખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી અશ્રુ પણ નીકળી પડયાં. થોડી વાર પછી વળી બોલવા લાગ્યા: "હજી પણ પિતાને વિષયાસક્તિ+ છે! તેમનામાંથી હજી સંસારની અસક્તિ જતી નથી! પોતે વૃદ્ધ થયા છે, અશક્ત થયા છે છતાં પણ ગામના બીજા માણસો આવતાં તેમની સાથે સાંસારિક બાબતોનાં ગપ્પાં મારે છે."

દેશમાંથી આવી નાગમહાશયે એક દિવસ શ્રીરામકૃષ્ણને કહ્યું: "તેના પર પૂર્ણ શ્રદ્ધા છે એવું શી રીતે કહેવાય? હજી 'હું કરું છું' એવો ભાવ તો કાયમ છે." પરમહંસદેવે પોતાના શરીર તરફ આંગળી કરી કહ્યું: "આ તરફ શ્રદ્ધા હશે તો બધું થશે!" નાગમહાશય કહેતા કે, "શ્રીરામકૃષ્ણદેવમાં કોઇ અદ્ભૂત શક્તિ હતી. તેઓ ગમે તેવા માણસનું મન ફેરવી નાખતા. ઘણા પાપી જીવો પણ તેમનાં દર્શન અને વચન-શ્રવણથી પોતાનું જીવન સુધારી દેતા. એવી શક્તિ સાધારણ ઉપદેશકમાં હોયજ નહિ."

નાગમહાશયનો તીવ્ર વૈરાગ્ય જોઇ એક દિવસ શ્રીરામકૃષ્ણદેવે કહ્યું: "સંસારમાંજ રહો, ઘર છોડશો નહિ. સંસારમાં રહી ઈશ્વર-દર્શન કરવાં અને બીજા સંસારીઓને પોતાના ચારિત્ર્ય દ્વારા ધર્મમાર્ગમાં વાળવા એમાંજ ખરું વીરત્વ છે."

નાગમહાશય: "ઘરમાં શી રીતે રહેવાય? પારકું દુઃખ જોઇ શકાતું નથી અને તેથી મનની સ્થિરતા પણ રહેતી નથી."

શ્રીરામકૃષ્ણ: "તું નકામો ડરે છે. ના, હું કહું છું અને મા પણ કહે છે કે, તને સંસારમાં રહેવાથી બિલકુલ દોષ નહિ લાગે. તારું ચારિત્ર્ય જોઇ અન્ય સંસારીઓ સ્તબ્ધ થઇ જશે."

નાગમહાશય: "ગૃહસ્થાશ્રમમાં રહી દિવસ કેવી રીતે વિતાવવા?"

+ વિષય એટલે સંસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીરામકૃષ્ણ: "તારે ફક્ત સાધુસંગ કરવો. તારે બીજા કશાની બિલકુલ જરૂર નથી."

નાગમહાશય: "સાધુને શી રીતે ઓળખી શકું?"

શ્રીરામકૃષ્ણ: "તારે સાધુ શોધવા જવું નહિ, તારે ઘરમાં રહી માત્ર હરિનામ લેવું. ખરા સાધુ આપોઆપ તારી પાસે આવશે અને ઊલટા તે તારી પાસેથી કાંઇક શીખશે."

દિવસ પર દિવસ જવા લાગ્યા. નાગમહાશય વિચાર કરવા લાગ્યા: "જ્યાં સુધી સંસારના વિષયમાં મન છે, ત્યાં સુધી શાંતિની આશા રાખવી વ્યર્થ છે." તેમણે તુરતજ પાલબાબુને ત્યાંનું કામ રણુજિતને સોંપી નિશ્ચિંતપણે ભગવચ્ચિંતન કરવાનું નક્કી કર્યું. યોગ્ય અવસર જોઈ નાગમહાશયે પાલબાબુને પણ એ વાત કરી દીધી.

પાલબાબુએ પૂછ્યું: "તારું ગુજરાન કેવી રીતે ચાલશે?"

નાગમહાશયે કહ્યું: "રણુજિત દયા કરી મને જે આપશે તેમાંથી હું મારું ગુજરાન કરીશ."

પાલબાબુ પણ જાણી ગયા કે, નાગમહાશયથી હવે સાંસારિક કામો થવાનાં નથી. પાલબાબુએ રણુજિતને બોલાવ્યો અને તેને જે મળે તેમાંથી અર્ધો ભાગ નાગમહાશયને આપવો એવી શરતે તેને પોતાને ત્યાં નોકર રાખ્યો. રણુજિત નાગમહાશયને બધા પૈસા આપતો નહિ. તેમને ફક્ત ખર્ચ જેટલું આપી બાકીના પૈસા ટપાલ મારફત દીનદયાળને મોકલાવી આપતો.

આ વાત સાંભળી શ્રીરામકૃષ્ણે કહ્યું: "એ બહુ સારું થયું. હવે તું ઈશ્વરભજનમાં મસ્ત થઇ જા. તારા મનોરથ પૂર્ણ થશે."

નિશ્ચિંત થયા પછી નાગમહાશય ઉગ્રતર સાધના કરવા લાગ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શ્રીરામકૃષ્ણની પાસે વિશેષ આવજા કરવા લાગ્યા. પહેલાં તે રવિવારે અથવા બીજા રજાના દિવસે શ્રીરામકૃષ્ણ પાસે જતા નહિ. તેઓ કહેતા કે, "વિદ્વાન, બુદ્ધિમાન અને પ્રતિષ્ઠિત માણસો રવિવારે તેમની પાસે બહુ આવે છે. હું મૂર્ખ માણસ, તેમની વાતોમાં શું સમજી શકું?" એથી તેમને શ્રીરામકૃષ્ણના બીજા ભક્તો સાથે બહુ પરિચય થયો નહોતો; પણ હવે ઘણી આવજા થવાથી તેમને બીજા કેટલાક માણસો સાથે પરિચય થવા લાગ્યો.

એક વખત *ગિરીશ પોતાના બેત્રણ મિત્રો સાથે દક્ષિણેશ્વર આવ્યો. શ્રીરામકૃષ્ણની ઓરડીમાં પ્રવેશ કરતાંજ તેણે એક દીન માણસને બહુ વિનીત ભાવે હાથ જોડી બેઠેલો જોયો. માણસ શરીરે પાતળો હતો પણ આંખો તારાની પેઠે ચકચકિત હતી! પરમહંસદેવે તેની સાથે ગિરીશનો પરિચય કરાવ્યો. ગિરીશ કાંઇ શુભ-મુહૂર્તમાં આવ્યો હતો, કારણ કે એક વખતના પરિચયથીજ બન્નેને ગાઢ સૌહાર્દ સંબંધ થઇ ગયો.

નાગમહાશય હજી પણ દરરોજ સંધ્યાકાળે ગંગાકિનારે જતા. એક દિવસ ત્યાં ફરતાં ફરતાં એક તરુણવયનો સૌમ્યમૂર્તિ યુવક એમની દૃષ્ટિએ પડયો. તેના પર દૃષ્ટિ પડતાંજ એમને લાગ્યું કે, "આ કોઇ શ્રીરામકૃષ્ણનો ભક્ત હોવો જોઇએ." એમનું અનુમાન પણ સત્ય હતું. એ સ્વામી તુરીયાનંદ (તે સમયે હરિરાજ) હતા. સ્વામી તુરીયાનંદના બ્રહ્મચર્ય વિષે વાત કરતાં નાગમહાશય કહેતા કે, "એમનું બ્રહ્મચર્યબળ અત્યંત છે. એવું ન હોય તો પરમહંસદેવની કૃપા ક્યાંથી થાય?"

હવે નાગમહાશયે બદન અને પગરખાં (જોડા) પહેરવાનું પણ છોડી દીધું. તેઓ પોતાની પાસે એક જાડી કામળી રાખતા. આહાર માટે તેમને શ્રીરામકૃષ્ણે કહ્યું હતું કે, "ઈશ્વરેચ્છાથી જે મળે તે

*બંગાળાના પ્રખ્યાત નાટ્યકાર ગિરીશચંદ્ર ઘોષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાઈ લેવું, તારે વિધિ પાળવાની જરૂર નથી, ગમે તેનું ખાઇશ તોપણ હરકત નથી. તને તેથી દોષ નહિ લાગે." નાગમહાશય પણ આહાર માટે કાંઇ નિયમ રાખતા નહિ, જે મળતું તે ખાતા. અમુક ચીજ ખાવી અને અમુક ચીજ નહિ ખાવી એવું કાંઇ રાખતા નહિ. સાધારણ રીતે તે ખાતા પણ બહુ થોડું. તે કહેતા કે, "જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી એને થોડું થોડું પોષણ આપવું જોઇએ." સ્વાદ જીતવા માટે મિષ્ટ પદાર્થ અને મીઠાનો ઉપયોગ તેઓ કરતા નહિ.

નાગમહાશયના ઘરમાં બે ઓરડા હતા. એક ભાગમાં કીર્તિ-વાસ નામનો કોઈ સાધારણ સ્થિતિનો માણસ રહેતો હતો. તેને ત્યાં સ્ત્રીઓ પોતાને ઘેર ડાંગર ખાંડી ચોખા કરતી. એક વખત પરસાળમાં નાગમહાશયે કુશકીની મોટી ઢગલી જોઈ. તેમણે વિચાર કર્યો કે, "આ કુશકી ખાઇ ચલાવીએ તો બહુ પીડા ઓછી થાય!" તેમણે તેજ દિવસથી ગંગા પર જઈ કુશકીને પાણીમાં પલાળી, તે ખોરાક લેવાનું શરૂ કર્યું. બેએક દિવસ એમ કર્યું, એટલે કીર્તિવાસને ખબર થઇ. તેણે તુરતજ બધી કુશકી વેચી દીધી અને પછી કોઇ દિવસ કુશકી એકઠી થવા દેતો નહિ. નાગમહાશય કહેતા કે, કુશકી× ખાવાથી તેમને બિલકુલ નુકસાન થયું નથી, પણ શરીર બહુ સુસ્ત રહેતું. રાતદિવસ ખાવાની ચિંતા રાખીએ તો પછી પ્રભુપ્રાર્થના કયારે કરીએ અને જપ કયારે કરીએ? ખાવા સંબંધી બહુ દરકાર રાખવી એ સારું નથી. જે મળે તે ખાવું, ખોરાક અનારોગ્ય ન જોઇએ.

કીર્તિવાસ નાગમહાશય પર બહુ ભાવ રાખતો. તે તેમને એક સંત જેટલું માન આપતો. નાગમહાશય પાસે કાંઇ ન હોય

× આ ઉપરથી બીજા માણસોએ એકદમ આવું કરવાનું શરૂ કરવું ઉચિત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કોઈ ભિખારી આવે તો કીર્તિવાસ તેને કાંઇક આપી વિદાય કરતો. નાગમહાશયનું ઘર રસ્તા પર હોવાથી એમને બારણે ઘણા ભિખારી આવતા. એક વખત કોઇ વૃદ્ધ વૈષ્ણવ એમને ત્યાં ભિક્ષા માગવા આવ્યો. તે દિવસે નાગમહાશય પાસે ચાર કેળાં સિવાય આહારને માટે કાંઇ ન હતું. કીર્તિવાસ પણ ઘરમાં ન હતો. નાગમહાશયે કચવાયા વિના વૈષ્ણવને ચાર કેળાં આપી દીધાં અને પોતે આખો દિવસ ભૂખ્યા રહ્યા.

સુરેશ કહે છે કે, “નાગમહાશય સાથેના ત્રીસ વર્ષના સંબંધમાં મેં તેમને કોઈ વખત મીઠાઈ ખાતાં જોયા નથી. ભગવાનના પ્રસાદ સિવાય કદી તે મીઠાઇ ખાતા નહિ. તે કહેતા કે, ‘જીભને સ્વાદની ટેવ પડી જાય તો ઈશ્વરભજનમાં વિઘ્ન આવે.’ તેઓ પોતે મીઠાઇ ખાતા નહિ પણ બીજાને ખવડાવવામાં બહુ ઉદાર હતા.”

નાગમહાશય કદી પણ સાંસારિક વિષય વિષે વાત કરતા નહિ અને જો કોઇ એમની સાથે એવી વાત કરતું, તો ધીમે ધીમે રહીને તે વાત ફેરવી નાખતા. જો કોઇ વખત પોતાથી એવી વાત થઇ જતી તો તુરતજ બોલી ઊઠતા કે, “સદ્‌ગુરુ શ્રીરામકૃષ્ણદેવ! આજે આવી બુદ્ધિ કેમ સુઝાડી? એટલો વખત ભગવાનનું નામ લીધું હોત તો કેવું સારું થાત!” કોઇ કારણસર કોઇના પર ક્રોધ થતો તો તેજ વખતે પોતાની પાસે જે હોય તે લઇ શરીર પર નિષ્ઠુરભાવે પ્રહાર કરતા. તે કોઇ વખત કોઇની નિંદા કરતા નહિ. એક વખત કોઇ વ્યક્તિના સંબંધમાં તે વિરુદ્ધ બોલ્યા અને તેની નિંદા કરી; પછી તુરતજ તેમને પોતાની ભૂલ જણાઇ. પાસે એક નાનો પથ્થર પડયો હતો, તે લઇ પોતાના માથામાં મારવા લાગ્યા. માથું ફૂટયું અને લોહી નીકળ્યું. એ ઘા રુઝાતાં એક મહિનો થયો. તેઓ કહેતા કે, “ઠીક થયું, પારકી નિંદા કરનારને એવીજ શિક્ષા થવી જોઇએ!” (કેમ વાચક! તેં કદી આવી શિક્ષા તારા શરીરને કરી છે કે?)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામજય કરવાને માટે તે ઘણા ઉપવાસ કરતા. કોઇ કોઇ વખત તો પાંચ-છ ઉપવાસ સામટા કરી નાખતા. એક વાર ચાર અપવાસ કર્યા પછી તે ખાવાનું મન કરતા હતા. એવામાં સુરેશ ત્યાં આવી પહોંચ્યો. સુરેશને જોઇ તેમના મનમાં જરા ખિન્નતા થઈ હોવી જોઇએ. કારણ કે, "હજી મારામાંથી સ્વાર્થ ગયો નહિ એવું બોલી ખાવાની તપેલી ફેંકી દીધી અને સુરેશને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. તે દિવસ પણ તેમણે ઉપવાસ કર્યો. ફક્ત અર્ધા પૈસાના ચણા ફાકી ચલાવી લીધું.

માથાના દુઃખને લીધે નાગમહાશયને સ્નાન કરવાનું છોડવું પડ્યું હતું. તેમણે જીવનનાં છેલ્લાં વીસ વર્ષ સ્નાન કર્યું નહોતું, તેથી તેમનું શરીર કાળું દેખાતું તેમજ કઠોર સાધનાને લીધે એમનાં અંગેઅંગમાં કાંઇ અલૌકિકપણું જણાઈ આવતું. નાગમહાશય ઘણાજ દીન હતા. ચૈતન્ય ભગવાનનો "तृणादपि सुनीचेन तरोरिव सहिष्णुना" ઉપદેશ એમણે બરાબર અમલમાં મૂક્યો હતો. ગિરીશ કહે છે કે, "નાગમહાશયમાં અહંકારનો છાંટો પણ હતો નહિ. એમણે ઠોકરો મારી મારીને અહંકારનું માથું છૂંદી નાખ્યું હતું." રસ્તામાં ચાલતી વખતે પણ તે કોઈનાથી આગળ નીકળી જવા પ્રયત્ન કરતા નહિ. મજૂરને પણ તે માર્ગ આપતા. તે કોઈના બિછાના પર કદી બેસતા નહિ. તે કોઇને ત્યાં પાથરણા પર પણ બેસતા નહિ. બહુ મંડળીમાં તે જતા નહિ અને જો કોઇકવખત અચાનક જઇ પડતા, તો પોતે એક ખૂણામાં હાથ જોડી ઊભા રહેતા. કોઇ એમને હુક્કો ભરી આપે તો તે પીતા નહિ પણ પોતે બધાને હુક્કો ભરી આપતા. પોતાના જેવો કોઇ માણસ મળતો તો તેને ઘડી ઘડી હુક્કો ભરી આપતા અને પોતે પણ પીતા. તે માણસ રજા માગે તો નાગમહાશય આગ્રહ કરી તેમને બેસાડતા અને વળી હુક્કો ભરી આપતા. તે કહેતા કે, "હું તો પામર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણી છું. મારાથી દુનિયામાં બીજો પરમાર્થ થઇ શકે એમ નથી. તમને હુક્કો ભરી આપી એટલી સેવા થાય તો હું મારો મનુષ્ય જન્મ સફળ માનીશ.”

નાગમહાશય રાજમાર્ગના સાધક હતા તોપણ તે વિધિપૂર્વક ભક્તિમાં બહુ શ્રદ્ધા રાખતા. તે બીજાને પણ સાધન કરવા ઉપદેશ આપતા. નાગમહાશય સાથે આઠનવ દિવસ દક્ષિણેશ્વર ગયા પછી સુરેશને કાંઇક કામસર કવેટા જવાનું થયું. જતાં પહેલાં શ્રીરામકૃષ્ણ પાસેથી દીક્ષા લેવા સુરેશને કહ્યું. તે વખતે સુરેશને મંત્ર પર શ્રદ્ધા નહોતી તેથી બન્નેને ખૂબ વાદવિવાદ થયો. આખરે સુરેશે શ્રીરામકૃષ્ણ કહે તે પ્રમાણે કરવા કબૂલ કર્યું. નાગમહાશય સુરેશને લઈ શ્રીરામકૃષ્ણ પાસે ગયા અને સર્વ બાબત તેમને વિદિત કરી. શ્રીરામકૃષ્ણદેવે કહ્યું: “સુરેશ! નાગમહાશય ખરું કહે છે, તું એનું કહેવું કેમ માનતો નથી?” સુરેશે કહ્યું: “મને મંત્ર પર શ્રદ્ધા નથી.” શ્રીરામકૃષ્ણે નાગમહાશયને કહ્યું: “તારે એની ચિંતા કરવાની જરૂર નથી, એને મંત્રની જરૂર નથી. એને ધીમે ધીમે જ્ઞાન થશે. તું એની ચિંતા કર્યા વિના તારા માર્ગમાં આગળ ચાલ્યો જા.”

કેટલોક વખત કવેટામાં રહ્યા પછી સુરેશને દીક્ષા લેવાની જિજ્ઞાસા થઇ. કલકત્તે ગયા પછી દીક્ષા લેવાનું નક્કી કર્યું, પણ તે કલકત્તે પાછો આવ્યો તે વખતે શ્રીરામકૃષ્ણદેવ માંદા હતા. નાગમહાશયની શિખામણ ન માની તેથી સુરેશને પોતાની જાત પર તિરસ્કાર આવ્યો. થોડાજ દિવસમાં શ્રીરામકૃષ્ણદેવે દેહત્યાગ કર્યો, તેથી સુરેશને બહુ શોક થયો. તેણે તેજ દિવસથી રાત્રે ગંગાકિનારે જઇ પતિતપાવની માતા આગળ પોતાનું હૃદય ખોલવા માંડયું. એક દિવસ આખી રાત તે ગંગાકિનારે પડયો હતો. અર્ધ રાત્રી વીત્યા પછી ગંગામાંથી શ્રીરામકૃષ્ણદેવ બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા. સુરેશ આ જોઇ અત્યંત વિસ્મિત થયો! શ્રીરામકૃષ્ણે પાસે આવી તેના કાનમાં બીજમંત્ર આપ્યો. સુરેશ ચરણરજ લેવા ગયો એવામાં શ્રીમૂર્તિ અંતર્ધાન થઇ ગઇ! સુરેશ કહે છે કે, "આ બનાવ સત્ય છે. હું સ્વપ્નામાં નહોતો." સુરેશ પ્રથમ બ્રાહ્મસમાજી હતો.

નાગમહાશયને સાધન કરતાં કરતાં આશરે ચારેક વર્ષ વીતી ગયાં. શ્રીરામકૃષ્ણદેવની લીલાવસાનનો સમય નજીક આવવા લાગ્યો. દક્ષિણેશ્વરમાં હવે બિલકુલ આનંદ ન હતો. શ્રીરામકૃષ્ણ માંદા હોવાથી તેઓ કલકત્તામાં કાશીપુરમાં ગોપાલબાબુને ત્યાં રહેતા. નાગમહાશય જાણતા હતા કે, હવે શ્રીરામકૃષ્ણદેવ ઝાઝો વખત આ દુનિયામાં રહેવાના નથી. તે શ્રીરામકૃષ્ણ પાસે જઈ શકતા નહિ. તે કહેતા કે, "પરમહંસદેવ તો લીલાને ખાતર માંદા થયા છે, છતાં પણ મારાથી તેમનું દુઃખ જોઇ શકાતું નથી." તેઓ કોઇ કોઈ વખત તેમનાં દર્શન કરવા જતા. એક વખત નાગમહાશયને જોઇ પરમહંસદેવે કહ્યું: "આવ, મારી પાસે આવ, મારે શરીરે અગન બળે છે; તારા હાથ મારા શરીરે ઘસ. તારા શરીરની શીતળતાથી મને પણ જરા શાંતિ થશે." નાગમહાશય એમની પાસે ગયા. શ્રીરામકૃષ્ણ માંદા હતા તોપણ હસવા લાગ્યા અને નાગમહાશયને આલિંગન કર્યું.

નાગમહાશય એક વખત કાશીપુર ગયા ત્યારે શ્રીરામકૃષ્ણે કહ્યું: "અરે ડૉક્ટર! બધા ડૉકટરો તો દવા કરીને થાકયા, હવે તું કાંઇ દવા કર. તને હવે ડૉક્ટરી આવડે છે કે ભૂલી ગયો?" નાગ-મહાશય થોડી વાર શાંત રહ્યા અને વિચાર કરી તેમનો વ્યાધિ માનસિક શક્તિ દ્વારા પોતાના શરીરમાં ખેંચી લેવાની ઇચ્છા કરી. તે એકદમ આનંદમાં આવી બોલી ઊઠયા: "હા, હું તમારો વ્યાધિ સારો કરી શકું એમ છું." આટલું બોલી તે પરમહંસદેવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે ગયા. પરમહંસદેવ એમનો વિચાર સમજી ગયા. તેમણે નાગમહાશયને દૂર જવા આજ્ઞા કરી અને કહ્યું: "તું મારો રોગ સારો કરી શકે એમ છે, પણ મારે સારા થવું નથી."

પરમહંસદેવ અંતર્ધાન થયા તે પહેલાં પાંચસાત દિવસ આગમચ નાગમહાશય તેમની પાસે આવ્યા હતા. ઘરમાં પેસતાંજ સાંભળ્યું કે પરમહંસદેવ કહે છે કે, "આ વખતે જાંબુ મળશે ? મોં બેસ્વાદ થઈગયું છે. જાંબુ હોય તો ઠીક." ત્યાં બેઠેલામાંથી એક જણે કહ્યું: "મહારાજ! આ જાંબુની મોસમ નથી, હમણાં તો જાંબુ મળેજ નહિ." નાગમહાશય ત્યાંથીજ પાછા વળ્યા. તેમને ખાતરી હતી કે, "પ્રભુ માગે છે તો તે વસ્તુ અત્યારે હોવીજ જોઇએ." તેમણે દરેક વાડીમાં અને ગામડામાં તપાસ કરવા માંડી. ત્રીજે દિવસે નાગમહાશય થોડાંક જાંબુ લઇ આવ્યા અને પરમહંસદેવને અર્પણ કર્યાં. જાંબુ જોઇ તેમને આનંદ થયો. તેમણે સ્વામી શ્રીરામકૃષ્ણાનંદ (તે સમયે શશીબાબુ) ને નાગમહાશયને માટે ખાવાનું કરવા આજ્ઞા કરી. નાગમહાશય પરમહંસદેવ પાસે બેસી તેમને પંખો નાખવા લાગ્યા. ભોજન તૈયાર થયું પણ નાગમહાશય ત્યાંથી ઊઠ્યા નહિ. આખરે પરમહંસદેવે નાગમહાશયને ભોજન માટે નીચે જવા કહ્યું. નાગમહાશય નીચે જઇ આસન પર બેઠા પણ અન્નને સ્પર્શ કર્યો નહિ. સર્વ ભક્તોએ તેમને ભોજન કરવા અનુરોધ કર્યો, પણ નાગમહાશયે ખાધું નહિ. તે દિવસ એકાદશી હતી. નાગમહાશયના મનમાં એવું હતું કે, જો પરમહંસદેવ કૃપા કરી પ્રસાદ આપે તોજ આજનું વ્રત ભંગ કરવું. નાગમહાશય પોતાના મનની વાત કોઇને કહેતા નહિ. આખરે થાકીને રામકૃષ્ણાનંદ પરમહંસદેવ પાસે ગયા અને તેમને બધી વાત નિવેદન કરી. પરમહંસદેવે કહ્યું: "પતરાળી મારી પાસે લઈઆવ." આજ્ઞાનુસાર રામકૃષ્ણાનંદ પતરાળી તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે લઇ ગયા. પરમહંસદેવે બધી સામગ્રીમાંથી થોડો થોડો ભાગ લીધો અને કહ્યું: "જા, હવે તેને આપ. તે જરૂર ખાશે." રામકૃષ્ણાનંદ પાછા તેજ પતરાળી નાગમહાશય પાસે લાવ્યા. નાગમહાશય બોલ્યા: "અહા! પ્રસાદ! મારા ગુરુદેવનો પ્રસાદ! સાક્ષાત્ ભગવાનનો મહાપ્રસાદ!" એમ બોલી પતરાળીને વારંવાર પ્રણામ કરવા લાગ્યા અને પછીથી પતરાળીમાંથી ખાવાનું શરૂ કર્યું. પ્રસાદ મળવાથી નાગમહાશયને અસીમ આનંદ થયો હતો. એ આનંદમાં ને આનંદમાં ખાતાં ખાતાં પતરાળી સુદ્ધાં ખાઇ ગયા! નીચે પડેલા દાણા પણ વીણી ખાઇ ગયા! ધન્ય એ ગુરુપ્રેમ! ધન્ય એ ભક્તિ! રામકૃષ્ણાનંદ કહે છે કે, "નાગમહાશયને પ્રસાદ મળવાથી કાંઇ અલૌકિક ભાવ આવ્યો હતો." આ બનાવ પછી શ્રીરામકૃષ્ણના ભક્તજનો તેમને કદી પતરાળીમાં ભોજન આપતા નહિ. તેમને માટે ખાસ કરીને થાળી વાપરતા. ભગવાન શ્રીરામકૃષ્ણના દેહત્યાગની ખબર મળી તે દિવસે નાગમહાશય આખી રાત્રિ શ્મશાનમાં રહ્યા અને બીજે દિવસે નિર્જળ ઉપવાસ કર્યો.

શ્રીરામકૃષ્ણદેવના દેહત્યાગ પછી સ્વામી વિવેકાનંદ સર્વ ભક્તોની ખબર રાખતા. તેમણે સાંભળ્યું કે, નાગમહાશય આખો દિવસ અનાહાર પડી રહે છે. શૌચાદિ માટે પણ ઊઠતા નથી. ત્યારે સ્વામી અખંડાનંદ (તે વખતના ગંગાધર) ને અને સ્વામી તુરીયાનંદને લઈ સ્વામીજી નાગમહાશય પાસે આવ્યા. ઘણી બૂમો પાડી ત્યારે નાગમહાશય ઊઠી બેઠા થયા. સ્વામી વિવેકાનંદે કહ્યું: "અમે આજ તમારે ત્યાં ભિક્ષા કરવા આવ્યા છીએ." નાગમહાશય તુરતજ બજારમાં જઇ કાંઈક ખાવાનું લઇ આવ્યા. ત્રણે અતિથિ સ્નાન કરી આસન પર બેઠા. નાગમહાશયે ત્રણ પતરાળીમાં ભોજન પીરસ્યું. સ્વામીજીએ ચોથી પતરાળી નાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં પણ પિરસાવ્યું. પછી સ્વામીજીએ નાગમહાશયને જમવા બેસવા આગ્રહ કર્યો, પણ નાગમહાશયે ચોખ્ખી ના પાડી. સ્વામીજી જમવા બેસી ગયા. જમી રહ્યા પછી ફરીથી નાગમહાશયને ભોજન લેવા કહ્યું. નાગમહાશયે કહ્યું: "હવે આ દેહને પોષવાનું ઉચિત લાગતું નથી. ભગવાન શ્રીરામકૃષ્ણની સેવા અર્થેજ હું દેહ પર મમતા રાખી તેને પોષતો હતો. હવે શું કરવા પોષું?" સ્વામીજીએ કહ્યું: "તમે નહિ જમો તો અમે અહીંથી જવાના નથી." બહુ સમજાવ્યા પછી નાગમહાશયે તે દિવસે ભોજન કર્યું.

શ્રીરામકૃષ્ણ ભગવાનના લીલાવસાન પછી શ્રીયુત બલરામ બસુએ નાગમહાશયને શ્રીજગન્નાથપુરીમાં નિવાસ કરવા આગ્રહ કર્યો. પાલબાબુએ તેમને નવદ્વીપમાં જઇ રહેવા કહ્યું. બન્ને જણ તેમનો ખર્ચ વેઠી લેવા તૈયાર હતા. નાગમહાશયે કહ્યું: "ગુરુદેવ ભગવાનની આજ્ઞા ઘેર રહેવાની છે. તેમની આજ્ઞા હું પ્રાણ જતાં પણ ઉલ્લંઘન કરનાર નથી." કોઇનું કહેવું નહિ માનતાં નાગમહાશય શ્રીરામકૃષ્ણનો આદેશ શિરોધાર્ય ગણી દેશમાં ગયા અને પોતાને ઘેર રહેવા લાગ્યા.

આ સમયે કલકત્તામાં એક બાબુના કુટુંબે એમને માસિક રૂપિયા પચાસના પગારથી પોતાના કુટુંબ-ડૉક્ટર તરીકે રહેવા બહુ કહ્યું પણ નાગમહાશયે કબૂલ કર્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું

દેશમાં સ્થિતિ

ગૃહવાસ કરી નાગમહાશય શુદ્ધ અંતઃકરણથી પિતૃસેવા કરવા લાગ્યા. તેમના પિતા દીનદયાળ હવે વૃદ્ધાવસ્થાને લીધે અશક્ત થયા હતા. નાગમહાશય તેમને નવડાવતા અને તેમને શૌચ પણ લઇ જતા. તેમની પથારી પણ બહુ કાળજીપૂર્વક કરતા. તેમને જે ખાવાની ઇચ્છા થતી તે બજારમાંથી લઇ આવતા. દીનદયાળ કોઇ વખત કટાક્ષ કરી કહેતાઃ "દુર્ગાચરણ! તું પૈસા ન કમાયો. જો, લોકો ઉત્સવાદિ કરી ભગવાનની સેવા કરે છે! મારી પાસે પૈસા હોત તો હું પણ તેમ કરત." નાગમહાશય જાણતા હતા કે ઉત્સવાદિ કેટલેક અંશે બહારના આડંબર છે, પણ પિતાને સંતોષ આપવા તેમણે દુર્ગાપૂજા, કાલીપૂજા, સરસ્વતીપૂજા અને કૃષ્ણપૂજા કરવાનું શરૂ કર્યું અને ઉત્સવ પણ કરવા માંડ્યા. તેઓ દીનદયાળને ક્ષણવાર પણ સંસારવિષયક ચિંતવન કરવાનો અવકાશ આપતા નહિ. તેમની પાસે બેસી નિરંતર શાસ્ત્રપુરાણાદિ વાંચતા. પુત્રના પ્રબળ પ્રયત્નથી પિતાનું મન પણ પરિવર્તિત થવા લાગ્યું. નાગમહાશય દરેક વર્ષે શારદાપૂજનની સામગ્રી ખરીદવા કલકત્તે જતા. આ વખતે કલકત્તે આવ્યા ત્યારે સુરેશને કહ્યુંઃ "શ્રીરામકૃષ્ણની કૃપાથી પિતાશ્રીનું મન ક્રમે ક્રમે બદલાય છે. હવે તે નિરંતર નામસ્મરણ અને ભગવચ્ચરણનું ધ્યાન કરે છે. સાંસારિક વિષયો તરફ વિરાગ પણ જન્મ્યો છે."

પૂર્વ બંગાળમાં તાંત્રિક મતનો બહુ પ્રચાર હતો. ત્યાં શુદ્ધભક્તિ કરતાં સિદ્ધાઇ ઉપર લોકોને વધારે શ્રદ્ધા હતી. આથી વિવેકાનંદે એક વખત મને કહ્યું હતું કે, "પૂર્વ બંગાળમાં માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાંત્રિક અને વૈષ્ણવનું પ્રધાનપણું છે. એવો બાહ્યાચારી અને સિદ્ધાઇવાળો દેશ તો મેં કદી જોયો નથી." શ્રીરામકૃષ્ણે એક વખત નાગમહાશયને પૂછ્યું હતું કે, "તમારા દેશમાં સાધુ કેવા છે?" નાગમહાશયે કહ્યું: "અમારે ત્યાં શુદ્ધ ભક્ત કોઇકજ હશે." આથીજ શ્રીરામકૃષ્ણદેવે નાગમહાશયને સંસારમાં રહી શુદ્ધ ભક્તિધર્મનો પ્રચાર કરવા આજ્ઞા આપી હતી. નાગમહાશય દેશમાં આવ્યા તે પહેલાં થોડા વખતથી શ્રીનટવર ગોસ્વામી અને શ્રીવિજયકૃષ્ણ ગોસ્વામી ત્યાં શુદ્ધ ભક્તિધર્મનો પ્રચાર કરતા હતા.

નાગમહાશય જાણતા હતા કે, વિજયકૃષ્ણ ગોસ્વામી શ્રીરામકૃષ્ણ પરમહંસના ભક્ત છે. દેશમાં આવ્યા પછી તેમને કાંઇક કામસર ઢાકા જવું પડયું. વિજયકૃષ્ણ ગોસ્વામી તે વખતે ત્યાંજ હતા. નાગમહાશય તેમને મળવા ગયા. વિજયકૃષ્ણ નાગમહાશયને ઓળખતા ન હતા, પણ સાધનસિદ્ધ વિજયકૃષ્ણ ગોસ્વામીએ પોતાની અંતરશક્તિ દ્વારા જાણી લીધું કે, આ મેલોઘેલો માણસ કોઇ મહાપુરુષ છે. વાત કરતાં માલૂમ પડયું કે, નાગમહાશય શ્રીરામકૃષ્ણના ભક્ત છે. વિજયસ્વામીના આનંદની સીમા રહી નહિ. તેમણે તેમને ભગવાન જાણીનેજ આલિંગન કર્યું અને તેમને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. વિજયસ્વામીનાં દર્શન થવાથી નાગમહાશયને પણ અપૂર્વ આનંદ થયો. પણ તે કહેતા કે, " શ્રીરામકૃષ્ણનાં દર્શન કર્યાં પછી પણ તે (વિજયસ્વામી) બીજા સાધુમાં ફસાઇ જતા એ એક આશ્ચર્યની વાત છે." વિજયસ્વામી વારદીના બ્રહ્મચારી પાસે બહુ આવજા કરતા. વળી નાગમહાશય કહેતા કે, "ગોસ્વામી જેવા મહાપુરુષ પણ સાધુ પરીક્ષામાં ભૂલ ખાઇ જાય તો પછી સાધારણ માણસનું તો શું ગજું?" વિજયસ્વામી શ્રીરામકૃષ્ણ પાસે જઇ તેમની સામે બેસી ધ્યાન ધરતા. એ સાંભળી ગિરીશ ઘોષ કહેતા કે, "જેનાં દર્શન કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાથી તૃપ્તિ થતી નથી એવા માણસની સામે આંખો બંધ કરી બેસે એ કેવો વિચિત્ર માણસ!" ગિરીશ અને નાગમહાશયના વિચારમાં બહુ મળતાપણું હતું. બન્ને શ્રીરામકૃષ્ણ પરમહંસદેવને સાક્ષાત્ ભગવાનનો અવતાર માનતા.

પૂર્વ બંગાળમાં વારદીના બ્રહ્મચારીની બહુ પ્રતિષ્ઠા હતી. બ્રહ્મચારીના શિષ્ય બ્રહ્માનંદ ભારતીના આગ્રહથી નાગમહાશય એક વેળા વારદી ગયા હતા. બ્રહ્માનંદનું પૂર્વાશ્રમનું નામ તારાકાંત ગંગોપાધ્યાય હતું. તારાકાંત વકીલ હતા. મહિને બસો-ત્રણસો રૂપિયા કમાતા. તેમને ઈશ્વરભજનમાં બહુ ઉત્સાહ હતો. ધંધો છોડી દઈ તેમણે ઈશ્વરભજન કરવાનું શરૂ કર્યું હતું. તારાકાંત હંમેશાં નાગમહાશય પાસે આવતા, અને કોઇક વખત દશ-પંદર દિવસ સુધી તેમની પાસે રહેતા. કેટલાક દિવસ પછી તેમણે વારદી જવાનું શરૂ કર્યું. તારાકાંત કોઇ વખત બ્રહ્મચારીના શિષ્ય થતા અને કોઇ વેળા એમ પણ કહેતા કે, "હું બ્રહ્મચારીનો પૂર્વ જન્મનો ગુરુ છું." તારાકાંત એક વખત નાગમહાશય પાસે આવી કહેવા લાગ્યા કે, "મને પૂર્વજન્મનું સ્મરણ થયું છે. સૂર્ય અને ચંદ્રલોકમાં પણ હું જઈ શકું છું. ધર્મ, કર્મ બધું મિથ્યા છે; સત્ય માત્ર જ્ઞાનજ છે." તારાકાંતનો ભાવાંતર જોઈ નાગમહાશય કહેતા કે, "પૂર્ણ ગુરુના આશ્રય વિના ઉત્તમ સાધકો પણ ઊંધે રસ્તે ચડી જાય છે." તારાકાંત બ્રહ્મચારી પાસે જવા બહુ આગ્રહ કરતો. એક વખત તારાકાંતના આગ્રહથી નાગમહાશયે ત્યાં જવાનું કબૂલ કર્યું. સાધુદર્શન કરવા જતા હતા એટલે તેમણે નારાયણગંજથી મીઠાઇ અને ફળ લઇ લીધાં. બ્રહ્મચારી પાસે જઈ મીઠાઈ અને ફળ એમના ચરણમાં મૂકયાં, પણ બ્રહ્મચારીએ તેને સ્પર્શજ ન કર્યો. પાસે એક કૂતરું ફરતું હતું તેને બોલાવી બધું ખવડાવી દીધું. નાગમહાશયનું મેલું શરીર અને ફાટેલાં લૂગડાંને લીધે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની મશ્કરી કરવા લાગ્યા. નાગમહાશય બધું મૌનપણે સાંભળ્યા કરતા હતા. તેમને શાંત જોઈ બ્રહ્મચારી શ્રીરામકૃષ્ણની નિંદા કરવા લાગ્યા. હવે નાગમહાશયથી સહન ન થયું. તેમના શરીરમાં ક્રોધાગ્નિ પ્રકટ થયો. મસ્તક ઊંચું કરતાંજ તેમણે પોતાની સામે એક ભીષણ મૂર્તિ જોઇ. તે મૂર્તિએ બ્રહ્મચારીને મારવા આજ્ઞા માગી. નાગમહાશયે પાછું નીચું જોયું અને પોતાનો ક્રોધ શાંત કરી મોટેથી બોલી ઊઠયા: "અરે ભગવાન! તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી હું અહીં શા માટે આવ્યો? મને કેમ એવી બુદ્ધિ સૂઝી? બોલતાં બોલતાં એમની આંખમાં આંસુ આવી ગયાં. ત્યાંથી એકદમ ઊભા થઇ, "ઓ રામકૃષ્ણ! ઓ રામકૃષ્ણ!" બોલતા બોલતા નાસવા લાગ્યા. ઘણે દૂર ગયા પછી તેમણે શાંત થઈ ધીમેથી ચાલવા માંડયું. ઘેર આવી "કોઇ દિવસ સાધુદર્શન કરવા નહિ જઉં" એવી પ્રતિજ્ઞા કરી. કોઈ સાધુદર્શન માટે આગ્રહ કરતું તો તે કહેતા કે, "સાધુ હશે તે આપોઆપ મારી પાસે આવશે. મને ભગવાન સિવાય બીજા કોઇનું દર્શન કરવાની ઇચ્છા નથી."

નાગમહાશય કોઇ પણ સાંસારિક વિપત્તિથી પોતાના ચિત્તની શાંતિ છોડતા નહિ, પણ ગુરુનિંદા સાંભળીને "અક્રોધ, આનંદસ્વરૂપ" મનુષ્યદેવતાની સ્થિરતા જતી રહેતી. નારાયણગંજનો એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ એક દિવસ નાગમહાશયને સાસરે બેસી શ્રીરામકૃષ્ણની નિંદા કરતો હતો. નાગમહાશયે વિનીત ભાવથી તેને ચુપ રહેવા કહ્યું પણ પેલા ગૃહસ્થે માન્યું નહિ, ત્યારે નાગમહાશયે કહ્યું: "આ ઘરમાં બેસી શ્રીરામકૃષ્ણની નિંદા કરવી નહિ." તો પણ પેલા માણસે બોલવાનું બંધ કર્યું નહિ. નાગમહાશયે ફરીથી ક્રોધપૂર્વક કહ્યું: "તું અહીંથી ચાલ્યો જા નહિ તો તારું અનિષ્ટ થશે." છતાં પેલા માણસે પોતાનું કામ જારી રાખ્યું. નાગમહાશયને ક્રોધનો આવેશ આવ્યો. આંખ લાલચોળ થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઇ. ક્રોધમાં પાસે પડેલું એક પગરખું હાથમાં લઇ તે વડે પેલા ગ્રહસ્થને મારવા લાગ્યા અને કહ્યું: "તને શરમ નથી આવતી? શ્રીરામકૃષ્ણ જેવા આદર્શ ત્યાગી સાધુની નિંદા કરવાથી તને શું ફળ મળશે? તેમની નિંદાથી તને અથવા મને નુકસાન નથી, પણ તારું શું થશે તેનો તો વિચાર કર!" પેલો ગૃહસ્થ બહુ પ્રતિષ્ઠાવાળો હતો. નાગમહાશયના બેચાર સપાટા ખાધા એટલે ત્યાંથી ઊઠી ચાલવા માંડયું. જતી વખતે કહ્યું: "આજે મારો છો તો ઠીક છે, પણ તમે કેવા સાધુ છો તે હવે જણાશે." નાગમહાશય શાંત થયા અને ભગવાનને કહેવા લાગ્યા: "ઓ શ્રીરામકૃષ્ણ! તમારી નિંદા કરનારને મારી પાસે શા માટે મોકલો છો? ધિક્કાર છે મારા સંસાર–આશ્રમને!" થોડા દિવસ પછી ફરીથી આ ગૃહસ્થ નાગમહાશય પાસે આવ્યો અને પશ્ચાત્તાપ થવાથી પોતાના ગુનાની માફી માગવા લાગ્યો. નાગમહાશયે પણ તેનો બહુ સત્કાર કર્યો અને કેટલાંક ઉપદેશવચન સંભળાવ્યાં. સાધુની શિક્ષાથી પણ મનુષ્યને આત્મભાન થાય છે. ગિરીશે પણ આ વાત જાણી. જ્યારે નાગમહાશય કલકત્તે આવ્યા ત્યારે ગિરીશે કહ્યું: "તમે તો પગરખાં પહેરતા નથી ત્યારે તે વખતે પગરખાં ક્યાંથી લાવ્યા?" નાગમહાશયે કહ્યું: "તેનાજ પગરખાથી તેને માર્યો." આટલું કહી "જય શ્રીરામકૃષ્ણ! જય શ્રીરામકૃષ્ણ!" બોલી વારંવાર હાથ જોડવા લાગ્યા. ગિરીશ કહે છે કે, "નાગમહાશય ફણાધારી નાગ જેવાજ હતા."

એક દિવસ હું તેમની સાથે શ્રીરામકૃષ્ણ પરમહંસવાળા બેલુરમઠમાં જતો હતો. નૌકામાં વિવિધ પ્રકૃતિના માણસો હતા. નાગમહાશય મૌન બેસી રહ્યા હતા. લાલાબાબુના ઘાટે નૌકા પહોંચતાંજ મઠનાં દર્શન થયાં. મને મઠ દેખાડી નાગમહાશય મઠને પ્રણામ કરવા લાગ્યા. તેમની મઠ તરફની શુભ વૃત્તિ જોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૌકામાંનો એક માણસ મઠની નિંદા કરવા લાગ્યો. બીજા બે-ત્રણ માણસો પણ તેની સાથે સામેલ થયા. નાગમહાશયથી મઠની નિંદા સહન ન થઈ. નિંદા કરનારની સામે આવી ક્રોધાવેશ લાવી બોલ્યા: "એ કામિનીકાંચનની ગુલામગીરી કરનારા વિષયલુબ્ધ પ્રાણીઓ! તમે મઠની મહત્તા શું જાણો? ધિક્કાર છે તમારી જીભને કે જે અનર્થક સાધુનિંદા કરે છે!" નિંદા કરનારા નાગમહાશયની વિકરાળ મૂર્તિ જોઈ ભય પામ્યા. તેમણે માછીને નૌકા ઊભી રાખવા કહ્યું અને તેજ ઘાટ પર ઊતરી પડ્યા. મારી પાસેથી આ વાત સાંભળી સ્વામી વિવેકાનંદે કહ્યું: "સનાથ દેહે નાગમહાશ-પેઠે સિંહ થવું જોઈએ. ભસવું નહિ પણ ફુંફાડો તો રાખવો. નાગમહાશયનો ક્રોધ સાત્ત્વિક કહી શકાય."

વારદીના બ્રહ્મચારીનો એક શિષ્ય ઘણી વાર નાગમહાશય પાસે આવતો. એક વખત તેણે તેમને કહ્યું: "બ્રહ્મચારીએ તમને શાપ દીધો છે કે તમે એક વર્ષની અંદર મૃત્યુ પામશો." નાગ-મહાશય હસીને બોલ્યા: "એક વર્ષની અંદર મારો વાળ પણ વાંકો થનાર નથી." એક વર્ષ વીતી ગયું પણ નાગમહાશયને કાંઈ પણ થયું નહિ. પેલો શિષ્ય બ્રહ્મચારીનું શરણ છોડી નાગમહા-શયનો શિષ્ય થયો અને ભક્તિમાર્ગનો સાધક થયો. નાગમહાશય કહેતા કે, "વારદીના બ્રહ્મચારી ગૃહસ્થ લોકોને વેદાંતનો ઉપદેશ આપી તેમનું મગજ ફેરવી નાખે છે. ગૃહસ્થને માટે ભક્તિમાર્ગજ શ્રેષ્ઠ છે. ભક્તિનું યથાર્થ સ્વરૂપ સમજ્યાથી જ્ઞાન પણ થાય છે."

નાગમહાશયને ત્યાં એક દિવસ એક સંન્યાસી આવ્યો હતો. તેનો ત્યાગ માત્ર વસ્ત્રમાંજ હતો. તેને ઈશ્વરાનુરાગ હોય કે ન હોય પણ ગાંજા ઉપર તો બહુજ પ્રેમ હતો. સંન્યાસી નાગમહાશય પાસે સિદ્ધાઇની વાતો કરવા લાગ્યો. નાગમહાશયે કહ્યું: "સિદ્ધાઇ તો મોક્ષમાર્ગના પ્રવાસીને બહુ નુકસાન કરનાર છે." સંન્યાસીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશયનું કહેવું ધ્યાન પર નહિ લેતાં કહ્યું: "હું સાત દિવસ સુધી વિષ્ટા ખાઇને રહી શકું છું!"

નાગમહાશય: "એમાં શી બહાદુરી? કૂતરાં આખી જિંદગી વિષ્ટા ખાઇને રહે છે."

સંન્યાસી: "હું ઘણા કાળપર્યંત નગ્નાવસ્થામાં રહી શકું છું. ટાઢતડકો પણ નગ્ન રહી સહન કરું છું."

નાગમહાશય: "ઘણાં પશુપક્ષી નગ્ન રહે છે અને ટાઢતડકામાં પણ વસ્ત્ર પહેરતાં નથી."

સંન્યાસી: "હું ફળમૂળ ખાઇને રહું છું."

નાગમહાશય: "બકરાં ઘેટાં એવુંજ ખાય છે. તમે એમાં બહાદુરી શી કરી?"

સંન્યાસી બીજી ઘણી વાતો કરવા લાગ્યો. નાગમહાશયનો ભક્ત નટવર તે વખતે ત્યાંજ હતો. તેણે સંન્યાસીને ત્યાંથી જતા રહેવા વિનંતિ કરી. સિદ્ધાઇના સંબંધમાં નાગમહાશય કહેતા કે, "સિદ્ધાઇ મેળવવી એ પાંચ મિનિટનું કામ છે. પાંચ મિનિટ બેસીએ કે સિદ્ધિ! પણ સાધક જો સિદ્ધિ પર દૃષ્ટિ રાખે તો તેને કદી મુક્તિ ન મળે!"

તે વખતે પૂર્વ બંગાળમાં આવા સાધુ-સંન્યાસી ઘણા હતા અને એવા સાધુઓ પર લોકોને પણ બહુ શ્રદ્ધા હતી. નાગમહાશયનો દીન ભાવ, મલિન વેશ અને બીજા લોકોની માફક સંસારકાર્ય કરતા જોઇ, પ્રથમ તો તેમને કોઇ સાધુ તરીકે ઓળખતા નહિ; પણ જે માણસ એક વખત તેમની સાથે વાત કરતો તે તુરત જાણતો કે, આ દીન અને મલિન માણસ કોઇ દેવજ છે! મારો મિત્ર દીનબંધુ મુખોપાધ્યાય એક વખત મારી સાથે દેવભોગ આવ્યો હતો. દીનબંધુ બહુ સારો ગાયક હતો. તેના મુખથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસાદનાં પદ સાંભળી નાગમહાશયને બહુ આનંદ થતો. દીનબંધુ કહે છે કે, "એવો બીજો મહાપુરુષ મેં કદી જોયો નથી. શાસ્ત્રમાં વિદુરાદિ અનેક મહાત્માઓની વાત છે. પણ નાગમહાશય તેમનાથી કાંઇ ઓછા ભક્ત નથી. મને તો એમજ લાગે છે કે, કોઇ ભકતેજ ફરીથી નાગમહાશયરૂપે જન્મ લીધો છે."

મારા શ્વસુર શ્રીયુત મદનમોહન વારુડીએ સાંભળ્યું કે, હું (લેખક) નાગમહાશયના સંગથી સંસારકામમાં અને ભણવામાં મંદ થયો છું. ખરી બાબત જાણવા માટે મદનબાબુ એક વખત દેવભોગ ગયા. નાગમહાશયને જોતાંજ તેમનો સંશય દૂર થયો. નાગમહાશયનો સરળ વ્યવહાર અને અતિથિપ્રેમ જોઈ મદનબાબુ કહેતા કે, "મારો જમાઇ જો આવા મહાપુરુષનો સંગ કરતો હોય તો પછી તેને માટે ચિંતા કરવાની જરૂરજ નથી."

શ્રીરામકૃષ્ણ કહેતાઃ "ફૂલ ખીલશે એટલે ભ્રમર આપોઆપ આવશે, તેને બોલાવવા જવાની જરૂર નથી." તીવ્ર જિજ્ઞાસુ અને ધર્માનુરાગી મનુષ્યો નાગમહાશય પાસે આવવા લાગ્યા. ધીમે ધીમે દૂર દેશના માણસો પર તેમનાં દર્શનાર્થે આવવા લાગ્યા. કોઈ કોઇ વખત મુનસફ, માજિસ્ટ્રેટ આદિ અધિકારીઓ પણ એમની પાસે આવી ધર્મોપદેશ લઈ જતા. નાગમહાશયે એમનાં પત્નીને કહ્યુંઃ "પરમહંસદેવનો આશીર્વાદ સફળ થયો. જે લોકો અહીં આવે છે તે ખરા જિજ્ઞાસુ હોવા જોઈએ. પરમહંસદેવે મને કહ્યું છે કે, તારી પાસે ઘણા સાધુ આવશે. હવે આપણે એમની સેવા કરવાની છે. તમે પણ એમની સેવા કરવામાં ચૂકશો નહિ."

નાગમહાશય અંગ્રેજી રાજ્યના પક્ષપાતી હતા, કારણ કે તેમને શાંતિ પ્રિય હતી. યુદ્ધની વાત નીકળતાં તે કહેતાં કે, "રજોગુણ પ્રધાન થવાથી જગતમાં યુદ્ધ થાય છે. સાત્ત્વિક પ્રધાન-થવાથી શાંતિ રહે છે. અંગ્રેજી રાજ્ય સાત્ત્વિક છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે લોકો મળવા આવતા તેમને નાગમહાશય ભોજન કર્યા સિવાય કદી જવા દેતા નહિ. કેટલાક તો ત્યાં રાત પણ રહેતા. તેમને માટે પથારીની પણ સગવડ કરવી પડતી. તેમણે પોતાના ઘરમાંથી એક ઓરડી અતિથિને માટેજ રાખી હતી. એ ગરીબ કુટુંબ અતિથિસત્કાર કરવામાં બહુ ઉદાર હતું. દીનદયાળ કહેતા કે, "આપણે ગરીબ એટલે કોઇને દાન તો નથી આપી શકતા, પણ બ્રાહ્મણ આવી આપણે ત્યાં જમે છે એટલું સૌભાગ્ય!" નાગ-મહાશય કહેતા કે, "એ તો શ્રીરામકૃષ્ણની લીલા છે! પહેલાં તે એકરૂપ હતા, હવે બહુરૂપ ધારી મારા પર કૃપા કરવા મારે ત્યાં આવે છે. ધન્ય સદ્ગુરુ! તમારી દયાને ધન્ય છે!" નાગમહાશય નારાયણભાવે અતિથિસેવા કરતા.

એક દિવસ નાગમહાશયને સખ્ત તાવ આવ્યો. ઘરમાં બિલકુલ ચોખા ન હતા. દૈવયોગે તેજ દિવસે આઠદસ માણસો એમનાં દર્શન કરવા આવ્યાં. આટલું દુઃખ હોવા છતાં તે બજારમાં ગયા. ગાંસડી ઊંચકવાને તે કદી મજૂર ન કરતા. બજારમાંથી બધી ચીજો પોતે જાતેજ ઊંચકી લાવતા. આજે ચોખાની પોટલી પોતે માથે લઈ ઘર તરફ ચાલવા માંડ્યું. રસ્તામાં તાવને લીધે ચોખા પડી ગયા, ચાલવાની શક્તિ ન રહી. તેમણે કહ્યું: "ઓ શ્રીરામકૃષ્ણ! આજે તમે આ શું કર્યું? ઘેર નારાયણ આવ્યા છે, તેમની સેવામાં વિઘ્ન કેમ? ધિક્કાર છે આ હાડમાંસના ખોખાને કે એ દ્વારા યથાર્થ અતિથિસેવા પણ થતી નથી!" કેટલોક વખત વિશ્રાંતિ લઈ નાગમહાશય માથા પર પોટલી લઇ ધીમે ધીમે ઘેર આવ્યા. ઘેર આવી અતિથિને કહેવા લાગ્યા: "માફ કરજો! મને જરા વિલંબ થયો છે."

એક દિવસ રાત્રે પાંચ–છ અતિથિ આવ્યા. ઘરમાં બિલકુલ બળતણ ન હતાં. દુકાનો પણ બંધ થઇ ગઈ હતી. એમનાં પત્ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોશમાં લાકડાં લેવા ગયાં. એકબે ઘેર ફરવા છતાં મળ્યાં નહિ. આખરે કોઈ ભલા માણસે આપ્યાં. હું આજે હાજર હતો. હું તો નાગમહાશય પર ગુસ્સે થયો. તેમણે કહ્યું: "જેવી શ્રીરામકૃષ્ણદેવની ઇચ્છા! ભગવાનની દયા છે કે, મારે એવા પ્રસંગ આવે છે. હું માનું છું કે શ્રીરામકૃષ્ણ મારી પરીક્ષા લે છે."

એક વખત વર્ષાઋતુમાં તેમને ત્યાં બે અતિથિ આવ્યા. વરસાદની હેલી ચાલુ હતી. અંધારું પણ બહુ હતું. નાગમહાશયના ઘરમાં ચાર ઓરડી હતી. તેમાં ત્રણ ઓરડીમાં પાણી ગળતું હતું. ફક્ત એકજ ઓરડી કોરી હતી. અતિથિને ભોજન તો કરાવ્યું, પણ તેમને સુવાડવા ક્યાં તેની ફિકર દંપતીને થઇ! નાગમહાશયે એમનાં પત્નીને કહ્યું: "આજે આપણું પરમ સૌભાગ્ય કે આ નારાયણસ્વરૂપ અતિથિને માટે અડચણ વેઠવી પડશે! એમને પેલી કોરી ઓરડીમાં સુવાડ અને આપણે બારણે ઓટલા પર બેસી પ્રભુનામનો જપ કરીએ." અતિથિને અંદર સુવાડી દંપતીએ બહાર ઓટલે બેસી આખી રાત્રી હરિનામનું સ્મરણ કર્યું. ધન્ય એ ભક્તિને! ધન્ય એ દંપતીને! ધન્ય એ અતિથિસત્કારને!

સાધારણ ગૃહસ્થની પેઠે નાગમહાશયનો ખર્ચ નિયમિત ન હતો. રણજિત તરફથી પણ એમને દરેક વર્ષે સરખી રકમ મળતી નહિ. કોઇ વખત ઓછું પણ મળતું. તેથી તેમને સંસાર-વ્યવહાર ચલાવવામાં ઘણી અડચણ પડતી. નાગમહાશય બધો માલ નારાયણગંજથી ઉધાર લાવતા અને વરસાન્તે રણજિત તરફથી રકમ આવે ત્યારે યથાસાધ્ય પૈસા ચૂકવતા. ઘણા ધનવાનો કરતાં પણ નાગમહાશયની શાખ સારી હતી. નાગમહાશયનો નિયમ હતો કે, દરેક ચીજ એકજ દુકાનેથી લાવવી. તે કહેતા કે, "જેને સત્ય પર પ્રીતિ છે તેનું રક્ષણ સત્યજ કરશે ! કસોટીમાંથી પસાર થયા પછી ભગવાન પણ તેના પર કૃપા કરે છે." જેને ત્યાંથી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલ લેતા તે દુકાનદાર પણ એમની પાસેથી બીજા કરતાં ઓછો ભાવ લેતો; તો પણ નાગમહાશય તેને પૂરેપૂરા પૈસા આપતા અને તેને કહેતા કે, "બીજા પાસે જે લેતા હો તેટલાજ પૈસા મારી પાસે લો. મારા પર શા માટે કૃપા કરો છો? શા માટે ઓછા પૈસા લો છો?" નાગમહાશય આપવામાં જેવા ચોક્કસ હતા તેવા લેવામાં ચોક્કસ ન હતા. એક વખત એમને દૂધની જરૂર પડી. ભરવાડને ત્યાં જઇ દૂધ લીધું અને તેના હાથમાં એક રૂપિયો આપ્યો. પેલા ભરવાડે બાકીના પૈસા પાછા ન આપ્યા. નાગમહાશય પણ પૈસા ન માગતાં દૂધ લઇ ઘેર આવ્યા. બીજે વખતે પેલા ભરવાડ પાસેથી દૂધ લીધું ત્યારે પણ નાગમહાશયે રોકડા પૈસા આપ્યા, પણ પેલા બાકીના પૈસા સંભાર્યા નહિ. ભરવાડ પણ લુચ્ચો હોવાથી પૈસા લઇ ચાલ્યો ગયો!

હું કોઇ કોઇ વખત નાગમહાશયની સાથે બજારમાં જતો. તે કોઇ દિવસ કોઇની સાથે રકઝક કરતા નહિ. દુકાનદાર જે ભાવ કહેતો તે તેઓ આપી દેતા. નાગમહાશયનાં દર્શન કરવા આવેલો એક માણસ ત્યાંજ અચાનક માંદો થઇ ગયો. નાગમહાશયે તેની બહુ સેવા કરી. સારો થયો એટલે તેને ઘેર પહોંચાડવા માટે એક હોડી ભાડે કરી. મારે પણ એને મૂકવા જવાનું હતું. અમે ત્રણ જણ કાંઠે ગયા. માછીને પૂછતાં તેણે ઘણા પૈસા માગ્યા. મેં તેની સાથે રકઝક કરવા માંડી. નાગમહાશય મને લડવા લાગ્યા અને કહ્યું: "શા માટે રકઝક કરે છે?" આખરે માછીના મોં માગ્યા પૈસા આપવાનું ઠર્યું. રોગી ગરીબ માણસ હતો એટલે બધો ખર્ચ નાગમહાશયે આપ્યો. નાગમહાશયે એવા ઘણા માણસોને મદદ કરી હશે.

આવા અનિયમિત ખર્ચથી નાગમહાશયને કંઇક દેવું પણ થયું. તેમનું દેવું ચૂકવવા ઘણા માણસો તૈયાર હતાં, પણ તે કોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કરવા દેતા નહિ. પૂજ્યપાદ સ્વામી વિવેકાનંદે અમેરિકાથી આવી નાગમહાશયના દેવાની વાત સાંભળી, ત્યારે તે પણ તેમને મદદ કરવા તૈયાર થયા હતા. નાગમહાશયે ચોખ્ખી ના પાડી અને કહ્યું: "સંન્યાસીઓની કૃપા છે એટલુંજ બસ છે! રણજિત તરફથી જે મળે છે તેમાંથીજ અમારો સંસાર સુખેદુઃખે ચલાવીશું." દેવા માટે મને ફિકર થતી ત્યારે તે કહેતા કે, "નહિ મળે તો નહિ ખાઇએ, પણ અમે ગૃહસ્થનો ધર્મ—અતિથિસત્કાર કદી ત્યાગ કરીશું નહિ. તમારે એને ખોટું કહેવાનો અધિકાર નથી. શ્રીરામકૃષ્ણને જે કરવું હશે તે કરશે."

નાગમહાશય પોતાને ત્યાં કદી નોકર રાખતા નહિ. ઘરનું છાપરું પણ જાતે ચાળતા. એક વખત એમના ઘરનું છાપરું તદ્દન નકામું થઇ ગયું હતું; એટલે એમનાં પત્નીએ તે ચાળવા માટે ખારવા બોલાવ્યા. ખારવાને પોતાને ઘેર જોતાંજ નાગમહાશય દિલગીર થયા. તેમને બેસાડીને નાગમહાશયે ચલમ ભરી આપી. કેટલાક વખત પછી ખારવો છાપરા પર ચડવા લાગ્યો. નાગમહાશયે બહુ નમ્રતાપૂર્વક તેને નીચે ઊતરવા કહ્યું, પણ ખારવાએ માન્યું નહિ. નાગમહાશયથી શાંત ન રહેવાયું. તે બોલી ઊઠયા: "ઓ ભગવાન મને શા માટે ગૃહસ્થાશ્રમમાં રહેવાની આજ્ઞા કરી? મારા સુખને માટે બીજાને મહેનત કરવી પડે છે! ધિક્કર છે મારા ગૃહસ્થાશ્રમને!" તેમની વ્યાકુળતા જોઈ ખારવો નીચે ઊતરી પડયો. નાગમહાશયે તેને ફરીથી ચલમ ભરી આપી અને તેને પંખો નાખવા લાગ્યા, પછી તેને આખા દિવસના પૈસા આપી વિદાય કર્યો.

નાગમહાશય જ્યારે જ્યારે હોડીમાં બેસતા ત્યારે તેઓ માછીને હોડી હંકારવા દેતા નહિ. પોતે જાતે વાંસ લઈ હોડી ચલાવવા મંડી જતા. બીજા માણસો તેમને બેસી જવા કહેતા પણ તે માનતા નહિ. કેટલાક માણસો તો એમને હોડીમાં પણ બેસવા દેતા નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ કે ડૂબવાની બીક લાગતી. વર્ષાઋતુમાં દેવભોગ ગામમાં બહુ પાણી આવે છે. હોડી વિના એક ઘેરથી બીજે ઘેર જવાય નહિ. નાગમહાશય પાસે પોતાની હોડી ન હતી. તેમનાં પત્ની પાડોશીઓની મદદથી આખા વર્ષને માટે બળતણ રેલવખતે ભરી લેતાં.

પ્રતિદિન સંધ્યાકાળે નાગમહાશય શ્રીરામકૃષ્ણની છબિની આરતી કરતા. ભક્તો આવતા તો તેમને ત્યાં સંકીર્તન પણ થતું. કીર્તન વખતે નાગમહાશય ભજનમાં બેસતા નહિ પણ બધાને હુક્કો ભરી આપતા. પણ તેમને લીધે સંકીર્તનમાં કાંઇ અલૌકિક શક્તિનો આવિર્ભાવ થતો. કીર્તનાન્તે નાગમહાશય ઉચ્ચ સ્વરે શ્રીરામકૃષ્ણના નામનો જયધ્વનિ કરતા.

એક વખત એમને ત્યાં સરસ્વતીપૂજન હતું. હું પણ તે વખતે હાજર હતો. મને શાસ્ત્રોનું સાધારણ ઠીક જ્ઞાન છે. તે કોઇ કોઈ વખત મારે મુખેથી શાસ્ત્રની વ્યાખ્યા સાંભળતા. એકજ શ્લોકની પૃથક્ વ્યાખ્યા સાંભળી તે બોલી ઊઠતા કેઃ–

“આ પણ ખરું અને ભક્તિ પણ ખરી. અધિકારભેદે મહાત્માઓએ શાસ્ત્રની વ્યાખ્યા કરી છે. ઈશ્વર અનંત છે. તેને લોકો જેવી રીતે જાણે છે તેવો કહે છે; તેનું સ્વરૂપ આવુંજ છે, એવું કોઇ કહી શકતું નથી. ઈશ્વરનું સ્વરૂપ બહુરૂપી જેવું છે; જે મનુષ્ય બહુરૂપીને જે વેશમાં જુએ છે તેવું તેનું વર્ણન કરે છે.” પછી સિંહાસન તરફ દેવીમૂર્તિ દેખાડી કહેતા કે, “આ પણ સત્ય છે. એની ઉપાસના કરીને પણ મનુષ્યો મુક્ત થઇ શકે છે. મા! સાક્ષાત વિદ્યાસ્વરૂપિણી છે, એની કૃપા વિના અવિદ્યા ક્યાંથી જાય? માએ મને બહુ જ્ઞાન આપ્યું નથી. તમે શાસ્ત્રશ્રવણ કરાવી મારા પર કૃપા કરો.” દેવી–દેવતા પર એમની એવી શ્રદ્ધા જોઈ મને એમ થયું કે નાગમહાશયને હજી બ્રહ્મજ્ઞાન થયું નથી. હું આવો વિચાર કરતો હતો એવામાં તે ત્યાંથી ચાલી ગયા. થોડી વાર પછી હું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને શોધવા નીકળ્યો. નાગમહાશય તેમના વાડા પછવાડે એક આમલીના ઝાડ પાસે ઊભા હતા. તે વખતે તેઓ પૂર્ણ ભાવાવેશમાં હતા. તે બોલ્યા: "શું મારી મા માત્ર આ માટીના પૂતળામાંજ છે? ના, મા! તું તો અનંત સચ્ચિદાનન્દમયી મહાવિદ્યા સ્વરૂપિણી છે!" આટલું બોલતાં બોલતાં તે ગંભીર સમાધિમાં નિમગ્ન થઈ ગયા. આશરે અર્ધા કલાક પછી તેમની સમાધિ ભંગ થઇ. મેં એ વાત તેમનાં પત્નીને કહી. તેમણે કહ્યું: "ભાઈ! તેં તો એવું આજેજ જોયું! મેં તો એવું ઘણી વાર જોયું છે. કોઈ કોઇ વખત એમને બેત્રણ કલાક સુધી પણ ચેતન આવતું નથી. એક દિવસ તો એમની એવી સ્થિતિ જોઇ મને એમજ થયું હતું કે, તે સંસાર ત્યજી ચાલ્યા ગયા છે!"

કોઈ વખત બહુ માણસનો ભરાવો થવાથી તે કહેતા કે, મા! આ શું થયું? મારા માટે દૂર દેશથી લોકો શા માટે ખર્ચ વેઠી આવે છે?" તે કોઈ વખત શ્રીરામકૃષ્ણના ભક્તોનાં દર્શન કરવા કલકત્તે આવતા. દુર્ગાપૂજાનો સામાન ખરીદવા તો દર વર્ષે કલકત્તે આવતાજ. એકવાર સ્વામી તુરીયાનંદ જ્ઞાનાનંદને લઇ નાગમહાશશયનાં દર્શન કરવા દેવભોગ આવ્યા. તે વખતે વર્ષાઋતુ હતી. દેવભોગમાં બધે પાણી પાણી હતું. બન્ને સ્વામી હોડીમાં બેસી નાગમહાશયને ઘેર આવ્યા. તેમને જોતાંજ નાગમહાશય "જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!" કહી પાણીમાં પડ્યા, ત્યાં તેઓ એકદમ બેભાન થઇ ગયા. બન્ને સ્વામીએ મહેનત કરી તેમને બહાર કાઢ્યા.

અમેરિકાથી આવ્યા પછી સ્વામી વિવેકાનંદને પણ દેવભોગ નાગમહાશયને ત્યાં જવાની ઈચ્છા થઇ હતી. તેમને ગ્રામજીવનનો અનુભવ લેવાની બહુ ઉત્કંઠા હતી. નાગમહાશયે પણ સ્વામીજીના સત્કાર માટે વ્યવસ્થા કરી રાખી હતી; પણ નાગમહાશય જીવતા હતા ત્યાં સુધીમાં સ્વામીજી ત્યાં જઈ શકયા નહોતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠ્ઠું

ગૃહસ્થાશ્રમ અને ગુરુસ્થાન

નાગમહાશય કલકત્તે આવતા ત્યારે પ્રથમ કાલીઘાટ પર જઈ "મા કાલી" નાં દર્શન કરતા. પછી કુમારટુલીમાં પોટલી મૂકી ગિરીશબાબુને ત્યાં જતા. તે કહેતા કે, "પાંચ મિનિટ ગિરીશચંદ્રની પાસે બેસવાથી ભવરોગ જતો રહે છે." વળી એમ પણ કહેતા કે, "ગિરીશ તીક્ષ્ણ બુદ્ધિનો છે. એક વાર મેળાપ થતાંજ તે માણસનું હૃદય પારખી શકે છે. તેની તીક્ષ્ણ બુદ્ધિને લીધેજ તેણે સર્વથી પ્રથમ શ્રીરામકૃષ્ણને અવતાર તરીકે ઓળખ્યા હતા." ગિરીશનું નામ સાંભળતાંજ નાગમહાશય આદરપૂર્વક પ્રણામ કરતા. શ્રીરામકૃષ્ણના ભક્તોમાં નાગમહાશય ગિરીશને બહુ ઉચ્ચ સ્થાન આપતા.

નાગમહાશય એક વખત કલકત્તે આવ્યા હતા ત્યારે હું એમની સાથે ગિરીશબાબુ ત્યાં ગયો હતો. નાગમહાશયને જોતાંજ ગિરીશબાબુ ઉપલે માળથી નીચે ઊતર્યા અને આદરપૂર્વક તેમને ઉપર લઈ ગયા. સુંદર બિછાનું પાથર્યું પણ નાગમહાશય બિછાના પર બેસતા નહિ તેથી તે નીચે બેઠા. બીજા માણસોએ તેમને બિછાના પર બેસવા આગ્રહ કર્યો, પણ ગિરીશબાબુએ કહ્યું: "એમને કાંઈ કહેશો નહિ. એમને ઇચ્છા પ્રમાણે વર્તવા દો. એમને જેમ ફાવશે તેમ બેસશે." પછી નાગમહાશયને શ્રીરામકૃષ્ણનો પ્રસંગ કાઢવા વિજ્ઞપ્તિ કરી.

નાગમહાશય: "હું પામર મૂર્ખ તે ભગવાનને શું ઓળખું ? આપ કૃપા કરો કે જેથી મને તે ભગવાનનાં ચરણમાં સ્થાન મળે!" નાગમહાશયની સાત્ત્વિક દીનતા જોઇ અન્ય ગૃહસ્થો સ્તબ્ધ થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. ગિરીશે કહ્યું: "તમારા પર તેમની કૃપાજ છે! તેમની કૃપા ન હોય તો તમે તેમના ચરણમાં સ્થાન કયાંથી માગો? જેની કૃપાથી મનુષ્યોની તમારા જેવી અવસ્થા થાય છે તેમને ભગવાન કેમ નહિ જાણવા?" શ્રીરામકૃષ્ણ સંબંધે ઘણી વાતો કર્યા પછી અમે બધા વિદાય થયા.

એક રવિવારે તે મને અને સુરેશબાબુને લઇ આલામબજારના મઠમાં ગયા. તે દિવસ ત્યાં સ્વામી તુરીયાનંદ, નિર્મલાનંદ, નિરંજનાનંદ, પ્રેમાનંદ, ત્રિગુણાતીત પ્રભૃતિ અને બીજા અનેક માણસો હતા. નાગમહાશયે સર્વને દંડવત્ પ્રણામ કર્યા. નાગમહાશયના આગમનથી મઠમાં હર્ષકોલાહલ થઇ રહ્યો. તે વખતે સ્વામી રામકૃષ્ણાનંદ આરતી કરતા હતા. સંધ્યાકાળની આરતી વેળા નાગમહાશયે ઘડિયાળ વગાડી, પછી અમે સર્વ પ્રસાદ લેવા બેઠા. કાશીપુરમાં પતરાળી ખાઇ ગયા ત્યારથી નાગમહાશયને કોઇ કદી પતરાળીમાં પ્રસાદ આપતા નહિ. જમી રહ્યા પછી નાગમહાશયે જાતે વાસણ માંજી નાખ્યાં. ઘણા માણસોએ રોકયા પણ કોઇનું કહેવું સાંભળ્યું નહિ. વાસણ માંજી રહ્યા પછી નાગમહાશયે સ્વામીવર્યને હુક્કો ભરી આપ્યો. તે રાત્રિ અમે મઠમાંજ ગાળી. ઉનાળો હતો તેથી ઉકળાટ બહુ થતો. હું અને સુરેશ તો રવેશમાં જઇને સૂતા પણ નાગમહાશયે આખી રાત બેઠાં બેઠાં ગાળી. બીજે દિવસે સવારે અમે ત્યાંથી વિદાય થયા. મઠમાં મારું આ પ્રથમ આગમનજ હતું. સ્વામીવર્યે મને ફુરસદે ત્યાં જવા સૂચના કરી હતી.

નાગમહાશયે ઘણા દિવસથી દક્ષિણેશ્વરનાં દર્શન કર્યાં ન હતાં. એક દિવસ મને અને સુરેશને લઇ ત્યાં ગયા. રસ્તે પરમહંસદેવનું અંત્યલીલાસ્થાન કાશીપુર આવ્યું. સુરેશે મને તે તરફ આંગળી કરી બતાવ્યું. કાશીપુરનું નામ સાંભળતાંજ નાગમહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શયને મર્માઘાત થયો! તે કંપી ઊઠયા! આંખમાંથી અશ્રુ પણ પણ નીકળી પડયાં. તેમણે તે બાજુ દૃષ્ટિ સરખી પણ ન કરી. શ્રીરામકૃષ્ણની માંદગીનું સ્મરણ થવાથી તે બોલી ઊઠયા: "શ્રીરામકૃષ્ણને રોગ હોયજ નહિ. એ તો ફક્ત લીલા! લીલા! ભગવાનની લીલા! જીવ ઉદ્ધારાર્થેજ એમણે રોગ ધારણ કર્યો હતો." આ સમય પછી કદી નાગમહાશય કાશીપુરને રસ્તે આવ્યા નથી.

અમે દક્ષિણેશ્વર પહોંચ્યા. દરવાજા આગળ જતાંજ નાગમહાશયે સાષ્ટાંગ કર્યા. મેં દક્ષિણેશ્વર પહેલાં કદી જોયું ન હતું. સુરેશે મને "બીલીનું ઝાડ" "પંચવટી" ઈત્યાદિ મહારાજનાં સાધના સ્થાન બતલાવ્યાં. નાગમહાશય માત્ર યંત્રની માફક અમારી સાથે ફરતા. તેમનું મન કયાં હતું તે કહી શકાતું નથી. આખરે અમે પરમહંસદેવની ઓરડી પાસે ગયા. ઓરડી પર દૃષ્ટિ પડતાંજ નાગમહાશય "અરે પ્રભુ! ઓ પરમહંસદેવ! હું અહીં શું જોવા આવ્યો?" એટલું બોલી મૂર્છાવશ થયા. અમે ઘણી મહેનતે તેમને જાગ્રત કર્યા. તેમને ઓરડીની અંદર લઈ જવા બહુ પ્રયત્ન કર્યા પણ અમારું કાંઈ વળ્યું નહિ. તેમણે કહ્યું: "શું જોવા આવું? શીખ્યું, સાંભળ્યું પૂર્વજન્મ જેવું થઈ ગયું!" આ સમય પછી નાગમહાશય કોઇ દિવસ શ્રીરામકૃષ્ણની ઓરડીમાં દાખલ થયા નથી. જ્યારે દક્ષિણેશ્વર જતા ત્યારે દૂરથી ઓરડીને પ્રણામ કરી પાછા વળતા. આજે પરમહંસદેવનો ભાણેજ હૃદય મુખોપાધ્યાય પણ દક્ષિણેશ્વર આવ્યો હતો. તેની પાસે એક કાપડની ગાંસડી હતી. મુખ વિષાદપૂર્ણ હતું. હૃદય હવે કાપડની ફેરી કરી ઉદરપોષણ કરતો. નાગમહાશય તેને ઓળખતા હતા. બન્ને જણ શ્રીરામકૃષ્ણ સંબંધી વાતો કરવા લાગ્યા.

પરમહંસદેવની ઓરડી પાસે બેસી હૃદયે બેચાર 'મા' સંબંધી ગાયન ગાયાં. નાગમહાશયે કહ્યું: "ગુરુદેવ આ ભજન બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર ગાતા." બહુ વાતો કર્યા પછી હૃદયે કહ્યું: "તમે અને નરેન્દ્રાદિ (વિવેકાનંદ આદિ) અનેક માણસો તેમની કૃપાથી કેવા ભક્ત થઇ ગયા છો? પણ મારે તો હજી ફેરી કરવી પડે છે! પરમહંસદેવે મારા પર કૃપા ન કરી!" એમ બોલતાં બોલતાં બાળકની માફક તે રડવા લાગ્યો. દક્ષિણેશ્વરથી પાછા ફરતી વેળા અમે આલમબજારના મઠમાં ગયા અને ત્યાં બપોરે પરમહંસદેવનો પ્રસાદ લીધો. સ્વામી રામકૃષ્ણાનંદ અમને વળાવવાને થોડે દૂર સુધી આવ્યા. ત્યાંથી વિદાયગીરી માગી અમે ગિરીશબાબુને ત્યાં ગયા, પછી નાગમહાશય પોતાને મુકામે ગયા.

શ્રીરામકૃષ્ણના ભક્તોનાં માતુશ્રી (શ્રીરામકૃષ્ણનાં ધર્મપત્ની) હમણાં બેલુરમાં નીલાંબર બાબુને ત્યાં રહેતાં હતાં. એક રવિવારે મને લઇને નાગમહાશય માતુશ્રીનાં દર્શનાર્થે બેલુર ગયા. કુમારટુલીમાં એમને મુકામે જઈ જોયું તો નાગમહાશય માતુશ્રીને માટે થોડીક મીઠાઇ અને એક લાલ વસ્ત્ર લઈ આવ્યા હતા. તેને પોતાની નજર સામે રાખી બેઠા હતા અને વચ્ચે વચ્ચે ઉચ્ચ સ્વરે 'મા! મા!' શબ્દનો ઉચ્ચાર કરતા. કુમારટુલીથી આહિરીટોલામાં જઇ એક હોડી ભાડે કરી થોડા વખતમાં બેલુર પહોંચ્યા. ઘાટ પર પહોંચતાં નાગમહાશય કંપવા લાગ્યા: "જય મા! જય મા!" બોલતાં બોલતાં તેમનું શરીર શિથિલ થઇ ગયું. સ્વામી પ્રેમાનંદ દૂરથી નાગમહાશયને જોતાંજ અસારી સામે આવ્યા અને નાગમહાશયને મા પાસે લઇ ગયા. આશરે અર્ધો કલાક પછી તે બહાર આવ્યા. હજી પણ તે ભાવમગ્ન હતા. ભાવાવેશમાં "બાપ કરતાં મા દયાળુ, બાપ કરતાં મા દયાળુ" એવા ભાંગ્યાતૂટ્યા શબ્દોમાં બોલતા. સ્વામી પ્રેમાનંદે કહ્યું: "વાહ! નાગમહાશય ઉપર માતુશ્રીએ બહુ કૃપા કરી! તેમની મીઠાઈ પોતે સ્વહસ્તે ગ્રહણ કરી અને નાગમહાશયને પોતાને હાથે પ્રસાદ ખવરાવ્યો." થોડી વાર પછી અમે પાછા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફર્યા. તે દિવસે આ ભાગ્યહીન લેખકને માતુશ્રીનાં દર્શન પણ થયાં ન હતાં!"

દેશમાં જતાં પહેલાં નાગમહાશય એક વખત મને આલમબજાર મઠમાં લઈ ગયા હતા. આશરે અગિયાર વાગે હું કુમારટુલીમાં એમને મુકામે ગયો. તે હજી સુધી જમ્યા નહતા. હું ગયો કે તુરતજ તે આલમબજાર મઠમાં જવા તૈયાર થયા. પરમહંસદેવને ધરાવવા માટે રસ્તામાંથી એમણે ફૂલફળાદિ લીધાં. દોઢેક વાગે અમે મઠમાં પહોંચ્યા. તે વખતે સ્વામીવર્ય ભોજનાદિથી પરવારી વિશ્રાંતિ લેતા હતા. પરમહંસદેવને પણ શયન કરાવ્યું હતું. નાગમહાશય હજી ભૂખ્યા છે એવું જાણતાંજ સ્વામી રામકૃષ્ણાનંદે અને સ્વામી પ્રેમાનંદે ઝટપટ રોટલી તૈયાર કરી. પરમહંસદેવને ફરીથી ભોગ ધરાવ્યો. નાગમહાશયે ઘણી ના કહી પણ સ્વામીએ તેમનું કહેલું માન્યું નહિ. પ્રસાદ મળ્યો તેથી નાગમહાશય "જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!" બોલી નૃત્ય કરવા લાગ્યા. "મને પ્રસાદ મળ્યો" એ વિચાર આવતાંજ નાગમહાશય આનંદમગ્ન થઈ જતા. મને પણ પ્રસાદ મળ્યો. મઠના સ્વામી મોટા રાજાધિરાજને માટે પણ પરમહંસદેવની સેવાનો કાર્યક્રમ બદલતા નહિ. શ્રીરામકૃષ્ણના દરેક ભક્તા આદર્શ ત્યાગી પુરુષો હતા; તોપણ તેમણે નાગમહાશયને માટે પરમહંસદેવની સેવાનો કાર્યક્રમ ફેરવ્યો. નાગમહાશયના પરિચયમાં આવવાથી મને પણ ભક્તિનું ખરું જ્ઞાન સમજાવા લાગ્યું. સંધ્યાકાળ થતાં અમે કલકત્તે પાછા ફર્યા. થોડા દિવસ પછી નાગમહાશય પૂજાનો સામાન લઈ દેશ ગયા.

શ્રીરામકૃષ્ણના ભક્તોનાં માતુશ્રીએ નાગમહાશયને એક વસ્ત્ર આપ્યું હતું. એજ વસ્ત્ર માથે બાંધી નાગમહાશય પૂજાસામગ્રી ખરીદવા બજારમાં જતા. રણજિત તરફથી એમને જે મળતું તેમાંથી તે પૂજાની સામગ્રી ખરીદતા. સર્વ સામગ્રી ખરીદી લઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય જવાને તૈયાર થયા. એક ભક્ત એમને સ્ટેશન પર મૂકવા ગયો હતો. નાગમહાશયનો સામાન ગાડીમાં મૂકતી વેળા ભક્તે છત્રી પણ ગાડીમાં મૂકી હતી. ઉતાવળને લીધે ભક્ત જતી વખતે તે છત્રી લેવાની ભૂલી ગયો. પેલા ભક્તની છત્રી રહી ગઈ છે એવું સ્મરણ થવાથી નાગમહાશય તે છત્રી દેવા ગયા, પણ કોઈ ગૃહસ્થે તેમને અટકાવ્યા. નાગમહાશયે તેની સાથે ખૂબ જક કરી પણ કાંઈ વળ્યું નહિ. ગાડી ચાલવા લાગી. પેલો માણસ નિદ્રાવશ થયો. ઊંઘમાં ઊતરવાનું સ્ટેશન જતું રહ્યું. ત્રણચાર સ્ટેશન ગયા પછી પેલો માણસ જાગી ઊઠયો. તેની પાસે પૈસા પણ ન હતા. સ્ટેશન-માસ્તરે તેને અટકાવ્યો. આ વાત નીકળતી ત્યારે નાગમહાશય કહેતા કે, "પોતાનાં દુષ્ટ કર્મોનાં ફળ પ્રત્યક્ષ મળે છે તો પણ સંસારલુબ્ધ જીવોની આંખ ઊઘડતી નથી!"

નાગમહાશયના ડબ્બામાંજ એક માણસ એક યુવાન કુલટા સ્ત્રીને લઈને બેઠો હતો. નાગમહાશય કહેતા કે, "એના પર દૃષ્ટિ પડતાંજ મેં જોયું કે, એક પિશાચમૂર્તિ-સ્ત્રી એક પુરુષને શરીરે બાઝી તેનું લોહી ચૂસે છે. જોતાં જોતાં મેં તેને લોહીમાંસહીન જોયો. થોડા વખતમાં માત્ર હાડકાંનું ખોખું રહ્યું." નાગમહાશય "મા! મા!" બોલી ચમકી ઊઠયા. તે કહેતા કે, "મેં મારાં ચર્મચક્ષુથી આ બનાવ જોયો છે." આ વેળા પૂજાનું કાર્ય પૂરું થતાંજ નાગમહાશય પાછા કલકત્તે આવ્યા.

આ વખતે પણ નાગમહાશય મને અને સુરેશને સાથે લઈ આલમબજાર મઠ, દક્ષિણેશ્વર અને ગિરીશબાબુને ત્યાં જતા. એમના કુમારટુલીના મુકામે ઘણા લોકો એમનાં દર્શન કરવા આવતા. એમને કોઈ સન્માન આપતું તો નાગમહાશય અધીરા બની જઈ કહેતા કે, "આ હાડમાંસના શરીરને જોવા આવ્યા છો? શ્રીરામકૃષ્ણ સંબંધી વાત કરી મને કૃતાર્થ કરો!" ગિરીશબાબુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ વેળા તેમને જમવાને માટે આમંત્રણ કરતા. તે ઘણી ખુશીથી ગિરીશનું અન્ન ખાતા અને કહેતા કે, "ગિરીશબાબુનું અન્ન ખાવાથી મારું શરીર અને મન શુદ્ધ થશે." શ્રીરામકૃષ્ણ પરમહંસના કોઈ પણ ભક્તને ત્યાં જમતાં તે અચકાતા નહિ. શ્રીરામકૃષ્ણના ભકતોની સાથે તે વર્ણાશ્રમ ધર્મ પણ સાચવતા નહિ. તે કહેતા કે, "ન્યાતજાત સંસારલુબ્ધ મનુષ્યો માટે છે. પ્રેમી ભક્ત ચાંડાલ હોય તેનું હું અન્ન ખાઇશ, પણ ભક્તિહીન બ્રાહ્મણનું નહિ ખાઉં. શ્રીરામકૃષ્ણના ભક્તો સાધારણ મનુષ્યો નથી. દરેક મહાન ભક્ત છે. સંસારીના નિયમ તેમને માટે નથી!"

એક દિવસ તે ગિરીશબાબુને ત્યાં જમવા ગયા. તે દિવસે પરમહંસદેવના પ્રસાદને માટે ખીચડી કરી હતી. નાગમહાશયને એક પતરાળીમાં ખીચડી આપી. શાકને માટે તેમની પાસે બીજી પતરાળી મૂકી પણ એમણે થોડુંક શાક લઇ બીજું પાછું આપી દીધું. બહુ આગ્રહ કર્યો ત્યારે પીરસનારને પગે લાગી પડ્યા અને કહ્યું: "આજે સ્વાદિષ્ટ શાક ખાઉં તો કાલે પાછી તેવીજ ઇચ્છા થાય." અથાણું મૂકવા આવ્યો તે માણસને પણ નાગમહાશયે કાલાવાલા કરી પાછો વાળ્યો. તે કહેતા કે, "સ્વાદિષ્ટ ખાવાથી જીભને એવી ટેવ પડી જાય છે." ગિરીશબાબુ કહેતા કે, "નાગમહાશય એવા નિયમો બીજાને દૃષ્ટાંત આપવા માટે પાળતા, બાકી એ તો નિયમની પરજ હતા. એમણે તત્ત્વજ્ઞાનનો બરાબર અનુભવ કર્યો હતો. એમને માટે પાછા પડવાનો સંભવજ ન હતો."

નાગમહાશય કલકત્તે આવતા ત્યારે ગિરીશબાબુને ત્યાં ઘણીવાર જમતા. એક દિવસ તે ગિરીશને ત્યાં જમવા ગયા હતા. તે દિવસે ગિરીશને ત્યાં માછલી રાંધી હતી. બંગાળામાં માછલાં ખાવાનો રિવાજજ છે. બ્રાહ્મણો સુધ્ધાં માછલી ખાય છે. નાગમહાશય જમવા બેઠા. ગિરીશબાબુ પણ એમની સાથેજ બેઠા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય માછલી ઇત્યાદિ વસ્તુ ખાતા નહિ. જમતી વેળા ગિરીશે "જય રામકૃષ્ણ" બોલી એક માછલી તેમના ભાણામાં ફેંકી. નાગમહાશયે પણ "શ્રીરામકૃષ્ણ" નામનો ઉચ્ચાર કરી માછલી ખાઇ લીધી. જમી રહ્યા પછી નાગમહાશયે ગિરીશને એવું કરવા ના કહી. તેમણે કહ્યું: "આપણે કરીએ એ તો ઠીક છે, પણ સંસારલુબ્ધ જીવો આપણું જોઇ ભગવાનને નામે પાપ કરતાં શીખે." નાગમહાશય કહેતા કે, "ભગવાનનું નામ અતિ પવિત્ર છે. એનું નામ લેવાથી અપવિત્ર વસ્તુ પણ પવિત્ર થઇ જાય છે."

શિયાળામાં એક વખત ગિરીશે નાગમહાશયને માટે ગરમ કામળ મોકલી. દેવેન્દ્રનાથ મજમુદારે નાગમહાશયને તે કામળ આપી. નાગમહાશયે કામળ લઈ મસ્તકે બાંધી, પણ કોઇ દિવસ તે પોતાના શરીરને અડાડી નહિ. ગિરીશબાબુ જાણતા હતા કે, નાગમહાશય અપરિગ્રહવ્રત પાળે છે, પણ જ્યારે દેવેન્દ્ર કામળ આપીને આવ્યો ત્યારે એમને બહુ સંતોષ થયો. આખરે ગિરીશબાબુએ જાણ્યું કે, નાગમહાશય કામળનો ઉપયોગ કરતા નથી.

ત્રણ માસ કલકત્તામાં રહી નાગમહાશય દેશમાં ચાલ્યા ગયા. તેમના પિતા દીનદયાળ દિવસે દિવસે શક્તિહીન થતા હતા, તેથી નાગમહાશય વારંવાર કલકત્તે આવતા નહિ.

સ્વામી વિવેકાનંદ અમેરિકાથી આવ્યા ત્યારે હું તેમનાં દર્શનાર્થે ગયો. હું નાગમહાશય પાસે આવજા કરું છું એવું સાંભળી તેઓશ્રીએ મને કહ્યું: "वयं तत्त्वान्वेषात् हताः मधुकरत्वं खलुकृति તત્ત્વ શોધતાં શોધતાં અમારું જીવન ચાલ્યું ગયું, પણ અમારામાંથી માત્ર નાગમહાશયેજ ખરું તત્ત્વ જાણ્યું છે." પછી સ્વામીજીએ નાગમહાશયનાં દર્શન કરવા તેમને દેશ જવાની ઇચ્છા દર્શાવી અને મને એક પત્ર લખવા આજ્ઞા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીશ્રી વિવેકાનંદના આગમનની વાત સાંભળતાં નાગમહાશય તેમનાં દર્શન કરવા કલકત્તે આવ્યા. તે વેળા બેલુર મઠ તૈયાર થયો હતો અને સ્વામી વિવેકાનંદ ત્યાંજ રહેતા હતા. સવારમાં હું અને નાગમહાશય બેલુર ગયા અને સ્વામીજીને પ્રણામ કર્યા. સ્વામીજીનું શરીર અસ્વસ્થ છે એવું સાંભળતાં નાગમહાશયે કહ્યું: "પરમહંસદેવ કહેતા કે, તમારું શરીર મહોરને ખજાને છે. તમારા દેહથી જગતનું બહુ કલ્યાણ થવાનું છે." એવી અનેક વાતો કર્યા પછી સ્વામીજીએ નાગમહાશયને મઠમાં રહેવા આગ્રહ કર્યો પણ નાગમહાશયે કહ્યું: "શું કરું? પરમહંસદેવની આજ્ઞાનું કેમ ઉલ્લંઘન થાય? મને તેમણે ઘેર રહેવાની આજ્ઞા કરી છે." સ્વામીજીએ કહ્યું કે, "નાગમહાશય નામનાજ ગૃહસ્થ છે. ખરું જોતાં તો તે વિરક્ત સંન્યાસીજ છે." નાગમહાશયના સન્માનને માટે સ્વામીજીએ તે દિવસે બ્રહ્મચારીઓને પાઠ બંધ રાખવા આજ્ઞા કરી. બધા આવી નાગમહાશયને ઘેરી બેઠા. સ્વામીજીના મુખમાંથી શ્રીરામકૃષ્ણ શબ્દ નીકળતાં નાગમહાશય ઊભા થઈ ગયા અને "જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!" બોલી નૃત્ય કરવા લાગ્યા. તે ભાવાવેશમાં બોલવા લાગ્યા: "તે દિવસે દક્ષિણેશ્વર ગયો ત્યાં ગુરુદેવનાં દર્શન ન થયાં. હા ક્યાંથી થાય? તેઓ તો અહીં આવ્યા છે!" નાગમહાશય શાંત થયા ત્યારે સ્વામીજીએ પ્રશ્ન કર્યો: "આ મઠમંદિરાદિ પ્રવૃત્તિ કરી તે ઠીક કર્યું ને?" નાગમહાશયે કહ્યું: "એ બધું ગુરુદેવની ઇચ્છાથીજ થાય છે. એથી પણ જગતનું અને અનેક જીવનું કલ્યાણ થશે. તમારા શરીર તરફ જરા નજર રાખજો, કારણ કે એ શરીરથી જગતનું બહુ કલ્યાણ થનાર છે." સ્વામીજી ઉપસ્થિત ભક્તો અને સંન્યાસીઓને કહેવા લાગ્યા: "ઇશ્વિરકૃપાથી માણસની કેવી અવસ્થા થાય છે તેનું જ્વલંત દૃષ્ટાંત તમારી નજર સામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય સાધારણ મનુષ્ય નથી. ત્યાગ અને ઇંદ્રિયનિગ્રહમાં એ મારા કરતાં પણ શ્રેષ્ઠ છે." કેટલીકવાર પછી નાગમહાશયને પરમહંસદેવના મંદિરમાં લઇ ગયા. ગુરુમંદિર આગળ જતાંજ નાગમહાશય પ્રેમાવેશમાં આવી જઇ નૃત્ય કરવા લાગ્યા.

દરરોજ સ્વામીજી સંધ્યાકાળે મઠની બહાર મેદાનમાં ફરવા જતા. આજે નાગમહાશય પણ તેમની પાછળ પાછળ ચાલતા હતા. નાગમહાશય આજરાત્રે મઠમાં રહેનાર નથી એવું સાંભળી સ્વામીજીએ કહ્યું: "વખત ઘણો થઇ ગયો છે. હોડીની તપાસ કરો." વિદાય થતી વેળા નાગમહાશયે "જય શિવશંકર! જય શિવશંકર!" બોલતાં બોલતાં સ્વામીજીને અનેક વાર દીનભાવે પ્રણામ કર્યા. સ્વામીજીએ તેમને હાથ ઝાલી ઉઠાડ્યા અને કહ્યું: "કોઈ કોઇ વેળા અત્રે આવી અમને દર્શન આપજો. અમે તો તમારી કૃપા અને આશીર્વાદનીજ ઇચ્છા રાખીએ છીએ. ગુરુદેવ પર તમને જેટલી શ્રદ્ધા અને પ્રેમ છે તેવી શ્રદ્ધા અમને થાય એવો આશીર્વાદ આપો." સ્વામીજીનું નામ સાંભળતાં નાગ-મહાશય: "જય શિવશંકર! જય શિવશંકર!" બોલી પ્રણામ કરતા. પાશ્ચાત્ય દેશોમાં સ્વામીના દિગ્વિજયની વાત સાંભળતા ત્યારે નાગમહાશય "મહાવીર! મહાવીર! ગુરુ જેવા ચેલા!" બોલી બહુ ખુશી થતા હતા.

બાગબજારમાં આવેલ બલરામ બસુનું ઘર પરમહંસદેવનું અત્યંત પ્રિય સ્થાન હતું. નાગમહાશય તેને શ્રીવાસનું આંગણું* કહેતા. શ્રીરામકૃષ્ણના સંન્યાસી ભક્તો કલકત્તે આવતા ત્યારે ત્યાંજ રહેતા. નાગમહાશય કોઇ કોઈ વખત ત્યાં જઇ

* શ્રીવાસ એ કલિપાવનાવતાર શ્રીચૈતન્ય મહાપ્રભુના ભક્ત હતા. ચૈતન્ય મહાપ્રભુ શ્રીવાસને ત્યાં જઈ કીર્તન કરતા અને પોતાનો પરિચય પ્રથમ શ્રીવાસનેજ આપ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનાં દર્શન કરતા. એક વખત હું તેમની સાથે ત્યાં ગયો. તે દિવસે સ્વામી પ્રેમાનંદ અને સ્વામી બ્રહ્માનંદ ત્યાં હતા. તેઓ બેઠા બેઠા વાતો કરતા હતા. નાગમહાશય જતાંજ વાતો બંધ થઇ અને શ્રીરામકૃષ્ણ વિષે વાત થવા લાગી. અમે પાછા ફરતી વેળા સ્વામી બ્રહ્માનંદે કહ્યું: "નાગમહાશયનું આગમન થતાંજ અમને શ્રીરામકૃષ્ણનું સ્મરણ થયું. બીજી વાતો કોણ જાણે ક્યાં ચાલી ગઇ. આવા મહાપુરુષના અસ્તિત્વને લીધેજ ભારતવર્ષમાં હજી સુધી ધર્મકર્મમાં કાંઈક જાગૃતિ છે. ધન્ય છે નાગમહાશય! તમારા ગુરુબંધુઓ પર કૃપાદૃષ્ટિ રાખશો." શ્રીરામકૃષ્ણના ભક્તો સંબંધે નાગમહાશય કહેતા કે, "એ બધા મનુષ્યદેહ ધારણ કરી ગુરુદેવની સાથે લીલા કરવા આવ્યા છે. શ્રીરામકૃષ્ણના ભક્તમાં દરેક અમૂલ્ય હીરો છે. જોયોને નરેન્દ્ર! (વિવેકાનંદ) દુનિયામાં હિંદુધર્મનું-વેદાંતનું દુદુંભિ વગાડી આવ્યો! એમને આપણે શું ઓળખીએ?"

ધીમે ધીમે નાગમહાશયના પિતા દીનદયાળનું શરીર છેક નબળું થઈ ગયું. નાગમહાશયના પ્રયત્નથી દીનદયાળનું મન બહુ શુદ્ધ થયું હતું. તે આખો દિવસ તુલસીની માળા લઇ હરિનામનો જપ કરતા. તેમને હવે સંસારમાં આસક્તિ ન હતી. એક દિવસ નાગમહાશય સવારમાં તેમને ઝાલીને બહાર લઈ જતા હતા, એવામાં એકાએક તે અધવચ બેસી પડયા. નાગમહાશયે તેમને ઊંચકી પાછા લાવી પથારીમાં સુવાડયા. પથારીમાં નાખ્યા તે વખતે તેમને ભાન પણ ન હતું. નાગમહાશય જાણી ગયા કે, હવે પિતાશ્રીનો અંતકાળ નજીક આવ્યો છે. તેમણે ડૉકટરને બોલાવવા માણસ મોકલ્યું અને પોતે પિતાના ખાટલા પાસે બેસી તેમને ભગવાનનું નામ સંભળાવવા લાગ્યા. તેમની સાથે દીનદયાળ પણ ભગવન્નામ બોલવા લાગ્યા. ડૉકટરે આવી નાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇ કહ્યુંઃ "એમનો કાળ આવી પહોંચ્યો છે. વધારે વખત જીવે એમ લાગતું નથી." થોડાક કલાક પછી ભગવાનનું નામ લેતાં લેતાં દીનદયાળ એંશી વર્ષની વયે દેવલોક પામ્યા. પિતૃવિયોગથી નાગમહાશયને બિલકુલ શોક થયો નહિ, પણ સજ્ઞાને તેમનો દેહત્યાગ થયો તેથી તેમને બહુ આનંદ થયો.

નાગમહાશયે રીત પ્રમાણે પિતા દીનદયાળને પુણ્ય કરાવ્યું હતું. હજી વૃદ્ધની ઉત્તરક્રિયા કરવાની બાકી હતી. પિતાનો દિવસ પણ સારી રીતે કરવો એવી નાગમહાશયની ઇચ્છા હતી. પણ પૈસા ક્યાંથી લાવવા એ મોટો સવાલ હતો.

નાગમહાશયને સહાય કરવા નારાયણગંજમાં "રાલી બ્રધર્સ" ઑફિસના કલાર્કોએ ગુપ્ત રીતે ઉઘરાણું કરવા માંડયું. નાગમહાશયને ખબર પડતાંજ તેમણે તે લોકોને ના કહેરાવી અને પોતે ઘર લખી આપી ગામમાંથી પાંચસો રૂપિયા ઉપાડયા. એમના વૃદ્ધ પાડોશીએ પણ એમનાં પત્નીને કેટલાક રૂપિયા આપ્યા હતા. પિતાની ક્રિયા કરવામાં નાગમહાશયને બારસો રૂપિયાનો ખર્ચ થયો.

નાગમહાશયે ગયા જઇ પિતૃશ્રાદ્ધ સાર્યું અને ત્યાંથી બારોબાર કલકત્તે ગયા. તેમણે સુરેશને કહ્યું હતું કે, "પિતાશ્રી છેલ્લી અવસ્થામાં સંસારવાસનાથી મુક્ત થયા હતા. તે નિરંતર ભગવાનનું સ્મરણ કરતા, તેમને મરતાં સુધી ભાન હતું. તે ભગવાનનું નામ લેતાં લેતાં દેહત્યાગ કરવા ભાગ્યશાળી થયા છે."

પાલબાબુએ સાંભળ્યું કે નાગમહાશય દેવાદાર થઇ ગયા છે, ત્યારે તેમણે પેલા જમે રાખેલા બસો રૂપિયા વ્યાજ સાથે આપવા માંડયા પણ નાગમહાશયે તે લેવા ચોખ્ખી ના પાડી.

શ્રીમાતાજી (શ્રીરામકૃષ્ણનાં પત્ની) આ વેળા કલકત્તામાં બાગબજારમાં રહેતાં હતાં. એક દિવસ નાગમહાશય એક વસ્ત્ર અને મીઠાઇ લઇ તેમનાં દર્શન કરવા જતા હતા. રસ્તામાં માથામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ વેદના થવા લાગી. એમનાથી આગળ ચલાયું નહિ. રસ્તામાં એક ધર્મશાળામાં અર્ધ અચેતન અવસ્થામાં પડયા રહ્યા. ધાર્યું હોત તો ગાડી ભાડે કરી પાછા ઘેર આવી શકત, પણ જે વસ્તુ "મા"ને માટે ખરીદી છે, તે "મા" ને અર્પણ કર્યા વિના ઘેર પાછા કેમ અવાય? ત્યાં પડયા પડયા "ઓ શ્રીરામકૃષ્ણ! "ઓ શ્રીરામકૃષ્ણ!" કરવા લાગ્યા. બે કલાક પછી માથાનું દુઃખ કાંઇક નરમ પડયું એટલે ઊઠી બાગબજાર તરફ ચાલવા માંડયું. તે દિવસે રાત્રે નવ વાગે નાગમહાશય માતાજીનાં દર્શન કરી ઘેર આવ્યા.

આ વર્ષેજ કલકત્તામાં પ્રથમ પ્લેગની શરૂઆત થઇ હતી. નિર્ધન અને ધનવાન સર્વે શહેર છોડી ચાલ્યા જતા હતા. કલકત્તા જેવું મોટું શહેર પણ જનશૂન્ય હતું! પાલબાબુ બંગલો નાગમહાશયને સોંપી દેશમાં ચાલ્યા ગયા; ફક્ત એક રસોઇઓ, એક નોકર અને એક પૂજા કરનાર બ્રાહ્મણ એટલા ત્યાં રાખ્યા. હું નાગમહાશયનાં દર્શનાર્થે એક વખત પાલબાબુને ત્યાં ગયો ત્યારે નાગમહાશય ચશ્માં ચડાવી ગીતા વાંચતા હતા. મને જોઈ તે બોલી ઊઠયા: "હું ગીતાને શું સમજું? તમે બ્રાહ્મણ છો. એ બધું તમારે માટે છે. હું તો મૂર્ખ છું. કૃપા કરી મને ગીતા પાઠ સંભળાવો." મેં ગીતાના कर्मण्य कर्मयः पश्येत् શ્લોકની પાંચ છ પ્રકારની વ્યાખ્યા કરી બતાવી. બધી વ્યાખ્યામાં તેમણે માત્ર શ્રીધરની ટીકા પસંદ કરી. આ બનાવ પછી ત્રીજે દિવસે પૂજા કરનાર બ્રાહ્મણને પ્લેગ થયો. રોગીને તપાસવા ડૉકટર સાહેબ આવ્યા પણ તેની સારવાર કોણ કરે? તે વખતે પ્લેગગ્રસ્ત રોગીને કોઇ માણસ અડકતું પણ નહિ, છતાં નાગમહાશય તો સર્વને નારાયણસ્વરૂપ જાણતા. તેમણે નીડરપણે રોગીની સેવા કરવાનું શરૂ કર્યું. દવા પણ પોતે આપતા. આ સમયે હું પણ એક વખત ત્યાં ગયો હતો. નાગમહાશયે કહ્યું: "હમણાં પાંચ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત દિવસ તમારે અહીં નહિ આવવું." મેં કહ્યું: "તમે રહ્યા છો તો પછી મને શી ફિકર છે?" નાગમહાશયે કરુણ સ્વરે કહ્યું: "ભાઇ, લોકાચારને પણ માન આપવું જોઇએ. આ ચેપી રોગ છે. અહીં આવવાથી તને લાભ પણ શો છે? મારો સંગ બહુ વખત કર્યો છે, તો હવે થોડા દિવસ ચલાવી લે."

પેલો બ્રાહ્મણ એજ દિવસે મરી ગયો અને મૃત્યુ થતાં પહેલાં ગંગાતટે જવા હઠ કરી. બીજા કોઇ ઊંચકનાર માણસ નહિ મળવાથી નાગમહાશયે તેને ખાંધે લઇ ગંગાજી તરફ ચાલવા માંડ્યું, પણ ત્યાં પહોંચતાં પહેલાં રસ્તામાંજ તે મરી ગયો. નાગમહાશય પાલબાબુના ચાકરને શબ પાસે બેસાડી અગ્નિદાહ કરવા કોઈ બ્રાહ્મણને શોધવા નીકળ્યા, આખરે દરેકને ચાર રૂપિયા આપવાનું કરી નાગમહાશય પાંચ બ્રાહ્મણ લઈ આવ્યા. લાકડાં વગેરેનો ખર્ચ ગણતાં નાગમહાશયને એ કાર્યમાં પચીસ રૂપિયાનો ખર્ચ થયો. બાબુ સુરેન્દ્રનાથ સેન, આશુતોષ ચૌધરી અને નરેન્દ્રનાથ બસુ નાગમહાશયના દર્શનાર્થે ત્યાં આવી પહોંચ્યા. બાબુ સુરેન્દ્રનાથ અને આશુતોષ નાગમહાશયનું આ કાર્ય જોઇ ચમકી ગયા. પણ નરેન્દ્ર બસુએ કહ્યું: "આ તો ખરો ગાંડો છે! આ રોગ કેવો ભયંકર છે તેનું પણ એને ભાન નથી." એજ દિવસે નાગમહાશય કાલીઘાટ પર ગયા હતા. પાછા આવતી વેળા તેમને એક ભક્તનો મેળાપ થયો. તે ભક્ત આગ્રહ કરી નાગમહાશયને કલકત્તાની વિખ્યાત "ઇડન ગાર્ડન" જોવા લઇ ગયો. નાગમહાશય બાગ જોઇ બહુ ખુશ થયા અને બાળકની પેઠે "આ શું? પેલું શું? એવા અનેક પ્રશ્નો પૂછવા લાગ્યા. પાછા ફરતી વખતે કહ્યું: "મનુષ્ય ભોગવિલાસને માટે આમતેમ ફાંફાં મારે છે! તે મનુષ્યદેહ ધારણ કરી જન્મ-મૃત્યુનું રહસ્ય જાણવા પ્રયત્ન કરતા નથી, પણ ઊલટા પોતાનું ખરું સ્વરૂપ વીસરી જાય છે. મનુષ્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાન નથી, કે અહીંથી થોડાજ વખતમાં જવાનું છે! સંસારમાં સર્વત્ર રજ અને તમનું પ્રાધાન્ય છે! જ્યાંત્યાં કામિની અને કાંચનનું દાસત્વ ચાલી રહ્યું છે! ગુરુદેવ ! ગુરુદેવ! શી તમારી લીલા! અમે તમારી લીલામાં શું સમજીએ?"

આ બનાવ પછી નાગમહાશય એક વેળા ગિરીશને ત્યાં ગયા હતા. શ્રીરામકૃષ્ણ સંબંધી વાત કરતાં કરતાં સ્વામી નિરંજનાનંદે તેમને પૂછ્યુંઃ "મહાશય! શ્રીરામકૃષ્ણ તો કહેતા કે, "મનુષ્ય પોતાને દીન-પામર માનતાં માનતાં તેવો થઇ જાય છે, ત્યારે તમે કેમ પોતાને દીન-પામર માનો છો?" નાગમહાશયે કહ્યુંઃ મને પોતાને એવું લાગે છે કે, હું દીન અને અધમજ છું! હું મને કેવી રીતે શિવરૂપ કહી શકું? મને હજી ક્યાં બરાબર ભક્તિનું રહસ્ય સમજાયું છે? તમારી અને ગુરુદેવની કૃપા થાય તોજ મારું તો શ્રેય થાય." નાગમહાશય એવા દીનભાવથી બોલતા હતા કે, સ્વામી નિરંજનાનંદથી બોલાયું નહિ. ગિરીશબાબુ કહેતાઃ "યથાર્થ દીનતા વડે માણસનો 'અહં' એટલે 'અભિમાન' નષ્ટ થાય છે અને નાગમહાશય જેવી અવસ્થા થાય છે. એવા મહાપુરુષના પાદસ્પર્શથી પૃથ્વી પવિત્ર રહી છે."

નાગમહાશય દેશમાં ગયા તે પહેલાં રામકૃષ્ણપુર-નિવાસી નવગોપાલબાબુને ત્યાં રામકૃષ્ણ-ઉત્સવ હતો. "બસુમતિ" પત્રિકાના સંપાદક અને માલિક શ્રીયુત ઉપેન્દ્રનાથ મુખોપાધ્યાયે નાગમહાશયને ત્યાં આવવા આગ્રહપૂર્વક આમંત્રણ કર્યું. મેં નાગમહાશયને ગમે તેમ સમજાવી ત્યાં જવાને તૈયાર કીધા. ઉત્સવને દિવસે પ્રાતઃકાળમાં હું અને નાગમહાશય ઉપેન્દ્રનાથને ત્યાં ગયા. ઉપેન્દ્રબાબુએ બીડન સ્ટ્રીટમાં આવી એક ગાડી ભાડે કરી. નાગમહાશયે કહ્યુંઃ "હું પગે ચાલીને આવું છું તમે ગાડીમાં જાઓ." ઉપેન્દ્રબાબુ જાણતા હતા કે, ઘોડાને ચાબુક મારતાંજ નાગમહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શયને અંતર્ધ્યાન થશે. તેમણે ગાડીવાળાને ઘોડાને ચાબુક નહિ મારવાની સૂચના કરી. નાગમહાશયને જેમ તેમ કરી ગાડીમાં લીધા. નવગોપાલના ઘર આગળ ગાડી પહોંચતાંજ નાગમહાશયને દેખી નવગોપાલ "જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!" બોલતા બોલતા ગાડી પાસે આવ્યા. નાગમહાશયે તેમને ભૂમિષ્ઠ થઇ પ્રણામ કર્યા. દીવાનખાનામાં જઇ નાગમહાશય એકત્રિત થયેલા બીજા ભક્તોને પંખો નાખવા લાગ્યા. નવગોપાલબાબુએ તેમને બહુ ના કહી, પણ નાગમહાશયે તેમનું કહેવું માન્યું નહિ.

રામકૃષ્ણપુરમાં કીર્તનાનંદ થવા લાગ્યો. સર્વ ભક્તો કીર્તન કરવા લાગ્યા પણ નાગમહાશય તો બધાની સેવા કરતા. પ્રસાદ ખાતી વેળા પણ નાગમહાશય બેઠા નહિ. નાગમહાશયની દીનતા અને શ્રીરામકૃષ્ણ પર અત્યંત પ્રેમ જોઇ, સર્વે લોકો એમની ખૂબ પ્રસંશા કરવા લાગ્યા.

પાછા ફરતી વેળા બહુ આગ્રહ કર્યા છતાં પણ નાગમહાશય ગાડીમાં બેઠાનહિ. મારે પણ એમની સાથે ચાલતાં કલકત્તે આવવું પડ્યું. આવતાં રસ્તામાં નાગમહાશયે કહ્યું: "નવગોપાલબાબુની સ્ત્રીને રામકૃષ્ણદેવ વિદ્યારૂપિણી સ્ત્રી કહેતા. તેમણે પોતે એના હાથનું ખાધું હતું. એ સાધારણ સ્ત્રી નથી."

કેટલાક દિવસ પછી નાગમહાશય દેશમાં ચાલ્યા ગયા. કલકત્તામાં આ એમનું છેલ્લું આગમન હતું.

ભગવાન શ્રીરામકૃષ્ણ અંતર્ધાન થયા અને નાગમહાશય દેશમાં ગયા, ત્યારે તેમનો વિચાર કોઇ નિર્જન સ્થાનમાં પર્ણકુટી બાંધીને રહેવાનો હતો. તેમનાં પત્ની એમનો એવો મનોભાવ સમજી જઇ બોલ્યાં: "મેં તમને કોઇ દિવસ કોઇ પણ બાબતમાં આગ્રહ કર્યો નથી અને ભવિષ્યમાં કદી કરીશ પણ નહિ; પછી તમારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્જનવાસની શી જરૂર છે?" સાધ્વી સહધર્મિણીના વચન પર વિશ્વાસ રાખી નાગમહાશય સંસારમાં રહ્યા, પણ જીવનપર્યંત તેમણે સંન્યાસધર્મનું પાલન કર્યું છે. તેમનાં પત્ની કહે છે કે, "તેમના (નાગમહાશય) શરીર અથવા મનને કોઇ દિવસ પાશવ વિકાર થયો નથી. 'જય રામકૃષ્ણ' કરતા કરતા તેઓ વિષયવૃત્તિને નિર્મૂળ કરીને ચાલ્યા ગયા છે. તે અગ્નિમાં રહેતા પણ તેમના શરીરને આંચ સરખી પણ લાગી નથી! અર્થાત અગ્નિરૂપી યુવતી પત્નીના સમાગમમાં રહેતા પણ કોઈ દિવસ તેમનો કામ પ્રદીપ્ત થયો નથી!"

નાગમહાશય તેમના પ્રધાનભક્ત હરપ્રસન્નને કોઇ કોઈ વેળા કહેતા કે, "જો, પશુપક્ષીને પણ મેં આખી જિંદગીમાં ભ્રાતૃ જેવાં જાણ્યાં છે."

નાગમહાશયના ગુરુકુટુંબના બેએક પુરુષ એક વેળા તેમનાં દર્શન કરવા દેવભોગ આવ્યા હતા. એમાંનો એક સાધક હતો. તેનું નામ નવીનચંદ્ર ભટ્ટાચાર્ય હતું. દીનદયાળના કહેવાથી નવીનચંદ્રે નાગમહાશયને સંસારધર્મનું અવલંબન કરી પુત્રોત્પાદન કરવા અનુરોધ કર્યો. એ સાંભળતાંજ નાગમહાશયે કહ્યું: "તમે સાધક થઇને મને આવો ઉપદેશ આપો છો?" એટલું બોલી પાસે એક પથ્થર પડ્યો હતો તે લઇ તેમણે જોરથી પોતાના મસ્તકમાં માર્યો. લોહી પણ નીકળ્યું. એ જોઇ નવીનબાબુ ગભરાયા અને કહ્યું: "તમારે માટે સંસાર નથી, તમે તો જીવન્મુક્ત જેવા છો. મારો ઉપદેશ તમારે માટે નથી!" નાગમહાશયે શાંત થઇ તે ઉભય કુળગુરુઓની ચરણરજ મસ્તકે ચડાવી લીધી.

શ્રીયુત હરેન્દ્રચંદ્ર કહે છે કે, "દીનદયાળ એક દિવસ નાગમહાશયને ખૂબ લડ્યા અને કહ્યું કે, 'અન્નવસ્ત્ર વગર કેમ ચાલશે?' નાગમહાશયે જવાબ આપ્યો: "પિતાજી! મારાં અન્નવસ્ત્રની ચિંતા તમારે શા માટે કરવી જોઇએ? ઝાડ પર બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંદડાં છે. વળી મેં આ જીવનમાં કોઇ દિવસ સ્ત્રીસંગ કર્યો નથી. માતૃગર્ભમાંથી બહાર નીકળ્યો તે વખતે જેટલો શુદ્ધ હતો તેટલોજ શુદ્ધ અત્યારે પણ છું. પછી મારે વસ્ત્રની શી જરૂર છે?"

પુત્રનો સંસાર પ્રતિ વૈરાગ્ય જોઈ દીનદયાળને બહુ ક્રોધ ચડતો. કોઇ સમય બન્ને જણ લડી પડતા. એક વખત વાતવાતમાં પિતાપુત્ર લડી પડ્યા. બોલતાં બોલતાં નાગમહાશય ભાવાવેશમાં આવી ગયા. તેમણે કહ્યું: "મેં જિંદગીમાં કદી સ્ત્રીસંગ કર્યો નથી. મારે સંસારની શી જરૂર છે?" પછી नाहं नाहं બોલતા બોલતા ધોતિયું કાઢી નગ્ન થઇ ઘર બહાર નીકળી ગયા! એમનાં પત્ની બહુ કલ્પાંત કરવા લાગ્યાં. તેમના આગ્રહથી નાગમહાશયનો ભક્ત અન્નદા તેને બેત્રણ માઇલથી પાછા તેડી લાવ્યો.

દેવભોગવાસી એક પ્રૌઢા વિધવા દરરોજ નાગમહાશયનાં દર્શન કરવા આવતી અને તેમની ભક્તિ કરતી; પણ નાગમહાશય પોતાની તીક્ષ્ણ અંતર્દૃષ્ટિવડે તેની દુર્બુદ્ધિ સમજી ગયા. તેઓ કોઇ કોઇ વેળા એ વિધવાની અવજ્ઞા કરતા. એ સંબંધી તેમનાં પત્નીને ખબર થઈ એટલે તેમણે તેનું આવવાનું બંધ કરી દીધું. નાગમહાશય કહેતા કે, "અરે! અરે! કાગડા-કૂતરાઓ પણ આ હાડમાંસના શરીરને સૂંઘતા નથી, પણ એને ક્યાંથી આસક્તિ થઇ? પરમહંસદેવ કેટલા રૂપે મારી કસોટી કરે છે? જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!" પછી કહેવા લાગ્યા: "માનવજીવનમાં સ્વાદ અને કામ એ બે જીતવાં બહુ કઠણ છે. ભગવાનની કૃપા થાય તોજ એ બન્ને ઇંદ્રિયો વશ થાય છે." તેઓ વાતવાતમાં કોઇ વેળા મહાન સત્યો પ્રકટ કરતા. તે કહેતા કે, "કામ છોડ્યો કે રામ થાય અને રતિ છોડી કે સતી થાય."

કામિનીની પેઠેજ નાગમહાશનને કાંચન ઉપર પણ અનાસક્તિ હતી. એક વખત નારાયણગંજમાં પાલબાબુનો કોઈ ખાસ મિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયંકર રોગથી પીડાતો હતો. બહુ દવા કરતાં પણ તેને મટયું નહિ. આખરે પાલબાબુએ નાગમહાશયને લખ્યું. પાલબાબુના આગ્રહથી નાગમહાશયે ઉપચાર કરવાનું શરૂ કર્યું. ઈશ્વરેચ્છાએ નાગમહાશયની દવાથી તેનું દરદ મટી ગયું. આથી પેલા માણસે ખુશી થઇ નાગમહાશયને ત્રણસો રૂપિયા આપવા માંડયા, પણ નાગમહાશયે પૈસાને સ્પર્શ પણ ન કર્યો. પાલબાબુએ બહુ આગ્રહ કર્યો ત્યારે નાગમહાશય ખીજવાઇ જઇ કહેવા લાગ્યા: “હાય! ભગવાન! મને આ અધમ ધંધો શા માટે શીખવ્યો? ધંધાને લીધે મારે કેટલું દુઃખ ભોગવવું પડે છે!” તેમનો આવો વ્યવહાર જોઇ પાલબાબુએ કહ્યું: “દીનદયાળનો છોકરો માણસ નથી, તે તો કોઇ દેવજ છે.”

એ ત્યાગી મહાપુરુષનું આચરણ કાંઈ અલૌકિકજ હતું. પાલબાબુના આગ્રહથી એક વખત તે ભોજેશ્વર આવ્યા હતા. કલકત્તા પાછા જવા માટે પાલબાબુએ તેમને આઠ રૂપિયા સ્ટીમર ભાડું અને એક કામળ આપી. ભોજેશ્વરથી ત્રણેક ગાઉ દૂર સ્ટીમરનું સ્ટેશન હતું. ત્યાં જઇ ટિકિટ–ઑફિસ આગળ ગયા. એવામાં એક કંગાલ સ્ત્રી ચાર છોકરાં લઈ એમની પાસે ભીખ માગવા આવી. તેનું દુઃખ જોઇ નાગમહાશયનું હૃદય દ્રવી ગયું. તેમણે પોતાની પાસેના આઠ રૂપિયા અને કામળ તેમને આપી દીધી અને કહ્યું: “મા! જા–લઇ જા અને હવે કાંઈ ધંધો–મજૂરી કરી તારાં છોકરાંનું પૂરું કરજે.” આશીર્વાદ લઇ ભિખારિણી ચાલતી થઇ. દૂરથી ચાલીને આવ્યા હતા એટલે નાગમહાશયે સ્ટેશન પર બેસી કેટલોક વખત વિશ્રાંતિ લીધી. સ્ટીમર ઉપડી ગયા પછી પોતે પગરસ્તે કલકત્તા તરફ ચાલવા માંડયું. માર્ગમાં રાત પડતી ત્યાં રહી જતા અને ગામમાં મંદિરમાં જઇ પ્રસાદ લેતા. પાસે ફક્ત સાડા સાત આના હતા. તેમાંથી હોડીમાં બેસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતરવું પડતું તો હોડીવાળાને ભાડું આપતા. પાણી થોડું હોય તો તે તરીને પણ જતા. એમ કરતાં કરતાં તે ઓગણત્રીસ દિવસે કલકત્તે આવી પહોંચ્યા! દીનદયાળ તો પુત્રનાં આવાં કાર્ય જોઇ બહુ દિલગીર થતા. નાગમહાશય "સર્વ ભૂતે નારાયણ" જોતા અને તેથી અનાયાસે તેમનાથી આવાં કાર્ય થઈ જતાં. (છે કોઇ વૈદ કે ડૉકટર આવો પરોપકારી?)

નાગમહાશયના ઘરની નજીક એક તળાવમાં તેમની તેર-ચૌદ વર્ષની ઉમ્મર હતી ત્યારે નાગમહાશય દરરોજ જમ્યા પછી થોડો ભાત લઈ તે તળાવ પર જતા. તળાવનાં બેચાર માછલાં તેમણે પાળ્યાં હતાં. તેઓ ત્યાં જઈને જરા બોલતા કે તુરતજ માછલાં કાંઠે આવી તેમના હાથમાંથી ભાત લઇ જતાં. તે કલકત્તે ભણવા આવ્યા ત્યાં સુધી એવું કર્યા કરતા. નાગમહાશય કહેતા કે, "બીજાં સાધારણ પ્રાણીઓમાં પણ જ્ઞાનનો વિકાસ થતો માલૂમ પડે છે. જન્મજન્માંતરમાં તેઓ પણ ઉચ્ચ ગતિને પામી આખરે મુક્તપદે પહોંચતાં હશે."

શ્રીયુત હરેન્દ્રચંદ્ર કહે છે કે, "હું ઘણી વખત નાગમહાશયને ઘેર જતો. એક દિવસ હું તેમની પાસે ગયો ત્યારે તેઓ ઘરની ઓસરીમાં બેઠા બેઠા હુક્કો પીતા હતા. થોડીવાર પછી બે જંગલી પક્ષીઓ ઊડતાં ઊડતાં એમની પાસે આવ્યાં, પણ નાગમહાશયે હુક્કો પીવાના ધ્યાનમાં તેમના તરફ દૃષ્ટિ કરી નહિ. નાગમહાશયનું ચિત્ત આકર્ષવા પક્ષીઓ ચીં ચીં કરવા લાગ્યાં. નાગમહાશયે તુરતજ તેમના તરફ દૃષ્ટિ કરી અને હુક્કો મૂકી દઇ તેમને હાથમાં લઈ શરીરે હાથ ફેરવતા ફેરવતા બોલ્યા: "આવ્યાં મા! બેસો, હું તમારે માટે ખાવાનું લઈ આવું." એટલું બોલી નાગમહાશય ઊઠી ઘરમાંથી થોડા ચોખા લઈ આવ્યા અને તેમને ખવડાવવા લાગ્યા. આટલાથી પક્ષીઓને સંતોષ ન થયો એટલે ખાવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરું કરી નાગમહાશયની આજુબાજુ ફરવા લાગ્યાં. નાગમહાશય ફરીથી થોડું પાણી અને બે મુઠ્ઠી ચોખા લઇ આવ્યા. પંખીઓ નાગમહાશયના હાથ પર બેસી દાણા ખાવા લાગ્યાં. તેમને તૃપ્તિ થઈ એટલે નાગમહાશય તેમના શરીરને ફરીથી હાથ ફેરવી કહેવા લાગ્યાઃ "હવે જાઓ મા! વનમાં જઇને આનંદ કરો. ઇચ્છા થાય તો વળી કાલે આવજો." બન્ને પંખીઓ ઊડી ગયાં! પછી મારા તરફ જોઈ નાગમહાશયે કહ્યું: "શ્રીરામકૃષ્ણ કેટલા રૂપે લીલા કરે છે? તેમની લીલા અનંત છે! હું શું કળી શકું?"

ગિરીશબાબુ કહે છે કે, **अहिंसा परमोधर्मः** એનું જ્વલંત દૃષ્ટાંત નાગમહાશય હતા. નારાયણગંજના યુરોપિયન ઑફિસર કોઇક વેળા દેવભોગ શિકાર કરવા આવતા. એક વખત કોઇ યુરોપિયને ત્યાં આવી બંદૂકનો અવાજ કર્યો, તે સાંભળી નાગમહાશય પેલા યુરોપિયન પાસે દોડી ગયા અને આવું નિર્દય કામ નહિ કરવા વિનંતિ કરી. તેણે નાગમહાશયને ગાંડા ગણી કાઢયા અને એક પંખી પર બંદૂક તાકી. નાગમહાશયે તુરતજ સાહેબના હાથમાંથી બંદૂક લઈ લીધી. પેલા સાહેબે બંદૂક ન ઝૂંટાવા દેવા બહુ પ્રયત્ન કર્યો પણ નાગમહાશયમાં કોણ જાણે ક્યાંથી અદ્ભૂત બળ આવ્યું કે પેલા સાહેબનું કાઇ વળ્યું નહિ! આખરે બંદૂક લઇ નાગમહાશય ઘેર આવ્યા. ઘેર આવી બંદૂક એક ખૂણામાં મૂકી અને ઘાતક શસ્ત્રને સ્પર્શ કર્યો તેથી સ્નાન કર્યું. બીજે દિવસે નારાયણગંજની કોર્ટના એક કારકુન સાથે તે બંદૂક પાછી મોકલી. સાહેબે પેલા કારકુનને નાગમહાશયનું નામઠામ પુછ્યું. કારકુન દ્વારા નાગમહાશયનું સાધુ ચરિત્ર અને તેમણે બતાવેલી હિંમત જોઇ સાહેબ ખુશી થઈ ગયા અને ત્યારથી દેવભોગ શિકાર કરવા જવાનું તેમણે બંધ કરી દીધું. અદ્યાપિ કોઈ પણ યુરોપિયન ઑફિસર દેવભોગ શિકાર કરવા જતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશયને ત્યાં દર વર્ષે દુર્ગાપૂજા થતી પણ તેઓ કોઈ વેળા પશુબલિદાન આપતા નહિ. તેઓ સાપને પણ મારતા નહિ. એક દિવસ એમના ઘરમાં મોટો સાપ નીકળ્યો. તેમનાં પત્નીએ સાપને મારી નાખવા કહ્યું, ત્યારે નાગમહાશયે કહ્યું: "સાપને શું કરવા મારીએ? વનનો સાપ તો કદી નથી કરડતો પણ મનનો સાપ કરડે છે. તેને કેમ મારી નથી નાખતાં?" પછી સાપ સામે આવી તેને હાથ જોડી કહેવા લાગ્યા: "મા! તમે જંગલમાં રહેનારાં! અમારા ગરીબની ઝૂંપડીમાં શું કામ આવ્યાં? તમારે સ્થાને જાઓ!" આટલું બોલી સાપ પાસે જઇ લાકડી ઠોકતા ઠોકતા ઘરબહાર નીકળ્યા. સાપ પણ તેમની લાકડીને આધારે તેમની પાછળ ચાલ્યો. નાગમહાશય આમ કરતા કરતા સાપને દૂર જંગલમાં મૂકી આવ્યા. આ બનાવ વિષે વાત નીકળતી તો નાગમહાશય કહેતા કે, "આપણે કોઈનું અનિષ્ટ ન કરીએ તો જગતમાં કોઇ પણ આપણું અનિષ્ટ કરી શકે એમ નથી. મનુષ્ય જેવો વ્યવહાર કરે છે, તેજ પ્રમાણે જગત પણ તેના તરફ તેવોજ વ્યવહાર કરે છે. જગત તો દર્પણ જેવું છે. એની અંદર તમે જુઓ છો અને અનુભવો છો તે તમારું પ્રતિબિંબજ છે. તમે જેવા ચાળા કરશો તેવાજ ચાળા તમારું પ્રતિબિંબ કરશે."

જ્યારે રામકૃષ્ણમઠ વરાહ નગરમાં હતો ત્યારે એક દિવસ ત્યાં સાપ નીકળ્યો. ગિરીશ કહે છે કે, "સાપ જોઈ અમે બધા તો તેને મારી નાખવા તત્પર થયા, પણ નાગમહાશય તો "નાગરાજ! નાગરાજ!" કહી તેને પ્રણામ કરવા લાગ્યા. તે તુરતજ સાપ તરફ જોઈ મઠ બહાર નીકળી ગયા. સાપ પણ તેમની પાછળ પાછળ નીકળી ગયો." તે કહેતા કે, "આપણે બુદ્ધિદોષને લીધે પાપ કરી અનેક દુઃખ ભોગવીએ છીએ. જ્યારે મનુષ્યની બુદ્ધિ ઈશ્વરપાદપદ્મમાં સ્થિર થાય છે ત્યારે તેને કોઈ પણ બનાવ અશુભ લાગતોજ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ તેમને પોતાને સાપ કરડ્યો હતો. તે તળાવ પર બેસી પગ પાણીમાં રાખી મોં ધોતા હતા; એવામાં સાપે આવી તેમના ડાબા પગના અંગૂઠા પર દંશ કર્યો. નાગમહાશયે તે જાણ્યું તો પણ તેઓ સ્થિર બેસી રહ્યા. થોડી વારમાં સાપ ત્યાંથી ચાલ્યો ગયો. તેમનાં પત્નીએ તે જાણ્યું એટલે તે હાહાકાર કરવા લાગ્યાં. નાગમહાશયે કહ્યું: "તમે શા માટે ગભરાઓ છો? મને કશું થનાર નથી. બિચારા સાપે ભક્ષ્ય જાણી દંશ કર્યો, પછી ચાલ્યો ગયો! મને ઝેર નહિ ચડે. તમે ચિંતા ન કરો!"

તે કહેતા કે, "દરેક જીવમાં એક ભગવાનજ વિરાજમાન છે." "તમે હંમેશાં હાથ કેમ જોડી રાખો છો?" આવા પ્રશ્નના ઉત્તરમાં તે કહેતા કે, "દરેક પ્રાણીમાં હું તેને (ઈશ્વરને) પ્રત્યક્ષ જોઉં છું." ઝાડનું પાંદડું તોડતાં પણ નાગમહાશયને વેદના થતી. તેમના રસોડાની પાછળ એક આંબાનું ઝાડ હતું. એક દિવસ કોઈ ભક્તને પાંદડું તોડતાં જોઈ તેમણે કહ્યું: "ભાઈ, પાંદડાં શા માટે તોડે છે? એને સુખદુ:ખનું ભાન છે."

નાગમહાશય ચાંચડમાંકડને પણ મારતા નહિ. ગાય પ્રત્યે પણ તે બહુ ભક્તિભાવ રાખતા. તેમણે શાસ્ત્રવિધિ અનુસાર ગોદાન કર્યું હોય એમ જણાતું નથી; પણ સુરેશ કહે છે કે, "મેં તેમને ઘણી વાર ગાયને પ્રમાણ કરી ગૌમુત્રનું ચરણામૃત લેતા જોયા છે."

નાગમહાશય શક્તિઉપાસક હતા, પણ તે કહેતા: "અમુક મતમાં જવાથી માણસનું કાંઇ શ્રેય થતું નથી. કોઇ પણ મતમાં અડગ શ્રદ્ધા થાય તો સ્વયં ભગવાન સાધકને માર્ગ દેખાડે છે." તેમનામાં બિલકુલ ભેદબુદ્ધિ હતી નહિ. શૈવ, વૈષ્ણવ, તાંત્રિક, સર્વને તે સન્માન આપતા. હિંદુ, મુસલમાન, ક્રિશ્ચિયન તેમજ બીજા કોઇ પણ ધર્મની નિંદા તેઓ કરતા નહિ. મસ્જિદ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીરની દરગાહ જોઇ નાગમહાશય સલામ કરતા અને 'ચર્ચ' જોતાં 'જય ક્રાઇસ્ટ' બોલી ક્રાઇસ્ટનાં વખાણ કરતા.

સાધન સંબંધી તેઓ કહેતા કે, "ઈશ્વરદર્શન કરવાને માટે સાધનની ખાસ આવશ્યકતા છે. સાધનના ફળની આશા તો રાખવીજ નહિ. ફળ તો જ્યારે ઈશ્વરની કૃપા થાય ત્યારેજ મળે. જ્યાં સુધી ઈશ્વરકૃપા ન થાય ત્યાં સુધી તેનું સ્વરૂપ જાણી શકાય નહિ. ઈશ્વર તો કલ્પવૃક્ષ જેવા છે. એની પાસે મનુષ્ય જે માગે તે મળે છે; પણ જેથી જીવને વારંવાર જન્મમરણના ચક્કરમાં આવવું પડે એવી વાસના રાખવી ઉચિત નથી. ભગવાન પાસે શુદ્ધ ભક્તિ કે શુદ્ધ જ્ઞાનની પ્રાર્થના કરવી જોઇએ. એ બેમાંથી એક વસ્તુ મળે તોજ જીવ સંસારબંધનમાંથી મુક્ત થાય. સંસારની કોઇ પણ વસ્તુની વાસના કરવાથી જીવને તે વાસનાનો ઉપભોગ કરવોજ પડે; પણ જે માણસો નિરંતર ભગવાનનું નામસ્મરણ અને તેના ગુણાનુવાદનું ગાન કરી પોતાના વખતનો સદુપયોગ કરે છે તેમના ત્રિવિધ રોગ નષ્ટ થાયજ છે."

સિદ્ધિ સંબંધમાં તેઓ કહેતા હતા કે, "યથાર્થ સાધુભાવ આવતાં શક્તિ અને સિદ્ધિઓ સાધકને સર્વદા લોભાવે છે. યથાર્થ સાધુના હૃદયમાં જગતની સર્વ વસ્તુનું પ્રતિબિંબ પડે છે—જેમ સ્ફટિક પથ્થરમાં પડે છે તેમ—પણ જો સાધકનું લક્ષ્ય સિદ્ધિઓ તરફ ગયું તો પછી સાધક પોતાના લક્ષ્યસ્થળે (ઈશ્વરદર્શને) પહોંચતો નથી !"

કોઇ બાબત વિષે કોઇ ભક્તને સંદેહ થતો તો નાગમહાશય વગરપૂછ્યે તેનો જવાબ આપી દેતા. તે મનુષ્યના મનનો ભાવ તેનો ચહેરો જોઇને જાણી જતા. નાગમહાશયમાં ઘણી સિદ્ધિઓ હતી. મને ઘણી વાર અનુભવ થયો છે, પણ તે સર્વ સિદ્ધિઓ જન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ સમક્ષ મૂકવાની જરૂર જણાતી નથી. નાગમહાશય ઇચ્છાપૂર્વક કદી સિદ્ધિનો ઉપયોગ કરતા નહિ.

એક વાર ચૈત્ર માસમાં ચૌધરીબાબુના ઘરમાં આગ લાગી. પવનના જોરને લીધે આગ બહુ વધવા લાગી. ચૌધરીબાબુનું ઘર નાગમહાશયના ઘરથી ત્રીસેક હાથ દૂર હતું. શેરીમાંનાં માણસો આગ હોલવવા મંડી પડયાં. ફક્ત નાગમહાશય આગની સમક્ષ હાથ જોડી ઊભા રહ્યા. તેમનાં પત્ની ઘરમાંથી કપડાં ઇત્યાદિ વસ્તુ બહાર કાઢવા મંડી ગયાં.

નાગમહાશયે કહ્યું: "હજી તમને ભગવાન પર પૂર્ણ વિશ્વાસ નથી? આ કપડાં બળી જશે તો શું થયું? તમને કેમ શાંતિ રહેતી નથી? ગમે તેવા સંકટમાં પણ મનની શાંતિનો ભંગ ન થાય ત્યારેજ જપ કર્યા સાર્થક, નહિ તો ઘણાય પોપટ 'રામ રામ' કરે છે!" આટલું બોલી નાગમહાશય તો "જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!" ધ્વનિ સાથે નૃત્ય કરવા લાગ્યા. અગ્નિ પણ ચૌધરીનું ઘર ભસ્મ કરી શાંત થઇ ગયો!

એક વર્ષે બેચાર પર્વ સાથે હતાં. ચારેક દિવસ પહેલાં નાગમહાશય કલકત્તેથી દેશમાં ગયા. નાગમહાશયને જોઈ દીનદયાળે કહ્યું: "હજારો લોકો ગંગાસ્નાન કરવા હજારો પૈસા ખરચી નાખે છે ત્યારે તું ગંગાસ્નાન છોડી અહીં આવ્યો? તારો ધર્મ કેવો છે તે કાંઇ સમજાતુંજ નથી! બધી બાબતોમાં તું દુનિયાથી ઊંધોજ છે! હવે ત્રણ દિવસ બાકી છે. મને ગંગાસ્નાન કરવા લઈ જા." ઉત્તરમાં નાગમહાશયે કહ્યું: "મનુષ્યને ગંગાદર્શનની તીવ્ર લાલસા હોય તો ગંગાજી ઘેર બેઠાં દર્શન દે છે. તેને શોધવા જવાનું કાંઇ પ્રયોજન નથી. તમે જાણતા નથી કે ભગીરથની દૃઢ ઇચ્છાથી ગંગાજી સ્વર્ગ છોડી પૃથ્વી પર આવ્યાં! તમે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી ઇચ્છા એટલી તીવ્ર બનાવો. માયાના કીડા માટે ગંગાજી ઘેર ન આવે! અને ત્યાં જઈ સ્નાન કરે તો પણ કીડા તે કીડા જ!"

એમ કરતાં ગંગાસ્નાનનો દિવસ આવી પહોંચ્યો. તે દિવસે શ્રીમતી હરકામિની, કૈલાસપ્રભૃતિ વગેરે અનેક ભક્તો દેવભોગ આવ્યા. પર્વયોગ સમયે શ્રીમતી હરકામિનીએ નાગમહાશયના ઘરની પરસાળના અગ્નિકોણમાં જમીન ભેદીને નીકળતી એક ઊર્ધ્વગામી જળધારા જોઇ. ક્રમે ક્રમે જળ વધી પડયું અને નાગમહાશયના આંગણામાં પ્રવાહ વહેવા લાગ્યો. નાગમહાશય ઘરમાંજ હતા. તે લોકોના કોલાહલથી એકદમ બહાર આવ્યા અને "મા ગંગે! ભાગીરથી!" બોલી પ્રણામ કરવા લાગ્યા. એક અંજલિમાં જળ લઇ નાગમહાશયે પોતાને શરીરે લગાડયું અને આચમન પણ કર્યું. તુરતજ નાગમહાશય ત્યાંથી ચાલ્યા ગયા. પછી ઘરનાં બધાં માણસોએ તે પ્રવાહમાં સ્નાન કર્યું. ગામનાં માણસો પણ એક પછી એક આવી લાગ્યાં અને નાગમહાશયને ધન્યવાદ તથા આશીર્વાદ આપવા લાગ્યાં. પ્રવાહ આશરે એક કલાક રહ્યો અને પછી ધીમે ધીમે જળ ત્યાંજ અદૃશ્ય થઇ ગયું. હજી પણ એ ગંગાજીમાં સ્નાન કરનાર માણસો દેવભોગમાં હયાત છે અને તે આ બનાવની સાક્ષી પૂરે છે. નાગમહાશયે મને કદી આ વાત કહી નથી. આ બાબત એમને કોઇ પૂછતું તો કહેતા કે, "લોકો તો બહુ ભોળા છે. કાચને હીરો બનાવી દે છે." આ બનાવની વાત સાંભળી સ્વામી વિવેકાનંદે કહ્યું કે, "નાગમહાશય જેવા મહાપુરુષની ઇચ્છા કોઇ પણ કાર્ય કરી શકે છે. એમને માટે કશું અસંભવિત નથી. એમની અમોઘ શક્તિના બળ વડે પાપી જીવનો પણ ઉદ્ધાર થઇ જાય એમ છે!"

નાગમહાશય દરેક કાર્યમાં પોતાના સદ્‌ગુરુદેવ ભગવાન શ્રીરામકૃષ્ણનો હાથ જોતા. એક વખત રાત્રે હું તેમને ત્યાં સૂતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. કાંઈક અવાજ થવાથી મારી આંખ ઊઘડી ગઈ. નાગમહાશય રસોડામાં સૂતા હતા. હું તુરતજ ત્યાં ગયો. તપાસ કરતાં માતુશ્રીએ (નાગમહાશયનાં પત્નીએ) રડતાં રડતાં કહ્યું કે, "હમણાં અહીં એક જંગલી બિલાડો આવ્યો હતો. તે એકાએક એમના શરીર પર કૂદી પડયો અને તેથી તેના પંજા એમની આંખમાં વાગ્યા. આંખ સહજમાં બચી ગઈ છે." મેં અંદર જઈ જોયું તો નાગમહાશયના નેત્ર આગળથી લોહીની ધારા વહેતી હતી. માતુશ્રીને રડતાં જોઈ નાગમહાશયે કહ્યું: "એમાં શું થયું ? આ દેહ માટે શો શોક ? શ્રીરામકૃષ્ણની ઇચ્છા વિના આવું કંઈ બનતું નથી. એ તો ભગવાનની કૃપા હશે ! આપણી અલ્પબુદ્ધિથી આપણે કાંઈ સમજી શકતાં નથી." જગતને નાગમહાશય શ્રીરામકૃષ્ણમય જોતા. અમે બહુ કાલાવાલા કર્યા ત્યારે તેમણે ઘા પર ભીનું ચીંથરું મૂકયું.

તેમને જ્યારે શૂળવેદના થતી ત્યારે મેં તેમને એવું બોલતાં સાંભળ્યા છે કે, " જય શ્રીરામકૃષ્ણ ! જય ગુરુદેવ ! આ હાડમાંસના ખોખાથી તમારી સેવા નથી થતી તેથી તમે આવો વ્યાધિ મૂકયો છે. તમે જે કાંઈ કરો છો તે અમારા પર દયાજ છે. એ બહાને તમે મારી પાસે સ્મરણ કરાવો છો. તમારી દયાને ધન્ય છે ! ધન્ય તમારી દયા ! ગુરુકૃપાહિ કેવલમ્ ! ગુરુકૃપાહિ કેવલમ્ ! તમારી દયા સિવાય અમારો ઉદ્ધાર કયાંથી થાય ? "

નાગમહાશય કદી કોઈને ઉપદેશ આપવા ઇચ્છતા નહિ. કોઈ પૂછે તો કહેતા કે, " કોઈ કોઈને શું સમજાવે ? વખત જતાં સાધનભજન કરતાં ભગવાનની કૃપાથી મનુષ્યનાં અંતઃચક્ષુ એની મેળે ખૂલી જાય છે, પછી જ્યાં જુએ ત્યાં કૃષ્ણ ! સર્વ વસ્તુ નવીન રંગથી રંગાયલી માલૂમ પડે છે !" વળી કોઈને કહેતા કે, " છેલ્લો જન્મ હોય તોજ માણસને ભગવાનના નામ પર શ્રદ્ધા બેસે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન પર યથાર્થ વિશ્વાસ અને પ્રેમ હોય તો કદી માણસનો પગ અનુચિત કર્મમાં પડેજ નહિ. ભગવાન પર પ્રેમ થાય તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થ સાધ્ય થાય છે!"

ગિરીશ કહે છે કે, "નરેન્દ્ર (સ્વામી વિવેકાનંદ) અને નાગમહાશયને માયાપાશમાં બાંધવા જતાં મહામાયાને બહુ દુઃખ થયું હશે. માયાએ આખરે થાકી બન્નેને પોતાના પાશમાંથી મુક્ત કર્યા. નાગમહાશય તો માયામાં રહ્યા પણ તદ્દન શુદ્ધ બહાર નીકળ્યા. ધન્ય છે એવા મહાત્માઓને! અમારી ભારતભૂમિ આવા મહાત્માઓના પ્રતાપેજ હજી પોતાનો સનાતન ધર્મ જાળવી શકી છે."

प्रकरण ७ मुं

નાગમહાશયનો અપૂર્વ ભક્તિભાવ

નાગમહાશયના ભક્તિભાવ સંબંધી સ્વામી વિવેકાનંદ અને તેમના શિષ્ય વચ્ચે થયેલો વાર્તાલાપ અત્રે પ્રકટ કરવામાં આવે છે.

સ્વામી વિવેકાનંદનો શિષ્ય આજે નાગમહાશયને સાથે લઇને બેલુરમઠમાં આવ્યો છે. સ્વામીજીએ નાગમહાશયને પ્રણામ કર્યા અને પૂછ્યું કે, "આનંદમાં છો ને?"

નાગમહાશયઃ "આપનાં દર્શન થયાં તેથી બહુ આનંદ થયો. જય શંકર! જય શંકર! બસ, આજે સાક્ષાત્ શિવનાં દર્શન થયાં." એટલું કહીને બે હાથ જોડી નાગમહાશય ઊભા રહ્યા.

સ્વામીજીએ પૂછ્યુંઃ "શરીરે કેમ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય: "હાડમાંસ ને લોહીની વાત ન પૂછો, આપના દર્શનથી આજે કૃતાર્થ થયો! મારાં અહોભાગ્ય કે મને આપનાં દર્શન થયાં."

એટલું કહેતાં નાગમહાશયે સ્વામીજીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યો. સ્વામીજીએ નાગમહાશયનો હાથ પકડી ઊભા કરતાં કહ્યું: "એ શું કરો છો?"

નાગમહાશય: "હું મારી દૃષ્ટિથી જોઈ શકું છું કે, આજે બસ, સાક્ષાત્ શિવનાં દર્શન થયાં! જય ગુરુદેવ! જય ગુરુદેવ! જય શ્રીરામકૃષ્ણદેવ!"

સ્વામીજીએ શિષ્યની તરફ દૃષ્ટિ કરીને કહ્યું: "જુઓ છો કે? ભક્તિમાન પુરુષ કેવા હોય તે કાંઇ સમજાયું? નાગમહાશય આખો દિવસ (ભગવાનના નામમાં) તન્મયજ રહ્યા કરે છે. એમને દેહબુદ્ધિ બિલકુલ છેજ નહિ એમ કહીએ તો પણ ચાલે. આવા મહાત્મા ભાગ્યેજ બીજા કોઇ હશે." (પ્રેમાનંદ સ્વામીને ઉદ્દેશીને કહ્યું કે) "નાગમહાશયને માટે પ્રસાદ લઇ આવ."

નાગમહાશય: "પ્રસાદ! (સ્વામીજી સામે બે હાથ જોડી) આપનાં દર્શનથી મારી ભવક્ષુધા આજે દૂર થઇ ગઈ!"

મઠમાં બાળબ્રહ્મચારીઓ તથા સંન્યાસીઓ ઉપનિષદનો પાઠ કરવા બેઠા હતા. સ્વામીજીએ તેમના તરફ લક્ષ્ય કરીને કહ્યું કે, "આજે આપણા મઠમાં ગુરુદેવના એક મહાન ભક્તરાજ પધાર્યા છે. નાગમહાશયના શુભાગમન નિમિત્તે તમારો પાઠ આજે બંધ રહેશે." આથી સર્વ સંન્યાસીઓ પોતપોતાનાં પુસ્તકો બંધ કરી નાગમહાશયની આસપાસ ટોળે વળી બેસી ગયા. સ્વામીજી પોતે પણ નાગમહાશયની સામે આવીને બેઠા.

સ્વામીજી (સર્વને ઉદ્દેશીને) બોલ્યા: "જુઓ છો ને? નાગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાશય તરફ એક વાર દૃષ્ટિપાત કરો. તેઓ પોતે ગૃહસ્થ છે છતાં જગત છે કે નહિ તેનુંજ તેમને જ્ઞાન નથી. આખો દિવસ (ભગવાનના નામમાં) તન્મયતામાં-ધ્યાનમાંજ પસાર કરે છે. (નાગમહાશય તરફ લક્ષ્ય કરીને) આ સર્વ બ્રહ્મચારીઓને અને અમને ગુરુદેવ સંબંધી કંઇક વાર્તા સંભળાવો."

નાગમહાશય: "એ આપ શું કહો છો ? હું આપને સંભળાવું? હું તો માત્ર આપને જોવા-દર્શન કરવા આવ્યો છું. ગુરુદેવની લીલામાં જેઓ હનુમાનરૂપે સહાયક છે, તેમનાં (વિવેકાનંદ સ્વામીજીનાં) દર્શન કરવા હું તો આવ્યો છું. હવેજ ગુરુદેવની લીલાની વાતો લોકો સમજી શકશે. જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!"

સ્વામીજી: " શ્રીરામકૃષ્ણદેવને તો આપજ યથાર્થ રીતે સમજી શકયા છો. અમે તો ખાલી માથું પકવીએ છીએ એટલુંજ. "

નાગમહાશય: " નહિ, નહિ, છી! એ આપ શું બોલ્યા? જેને આંખો છે, તે તો સ્પષ્ટ રીતે જોઇ શકે છે કે આપ તો ગુરુદેવની છાયા સમાનજ છો."

સ્વામીજી: " આ મઠ-ફઠની સ્થાપના કરી તે ઠીક કર્યું ને?"

નાગમહાશય: "મારા જેવો ક્ષુદ્ર મનુષ્ય તેમાં શું સમજી શકે? આપ જે કાંઇ કરશો તેનાથી જગતનું કલ્યાણજ થશે. એમાં કોઈ જાતનો શક નથી. આપનાથી જગતનું મંગળજ થવું જોઇએ."

અનેક શિષ્યો નાગમહાશયની ચરણરજ લેવા લાગ્યા. નાગમહાશય ગાભરા જેવા બની ગયા અને આમતેમ નાસવા લાગ્યા! તેથી સ્વામીજીએ સર્વને કહ્યું કે, "એમને કષ્ટ થાય તેવું કામ રહેવા દો." શિષ્યો સર્વ ચુપાચુપ બેસી રહ્યા.

સ્વામીજી: "આપ આ મઠમાંજ આવીને રહો તો? આપનાં દર્શનથી મઠના વિદ્યાર્થીઓને ઘણુંજ શીખવાનું મળશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશય: "ગુરુદેવને મેં એકવાર એ વિષે પૂછ્યું હતું. તેમણે માત્ર એટલીજ આજ્ઞા કરી કે, 'ઘરમાંજ રહે.' તેથી ઘરમાં પગ બાંધીને રહ્યો છું. પ્રસંગોપાત્ત આપનાં દર્શન કરીને કૃતાર્થ થઉં છું."

સ્વામીજી: "એક વખત આપના દેશમાં આવવાનો મારો વિચાર છે." એ સાંભળી નાગમહાશય આનંદથી ઘેલા જેવા બની ગયા અને કહ્યું કે, "વાહ! વાહ! એવો અપૂર્વ દિવસ ક્યારે આવશે? સમસ્ત દેશ કાશી સમાન પવિત્ર–તીર્થરૂપ બની જશે! આપની ચરણરજ અમારા દેશમાં પડે એવાં અમારાં ભાગ્ય ક્યાંથી હોય?"

સ્વામીજી: "મારી તો ઇચ્છા છે, પણ માતાજી (દેવી કાલી-માતા)ની કૃપા થાય ત્યારે ખરી."

નાગમહાશય: "આપને કોણ ઓળખી શકે એમ છે? આપના યથાર્થ સ્વરૂપને કોણ જાણી શકે? દિવ્ય દૃષ્ટિ ઊઘડે નહિ ત્યાં સુધી આપને સંપૂર્ણ રીતે કોઇ ઓળખી શકે નહિ. એક માત્ર ગુરુદેવજ આપને ઓળખી શક્યા હતા. બીજાઓ તો તેમની વાતમાં વિશ્વાસ રાખી માની લેતા હતા એટલુંજ. કોની શક્તિ છે કે આપને ઓળખી શકે?"

સ્વામીજી: "મારી એવી ઇચ્છા છે કે સમસ્ત દેશને એક વખત જાગૃત કરવો. મહાવીર (હનુમાન) ને અત્યારે પોતાની શક્તિની ખબર નથી તેથી જડવત્ ઊંઘમાં ઘોરે છે. તેને જગાડવા માટે મેં કમર કસી છે. સહજ પણ સનાતન ધર્મભાવ હરકોઇ પ્રકારે જાગૃત કરી શકીશ તો સમજીશ કે ગુરુદેવનો ને મારો અવતાર છેક નિષ્ફળ નથી ગયો. દેશને જાગૃત કરી–પ્રબુદ્ધ કરી કૃતાર્થ થવું એજ ઇચ્છા અત્યારે તો બળવાનપણે મારા ચિત્તમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવર્તે છે. મુક્તિ તેની પાસે સરખામણીમાં તુચ્છ જણાય છે. આપ આશીર્વાદ આપો કે મારો ઉદ્દેશ સફળ થાય."

નાગમહાશય: "ગુરુદેવનો આશીર્વાદ છે. આપની ઇચ્છાને કામ કરતી કોણ રોકી શકે તેમ છે? આપનો મનોરથ સફળજ થવો જોઈએ."

સ્વામીજી: "મારી ઇચ્છા તો કાંઈ સફળ થતી નથી. જે કાંઈ થાય છે તે ગુરુદેવની ઇચ્છા અને કૃપાને આભારી છે."

નાગમહાશય: "તેમની ઇચ્છા અને આપની ઇચ્છા એક બની ગઈ છે. આપની ઇચ્છા તે ગુરુદેવની ઇચ્છા સમજવી. જય શ્રીરામકૃષ્ણ! જય શ્રીરામકૃષ્ણ!"

સ્વામીજી: "કામ કરવા માટે શરીર ખૂબ મજબૂત જોઇએ, અહીં આ દેશમાં આવ્યા પછી શરીરજ સારું રહેતું નથી. તે દેશમાં (યુરોપ-અમેરિકામાં) શરીર બહુ સ્ફૂર્તિમાં રહેતું."

નાગમહાશય: "ગુરુદેવ કહેતા કે શરીર ધારણ કર્યું એટલે ઘરનો ટેકસ (ભાડું) આપવોજ જોઇએ. રોગ-શોક એ શરીરના ટેકસ છે. આપ તો મહોરોની બૉકસ (પેટી) છો. આપની (શરીરની) તો ખૂબ સંભાળ રાખવી જોઇએ, પણ આપને કોણ સમજી શકે કે આપની યોગ્ય સંભાળ રાખે? ગુરુદેવ એક માત્ર આપને ઓળખતા હતા. જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!"

નાગમહાશયનો ભક્તિભાવ સમજવા માટે ઉપર્યુક્ત વાર્તાલાપ બસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮ મું

ભક્ત-સમાગમ

નાગમહાશયનો કોઇ મંત્રશિષ્ય હોય એવું મારા જાણવામાં નથી. શાસ્ત્રવિધિનું તેઓ કદી ઉલ્લંઘન કરતા નહિ. કોઇને તેમ કરતાં જોતાં તો પણ દુઃખિત થતા. શૂદ્રને મંત્ર આપવાનો અધિકાર નથી એવું શાસ્ત્રમાં કહ્યું છે તેથી તે કોઇને મંત્ર આપતા નહિ. તેમની કૃપાથી અનેક મનુષ્યોમાં જાગૃતિ આવી છે, અનેક અધર્મી જીવોમાં પરિવર્તન થયું છે પણ તેમણે કદી ગુરુપદ લીધું નથી. કોઈ તેમને ગુરુ શબ્દથી સંબોધન કરતું તો તેના આગળ દીન-ભાવથી કહેતા કે, "મને શા માટે ગુરુ કહો છો? હું શૂદ્ર! તમેજ મને પવિત્ર કરવા અત્રે આવ્યા છો. તમારાં દર્શન થયાં એ તો હું ભગવાનની કૃપાજ માનું છું!"

નાગમહાશયના એક ભકતે પોતાને મંત્ર આપવા તેમને બહુ આગ્રહ કર્યો. તેમણે કહ્યું: "તમે બ્રાહ્મણ અને વળી સુશિક્ષિત છો. તમે મનમાં મંત્ર લેવાનો કદી વિચાર કરશો નહિ. સમાજ-મર્યાદા અને શાસ્ત્રનિયમનું ઉલ્લંઘન કરવાથીજ ભારતભૂમિમાં અધર્મનો સંચાર થયો છે. મને ગૃહાસ્થાશ્રમમાં રહેવા ગુરુદેવે આજ્ઞા કરી છે. હું તો ગૃહાસ્થાશ્રમના નિયમથી લેશ પણ વિરુદ્ધ નહિ ચાલું." એ સાંભળી ભક્તને ખેદ થયો. તેનું વિષાદપૂર્ણ વદન જોઈ તેમણે આશીર્વાદરૂપે કહ્યું: "તું શાંતિ રાખ, સાક્ષાત્ સદાશિવ તારા મંત્રદાતા ગુરુ થશે." કેટલાક દિવસ પછી નાગ-મહાશયે જાણ્યું કે ઉપર્યુક્ત ભકતે સ્વામી વિવેકાનંદ પાસેથી મંત્રદીક્ષા લીધી છે. એ ખબર જાણી નાગમહાશય બહુ ખુશી થયા અને કહ્યું: "મને મંત્ર આપવાનો અધિકાર નથી. ગુરુદેવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી ભક્તોજ જગતને મંત્રદીક્ષા આપવા સમર્થ છે. એમની પાસે દીક્ષા લેશે તેમને જરૂર લાભ થશે."

નાગમહાશયનો કોઈ મંત્રશિષ્ય નથી તો પણ તેમના ભક્તો ઘણા છે. ગિરીશ કહે છે કે, "નાગમહાશય તેમના ભક્તો ઉપર સ્નેહમયી માતાના જેટલો સ્નેહ રાખતા. નાગમહાશય પોતાના ભક્તોની બહુ સંભાળ રાખતા. એક વેળા તેમનો એક ભક્ત તેમને મળવા માટે ઢાકાથી નીકળ્યો. ઢાકાથી રેલવેમાર્ગે નારાયણગંજ આવ્યો ત્યારે સંધ્યાકાળ થઈ ગયો. ઋતુ વરસાદની હતી એટલે સર્વત્ર પાણી પાણી હતું. રાત્રિ અંધારી, આકાશ મેઘાચ્છાદિત અને વરસાદ પણ પડતો હતો. નારાયણગંજથી દેવભોગ જવાનો રસ્તો પણ ન હતો. વરસાદમાં તો હોડીમાર્ગેજ ત્યાં જવાનું હતું. નારાયણગંજમાં લક્ષ્મીનારાયણના મંદિર આગળ આવી જોયું તો ત્યાં હોડી પણ ન હતી. ભક્ત પ્રથમ તો ગભરાયો પણ તેણે ગમે તેમ કરી દેવભોગ જવાનો નિશ્ચય કર્યો. નાગમહાશયનું સ્મરણ કરી તે પાણીમાં કૂદી પડ્યો અને તરતો તરતો રાત્રે સાડાનવ વાગે નાગમહાશયના ઘર પાસે આવી પહોંચ્યો. માણસના હાથનો અવાજ થતાંજ નાગમહાશય બહાર આવ્યા અને તેને જોઇ બોલી ઊઠયાઃ "અરે ! આ શું કર્યું ? તને ખબર નથી કે આ વખતે પાણીમાં અસંખ્ય સાપ હોય છે ? વરસાદમાં આવવાનું શું પ્રયોજન ?" ભક્ત તો નીચે મસ્તકે તેમની પાછળ પાછળ ઘરમાં ગયો.

ઘરમાં જતાંજ માતુશ્રીએ (તેમનાં પત્નીએ) તેને એક સૂકું વસ્ત્ર આપ્યું અને જરા ઠપકો પણ દીધો. માતુશ્રીનો ઠપકો સાંભળી ભકતે કહ્યુંઃ "એમનાં દર્શન કરવાની મને ઉત્કટ ઇચ્છા થઈ હતી. અહીં આવ્યા વિના મન શાંત થાય તેમ ન હતું !" ભક્ત દર શનિવારે કોલેજમાં રજા પડતી એટલે દેવભોગ આવતો. ભક્તને માટે રસોઇની તૈયારી કરવા માંડી પણ ઘરમાં એક પણ સૂકું લાકડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતું. નાગમહાશયે તુરતજ પોતાના છાપરામાંથી બેચાર વળીઓ કાઢી. ભક્તે બહુ ના કહી પણ તેમણે માન્યું નહિ. માતુશ્રીએ તેમને વળીઓ કાઢવા ના કહી ત્યારે તેમણે કહ્યું: "જે આપણે માટે પ્રાણની દરકાર કરતો નથી અને આટલી રાત્રે સાપનો ભય રાખ્યા વગર જળમાં તરીને આવ્યો, તેને માટે આપણે આટલી ઘરની વળીઓને પણ ત્યાગ ન કરીએ? એવા જિજ્ઞાસુને માટે તો પ્રાણ આપીએ તોજ આપણું જીવન સાર્થક થાય!" ભગિની નિવેદિતાના "માસ્ટર એઝ આઇ સો હિમ" નામના પુસ્તકમાં આ વિષયનું ઠીક વર્ણન કર્યું છે. ભક્ત કહે છે કે, "નાગમહાશયની કૃપાને લીધેજ હું તે દિવસે બચવા પામ્યો એમાં જરા પણ સંદેહ નથી."

વળી એક વખત એજ ભક્તને નાગમહાશયે આત્મહત્યાનું મહાપાપ કરતાં બચાવ્યો હતો. એ ભક્ત તે વેળા કલકત્તામાં વિદ્યાસાગરની કૉલેજમાં બી. એ. નો અભ્યાસ કરતો હતો. ભક્ત કહે છે કે, "એક વખત હું રાત્રે છાત્રવાસની અગાશીમાં ફરતો હતો. રાત અજવાળી હતી. જગત શાંત હતું. માત્ર મારા હૃદયમાંજ અશાંતિ હતી. નાગમહાશયનો પ્રેમ અને દેવભોગની સ્મૃતિ મારા હૃદયમાં જાગૃત થઈ. તે વખતે શ્રીરામકૃષ્ણ પરમહંસના અન્ય ભક્તો સાથે મારો પરિચય પણ ન હતો કે તેમની પાસે જઈ નાગમહાશયની વાત કરી મારો વિરહાગ્નિ શાંત કરું. નાગમહાશય દર વર્ષે પૂજાસામગ્રી ખરીદવા કલકત્તે આવતા; પણ ત્યાં સુધી રાહ જોવાની ધીરજ મને ન રહી. મને એજ વિચાર આવતા કે, 'હાય! આવા મહાપુરુષનો સંગ છોડી હું શા માટે અહીં આવ્યો? હવે આ જીવન ધારણ કરવાની શી જરૂર છે?' વિચાર કરતાં કરતાં અગાશીમાંથી ભૂસકો મારી આત્મહત્યા કરવાનું મેં નક્કી કર્યું. ભૂસકો મારવાની તૈયારી કરું છું એટલામાં "કાલે નાગમહાશય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં આવશે" એવો મેં એક ગેબી અવાજ સાંભળ્યો. કોણ બોલ્યું તે હું કહી શકતો નથી. હું કંપી ઊઠયો. મારા અયોગ્ય કર્મનું મને ભાન થયું. તુરતજ હું નીચે દોડી ગયો અને મારી ઓરડીમાં જઇ સૂઈ ગયો. બીજે દિવસે સવારમાં ઊઠી મોં ધોતો હતો તે વેળા કોઈ માણસ મારું નામ પૂછતો પૂછતો અમારી બોર્ડિંગમાં આવ્યો. અવાજ થતાં મેં એકદમ બારણાં ઉઘાડી જોયું તો નાગ-મહાશય પોતે હાથમાં એક કાપડની પોટલી લઈ ઊભા હતા. હું તેમને જોઇ ગભરાયો. તેમને મારી ઓરડીમાં લઇ ગયો. થોડી વાર પછી નાગમહાશયે કહ્યું: "કાલે શું કરતો હતો? એવો વિચાર કદી કરીશ નહિ. હવે તને શી બીક છે? ભગવાન સિવાય બીજાનાં દર્શન કરવાની ઇચ્છા શા માટે કરે છે? શાંતિથી સાધનમાર્ગમાં ચાલ્યો જા અને હમણાં તારા અભ્યાસમાં પણ ચિત્ત રાખ. તું શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના રાજ્યમાં આવ્યો છે. હવે તારે શી ફિકર છે? બિલકુલ ગભરાતો નહિ. તને જરૂર શાંતિ થશેજ." પછી મને તેમની સાથે બેલુરના મઠમાં લઇ ગયા અને શ્રીરામકૃષ્ણના સંન્યાસી ભક્તોનો પરિચય કરાવ્યો. હું પણ શનિવારે ત્યાં જતો અને રવિવારે મઠમાં સંન્યાસીઓ સાથે આનંદ કરતો."

નાગમહાશય પાસે વારંવાર જે ભક્તો જતા તેમને તે કહેતા કે, "મારા શરીર કરતાં પણ તમે મને વધારે પ્રિય છો. આ જીવન દ્વારા તમારું ભલું થતું હોય તો તમે એમાંથી જોઇતી સામગ્રી ગ્રહણ કરો. આ શરીરને પણ તમારી સેવામાં લેજો."

નાગમહાશયને કયા ભક્તો બહુ પ્રિય હતા તે કહી શકાય નહિ. વળી આ લેખકને તેમના બધા ભક્તો સાથે પરિચય નથી અને કેટલાકનાં નામ પણ તે જાણતો નથી. નાગમહાશયના ભક્તમંડળમાં માતુશ્રીને (તેમનાં પત્નીને) પ્રથમ સ્થાન આપવું પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગમહાશયને ઘેર જે ભકતોએ રાત્રિ ગાળી છે તેઓ જાણે છે કે, માતુશ્રી હંમેશાં સૂર્યોદય પહેલાં ઊઠતાં અને ગૃહકાર્ય જલદી પરવારી જતાં. ગૃહકાર્યથી પરવારી સ્નાન કરી તે પૂજામાં બેસતાં, પછી રાંધતાં અને પ્રથમ અતિથિઅભ્યાગતને જમાડતાં, પછી નાગમહાશયને જમાડી પોતે જે કાંઇ શેષ રહ્યું હોય તે જમતાં.

ઘરનું બધું કામ માતુશ્રી પોતે જાતેજ કરતાં. પોતાનાં ભગિની હરકામિનીને પણ ઘરકામ કરવા દેતાં નહિ. નાગમહાશયના બધા ભકતો કહે છે કે, માતુશ્રીની સેવાપરાયણતા, કાર્યકુશળતા અને સહનશીલતા અન્ય સ્ત્રીઓને દાખલો લેવા જેવી છે. માતુશ્રી તેમના ભકતો પર પોતાનાં સંતાન જેટલો પ્રેમ રાખતાં. નાગમહાશયના સમાધિસ્થાનનાં દર્શન કરવા હજી પણ હજારો લોકો ત્યાં જાય છે અને તેમના ત્યાગનું સ્મરણ કરી પવિત્ર થાય છે.

પતિ સિવાય માતુશ્રી બીજા કોઇ ને ઇષ્ટ માનતાં નહિ અને હજી પણ તેમજ છે. નાગમહાશયની છબિનું પૂજન કર્યા વિના તે જળપાન પણ કરતાં નહિ. એક વખત નવરાત્રિની આઠમે માતુશ્રીને નાગમહાશયની ચરણપૂજા કરી ચરણામૃત લેવાનું મન થયું. નાગમહાશયે કહ્યું: “ભગવાનની–મા જગદંબાની–ભક્તભવતારિણી માનું પૂજન કરો, તે તમારું કલ્યાણ કરવાને સમર્થ છે.” તે દિવસે તો કાંઈ બની શક્યું નહિ, પણ એક દિવસ તેઓ ઘરમાં કાંઇ વિચારમાં ઊભા હતા. લાગ જોઈ માતુશ્રીએ તેમના ચરણ ધોઇ જળપાન કર્યું અને ચંદનપુષ્પવડે ચરણપૂજન કર્યું. નાગમહાશયે કહ્યું “મા તમારું કલ્યાણ કરો. તમને નિરંતર માનુંજ સ્મરણ રહેજો.” માતુશ્રીએ એક નાનું સુવર્ણનું લોકેટ બનાવી તેમાં પતિના ચરણ ઉપરથી ઊતરેલું નિર્માલ્ય પુષ્પ રાખ્યું છે. હજી પણ માતુશ્રી અલંકારમાં પોતાની કોટમાં આટલું પહેરે છે.

હરપ્રસન્ન જ્યારે પ્રથમ નાગમહાશય પાસે ગયા, ત્યારે માતુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીને જોઇ તેમના મનમાં થયું કે, સાધુને વળી સ્ત્રી શું કરવા જોઇએ? તેમનો મનોભાવ સમજી જઈ નાગમહાશયે કહ્યું: "એમાં શો દોષ છે? જનકરાજાની માફક છે!" પાછળથી માતુશ્રીનાં દયા, સ્નેહ ત્યાગ અને સહનશીલતા આદિ ગુણ જોઈ હરપ્રસન્નબાબુને એમજ થયું કે, "સાક્ષાત્ તપસ્યા દેવીએજ મનુષ્યરૂપે અવતાર લીધો છે."

નાગમહાશયનાં દર્શન કરવા કેટલાક ભક્તો નિયમિતપણે દર શનિવારે એમને ત્યાં આવતા. એ ભક્તોની માતુશ્રી પણ બહુ સેવા કરતાં તેમને મિષ્ટ પદાર્થો બનાવતાં બ્રાહ્મણ ભક્તોને સ્વહસ્તે રાંધવું પડતું. નાગમહાશય બ્રાહ્મણ તરફ બહુ સદ્‌ભાવ રાખતા. નાગમહાશયને ત્યાં જનારને એમ નહિ લાગતું કે તે સાધુના આશ્રમે આવ્યા છે! નાગમહાશય સમાધિસ્થ થયા પછી સ્વામી વિવેકાનંદ તેમની જન્મભૂમિનાં દર્શન કરવા આવ્યા હતા. ત્યાં ફક્ત એકજ દિવસ રહ્યા. જતી વેળા માતુશ્રીએ એમને એક વસ્ત્ર આપ્યું. સ્વામીજીએ પણ તેનો સ્વીકાર કર્યો અને વસ્ત્ર માથે બાંધી ઢાકા તરફ ચાલવા માંડ્યું. પૂર્વબંગાળમાં ધર્મપ્રચાર કરવા આવતાં પહેલાં સ્વામીજીએ એક ભક્તને કહ્યું હતું કે, "તે દેશમાં જઈ ભાષણ કરવાની ઈચ્છા નથી ત્યાં ભાષણની જરૂર પણ નથી. જે દેશ નાગમહાશયના પાદસ્પર્શથી કૃતાર્થ થયો છે ત્યાં જઈ હું શું કરવાનો હતો?" ભકતે કહ્યું: "નાગમહાશય તો ગુપ્ત યોગી હતા. તેમણે કદી સાધારણ જનસમાજને ઉપદેશ આપ્યો નથી." સ્વામીજીએ કહ્યું "મુખથી ઉપદેશ નથી આપ્યો તેમાં શું થયું? ચારિત્ર દ્વારા બહુજ સારો ઉપદેશ આપી શકાય છે. નાગમહાશય જેવા મહાપુરુષના વિચારબળથી આખા દેશનું વિચાર વાતાવરણ બદલાઇ જાય છે."

નાગમહાશયની નાની સાળી શ્રીમતી હરકામિની તેમની બહુ ભક્તિ કરતી. હરકામિની ભક્તિભાવવાળી અને બહુ સરળ હૃદયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. હરકામિની જીવનપર્યંત સ્વામી સાથે પિતૃગૃહેજ રહી છે. નાગમહાશય તેને પોતાની પુત્રી જેવી ગણતા અને કોઈ કોઈ વેળા તો તેને મળવા પોતાને સાસરે જતા.

હરકામિનીને ત્યાં સન્તીપૂજા થતી. પણ નાગમહાશય જતા ત્યારે પૂજાનું કાર્ય શરૂ થતું. પુરોહિતને નાગમહાશયની રાહ જોવી પડતી. હરકામિની એમજ માનતી કે, નાગમહાશય આવશે એટલે મૂર્તિમાં દેવીનો અવિર્ભાવ થશે.

હરકામિની સંસારકાર્યમાં ઉદાસીન હતી. સુખદુઃખમાં અથવા રોગી અવસ્થામાં પણ તે ધૈર્યવાન રહેતી. નાગમહાશયના ભક્તોને તે પોતાનાં કુટુંબી સમાન ગણતી.

નાગમહાશય પોતાની સાસુના ભક્તિભાવની બહુ પ્રશંસા કરતા. એક વાર એ વૃદ્ધ ડોશી કલકત્તે આવ્યાં હતાં અને જમાઈને ત્યાંજ ઊતર્યાં હતાં. તે દરરોજ ગંગાસ્નાન કરવા જતાં અને ત્યાં માટીનું શિવલિંગ બનાવી તેની પૂજા કરતાં. એક દિવસ પૂજા કરતાં કરતાં શિવલિંગનો અગ્રભાગ તૂટી ગયો. વૃદ્ધ ડોશી તો ગભરાઇ ગયાં. શિવલિંગ ખંડિત થાય એ તો અશુભ ચિહ્ન છે એવું સાંભળેલું, તેથી ડોશી તો ગંગાકિનારે બેસી રડવા લાગ્યાં. સંધ્યાકાળ થયો પણ ડોશી તો ઘેર આવ્યાં નહિ. નાગમહાશય તેમને શોધવા ગયા ત્યારે ડોશી તો ગંગાના ઘાટ પર એકલાં બેસી રડતાં હતાં. સાસુએ જમાઈને પોતાના દુઃખનું કારણ કહી દીધું. નાગમહાશયે તેમને કહ્યું: “ તમારા કુટુંબમાં હમણાં કાંઈ અશુભ થવાનું નથી. ” ડોશીને નાગમહાશયના વચનમાં પૂર્ણ શ્રદ્ધા હતી. નાગમહાશય ડોશીને તેડી ઘેર લાવ્યા. ડોશીએ તે દિવસે જળ-પાન પણ ન કર્યું. ડોશીને તે રાત્રે સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેમને વૃષભવાહન પર સદાશિવનાં દર્શન થયાં. સદાશિવે કહ્યું: “ હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારે પૂજા કરવાની જરૂર નથી. હું તને પ્રસન્ન થયો છું." ડોશીની આંખ ઊઘડી ગઈ. પછી આખી રાત જાગી શંકરનામના જપ કર્યા. બીજે દિવસે ઊઠી તુરતજ તેણે જમાઇને સ્વપ્નવૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારથી ડોશીએ શિવપૂજા છોડી દીધી. કોઇ પૂજા સંબંધી પૂછતું તો કહેતાં કે, "મારો જમાઇ સાક્ષાત્ શિવ જેવોજ છે, હવે બીજા શિવની પૂજા કરવાનું શું પ્રયોજન?" વૃદ્ધ ડોશી નાગમહાશયને ગુપ્ત રીતે નમસ્કાર કરતાં. ડોશીની ઉંમર તે વખતે નેવું વર્ષની હતી. હમણાં તો ડોશી જપધ્યાન કરી જીવન કૃતાર્થ કરે છે.

હું એક વેળા સન્તીપૂજનમાં નાગમહાશય સાથે એમને સાસરે ગયો હતો. તે વખતે એમનાં સાસુની માતા પણ જીવતાં હતાં. મેં તેમને ગીતાનો પાઠ વ્યાખ્યાસહિત સંભળાવ્યો હતો. વિવાહ થયા પછી નાગમહાશય કોઇ કોઇવાર સાસરે જમવા જતા પણ શ્રીરામકૃષ્ણનું શરણ લીધા પછી નાગમહાશય સાસરાનું પાણી સરખું પણ પીતા. નહિ એમનાં સાસુ કોઇ કોઈ વેળા એ બાબતસર તેમના પર આક્ષેપ પણ કરતાં.

નાગમહાશયનું નામ સાંભળતાં ડોશી હજી પણ કહે છે કે, "મારો શિવ જમાઈ જતો રહ્યો અને હું અભાગિની હજી જીવું છું. મારું આયુષ્ય તેમને મળ્યું હોત તો લોકોનું બહુ કલ્યાણ થાત."

નાગમહાશયના પિતાના દિવસપાણીમાં, માતુશ્રીને જે ડોશીએ પૈસા આપ્યા હતા, તે પણ એમની ભક્ત હતી. એ ડોશી જ્ઞાતે બ્રાહ્મણ હતી. તેને પુત્ર સંતાન કાંઈ પણ ન હતું. નાગમહાશય અને માતુશ્રી પર તે બહુ પ્રેમ રાખતી. નાગમહાશયને "દુર્ગાચરણ" અને માતુશ્રીને "વહુ" કહી બોલાવતી. તે ડોશીને લોકો કંજૂસ કહેતા. તેની પાસે પૈસા પણ હતા. નાગમહાશયને પૈસા આપવાની તેને બહુ ઇચ્છા હતી પણ નાગમહાશયે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા કદી પૂર્ણ કરી નહિ. માતુશ્રીને અત્યંત મહેનત કરતાં જોઇ ડોશી ક્રોધથી કહેતાં: "મારી વહુ વૈતરાં કરીને મરી જવાની છે." ડોશી નાગમહાશયને મહાત્મા જાણતી અને તેમની ભક્તિ કરતી.

શ્રીયુત હરપ્રસન્નબાબુની સ્ત્રી વધુ ઠાકુરાણી નાગમહાશયની પરમ ભક્ત હતી. પહેલા પ્રકરણમાં તેના પત્રનો ઉલ્લેખ કર્યો છે. આ સ્ત્રી સંબંધે સ્વામી શ્રીવિવેકાનંદ કહે છે કે, "તે દેશમાં (પૂર્વબંગાળમાં) મેં એક ઉત્તમ સ્ત્રી જોઇ છે. તે વિદ્વાન અને વળી ભક્તિયુક્ત છે." નાગમહાશય તેને "મા" કહી બોલાવતા અને નાના બાળકની પેઠે એના હાથમાંથી ખાવાનું ખાતા.

એક વખત નાગમહાશય પાલબાબુને ત્યાં ભોજેશ્વર ગયા હતા, ત્યાંથી વધૂ ઠાકુરાણીનાં દર્શન કરવાની ઇચ્છા થવાથી નાગમહાશય હરપ્રસન્નને ત્યાં ગયા. વધુ ઠાકુરાણી પતિના ગુરુ નાગમહાશયને ઓળખતાં ન હતાં. તે ફક્ત એટલુંજ જાણતાં કે તેનો પતિ કોઇ સાધુને ત્યાં આવજા કરે છે. નાગમહાશયને જોતાં તેમને એમજ થયું કે આ સાધુને ત્યાંજ મારા પતિ જતા હશે. તેમણે તુરતજ ભોજન તૈયાર કર્યું. નાગમહાશયે જરા પણ આનકાની વિના ત્યાં ભોજન કર્યું. વધૂ ઠાકુરાણીનાં ફાટેલાં વસ્ત્ર જોઈ નાગમહાશય બજારમાંથી બે વસ્ત્ર લઇ આવ્યાં અને વસ્ત્ર તેમને આપી પાછા ફર્યા. હરપ્રસન્નબાબુ કહે છે કે, "અમારાં સદ્ભાગ્યને લીધેજ તે અમારે ત્યાં આવ્યા હશે. તેમણે અમારા કલ્યાણને માટે નરજન્મ ધારણ કર્યો હતો. તેમની કૃપા વડેજ અમે અભય થઈ ધર્મમાર્ગમાં આગળ વધીએ છીએ."

લેખકની જન્મભૂમિ ભોજેશ્વરથી દોઢ ગાઉ દૂર છે. નાગમહાશય ભોજેશ્વર આવ્યા તે વખતે હું ઘેરજ હતો. નાગમહાશયના આગમનની વાત સાંભળી હું પણ તેમનાં દર્શન કરવા ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને જોઈ નાગમહાશયે કહ્યું: "શું કરું? એ (પાલબાબુ) અમારા અન્નદાતા છે; એમણે બોલાવ્યો એટલે આવવું પડ્યું." હું તેમને મારે ઘેર લઇ ગયો. મારે ત્યાં કાત્યાયની દેવીની પૂજા જોઇ તેમને બહુ આનંદ થયો. મારે ઘેર પણ એમણે મારી સ્ત્રીનું રાંધેલું અન્ન ખાધું. બીજે દિવસે અમે ભોજેશ્વર પાછા ફરતા હતા. રસ્તામાં એક "તર્કરત્ન"ની ઉપાધિવાળા મહાપંડિત ધર્મ-ધુરંધર ભદ્રંભદ્ર મળ્યા! તેમણે મને કહ્યું: "આ ગાંડા સાથે તું ક્યાં જાય છે?" મેં કહ્યું: "એ ગાંડા તો છે, પણ આપણે કામિનીકાંચનના મોહમાં ગાંડા થયા છીએ અને એ ઈશ્વર-પ્રેમમાં તલ્લીન થવાથી ગાંડા થયા છે." પંડિતજી કાંઇપણ ઉત્તર આપ્યા સિવાય ચાલતા થયા.

વધૂ ઠાકુરાણી કોઈ કોઇ વેળા દેવભોગ આવીને રહેતાં. કોઈ કોઈ વખત નાગમહાશય એમને નારાયણગંજ સુધી મૂકવા જતા હતા. એક વખત નારાયણગંજના લક્ષ્મીનારાયણના મંદિર પાસે તેમને એક વૃદ્ધ વૈષ્ણવી મળી. વૈષ્ણવી નાગમહાશયને ઓળખતી હતી. વધૂ ઠાકુરાણી તરફ આંગળી કરી વૈષ્ણવીએ પૂછ્યું: "આ કોણ છે?" નાગમહાશયે કહ્યું: "મારી માતા." વૈષ્ણવીને ખબર હતી કે નાગમહાશય માતૃહીન છે. તેણે ફરીથી પૂછ્યું: "તારી માતા તો ઘણો વખત થયાં મરી ગઇ છે. બીજી માતા ક્યાંથી આવી?" નાગમહાશયે કહ્યું: "હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે એ મારી માતાજ છે." વૈષ્ણવી નાગમહાશયનાં કહેવાનો ભાવાર્થ સમજી ગઇ. તેણે કહ્યું: "તારા આવા ભાવને લીધેજ દેશવિદેશમાં લોકો તારું નામ લઇ પવિત્ર થાય છે. જીવતો રહે અને જીવોનું કલ્યાણ કર."

વધૂ ઠાકુરાણી જેવી સ્ત્રીઓ ભારતવર્ષમાં બહુ થોડીજ હશે. મને તેમની સાથે પ્રથમ પરિચય દેવભોગમાં થયો. સાંભળ્યું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તે બહુ સારું ગાન કરે છે. મેં તેમને એકાદ પદ ગાવા વિજ્ઞપ્તિ કરી. તેમણે જરા પણ શરમાયા વિના "મન શાને છોડયું માનું શરણુ ?" એ ભજન ગાયું. સુંદર કંઠ અને વળી તન્મયભાવ એટલે ગાનમાં કોઇ અલૌકિક મઝા પડી. હું પણ એકાગ્ર થઇ ગયો. નાગમહાશય બોલી ઊઠયા: "માના ગુણ મા પોતેજ ગાય છે." "તુંહી સો નાચે તુંહી નચાવે તુંહીજ તાળી બજાવે–મા !"

નાગમહાશય વધૂ ઠાકુરાણીને વિદ્યામાયા કહેતા. વધૂ ઠાકુરાણીના પતિપુત્ર પણ નાગમહાશયના પરમ ભક્ત હતા.

નાગમહાશયની માતા ત્રિપુરાસુંદરીને એક મોટી બહેન હતી, તેનું નામ માધવી ઠાકુરાણી. નાગમહાશય તેને "મા" કહી બોલાવતા. માધવી ઠાકુરાણી ઢાકા પાસે કોઇ ગામડામાં રહેતાં. પૂર્વ બંગાળમાં હજી પણ એમનું નામ સંભળાય છે.

સુરેશ કહે છે કે, "માધવી ઠાકુરાણી એકવાર કલકત્તે આવ્યાં હતાં અને નાગમહાશયને ત્યાં ત્રણચાર દિવસ રહ્યાં હતાં. તે વખતે તેઓ દૂધ, અન્ન ફળ ને પર રહેતાં. આખું જીવન તે બ્રહ્મચારિણી રહ્યાં હતાં. તેમણે પોતાની જિંદગી સાધન, ભજન અને અતિથિસેવા કરવામાં ગાળી છે." નાગમહાશય કહેતા કે, "તેમણે માધવી ઠાકુરાણી જેવી ધર્મમાર્ગમાં ઉન્નત થયેલી સ્ત્રી કદી જોઇ નથી." નાગમહશય કોઇ કોઇ વેળા તેમનાં દર્શન કરવા જતા અને માધવી ઠાકુરાણી પણ દેવભોગ આવતાં. શ્રીયુત હરપ્રસન્ન મજમુદારે માધવી ઠાકુરાણીનું વિસ્તૃત જીવનચરિત "ઉદ્બોધન" માસિકમાં પ્રગટ કર્યું છે.

દેવભોગ પાસે આવેલા કાશીપુર ગામમાં એક મુસલમાન રહેતો હતો. નાગમહાશય પર તેને બહુ શ્રદ્ધા હતી. નાગમહાશય કહેતા કે, "મુસલમાન થયો તેમાં શું ? તેના જેવો સાત્ત્વિકભાવ અનેક બ્રાહ્મણોમાં પણ નથી હોતો." તે મુસલમાનની ઉંમર આશરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિત્તેર વર્ષની હતી. તેને નાની વયમાંજ સ્ત્રીવિયોગ થયો હતો પણ તેણે ફરીથી લગ્ન કર્યું નહિ. તેને એક પુત્ર હતો. સંસારનો ભાર તેને સોંપી પોતે નિશ્ચિંતપણે ભગવાનનું ભજન કરતો. તે હંમેશાં નાગમહાશયનાં દર્શન કરવા આવતો પણ પોતે મુસલમાન ધર્મનો છે એવું જાણી તે કદી પણ ઘરમાં પ્રવેશ કરતો નહિ. દૂરથી નમસ્કાર કરી ઓસરીમાં બેસતો. તેમ થવાથી નાગમહાશયને પણ ઘણું દુઃખ થતું. તે પણ આ મુસલમાનને પ્રણામ કરતા અને તેની સાથે વાર્તાલાપ કરતા. ભક્ત મુસલમાન નાગમહાશયની સલાહ લીધા વિના કોઈપણ કાર્ય કરતો નહિ. નાગમહાશયની આજ્ઞાને તે "કુરાનની આજ્ઞા" બરાબર ગણતો અને નાગમહાશયને કોઇ પીર માનતો. **મુસલમાનને નાગમહાશયની સેવા કરવાનું મન થતું પણ નાગમહાશય તેને** ઉચ્ચ સ્થિતિનો ભક્ત જાણી કદી તેને સેવા કરવા દેતા નહિ.

સુરેશ એક વખત આ મુસલમાન ભક્તનાં દર્શન કરવા દેવભોગ ગયો હતો. નાગમહાશયે તેને એ મુસલમાન ભક્ત વિષે વાત કરતાં કહ્યું કે, "ભગવાનના રાજ્યમાં જાતિવર્ણનો ભેદ નથી. ભગવાનને મનથી સર્વ સરખાજ છે. જે ભગવાનને શરણે જાય છે, તે ગમે તે ભાવે સાધન કરે અને તેને ગમે તે નામ આપે. **ગમે તે રીતે તેને ખરી વ્યાકુળતાથી સાદ કરે તો જરૂર ભગવાનની કૃપા થાય.** જગતના જુદા જુદા મત-પંથ ભગવાનના રાજ્યમાં જવાના જુદા જુદા માર્ગ છે. સરલ મન અને દૃઢ ભાવથી ગમે તે ભાવ લઇ સાધન કરવાથી ભગવાનનાં દર્શન થાય છે."

નાગમહાશયની કૃપાથી ઘણા લોકોનાં જીવનમાં પરિવર્તન થઇ ગયું છે. કાલીકુમાર નામનો એક માણસ દેવભોગમાં રહેતો હતો. બાલ્યાવસ્થામાં કાલીકુમાર બહુ ગરીબ હતો. એની મા એક બ્રાહ્મણને ત્યાં નોકર હતી. એ બ્રાહ્મણના પ્રયાસથી દેવભોગના ધનાઢ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતનબાબુએ કાલીકુમારને દત્તક લીધો. જુવાનીમાં કાલીકુમાર બહુ ચંચલ મનનો હતો. પોતાના દુરાચરણને વશ થઇ તેણે બધી મિલકત ઉડાવી દીધી અને તદ્દન ભિખારી થઇ ગયો. હવે નાગ-મહાશયની પાસે આવવા લાગ્યો, તોપણ યૌવનમાં પોષેલા દુર્ગુણો એનાથી છૂટયા નહિ. નાગમહાશય તેની સામું પણ જોતા નહિ, તો પણ કાલીકુમાર આખો દિવસ નાગમહાશયના ઘરમાં બેસી રહેતો અને પોતાના અપરાધનું સ્મરણ કરતો. એક દિવસ કાલીકુમાર નાગમહાશયના ઘરમાં થાંભલા સાથે માથું કૂટવા લાગ્યો. તે જોઇ નાગમહાશયે કહ્યું: "જેનાં જેવાં કર્મ તેવાં ફળ." નાગમહાશયે હજી પણ એના સામું જોયું નહિ. કાલીકુમાર રડતો રડતો નાગ-મહાશયને પગે પડચો અને તેના પર કૃપા રાખવા પ્રાર્થના કરવા લાગ્યો.

કાલીકુમારને નાગમહાશય સાથે કાંઇક સંબંધ પણ હતો. માથું કૂટયું તે દિવસથી કાલીકુમારનું જીવન ફરી ગયું. તેણે નાગમહા-શયનું અનુકરણ કરવા માંડયું. તે પણ આખો દિવસ હાથ જોડી રાખતો. જેની દૃષ્ટિ બહુ બહુ ચંચળ હતી, તે માણસ રસ્તામાં હંમેશાં નીચું જોઇ ચાલવા લાગ્યો. નાગમહાશયના કહેવાથી કાલી-કુમારે ગળામાં તુલસીની માળા પહેરી લીધી. ધીમે ધીમે તેના દુર્ગુણ જતા રહ્યા એટલે તે વૃન્દાવન ગયો. વૃન્દાવનથી પાછો આવ્યો ત્યારે નાગમહાશયે એને બોલાવ્યો અને પ્રેમપૂર્વક તેની સાથે વાત કરવા લાગ્યા. કાલીકુમાર હજી પણ વારવાર વૃન્દાવન જાય છે અને નાગમહાશયના પવિત્ર જીવનવેદનું અનુકરણ કરી પોતાનો વખત આનંદમાં ગાળે છે.

એક સમયે સત્યગોપાલ ઠાકુર ઢાકા કીર્તન કરવા આવ્યા હતા. તેમના મુખથી નાગમહાશયની પ્રશંસા સાંભળી હું અને શ્રીયુત હરપ્રસન્નબાબુ તેમની સાથે દેવભોગ ગયા. દેવભોગ પહોં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતાં અમને સંધ્યાકાળ થઇ ગઇ. સત્યગોપાળબાબુને જોઇ "જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!" બોલતા બોલતા નાગમહાશય બહાર દોડી આવ્યા અને તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. અમને આ સમય-થીજ નાગમહાશય પર શ્રદ્ધા બેઠી તેમની દીનતા જોઇ અમે બન્ને સ્તબ્ધ થઇ ગયા. હરપ્રસન્ન ઢાકા કલેકટરની ઑફિસમાં કારકુન હતા.

હરપ્રસન્ન દર શનિવારે ઢાકાથી નાગમહાશયનાં દર્શન કરવા આવતા. વર્ષાઋતુમાં બધે પાણી પાણી થઇ રહેતું. આવા સમયે નાગમહાશય એક હોડી લઇ નારાયણગંજના લક્ષ્મીનારાયણના મંદિરે આવતા. નારાયણગંજ સુધી હરપ્રસન્ન રેલવે ટ્રેનમાં આવતા અને ત્યાંથી હોડીમાં બેસી દેવભોગ જતા. નાગમહાશય જાતે હોડી હંકારતા. હરપ્રસન્નને બહુ ખોટું લાગતું, પણ નાગમહાશય તેનું કહેવું માનતા નહિ. પછી હરપ્રસન્નબાબુએ એક છોકરો નોકર રાખ્યો. તે દર શનિવારે નારાયણગંજ આવી તેમને લઈ જતો અને સોમવારે પાછો મૂકી જતો. થોડાક વખત પછી હરપ્રસન્નબાબુની બદલી નારાયણગંજ થઈ. તે વખતે તો તે દેવભોગજ રહ્યા હતા. કેટલાક માસ પછી ફરીથી તેમની ઢાકા બદલી થઇ, તેમ છતાં ઢાકાથી પણ તે નિયમ પ્રમાણે દેવભોગ આવતા.

નાગમહાશય સમાધિસ્થ થયા તે પહેલાં બેત્રણ દિવસ અગાઉ તેમણે હરપ્રસન્નને કહ્યું હતું કે, "યાદ રાખજે! પરમહંસદેવ (શ્રીરામકૃષ્ણ) એ ભગવાનના અવતારજ છે." ભક્તમંડળમાં નાગમહાશય-ને હરપ્રસન્ન પર બહુ ભાવ હતો. તે કહેતા કે, "હરપ્રસન્ન વીર છે! એની ભક્તિ પણ બહુ પ્રબળ છે." સ્વામી બ્રહ્માનંદ પણ હરપ્રસન્નની ભક્તિ જોઈ સ્તબ્ધ થઇ ગયા. નાગમહાશયનું આદર્શ જીવન જેટલું હરપ્રસન્ન સમજી શકયા, તેટલું બીજું કોઇ સમજી શકયું નથી. હરપ્રસન્નની દીનતા, ભક્તિભાવ, પ્રેમ અને સેવાપરાયણતા જોઇ હજી પણ અમને નાગમહાશય યાદ આવે છે. હરપ્રસન્ને કેટલાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજન પણ લખ્યાં છે. ભાવાવેશમાં કોઇ કોઈ વખત તે સ્વરચિત ભજન ગાય છે. હરપ્રસન્નબાબુ હજી હયાત છે.

શ્રીયુત નટવર મુખોપાધ્યાયને નાગમહાશય સાથે તેમની જિંદગીના છેલ્લા ભાગમાં પરિચય થયો. તે દેવભોગમાં રહેતો એટલે વારંવાર નાગમહાશય પાસે આવતો. નટવર પ્રથમ જરા ઉદ્ધત હતો, પણ નાગમહાશયને તો તે ભગવાનનો અવતાર જ માનતો. નટવરબાબુએ નાગમહાશયની સમાધિ ઉપર એક મકાન બંધાવ્યું છે અને એક ભીંતમાં નાગમહાશયની ભસ્મ સાચવી રાખી છે. મકાનમાં નાગમહાશયનાં વસ્ત્ર અને બીજાં સ્મરણચિહ્ન પણ સાચવી રાખ્યાં છે. નટવર બહુ ઉત્સાહી માણસ છે. નટવર જે કાર્યને સત્ય માને છે તે કાર્ય કરવામાં અનેક વિઘ્નો આવતાં પણ તે ડરતો નથી.

નટવરે એક વખત એક નાટક લખ્યું હતું તેમાં ભગવાન નરદેહ ધારણ કરી પોતાની લીલાદ્વારા અધમ જીવોનો ઉદ્ધાર કરે છે એ વિષય ચર્ચ્યો છે. નટવરે એ નાટક દેવભોગમાં ભજવ્યું હતું. નાગમહાશય પણ એ નાટક જોવા ગયા હતા. નાટકમાં મહાત્માઓની દયાનું ચિત્ર બહુ સારું હતું.

નાગમહાશય નટવરને કંઈક શાસ્ત્ર વાંચવા કહેતા. તેની બુદ્ધિ પણ બહુ તીક્ષ્ણ છે. તે કોઇ કોઇ વખત નોકરી કરે છે. થોડા વખત નોકરી કરી છોડી દે છે અને ભગવાનના ભજનમાં લાગી જાય છે. નટવર ઘણુંખરું નોકરી નહિ કરતાં દેવભોગમાંજ રહે છે. માતુશ્રી હજી પણ તેની સલાહ વિના કાંઈ કાર્ય કરતાં નથી. નટવર સાથે માતુશ્રી વૃન્દાવન, કાશી આદિ તીર્થ પણ કરી આવ્યાં છે. નટવર હજી પણ કોઇ કોઈ વેળા કલકત્તે આવી શ્રીરામકૃષ્ણ પરમહંસના સંન્યાસી ભક્તોનાં દર્શન કરી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીયુત અન્નદા પણ નાગમહાશયનો ભક્ત છે. શ્રીરામકૃષ્ણના ભક્તસમાજમાં પણ તે સુપરિચિત છે. અન્નદા બહુ ભણેલો ન હતો પણ ઈશ્વર પર તેને બહુ પ્રેમ હતો. મુનશીગંજના કોઈ ગામડામાં તેનો જન્મ થયો હતો. અન્નદા ધાર્યું કામ પાર પાડ્યા વિના કદી મૂકતો નહિ. પરમાર્થ કરવા માટે તે સર્વસ્વ અર્પણ કરવા પણ તૈયાર થઈ જાય છે. નાગમહાશય તેની કર્મપરાયણતા, સાહસ અને સરલતાની બહુ પ્રશંસા કરતા.

હરપ્રસન્ન ઢાકા હતા ત્યારે અન્નદા કેટલોક વખત તેમને ત્યાં રહ્યો હતો. ત્યાંના ડેપ્યુટી મૅજિસ્ટ્રેટ સાથે અન્નદાને ઓળખાણ હતી. કોઈ કોઈ વાર અન્નદા તેને મળવા જતો. આ સમયે ભારતવર્ષના એક છેડાથી બીજા છેડા સુધી સ્વામી શ્રીવિવેકાનંદના વિજયદુંદુભિનો જયધ્વનિ થતો હતો. સ્વામી વિવેકાનંદ વિષે અનેક બાબતો નાગમહાશયે અન્નદાને કરી હતી. એક દિવસ અન્નદા ડેપ્યુટીને ત્યાં ગયો, ત્યાં સ્વામી વિવેકાનંદની વાત ચાલતી હતી. ડેપ્યુટી સ્વામીજીની નિંદા કરવા લાગ્યો. અન્નદાએ દૃઢ સ્વરે કહ્યું કે, "તમે ડેપ્યુટી થયા એટલે એમ ન ધારતા કે હું તમારી અયોગ્ય વાતો ચુપચાપ સાંભળીશ. જે મહાપુરુષની નાગમહાશય પ્રશંસા કરે છે; જે મહાપુરુષે પોતાના ત્યાગ અને વિદ્યાબળથી આખા અમેરિકાનું વાતાવરણ ફેરવી નાખ્યું છે અને જેણે પાશ્ચાત્ય દેશોમાં તમારી ભારતભૂમિનું ગૌરવ વધાર્યું છે તેની નિંદા કરી શા માટે પાપભાગી થાઓ છો?" ડેપ્યુટીએ અન્નદાનું બોલવું હસવામાં કાઢી નાખ્યું અને ફરીથી સ્વામીજીના જીવનપર અસત્ય કટાક્ષ કરવા લાગ્યો! અન્નદાથી તે સહન ન થયું. તે એકદમ ડેપ્યુટીની સામે આવ્યો અને દૃઢતાપૂર્વક કહ્યું કે, "સ્વામીજીની વિરુદ્ધ હવે એક શબ્દ પણ બોલશો તો હું તમારું ખૂન કરીશ." અન્નદાની ઉગ્રમૂર્તિ જોઈ ડેપ્યુટી સાહેબ ગભરાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. ભા-ભા-કરતા બોલ્યાઃ "ભાઈ, હું તો મશ્કરી કરતો હતો." અન્નદા તુરતજ તેની સાથે જરાપણ બોલ્યા વિના ચાલ્યો ગયો. હજી પણ અન્નદા ડેપ્યુટીને ત્યાં જતો નથી. ડેપ્યુટી સાહેબ જરા અહંકારી અને સંસારલુબ્ધ છે!

નાગમહાશયનો અંતિમકાળ નિકટવર્તી જોઇ અન્નદાબાબુ તેમની પ્રાણભિક્ષા માગવા શ્રીરામકૃષ્ણના ભક્તોના માતુશ્રી (શ્રીરામકૃષ્ણનાં પત્ની) પાસે ગયો. માતુશ્રી તે વખતે જયરામને ઘેર રહેતાં હતાં. તારકેશ્વરથી અન્નદા પગે ચાલીને જયરામને ઘેર ગયો. તારકેશ્વરથી પાછા આવી ગિરીશબાબુને મળવા કલકત્તે ગયો. જ્યારે અન્નદા દેવભોગ ગામમાં આવ્યો ત્યારે નાગ-મહાશય આ જગત તજી ચાલી ગયા હતા!

અન્નદાને એક નાનો ભાઈ હતો. તે અત્યંત સંસારલુબ્ધ હતો. તે બહુ આચારી અને વિદ્વાન હતો, પણ હૃદયમાં છાંટો પણ ભક્તિ ન હતી! અન્નદા નાગમહાશયને ઘણી વખત કહેતો કે, "કૃપા કરો કે મારા ભાઇની મતિ સુધરે અને ઈશ્વરચરણમાં ભક્તિમાન થાય!" નાગમહાશય મૃત્યુશય્યા પર હતા ત્યારે અન્નદાનો ભાઇ તેમની પાસે આવ્યો હતો. તેણે નાગમહાશયને ઇશોપનિષદ્ વાંચી સંભળાવ્યું હતું તે બેલુરના મઠમાં પણ ઘણી વાર જઈ શાસ્ત્રચર્ચા કરતો પણ તેની "અહંબુદ્ધિ" મરતાં સુધી ગઈ નહિ. અન્નદા કહેતો કે, "મારો ભાઇ તેની જિંદગીમાં બહુ દુઃખી થશે" અને થયું પણ તેમજ.

નાગમહાશય પછી નવ વર્ષે અન્નદાએ દેહત્યાગ કર્યો. મૃત્યુ સમયે તેણે નાગમહાશયના પરમભક્ત હરપ્રસન્નને બોલાવ્યા. હરપ્રસન્નને જોઇ તેને બહુ આનંદ થયો. તેણે કહ્યુંઃ "પ્રાણ જવાને હવે વિલંબ નથી. આશીર્વાદ આપો કે સત્વર દેહ બદલી શ્રીરામ-કૃષ્ણ ભગવાનનું કાર્ય કરવા પૃથ્વી પર પાછો આવું." અન્નદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું બોલી સ્થિર થઇ ગયા. મુખથી "શ્રીરામકૃષ્ણ, શ્રીરામકૃષ્ણ" બોલતા બોલતા સ્વધામ ચાલ્યા ગયા.

પાર્વતીચરણ અને તેમનાં પત્ની શ્રીમતી વિનોદિનીદેવી નાગમહાશયનાં પરમભક્ત હતાં. નાગમહાશય એમને "લક્ષ્મીનારાયણ" કહેતા. પતિપત્ની ધર્માનુરાગી હતાં. પાર્વતીચરણ કોઇ માણસ સાથે ધર્મસંબંધી તર્કવિતર્ક કરતા નહિ. નાગમહાશયનાં વચનને તે વેદવાકય ગણતા. પાર્વતીચરણ ઘણી વાર નિર્જનમાં જઇ જપધ્યાન કરતા. પાર્વતીચરણ હજી હયાત છે અને માતુશ્રી (નાગમહાશયનાં પત્ની) ને હજી પણ તે અન્ન વસ્ત્ર સાટે સહાય આપે છે.

નાગમહાશયના બાલમિત્ર શ્રીયુત કામિનીકુમાર દેવભોગમાં બહુજ પ્રતિષ્ઠિત માણસ છે. તે પણ નાગમહાશય પર બહુ શ્રદ્ધા રાખતા. તે કોઇ દિવસ બહુ બોલતા નહિ. તે બહુ ગંભીર છે. તેમણે એક દિવસ મને કહ્યું હતું કે, "નાગમહાશય જેવા મહાપુરુષના જન્મથી અમારું દેવભોગ તીર્થક્ષેત્ર જેવું થયું છે." કામિનીકુમાર કોઇ દિવસ નાગમહાશય પાસે આવી 'મા' સંબંધી ભજન ગાતા. એક દિવસ કામિનીકુમાર **"મા તુમિ સર્વસ્વ આમાર"** એ ભજન ગાતા હતા. સાંભળતાં સાંભળતાં નાગમહાશયને ભાવસમાધિ આવી ગઇ. જાગૃત થતાં તેમણે કહ્યું કે, "કામિની! મેં માનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. તારું ભજન સાંભળવા મા આ ખૂણામાં ઊભી હતી. આ જન્મમાંજ તારા પર માની કૃપા થશે." કામિનીએ એ વાત માતુશ્રીને કહી, માતુશ્રીએ કહ્યું કે, "ભાઇ, એ સમાધિ તો શું પણ એ જે દેવી દેવને બોલાવે તે એમની સમક્ષ હાજર થઈ એમને દર્શન દે છે. માનાં દર્શન તો એમને દરરોજ થાય છે. એમણે સ્વમુખથી મને ઘણી વાર એવું કહ્યું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવભોગનાં સર્વ માણસો નાગમહાશયની ભક્તિ કરતાં. તે દરરોજ નાગમહાશયનાં દર્શન કરવા આવતાં. કોઈનો તો એવો નિયમ હતો કે નાગમહાશયનાં દર્શન કર્યા વિના જળપાન પણ કરતા નહિ. બાબુ સત્યગોપાલ ઠાકુરના ભાઈ શ્રીયુત મહિમાચરણ અને નારુડીદત્ત એમના ખાસ ભક્ત હતા.

નાગમહાશયના પુરોહિતનો પુત્ર અશ્વિનીકુમાર ચક્રવર્તી નાગમહાશય પાસે આવતો અને કોઈ કોઈ વેળા આખી રાત એમની પાસે બેસી શાસ્ત્રચર્ચા કરતો. એને સંકીર્તન પર બહુ પ્રેમ છે.કીર્તન કરતી વેળા એ ઉન્મત્ત જેવો બની નૃત્ય કરવા મંડી-જાય છે. નાગમહાશયના સમાધિગૃહમાં રાખેલી તેમની છબિની પૂજા હજી તેજ કરે છે.

નાગમહાશયના પાડોશી ગોપાલચંદ્ર ચક્રવર્તી તેમના પ્રથમ ભક્ત હતા. ગોપાલચંદ્રને લીધેજ અનેક જિજ્ઞાસુઓને નાગમહાશય સાથે પરિચય થયો હતો. ગોપાલબાબુ ઘણી વેળા નારાયણગંજમાં કથા કરતા અને બાકીનો વખત સાધનભજનમાં ગાળતા. પહેલાં તેમણે એક સ્ત્રીગુરુ પાસેથી મંત્રદીક્ષા લીધી હતી. દીક્ષા લઈ તે મુગ્ધભાવથી ભગવાનનું ભજન કરતા. આ સાધનના બળથી તેમનામાં કોઈ અલૌકિક આકર્ષણશક્તિ આવી હતી. ભક્તસમાજમાં તે સત્યગોપાલના નામથી ઓળખાય છે. તે ગામેગામ જઈ કીર્તન કરતા. તેમના કીર્તનમાં એવી મોહિની હતી કે પાષણહૃદય પણ દ્રવી જતું. સત્યગોપાલ ત્રણ વરસ નાગમહાશય સાથે રહ્યા હતા. તેમના સંગથી સત્યગોપાલના જીવનમાં પરિવર્તન થયું અને વૈષ્ણવતંત્રનાં વામાચારી સાધન છોડી તે શુદ્ધ ભક્તિમાર્ગમાં આવ્યા. નાગમહાશયને પણ સત્યગોપાલ પર બહુ પ્રેમ હતો. કોઇ કોઇ વેળા તેમને જંગલમાં લઈ જતા અને ત્યાં તેમને સાધનક્રિયા શીખવતા. નાગમહાશય કહેતા કે, "એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સત્યગોપાલને) ખૂબ શ્રદ્ધા અને પ્રેમ છે, પણ ભોગવાસના નિર્મૂળ નથી થઈ." સત્યગોપાલ નાગમહાશયને ગુરુ માનતા, પણ નાગમહાશયને દુઃખ થવાના ભયથી કદી તેમને તેઓ 'ગુરુ' કહેતા નહિ. નાગમહાશયની કૃપાથી સત્યગોપાલ ધર્મસાધનમાં બહુ આગળ વધ્યા. હતા. ભક્તસમાજમાં તેમની બહુ પ્રતિષ્ઠા હતી. તેમણે જિંદગીનાં છેલ્લાં ત્રણ વર્ષ નારાયણગંજની પાસે એક આશ્રમ સ્થાપીને ત્યાં ભજનમાં ગાળ્યાં હતાં. સત્યગોપાલનું મૃત્યુ પિંડરોગથી થયું હતું. નાગમહાશયના કૈલાસબાબુ, જગબંધુબાબુ આદિ અનેક ભક્તો છે. તેમનો ભક્તપરિવાર બહુજ વિશાળ છે. પુસ્તકનો વિસ્તાર થઈ જવાના ભયથી થોડા ભક્તો વિષેજ વિવેચન કર્યું છે. ભક્તોના ચારિત્ર્ય પર અને વ્યવહાર પર નાગમહાશય બહુ દૃષ્ટિ રાખતા. તે ગહસ્થ ભક્તોને કહેતા કે, "વ્યવહારમાં સરળતા અને સત્યતા ન હોય તો કદી મનુષ્યની ધાર્મિક માર્ગમાં ઉન્નતિ થાય નહિ."

प्रकरण ९ मुं

મહાસમાધિ

સને ૧૮૯૯ માં નાગમહાશય પૂજાસામગ્રી લેવા કલકત્તે આવ્યા નહિ. હું પણ કામમાં રોકાયેલો હોવાથી દેવભોગ જઈ શક્યો નહિ. આશ્વિન અને કાર્તિક માસ પસાર થઇ ગયા. માર્ગશીર્ષ માસમાં મને માતુશ્રી તરફથી એક તાર શનિવારે બાર વાગ્યા પછી મળ્યો. બીજે દિવસે રવિવારે મારે "શ્રીરામકૃષ્ણ મિશન" ની સભામાં "વેદના ધર્મ" વિષે ભાષણ આપવાનું હતું. એ કામ છોડી કેવી રીતે દેવભોગ જવું એ વિચારમાં હતો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં સ્વામી અદ્દ્ભુતાનંદ મારે ત્યાં આવી પહોંચ્યા. તાર જોઇને તેમણે કહ્યું: "વેદ ઉપર ભાષણ આપવા માટે બહુ વખત મળશે, પણ નાગમહાશય દેહ ત્યજી દેશે, તો એમના જેવા મહાપુરુષનાં દર્શન કરવાનો સમય જિંદગીમાં નહિ આવે." મેં તેજ દિવસે રાત્રે દેવભોગ ઉપડવાનું નક્કી કર્યું.

શ્રીરામકૃષ્ણના ભક્ત શ્રીયુત હરમોહને મને પૈસાની મદદ આપી; તે પૈસામાંથી કેટલાંક ફળફળાદિ લઇ હું તેજ રાત્રે ગાડીમાં બેઠો. રવિવારે સંધ્યાકાળે હું દેવભોગ જઈ પહોંચ્યો.

હું ત્યાં ગયો ત્યારે નાગમહાશય ઓસરીમાં એક ફાટીતૂટી ગોદડી પર સૂતા હતા. તેમના ઘરમાં ગોદડાં તો હતાં; પણ તે તેનો ઉપયોગ કરતા નહિ. શિયાળો હતો, ટાઢ પણ ઘણી પડતી પણ નાગમહાશય ફક્ત ફાટીતૂટી ગોદડીજ પાસે રાખતા. તેમની એવી સ્થિતિ જોઈ મેં માતુશ્રી સામું જોયું. તેમણે ધીમે ધીમે કહ્યું કે, "ભાઇ! જ્યારથી એમનાથી ઊઠી શકાતું નથી ત્યારથી એ ઓસરીમાંજ પડ્યા રહે છે. ઘરમાં આવતાજ નથી. બહુ કહું છું પણ માનતા નથી. પૂજા પહેલાં એમની શૂલ–વેદના વધી પડી છે. દિવસે દિવસે રોગ વધતો જાય છે. એમના કહેવાથીજ તને તાર કર્યો હતો."

મારા આગમનના સમાચાર જાણી નાગમહાશયે કહ્યું કે, "મારી છેલ્લી વાસના પણ ભગવાને પૂર્ણ કરી." મને જોઇને તે બેઠા થઈ ગયા અને મારી આંખમાં અશ્રુ જોઈ તેમણે કહ્યું કે, "તું આવ્યો છે એટલે હવે મને સારું થશે." વળી બોલ્યા કે, "હાય! આ દેહવડે તારી સેવા પણ ન થઈ. હશે, પ્રભુની ઇચ્છા!"

નાગમહાશય કોઈ દિવસ પોતાના દુઃખની વાત કરતા નહિ. આખો દિવસ "શ્રીરામકૃષ્ણ" અને "મા" બોલ્યા કરતા. માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકજ દિવસ તેમણે કહ્યું હતું કે, "પ્રારબ્ધકર્મ ક્ષીણ થઇ ગયાં છે, હવે થોડોજ વખત બાકી છે." ભાદ્રપદ માસથી તેમનું શરીર વધારે લથડી ગયું હતું. દિવસે ફક્ત બેચાર કોળિયા અન્ન ખાતા અને રાત્રે તો જમતાજ નહિ. ખોરાકના અભાવે દેહ ક્ષીણ થઈ ગયો. તેમનું હાડપિંજર જોઇ માતુશ્રી નિસાસા નાખતાં; ત્યારે નાગમહાશય કહેતા કે, "આ હાડમાંસના ખોખા માટે શોક શો?"

હું દેવભોગ ગયો ત્યાર પછી તેર દિવસે નાગમહાશયે દેહત્યાગ કર્યો. તેમને ઘરની અંદર જવા મેં બહુ કાલાવાલા કર્યા પણ તેમણે ચોખ્ખી ના પાડી. તે ઘરમાં કેમ નહોતા જતા તે આપણાથી કહી શકાય નહિ. કોઈ કોઇ વખત તેમને અતિશય દુઃખ થઇ આવતું. આટલા દુઃખમાં પણ તે પોતાના ગુરુદેવ "શ્રીરામકૃષ્ણ" વિષે વાતો કરતા.

હું એમની પાસે બેસી કોઇ દિવસ સ્તોત્ર બોલતો. કોઈવખત ગીતા, ભાગવત કે ઉપનિષદ વાંચી સંભળાવતો. "મા" સંબંધી ગાઇ નૃત્ય પણ કરતો. મારું ગાન સાંભળતાં સાંભળતાં તે સમાધિસ્ત થઇ જતા. કેટલીક વખત તો કલાક–દોઢ કલાકે ચેતન આવતું. સમાધિ ભંગ થતાં બાળકની પેઠે "મા–મા" બોલતાં તેમની આંખમાં પ્રેમાશ્રુ આવી જતાં. એમના શરીરે પ્રેમના અષ્ટસાત્ત્વિક ભાવ મેં જોયા છે. કોઇ કોઇ વાર સમાધિ ભંગ થતાં "સચ્ચિદાનંદ અંખડ ચૈતન્ય!" એમ વારંવાર બોલતા.

નાગમહાશયની સારવાર કરવા તેમનાં બહેન શારદામણિ, તેમની સાસુ, કૈલાસબાબુ આદિ ઘણાં માણસ આવ્યાં હતાં. પણ નાગમહાશય કોઇને પોતાની સેવા કરવા દેતા નહિ. ફક્ત માતુશ્રીજ (તેમનાં પત્નીજ) તેમની સારવાર કરતાં.

હું દેવભોગ ગયો ત્યાર પછી નાગમહાશય મારા હાથથીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધ લેતા. કલકત્તેથી ફળ લાવ્યો હતો તે પણ હું આપતો ત્યારેજ ખાતા. ખરીદતી વેળા તો મેં એમજ ધાર્યું હતું કે, નાગ-મહાશય ફળ ખાવાના નથી; પણ છેલ્લી વેળા મારાં ફળ ખાઈને મારા પર એમણે અનહદ કૃપા કરી.

નટવર, હરપ્રસન્ન, પાર્વતીચરણ અને અન્નદા વગેરે અનેક ભક્તો દરરોજ એમની ખબર લેવા આવતા. કોઇ કોઈ દિવસ રાત્રે ત્યાંજ રહી જતા. નારાયણગંજના ગૃહસ્થો અને અધિકારીવર્ગ પણ એમની ખબર લેવા દરરોજ આવતા. સર્વને વિષાદપૂર્ણ દેખીને નાગમહાશય કહેતા કે, "આ હાડકાંના પિંજરાનાં દર્શન કરવા શા માટે તસ્દી લો છો? હવે આ બહુ દિવસ રહેવાનું નથી." તેમના મુખથી આવી વાત સાંભળી માતુશ્રીએ રડતાં રડતાં મને કહ્યું કે, "ભાઇ, આખા જીવનમાં એમના મુખમાંથી અસત્ય વાત નીકળી નથી. એ કહે છે તે સત્યજ હોવું જોઇએ. હવે જરૂર એ મહાયાત્રા કરી જશે."

આ અવસ્થામાં પણ પોતાને ઘેર આવતા અતિથિનો બરાબર સત્કાર થાય છે કે નહિ, તેની તેઓ બરાબર સંભાળ રાખતા. હું નિરંતર તેમની પાસેજ બેસી રહેતો. બે-ચાર કલાક ઊંઘતો ત્યારેજ એમનાથી દૂર જતો. તે કહેતા કે, "ભગવાન દયાળુ છે! ભગવાન દયાળુ છે!" પણ મને તો એમનું દુઃખ જોઈ એમજ થતું કે ભગવાન નિષ્ઠુર છે! એક દિવસ એમની પથારી પાસે બેસી હું એવા વિચાર કરતો હતો એટલે તે બોલી ઊઠ્યા કે, "ભગ-વાનની દયા વિષે જરા પણ સંશય લાવીશ નહિ. તમારી મલિન બુદ્ધિને લીધેજ તમે તેની દયા અનુભવી શકતા નથી. આ દેહથી હવે જગતનું કલ્યાણ થાય એમ નથી, એટલે શ્રીરામકૃષ્ણ ભગવાન એ દેહને પંચભૂતમાં મેળવી દેશે. ભગવાન જે કરે છે તે સારુંજ કરે છે." પછી ધીમે સ્વરે કહેવા લાગ્યા કે, "દેહ જાણે ને દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે, મન તો માલે છે આનંદ સાગરે." મને શોકાતુર જોઈ તે કહેતા કે, "તારાં ગીતા-ઉપનિષદ શું કહે છે? "न जायते म्रियते" વાંચેલું ક્યાં ગયું? 'जीर्णानि वस्त्राणि' વાળો શ્લોક યાદ કર! માનું નામ લે, ગુરુદેવ શ્રીરામકૃષ્ણ સંબંધી વાતો કર. કળિયુગમાં ભગવાનનું નામ એજ ભવરોગની મહાઔષધિ છે." તેમના આ શબ્દો સાંભળી હું આનંદમાં આવી ગયો અને આવેશમાં "આમાય દે મા પાગલ કરે, આર કાજ નહિ જ્ઞાન વિચારે." એ ભજન ગાવા માંડયું. ગાતાં ગાતાં મારું બાહ્યજ્ઞાન લુપ્ત થયું. કેટલીક મિનિટ પછી માતુશ્રીએ મને બૂમ મારી. મેં તુરતજ તેમના તરફ જોયું. માતુશ્રીએ નાગમહાશય તરફ આંગળી કરી. મેં પણ નાગમહાશય તરફ જોયું. તેઓ ઊઠી આસન વાળી બેઠા હતા. શરીર સ્થિર હતું, દૃષ્ટિ નાસાગ્રે હતી. આંખમાંથી અશ્રુધારા વહેતી હતી. થોડા વખત પર મેંજ એમને એક પાસે સુવાડયા હતા. ગાન સાંભળતાં સાંભળતાં તે કયારે બેઠા થયા, તેની મને પણ ખબર ન રહી. મને જરા ભય પણ લાગ્યો. થોડા વખત પછી નાગમહાશયની સમાધિ ભંગ થઇ. મેં અને માતુશ્રીએ પાછા એમને સુવાડી દીધા. તે વખતે પણ તે "આમાય દે મા પાગલ કરે" એ ભજન બોલવા લાગ્યા.

વ્યાધિ દિન પર દિન વધવા લાગ્યો. ખોરાક પણ તદ્દન બંધ થયો. હવે રાત્રે પણ તેમની પાસે માણસની જરૂર પડતી. હું અને માતુશ્રી વારાફરતી જાગી તેમની પાસે બેસી રહેતાં. હું પાછલી રાત્રે જાગી તેમની પાસે બેસતો. એક દિવસ આર્ત્તસ્વરે મેં કહ્યું: "ગુરુદેવ! મારા પર કૃપા કરીને જાઓ! નહિ તો સંસારમાં મારું શું થશે?" તેમણે કહ્યું કે, 'તારે શો ભય છે? અહીં આવ્યો છે તો ભગવાન શ્રીરામકૃષ્ણ તારા પર કૃપા કરશેજ. તારું કલ્યાણ થશે.'

આ વખતે સ્વામી શારદાનંદ મિશનના કામ સારુ ઢાકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા હતા તે દરરોજ નાગમહાશય પાસે આવતા અને દવા સંબંધી સૂચના કરી પાછા જતા. નાગમહાશય તેમને સેવા કરવા દેતા નહિ. સ્વામી શારદાનંદ તેમને ઘણી વખત ભજન ગાઈ સંભળાવતા અને તેમનું ભજન સાંભળી નાગમહાશય સમાધિસ્થ થઈ જતા. શારદાનંદ સ્વામી એમના કાનમાં "કાલી" નામ કહેતા, એટલે તુરતજ નાગમહાશયની સમાધિ ભંગ થતી. શારદાનંદ પણ ઢાકાથી દવા લાવતા તે, તેમજ બીજા કોઇ પણ ઇલાજથી તેમને દરદ નરમ ન પડ્યું; પરંતુ દિન પર દિન રોગ વધતો ગયો.

મહાયાત્રા કરી તે અગાઉ એમણે "મા રક્ષા કાલી" ની મૂર્તિ ઘરમાં સ્થાપવા આજ્ઞા કરી. અમે મૂર્તિ બનાવરાવી એમની પાસે દેખાડવા લઇ ગયા. મૂર્તિ જોતાં "મા! મા!" બોલીને સમાધિસ્થ થયા. શારદાનંદના કહેવા પ્રમાણે અમે એમના કાનમાં કાલી નામનો ઉચ્ચાર કરવા લાગ્યા, પણ તેમની સમાધિ ભંગ થઇ નહિ. અમે નાડી તપાસી તો નાડી પણ બંધ હતી. માતુશ્રી તો રડી ઊઠયાં અને કહ્યું કે, "હાય! હાય! આપણને મૂર્તિ સ્થાપવાનું કહી એ તો ચાલ્યા ગયાં!" હું પણ રડવા લાગ્યો. સ્વામી શારદાનંદે કહ્યું: "તમે શા માટે રડો છો? હજી એ મહાપુરુષ વ્યવહાર-જગતમાં પાછા આવશે." આશરે બે કલાક પછી તે જાગૃત થયા. "મા આનંદમયી! મા આનંદમયી!" બોલી તે પ્રેમાશ્રુ વિસર્જન કરવા લાગ્યા. તેમણે મૂર્તિ સ્થાપવા આજ્ઞા કરી. એમના પુરોહિતે આવી વિધિપૂર્વક મૂર્તિનું સ્થાપન કર્યું. રાત્રે હું એમની પાસે બેઠો હતો તે વેળા તેમણે એકાએક કહ્યું કે, "શ્રીરામકૃષ્ણ પર શ્રદ્ધા રાખજે. હું મૂર્ખ છું, તો પણ **શ્રીરામકૃષ્ણે મારા પર કૃપા કરી છે. તારા પર તેમની કૃપા જરૂર થશે."** એટલું બોલી "જય શ્રીરામકૃષ્ણ! જય શ્રીરામકૃષ્ણ!" બોલતાં બોલતાં તેઓ સમાધિસ્થ થઇ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના પિતાની ઉત્તરક્રિયામાં જે ગૃહસ્થે એમને પૈસા આપ્યા હતા તે બીજે દિવસે એમને જોવા આવ્યો. નાગમહાશયે તેને હાથ જોડી કહ્યું કે, "તમારા પૈસા મારાથી અપાયા નહિ. આ દેહ હવે વધુ વખત રહેવાનો નથી. તમારી દયાને લીધેજ મારા પિતાશ્રીનો દિવસ થયો છે. તમે ચિંતા ન કરશો. આ ઘર છે તે તમારુંજ છે. તમે એ ઘરનો કબજો સુખેથી લેજો." પછી માતુશ્રી તરફ આંગળી બતાવી કહ્યું કે, "આ હવે એમના પિતાને ત્યાં રહેશે." નાગમહાશયના શબ્દો સાંભળી પેલો ગૃહસ્થ તો શરમાઈ ગયો; તેણે કહ્યું: "હું પૈસાને માટે આવ્યો નથી. હું તો આપનાં દર્શન કરવા આવ્યો હતો." હું ધારું છું કે, તે ગૃહસ્થ પણ દર્શન કરવા આવ્યો હતો.

ત્રણ દિવસ અગાઉ તેમણે મને પંચાંગ જોઇ મહાયાત્રાને માટે શુભ દિવસ સ્થિર કરવા કહ્યું. હું તેમના કહેવાનો ભાવાર્થ સમજ્યો નહિ, એટલે પંચાંગ જોઇ કહ્યું કે, "પોષ સુદિ તેરસે દસ વાગ્યા પછી સારું છે." તેમણે કહ્યું કે, "તારી આજ્ઞા હોય તો એજ દિવસે દેહત્યાગ કરું." હું તો એમનાં વચન સાંભળી સ્તબ્ધ થઇ ગયો! રડતાં રડતાં માતુશ્રીને પણ એ વાત કહી. માતુશ્રીએ કહ્યું કે, "હવે શું કરવા રડે છે? એમનું શરીર હવે રહેવાનું નથી! ભલે એમને શરીરત્યાગ કરવા દે. જેવી એમની અને ભગવાન શ્રીરામકૃષ્ણની ઇચ્છા! એ સ્વેચ્છાપૂર્વક દેહત્યાગ કરે છે, એ જોઈ મને આનંદ થશે."

શુભ દિન નક્કી કરી નાગમહાશય નિશ્ચિંત થયા. બે દિવસ અગાઉ રાત્રે બે વાગે હું, હરપ્રસન્નબાબુ અને માતુશ્રી એમની પથારી પાસે બેઠાં હતાં. નાગમહાશય આંખો મીંચી પડી રહ્યા હતા. એકદમ જાગૃત થઈ મને કહ્યું કે, "શ્રીરામકૃષ્ણ ભગવાન આવ્યા છે. આજે મને તીર્થદર્શન કરાવશે." મેં કાંઇ ઉત્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યો નહિ, એટલે ફરીથી બોલ્યા: "તેં જે જે તીર્થ જોયાં હોય તેનાં નામ લે. હું અહીં રહ્યાં રહ્યાં તેમનાં દર્શન કરીશ." હું થોડા વખત અગાઉ હરિદ્વાર ગયો હતો, એટલે પ્રથમ તેજ નામ લીધું. નાગમહાશય બોલવા લાગ્યા કે, "હરિદ્વાર–હરિદ્વાર! જો, આ ભાગીરથી પહાડ પરથી કલકલ કરતી ઊતરી આવે છે. આહા! માના પાણીમાં ઝાડ કેવાં સુંદર દેખાય છે! જરા થોભ. હું વીસ વર્ષથી ગયો નથી. આજે માના પાણીમાં સ્નાન કરી માનવજન્મ સાર્થક કરવા દે! ઓ મા ગંગા! મા ગંગા! પતિતપાવની!" આટલું બોલતાં બોલતાં તે સમાધિમગ્ન થઈ ગયા. સમાધિભંગ થયા પછી મને પણ લાગ્યું કે તેમણે ગંગામાં સ્નાન કર્યુંજ છે.

નાગમહાશયે મને બીજા તીર્થનું નામ બોલવા કહ્યું. મેં પ્રયાગતીર્થનું નામ લીધું. તે બોલી ઊઠ્યા કે, "જય યમુને, જય ગંગે!" આટલું બોલી બન્ને હાથ જોડી પ્રણામ કરવા લાગ્યા. પછી કહ્યું: "અહીંજ ભરદ્વાજનો આશ્રમ! તે કેમ દેખાતો નથી? યમુનાનો સંગમ! હા, પેલી બાજુ પહાડ દેખું છું! પણ હાય! શ્રીરામકૃષ્ણ ભરદ્વાજનો આશ્રમ દેખાડતા નથી!" એટલું બોલી શાંત થઇ ગયા. વળી બેત્રણ મિનિટ પછી બોલ્યા: "હા, મુનિની ઝૂંપડી હવે દેખાય છે!" વળી શાંત થઇ ગયા. એક મિનિટ વિશ્રાંતિ લઇ બોલ્યા: "મા! તું મહાશક્તિનો અવતાર થઈ વનમાં કેમ ફરે છે? જય રામ! જય રામ!" બોલતાં બોલતાં નાગમહાશયને ગંભીર સમાધિ આવી ગઇ. સમાધિ ભંગ થતાં મેં કાશી, જગન્નાથ આદિ મહાતીર્થોનાં નામ લીધાં. નાગમહાશયના બોલવા પરથી એમ લાગતું કે, તે જાણે સર્વ તીર્થોને પ્રત્યક્ષ જોતા હોય. આશરે ચાર વાગે તીર્થદર્શન પૂરું થયું, પછી નાગમહાશય ઊંઘી ગયા. સવારે સૂર્યોદય થયો પણ નાગમહાશય જાગ્યા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે નારાયણગંજથી ડૉકટરને બોલાવ્યો. ડૉકટરે આવી દવા આપી. મેં એમને જાગૃત કરી દવા આપી અને દૂધ પાયું.

સંવત ૧૯૫૫ પોષ સુદિ ૧૩ ને* દિવસે આઠ વાગ્યા પછી તેમની સ્થિતિમાં બહુજ ફેરફાર થઇ ગયો. હું તેમની પાસે બેસી શ્રીરામકૃષ્ણનું નામ બોલ્યા કરતો હતો. ભગવાન શ્રીરામકૃષ્ણની છબિ તેમની સમક્ષ મૂકીને મેં કહ્યું કે, "જેના નામે તમે આખા જગતનો ત્યાગ કર્યો છે અને અમારા જેવાને ત્યાગનો આદર્શ શીખવ્યો છે, તેનીજ આ છબિ છે!" તેમણે હાથ જોડી પ્રણામ કર્યા. પછી બહુજ ધીમે સ્વરે કહ્યું કે, "કૃપા, એમની કૃપા!" એ એમના છેલ્લા શબ્દો હતા.

નવ વાગે મહાશ્વાસ ચાલુ થયો, આંખો કાંઈક લાલ થઇ, હોઠ ધ્રૂજવા લાગ્યા. અર્ધો કલાક પછી એમની આંખો ફરી ગઈ. મૂલાધાર આદિ ચક્રો ભેદી પ્રાણવાયુ હૃદયમાં આવી રહ્યો! ધીમે ધીમે નાડીઓ બંધ થઈ ગઈ! પાંચ-દશ મિનિટે તેમણે હેડકી બાંધી. માતુશ્રીએ કહ્યું કે, "એ ગૃહસ્થ હતા, માટે આ વખતે પણ એમને ગૃહસ્થાશ્રમના નિયમ પ્રમાણે સંસ્કાર કરો." માતુશ્રીની આજ્ઞાનુસાર હું, કૈલાસબાબુ, પાર્વતીબાબુ વગેરે માણસો ઊંચકીને નાગમહાશયને બહાર લાવ્યા. હજી પણ શ્વાસોશ્વાસ ચાલતો હતો. પાંચ-છ મિનિટ પછી તે પણ બંધ થઈ ગયો! અમારું સર્વસ્વ ગયું! અમને ભવસાગરમાં મૂકી, માર્ગ બતાવી ગુરુદેવ ચાલ્યા ગયા! ઘરમાં સર્વ માણસોએ રડવા માંડ્યું. મેં માતુશ્રીને કહ્યું કે, "માતાજી! રડો છો શા માટે? તમારે આટલાં બધાં સંતાન છે, તેમનાં સાત્ત્વિક મુખ જોઇ શાંત થાઓ." થોડી વાર આક્રંદ કરી બધાં છાનાં રહ્યાં. કૈલાસબાબુ ચંદનકાષ્ઠ લેવા નારાયણગંજ ગયા.

* સને ૧૮૯૯ના ડિસેમ્બરની ૨૮ મી તારીખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખા ગામમાં નાગમહાશયના મૃત્યુ સમાચાર ફેલાઈ ગયા. આખું ગામ ત્યાં દોડી આવ્યું. "અમારા ગામનું રત્ન ગયું !" એમ બોલી ઘણાં માણસો રડવા લાગ્યાં. ગામના વૃદ્ધ પુરુષોએ આવી શબને તપાસ્યું. સર્વ લોકોએ અગ્નિસંસ્કારની તૈયારી કરવા કહ્યું; પણ મેં કહ્યું કે, "નાગમહાશય જેવા મહાપુરુષનું શબ બાર કલાક સુધી રાખવું જોઇએ." ગામના માણસોએ મારા વિચારને અનુમોદન આપ્યું. રાત્રે દશ વાગે અગ્નિસંસ્કાર કરવાનું નક્કી કર્યું. ત્યાં સુધી તે પવિત્ર દેહ બહારજ રહ્યો. તે વેળા મને વિચાર થયો કે, "થોડા વખત પછી આ પવિત્ર મૂર્તિ ભસ્મીભૂત થઇ જશે! એક છબિ લીધી હોય તો સારું." વિચાર આવતાંજ નારાયણગંજ માણસ મોકલ્યું. ત્રણ વાગે છબિ પાડનાર આવ્યો. જીવિતદશામાં નાગમહાશયની છબિ અમે લઇ શકયા ન હતા. અમે છબિને માટે કહેતા ત્યારે તે એમજ કહેતા કે, "આ દેહની છબિ લેવાની શી જરૂર છે? મારા ચરિત્રની છબિ તમારી સમક્ષ રાખજો." છબિ પાડનારને નાગમહાશયની છબિ લેવા કહ્યું. અત્યારે તે મહાત્મા ના કહી શકે એમ ન હતું. છબિ પાડનાર છબિ પાડીને ચાલ્યો ગયો. એ છબિને બાબુ પ્રિયનાથસિંહે મોટી કરાવી નાગમહાશયના સમાધિસ્થાનમાં મૂકી છે અને તેજ છબિની હાલ ઘણાજ ભાવપૂર્વક પૂજા થાય છે.

સૂર્યાસ્ત થતાં પહેલાં માતુશ્રીએ પુષ્પનૈવેદ્ય દ્વારા નાગમહાશયના ચરણની પૂજા કરી. સાત વાર તેમની પ્રદક્ષિણા ફરી પોતાના સુદીર્ઘ વાળ વડે નાગમહાશયના પગ લૂછ્યા. અમે નાગમહાશયના દેહને ચંદનપુષ્પ વડે શણગાર્યો અને બે હજાર બીલીપત્ર ચડાવ્યાં. સાંજે ગામનું દરેક માણસ નાગમહાશયના પવિત્ર દેહનાં દર્શન કરવા આવ્યું હતું. નારાયણગંજથી પણ ઘણાં માણસો આવી પહોંચ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત્રે દશ વાગે અમે ચંદનકાષ્ઠની ચિતા બનાવી, તે ઉપર નાગમહાશયનું શબ ગોઠવ્યું. શાસ્ત્રવિધિપૂર્વક ક્રિયા કરીને મેં તે દેહને અગ્નિદાહ કર્યો. એટલામાં સ્વામી શારદાનંદ ત્યાં આવી પહોંચ્યા. તેમણે ચિતાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ત્રણ કલાકમાં નાગ-મહાશયનો દેહ પંચમહાભૂતમાં મળી ગયો. પિતાના મૃત્યુ બાદ ત્રણ વર્ષ પછી ત્રેપન વર્ષ, ચાર માસ અને સાત દિવસની વયે નાગમહાશય મહાસમાધિસ્થ થયા. રહી માત્ર એમના ઉત્તમ ચરિત્રની સ્મૃતિ અને શરીરની ભસ્મ!

બીજે દિવસે શારદાનંદના આદેશથી તેમની ભસ્મ એક પિત્તળના ઘડામાં ભરી, તેમાં નાગમહાશયનું રચેલું એક પદ મૂકી, તેને ચિતાભૂમિમાં દાટ્યું અને મૃત્યુ પૂર્વે તેમણે જે કાલીમાતાની પ્રતિમા કરાવી હતી, તે "મા"ની પ્રતિષ્ઠા આ સમાધિ ઉપર કરવા શારદાનંદે આજ્ઞા કરી. સમાધિ ઉપર એક સાધારણ મકાન બાંધ્યું છે.

નાગમહાશયના દેવા સંબંધી કેટલીક સૂચના આપી સ્વામી શારદાનંદ ઢાકા જતા રહ્યા. ચોથે દિવસે હું પણ તે શાંતિમય સ્થાન છોડી તેને છેલ્લા નમસ્કાર કરી કલકત્તે આવ્યો. પ્રભો! અમને નાગમહાશય જેવા ત્યાગી–ઈશ્વરભક્ત થવાની બુદ્ધિ આપો. પ્રભો! અમને આ ક્ષણભંગુર સંસારની બાહ્ય ભોગ–વાસનાઓ-થી વિરક્ત કરી ઈશ્વરદર્શન કરવાનું સામર્થ્ય આપો. હે શ્રી-**રામકૃષ્ણ ભગવાન! અમારા ઉપર એવી દયા કરો કે જેથી અમે ભગવાનનાં દર્શન કરીને જીવનમરણની જંજાળથી હંમેશને માટે મુક્ત થઈએ.**

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

असरकारक जीवनचरित्रो

જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. મહાન પુરુષોનાં ચરિત્રો વાંચવા-સમજવાથી અંતઃકરણમાં તેની આબાદ અને ઊંડી છાપ પડે છે અને પછી તે દિવ્ય માનવી બનવા સારુ ઉત્તેજિત થઇને આગળ વધે છે. આથીજ આ સંસ્થા તરફથી એવાં ઉત્તમ ચરિત્રો પ્રગટ કરવામાં આવ્યાં છે, જેની વિગત નીચે આપી છે.

श्रीबुद्धचरित्र अने अन्य संतपुरुषो

આવૃત્તિ ૨ જી, કદ ૫×૬।।।, પૃષ્ઠ ૪૯૬, મૂલ્ય રૂપિયો ૧

આમાં ભગવાન બુદ્ધનું વિસ્તૃતચરિત્ર તથા ઉપદેશો અપાયા છે. તે ઉપરાંત ભગવાન દત્તાત્રય, સ્વામી શ્રીશંકરાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય તથા તત્ત્વબોધ, મહાત્મા દાદુ દયાળ, શ્રીગૌડસ્વામી, શ્રીતૈલંગ સ્વામી, શ્રીવિશુદ્ધાનંદ સરસ્વતી અને મહાત્મા પાઉહારી બાબા, ઈત્યાદિ મહાન પુરુષોનાં બોધપ્રદ ચરિત્રો અપાયાં છે.

परमहंस श्रीरामकृष्ण-(चरित्र)

બીજી આવૃત્તિ, કદ ૫×૭।।, પૃષ્ઠ ૬૦૮, પાકાંપૂઠાં મૂલ્ય રૂપિયો ૧।।

મહાત્મા ગાંધીજી કહે છે કે:—પરમહંસદેવનું જીવનવૃત્તાંત એટલે વ્યવહારમાં ધર્મની સજીવન કહાણી હોઇ આપણને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા શક્તિવાન બનાવે છે. × × × શ્રીરામકૃષ્ણ સાક્ષાત્ પ્રભુતાની મૂર્તિ હતા. તેમનાં વચન કાંઇ શુષ્ક પંડિતનો પ્રલાપ નથી, પણ તેમના જીવનનું નૂર-હીર-ખમીર-જે કહીએ તે બધું છે. તેમના બધા અનુભવોનો નિચોડ એમાં છે; તેથી વાંચનારના મન પર જે છાપ પડે છે તે ભૂંસી ભુંસાય તેમ નથી. નાસ્તિકવાદના આ જમાનામાં શ્રીરામકૃષ્ણ જ્વલંત અને સજીવન શ્રદ્ધાના દૃષ્ટાંતરૂપ-મેરુદંડરૂપ છે. જે હજારો સ્ત્રીપુરુષો અધ્યાત્મપ્રકાશથી વંચિત રહ્યાં હોત, તેમને માટે તેમની એ અમોઘ શ્રદ્ધા આશ્વાસનરૂપ થઇ રહી છે.× આ ગ્રંથ વાંચનાર દરેકમાં તેમના દિવ્ય પ્રેમની પ્રેરણા થાઓ-ચિનગારી પ્રકટો.

श्रीभक्तचरित्र અથવા भक्तिरसामृत

આવૃત્તિ ૨ જી, કદ ૫×૬।।।, પૃષ્ઠ ૫૨૮, પાકાં પૂંઠાં, મૂલ્ય રૂપિયો ૧।।

આમાં સંતભક્તોનાં જ્ઞાનભક્તિથી ભરપૂર ૨૯ ચરિત્ર અપાયાં છે. આમાંનાં ચરિત્રો ભક્તમાળમાં આવેલાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वामी श्रीभास्करानंदजी ने विजयकृष्ण गोस्वामी

કદ ૫×૬।।।, પૃષ્ઠ ૪૩૨, પાકાં પૂઠાં, મૂલ્ય રૂપિયો ૧।।

આ બંને મહાત્માઓ ૨૫-૫૦ વર્ષ પર થઇ ગયેલા હોઇ આમાં તેમનાં અસાધારણ જીવનચરિત્રો અપાયાં છે. ભાસ્કરાનંદજી જીવન્મુક્ત અવધૂત હતા અને ગોસ્વામીજી ઘરબારી છતાં ત્યાગી હતા.

मुस्लिम महात्माओ

આવૃત્તિ ૨ જી, કદ ૫×૯, પૃષ્ઠ ૫૯૨, પાકાં પૂઠાં, મૂલ્ય રૂપિયા ૨।

આ બીજી આવૃત્તિનું સ્વામીશ્રી સેવાનંદજીની કસાયલી કલમથી લખાયલું તદ્દન નવું ભાષાંતર હોઈ તદ્દન નવા સ્વરૂપેજ બહાર પડ્યું છે. આમાં ૯૬ ચરિત્ર અને ૧૩૦૦ ઉપરાંત વચનામૃતોનો ઉત્તમ સંગ્રહ છે. આ મહાત્માઓનાં ચારિત્ર્ય આર્ય ઋષિમુનિઓને મળતાં છે. અત્યંત બોધપ્રદ અને અસરકારક છે. વચનામૃત પણ અમૃતતુલ્ય છે. 'મુસ્લિમ' શબ્દથી નહિ ભડકતાં દરેકે વાંચવા વિચારવા જેવું છે.

श्रीचैतन्य महाप्रभु–खंड १ थी ५ (त्रण ग्रंथो)

કદ ૫×૯, ત્રણે ગ્રંથનાં કુલ પૃષ્ઠ ૧૫૯૬, પાકાં પૂંઠાં, મૂલ્ય રૂપિયા ૫)

આ ગ્રંથમાં ચૈતન્ય મહાપ્રભુનું સંપૂર્ણ ચરિત્ર અપાયું છે. મહાપ્રભુ મહાપુરુષોમાં સર્વશ્રેષ્ઠ મહાપુરુષ ગણાય છે. તેમનો જન્મ, બાલ્યકાળ, અધ્યયન, અધ્યાપન અને અધ્યાપકપણાનો અંત, એ ખંડ પહેલામાં વર્ણવેલાં છે. ત્રીજા ખંડમાં તેમણે ભક્તો સાથે બીજા નવદ્વીપમાં કરેલી સમસ્ત લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે અને ચોથા તથા પાંચમા ખંડમાં તેમણે અનેક પ્રકારના સુખવૈભવોનો તૃણની પેઠે ત્યાગ કરીને ભિક્ષુક થયા તેનું વર્ણન કરવામાં આવેલું છે. જેમને શ્રીકૃષ્ણના પ્રેમમાં પાગલ થઇ નિરંતર અશ્રુ પાડવાની ઇચ્છા હોય તેમણે આ ચરિત્રનું અધ્યયન કરવું જોઇએ.

श्रीज्ञानेश्वर महाराज ने महात्मा श्रीएकनाथ

કદ ૫×૯, પૃષ્ઠ ૫૦૪, પાકાં પૂંઠાં, મૂલ્ય રૂપિયો ૧।।,

મહારાષ્ટ્રના અગ્રગણ્ય પાંચ સંતોમાંના આ બેનાં ચરિત્ર હોઇ ઘણાં બોધપ્રદ છે. જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતાના લેખક ભગવાન જ્ઞાનેશ્વરનું આશ્ચર્યકારક ચરિત્ર પ્રથમ આપ્યું છે અને તે પછી ગુરુદત્તના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજારી એવા મહાત્મા એકનાથની ગુરુભક્તિ, સહિષ્ણુતા, ત્યાગ, પરોપકારબુદ્ધિ, પ્રભુપરાયણતા અને બીજા વિવિધ પ્રસંગો નવોજ પ્રકાશ આપે છે.

संत तुकाराम चरित्र

કદ ૫×૯, પૃષ્ઠ ૬૩૬, પાકાં પૂંઠાં, મૂલ્ય રૂપિયા ૨)

મહારાષ્ટ્રમાં થઇ ગયેલા આ પ્રાતઃસ્મરણીય પ્રસિદ્ધ સંતનું વિસ્તૃત ચરિત્ર છે. આમાંનો ઉપદેશ વાચકને મોક્ષના મુખ્ય સાધનરૂપ નિષ્કામ ભક્તિને માર્ગે વળવાની પ્રેરણા આપે છે.

महात्मा सरयुदासजी, भूधरभक्त अने जानकीदास

કદ ૫×૭ા, પૃષ્ઠ ૨૫૬, પૂંઠાં બૉર્ડપટ્ટીનાં, મૂલ્ય રૂપિયા ૦ાાન્ર

આમાં થોડાંજ વર્ષો પૂર્વે થઇ ગયેલા બે મહાત્માઓ તથા એક ભક્તનું મળીને કુલ ત્રણ ચરિત્ર અપાયાં છે. સાથે આધ્યાત્મિક ઉપદેશ સરળ અને ભાવવાહી ભાષામાં અપાયો છે.

गामडिया नरदेवो

કદ ૫×૯, પૃષ્ઠ ૪૦૮, પાકાં પૂંઠાં, મૂલ્ય રૂપિયા ૧ાન્ર

આના લેખક સ્વ૦ પઢિયાર છે. ગામડાના નરદેવો નાણાં વિનાના હોવા છતાં કેટલા નિઃસ્વાર્થભાવે સેવા કરનારા હોય છે અને છતાં પણ તે કેટલા નિરભિમાની હોય છે, તે આ પુસ્તકમાં આપેલા અનેક બનેલા પ્રસંગોમાંથી જાણવા મળશે.

महान सम्राट अकबर

બીજી આવૃત્તિ, કદ ૫ાા×૮, પૃષ્ઠ ૩૫૦, પાકાં પૂઠાં મૂલ્ય રૂપિયો ૧ા

ભારતવર્ષના આ પનોતા પુત્ર અને મહાન મોગલસમ્રાટને ઉતારી પાડનારા વિદેશી લેખકોને સજ્જડ રદિયા આપ્યા છે વળી અપૂર્વ મહત્તા સ્થાપન કરવા ઉપરાંત આ ચરિત્ર ભારતના ભૂત તથા વર્તમાન સમયનો ચિતાર પણ હૃદયદ્રાવક અને જોસદાર ભાષામાં આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आदर्श चरित्रसंग्रह–भाग १ लो

કદ ૫×૯, પૃષ્ઠ ૬૩૬. પાકાં પૂંઠાં, મૂલ્ય રૂપિયા ૧॥।

આ ગ્રંથમાં બાવન ચરિત્રો અપાયાં છે. દેશપરદેશના આદર્શ પુરુષોનાં ચરિત્રોનો સંગ્રહ હોઇ તેમાંથી હિંદુ, મુસ્લિમ, ક્રિશ્ચિયન તથા ચીનજાપાનની સંસ્કૃતિનો પરિચય તેમાંથી વાચકને મળે છે.

आदर्श चरित्रसंग्रह–भाग २ जो

આવૃત્તિ ૨ જી, કદ ૫×૯, પૃષ્ઠ ૬૨૪, પૂંઠાં બોર્ડપટ્ટીનાં, મૂલ્ય રૂ. ૧॥।

આ ગ્રંથમાં મહાપુરુષોનાં ૭૦ જીવનચરિત્રો અપાયાં છે. શુભ-સંગ્રહના ખલાસ થયેલા ભાગોમાં છૂટાં છૂટાં જે ચરિત્રો અપાયલાં તે આ સંગ્રહમાં નવી આવૃત્તિરૂપે છપાયાં છે. તેમાંનાં કેટલાકનાં નામઃ ભગવાન વેદવ્યાસ, મહાવીર સ્વામી, મહાત્મા કણાદ, જદુનાથ સરકાર, દેશબંધુ ચિત્તરંજનદાસ, યોગીશ્વર દયાનંદ ઇત્યાદિ, ઇત્યાદિ.

भारतना वीरपुरुषो

આવૃત્તિ ૩ જી, કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૨૮, બોર્ડપટ્ટી, મૂલ્ય રૂપિયા ૧)

આમાં અનેક ધીરવીર પુરુષોની સ્વધર્મપરાયણતાનો અતિ હિતાવહ પરિચય આપે એવી ૪૦ વીરકથાઓ અપાઇ છે.

वीर दुर्गादास अथवा मारु सरदारो

આવૃત્તિ ત્રીજી કદ ૫×૬॥।, પૃષ્ઠ ૩૦૪, બોર્ડપટ્ટીનું પૂંઠું, મૂલ્ય ૦॥

મારવાડના આ નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત છે. આ ચરિત્ર વાર્તારૂપે સ્વર્ગસ્થ સાક્ષરવર્ય વિઠ્ઠલદાસ ધનજીભાઇએ આલેખેલું છે.

श्रीशिवाजी छत्रपति

આવૃત્તિ ૨ જી, કદ ૫×૯, પૂંઠાં બોર્ડપટ્ટીનાં, પૃષ્ઠ ૬૧૨, મૂલ્ય રૂપિયા ૨।

હિંદુધર્મના બળવાન રક્ષક અને મરાઠી રાજ્યના મહાપરાક્રમી સંસ્થાપક પુરુષનું આ મોટું જીવનચરિત્ર દરેક ગૃહમાં અવશ્ય રહેવું જોઇએ. પુષ્કળ જાણવાજોગ બનાવો બીજી ઐતિહાસિક હકીકતોથી ભરપૂર હોઇ રસિક અને અસરકારક ભાષામાં લખાયલું છે.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠેઃ–ભદ્ર, સેશનકોર્ટ પાસે–અમદાવાદ અને કાલબાદેવી રોડ–મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निष्पाप बनवानो मार्ग

પાપની ખરેખરી બીક રાખે એવાં માણસો આ દુનિયામાં બહુ જ વિરલ હોય છે. સાધારણ રીતે લોકો પાપથી ડરતા નથી, પણ પાપ કરતાં પકડાઈ જવાથી અથવા લોકોમાં પાપી તરીકે જાહેર થઈ જવાથી ડરે છે. × × પરંતુ વરુણરૂપે આખા જગતનો ઈશ્વર સર્વવ્યાપક અને સર્વદ્રષ્ટા છે; એ વાતની જો તેમને ખબર હોય તો તેઓ પાપ કરતાં જરૂર ડરે. 'અમુક કામ તો આપણે ગુપ્તપણે કર્યું છે, તેને કોઈ જ જાણતું નથી' એવું જ્યારે આપણે માની લઈએ છીએ, ત્યારે આપણે ભારેમાં ભારે ભૂલ કરીએ છીએ. સર્વવ્યાપક, સર્વદ્રષ્ટા ભગવાનની આગળથી કોઈ પણ કામ છૂપું રાખવું એ તદ્દન અશક્ય જ છે. જ્યારે બે જણ કાંઈક છૂપી મસલત કરવા બેસે છે, તે વખતે બેઉ મનમાં એવું સમજતા હોય છે કે, 'અમારા બેના સિવાય કોઈ ત્રીજો માણસ આ વાત જાણતો જ નથી;' તે વખતે પણ એ વાતને સાંભળી લેનાર ત્રીજો માણસ વરુણદેવ તો ત્યાં બેઠેલો જ છે. ઈશ્વર તો આપણી આગળ આગળ જઈને બેઠેલા જ હોય છે. હવે એમનાથી છૂપું રહે જ શી રીતે? × × આપણે જ્યારે બીજા કોઈને ઠગીએ છીએ, ફસાવીએ છીએ, ત્યારે આપણે મનમાં ફૂલાઈએ છીએ કે, આ વાત તો કોઈ જ જાણતું નથી. પણ તેમ કરીને આપણે પોતે જ ઠગાઈએ છીએ, ફસાઈએ છીએ અને ભારેમાં ભારે ભૂલ કરીએ છીએ; કેમકે સર્વેશ્વર તો બધું જ જાણતો હોય છે અને જે કાંઈ કર્યું તેનું ફળ આખરે ભોગવવું જ પડે છે. એ રીતે આપણે જે જે કામ ચોરી–છૂપીથી કરીએ છીએ, કોઈનો દ્રોહ કરીને તેને દુઃખ દઈએ છીએ, સતાવીએ છીએ, ત્યારે ભલે બીજો કોઈ ન જાણતો હોય, પણ સૌનાં પાપના સાચા દંડ-વિધાયક આપણા વાસ્તવિક રાજા વરુણરૂપે ઈશ્વરે તો બધું જ પ્રત્યક્ષ દીઠું હોય છે. અરે! માણસોને ફક્ત ઈશ્વરની સર્વવ્યાપકતાનું અને સર્વદર્શિતાનું ભાન થઈ જાય, એ વાત તેમના હૈયામાં ઊતરી જાય–તો તે એક જ દિવસમાં પરમ ધાર્મિક અને તદ્દન નિષ્પાપ બની જાય.

(આ સંસ્થા તરફથી પ્રગટ થયેલા 'વૈદિક વિનય'માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar